# ભેદવિજ્ઞાનસાર



भावयेद्भेदविज्ञानमिदमच्छिन्नधारया ।
तावद्यावत्पराच्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते ॥

ૐ

# ભેદવિજ્ઞાનસાર

ધાર્મિક - ઉત્સવ દરમિયાન

સમયસાર ગા. ૩૯૦ થી ૪૦૪ ઉપર

પરમપૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો

(વીર સં. ૨૪૭૪)

વીર સં.૨૫૧૦) કિંમતઃ સ્વાધ્યાય (પ્રત ૫૦૦

* પ્રાપ્તી સ્થાન *

પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ
૧૭૩/૧૭૫, મુમ્બાદેવી રોડ,
ઝવેરી બજાર,
મુંબઈ - ૪૦૦ ૦૦૨

દ્વિતિય આવૃત્તિ : પ્રત ૫૦૦

મૂલ્ય : સ્વાધ્યાય


* ટાઈપ સેટીંગ *

સમીર પારેખ : ક્રિએટિવ પેજ સેટર્સ
૩૪, કાવસજી પટેલ સ્ટ્રીટ, ૧૭, લાખાણી ટેરેસ,
૧લે માળે, ફોર્ટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧

* મુદ્રાણ *

નિલેશ પારેખ : પારસ પ્રીન્ટસ્
ફોન નં: ૨૮૨ ૫૭ ૮૪
મુંબઈ - ૧

તા. ૧-૩-૯૬



• ભગવાન શ્રી કુંદ કુંદાચાર્ય દેવ •

# -: પ્રસ્તાવના :-

આ 'ભેદવિજ્ઞાનસાર' પુસ્તક, તેના નામ પ્રમાણે ખરેખર ભેદવિજ્ઞાનનો ઉપાય બતાવે છે. ભેદવિજ્ઞાનનું અપરંપાર માહાત્મ્ય છે અને તે અપૂર્વ છે. અનંતકાળથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવે શાસ્ત્રજ્ઞાન-વ્રત-તપ-ત્યાગ વગેરે બધું કર્યું છે પણ ભેદવિજ્ઞાન કદી એક સેકંડ પણ કર્યું નથી. પૂ. ગુરુદેવશ્રી કહે છે કે જીવ જો એક સેકંડ માત્ર પણ સ્વ-પરનું ભેદવિજ્ઞાન કરે તો તેનો મોક્ષ થયા વિના રહે નહિ. એક સેકંડમાત્રનું ભેદવિજ્ઞાન અનંત જન્મ-મરણનો નાશ કરે છે.

પરમપૂજ્ય ગુરુદેવશ્રી પોતાની અપૂર્વવાણી અને પરમશ્રુતદ્વારા જગતના જીવોને ભેદવિજ્ઞાનનું સ્વરૂપ નિરંતર દર્શાવી રહ્યા છે. તેઓશ્રીના ઉપદેશની અમૃતધારા ધાર્મિક ઉત્સવ પ્રસંગે તો એક મોટા ધોધનું રૂપ ધારણ કરે છે, તે ધોધમાર વરસતી અમૃતવાણી શ્રોતાજનોના મોટા અજ્ઞાનરૂપી ખડકોને પણ ચૂર-ચૂર કરી નાંખે છે. વીર સં. ૨૪૭૪ના ધાર્મિક ઉત્સવ દરમિયાન પૂ.ગુરુદેવશ્રીની વાણીમાં જે ધોધ વહ્યો હતો તેમાંથી આ એક નાનકડો પ્રવાહ ભરી લેવામાં આવ્યો છે. જે જીવો તેનું પાન કરશે તેની આત્મતૃષા જરૂર શાંત થશે. કેટલાક પ્રવચનો લખવામાં બ્રહ્મચારી ભાઈશ્રી ચંદુલાલભાઈએ સપ્રેમ સહાય કરી છે તે બદલ તેમનો અંતરથી આભાર માનવામાં આવે છે.

આ ભેદવિજ્ઞાનસારમાં આવેલા પ્રવચનો

શ્રી સમયસારજીની ગા. ૩૯૦ થી ૪૦૪ ઉપરના છે. સૂક્ષ્મજ્ઞાનના અભાવે ઘણા પ્રાથમિક અભ્યાસીને એમ લાગે છે કે વ્યાખ્યાનમાં એકને એક જ વાત આવે છે ! તેથી વ્યાખ્યાનમાં જ્યાં જ્યાં ન્યાયોની શૈલી ફરે છે ત્યાં ત્યાં જુદા જુદા હેડિંગ બાંધ્યા છે, જેથી વાચકોને સુગમતા પડશે. આ વ્યાખ્યાનોમાં અનેક પ્રકારના વિધવિધ ન્યાયો ભરેલા હોવા છતાં તેના મૂળભૂત વિષયની ધારા પહેલેથી છેલ્લે સુધી એક સરખી ચાલુ રહે છે, સર્વ પરદ્રવ્યો અને પરભાવોથી આત્માનું જુદાપણું અને પોતાના જ્ઞાનસ્વભાવથી એકપણું સમજીને અપૂર્વ ભેદવિજ્ઞાન પ્રગટ કરવું તે પૂ. ગુરુદેવશ્રીના સર્વ પ્રવચનોનું તાત્પર્ય છે.

ભેદવિજ્ઞાન પ્રગટ કરવાની તૈયારીવાળા જીવને દેશનાલબ્ધિ અવશ્ય હોય છે. સત્સમાગમ વગર માત્ર શાસ્ત્રના અભ્યાસથી એ દેશનાલબ્ધિ થઈ શકતી નથી. કોઈ આત્માનુભાવી પુરુષ પાસેથી ધર્મદિશનાનું સીધું શ્રવણ કર્યા વગર કોઈ પણ જીવ શાસ્ત્ર વાચીને ભેદવિજ્ઞાન પ્રગટ કરી શકે નહિ; માટે જે આત્માર્થીને અતિ મહિમાવંત ભેદવિજ્ઞાન પ્રગટ કરીને આ સંસાર દુઃખોથી પરિમુક્ત થવું હોય તેણે સત્સમાગમે ઉપદેશનું શ્રવણ કરીને તત્ત્વનો નિર્ણય કરવો જોઈએ. ભેદવિજ્ઞાન તે જ આ જગતમાં સારભૂત છે. ભેદવિજ્ઞાન વગરનું જે કાંઈ છે તે બધું અસાર છે. માટે આત્માર્થી જીવોએ પળે પળે એ ભેદવિજ્ઞાનની ભાવના કરવા યોગ્ય છે.

વીર સં. ૨૪૭૫ — રામજી માણેકચંદ દોશી

અષાઢ સુદ. ૨ — પ્રમુખ

સોનગઢ — શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ.

## દ્વિતીય આવૃતિ પ્રસંગે

મહા ઉપકારી પરમ પૂજ્ય ગુરૂદેવ શ્રી કાનજી સ્વામીએ કુંદકુંદઆચાર્ય પ્રણીત સમયસાર ગાથા- ૩૯૦ થી ૪૦૪ ઉપર બહુ સૂક્ષ્મ પ્રવચનો વીર સં. ૨૪૭૫માં આપ્યાં - તેનું સંકલન, મુરબ્બી રામજીભાઈ મા. દોશીએ કરીને "ભેદવિજ્ઞાનસાર" નામનું પુસ્તક મુમુક્ષુ સમાજ સમક્ષ મુક્યું. આ પુસ્તક ઘણા સમયથી અલભ્ય હોવાથી - પાલણપુર નિવાસી એક મુમુક્ષુ બહેનની પ્રેરણાથી આ દ્વિતીય આવૃત્તિ છપાવવાનું નક્કી થયું.

ધર્મની શરૂઆત સમ્યગ્દર્શનથી થાય છે -ને સમ્યગ્દર્શન ભેદવિજ્ઞાન દ્વારા થાય છે - આચાર્યશ્રી અમૃતચંદ્રાચાર્યે સમયસાર કળશ ૧૩૦ - ૧૩૧માં ભેદવિજ્ઞાનનો મહિમા બતાવેલ છે.

**भेदविज्ञानतः सिध्धाः सिध्धा ये किल केचन**
**अस्यैवाभावतो बध्धा बध्धा ये किल केचन ॥ १३१ ॥**

**જે કોઈ સિધ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી સિધ્ધ થયા છે,**
**જે કોઈ બંધાયા છે તે તેનાજ અભાવથી બંધાયા છે.**

**भावयेद्भेदविज्ञानमिदमच्छिन्नधारया**
**तावद्यावत्पराच्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते ॥ १३० ॥**

**આ ભેદવિજ્ઞાન, અવિચ્છીન્નધારાથી, ત્યાં સુધી ભાવવું કે જ્યાં સુધી પરભાવોથી છૂટી, જ્ઞાન જ્ઞાનમાંજ ઠરી જાય.**

ત્રિકાળી શુદ્ધ આત્મા - પરમતત્વના આશ્રયે અનેક પ્રકારના પરભાવોથી છૂટી જીવ કૃતાર્થ થાય છે - સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. - મોક્ષ માર્ગની શરૂઆત થાય છે - અને જ્યાં સુધી, "જ્ઞાન" કેવળજ્ઞાનરૂપે ન પરિણમે ત્યાં સુધી ભેદવિજ્ઞાનની ક્રિયા ચાલુ રાખવી.

અંતમાં આ 'ભેદવિજ્ઞાનસાર" -નિજ કલ્યાણના હેતુરૂપ બની રહે એવી ભાવના !

**ભગવાનશ્રી કુન્દકુન્દાચાર્યદેવ નીચેની પંદર ગાથાઓમાં જ્ઞાનને સ્પષ્ટ રીતે સર્વ વસ્તુઓથી ભિન્ન બતાવે છે:-**

રે ! શાસ્ત્ર તે નથી જ્ઞાન, જેથી શાસ્ત્ર કંઈ જાણે નહિ,
તે કારણે છે જ્ઞાન જુદું, શાસ્ત્ર જુદું-જિન કહે; ૩૯૦.

રે ! શબ્દ તે નથી જ્ઞાન, જેથી શબ્દ કંઈ જાણે નહિ,
તે કારણે છે જ્ઞાન જુદું, શબ્દ જુદો-જિન કહે; ૩૯૧

રે ! રૂપ તે નથી જ્ઞાન, જેથી રૂપ કંઈ જાણે નહિ,
તે કારણે છે જ્ઞાન જુદું, રૂપ જુદું-જિન કહે; ૩૯૨.

રે ! વર્ણ તે નથી જ્ઞાન, જેથી વર્ણ કંઈ જાણે નહિ,
તે કારણે છે જ્ઞાન જુદું, વર્ણ જુદો-જિન કહે; ૩૯૩.

રે ! ગંધ તે નથી જ્ઞાન, જેથી ગંધ કંઈ જાણે નહિ,
તે કારણે છે જ્ઞાન જુદું, ગંધ જુદી-જિન કહે; ૩૯૪.

રે ! રસ નથી કંઈ જ્ઞાન, જેથી રસ કંઈ જાણે નહિ,
તે કારણે છે જ્ઞાન જુદું, રસ જુદો-જિનવર કહે; ૩૯૫.

રે ! સ્પર્શ તે નથી જ્ઞાન, જેથી સ્પર્શ કંઈ જાણે નહિ,
તે કારણે છે જ્ઞાન જુદું, કર્મ જુદું-જિન કહે; ૩૯૬.

રે ! કર્મ તે નથી જ્ઞાન, જેથી કર્મ કંઈ જાણે નહિ
તે કારણે છે જ્ઞાન જુદું, કર્મ જુદું-જિન કહે; ૩૯૭.

રે ! ધર્મ તે નથી જ્ઞાન, જેથી ધર્મ કંઈ જાણે નહિ,
તે કારણે છે જ્ઞાન જુદું, ધર્મ જુદો-જિન કહે; ૩૯૮.

અધર્મ તે નથી જ્ઞાન, જેથી અધર્મ કંઈ જાણે નહિ,
તે કારણે છે જ્ઞાન જુદું, અધર્મ જુદો-જિન કહે; ૩૯૯.

રે ! કાળ તે નથી જ્ઞાન, જેથી કાળ કંઈ જાણે નહિ,
તે કારણે છે જ્ઞાન જુદું, કાળ જુદો-જિન કહે; ૪૦૦

આકાશ તે નથી જ્ઞાન, એ આકાશ કંઈ જાણે નહિ,
તે કારણે આકાશ જુદું, જ્ઞાન જુદું-જિન કહે; ૪૦૧.

નહિ જ્ઞાન અધ્યવસાન છે, જેથી અચેતન તેહ છે.
તે કારણે છે જ્ઞાન જુદું, જુદું અધ્યવસાન છે; ૪૦૨.

રે ! સર્વદા જાણે જ તેથી જીવ જ્ઞાયક જ્ઞાની છે,
ને જ્ઞાન છે જ્ઞાયકથી અવ્યતિરિક્ત એમ જ્ઞાતવ્ય છે; ૪૦૩.

સમ્યક્ત્વ ને સંયમ, તથા પૂર્વાંગગત સૂત્રો, અને
ધર્માધરમ, દીક્ષા વળી, બુધ પુરુષ માને જ્ઞાનને. ૪૦૪.

## गाथा ३९० से ४०४

शास्त्रं ज्ञान न भवति यस्माच्छास्त्रं न जानाति किञ्चित् ।
तस्मादन्यज्ज्ञानमन्यच्छास्त्रं जिना ब्रुवन्ति ॥ ३९० ॥

शब्दो ज्ञानं न भवति यस्माच्छब्दो न जानाति किञ्चित् ।
तस्मादन्यज्ज्ञानमन्यं शब्दं जिना ब्रुवन्ति ॥ ३९१ ॥

रूपं ज्ञानं न भवति यस्म द्रूपं न जानाति किञ्चित् ।
तस्मादन्यज्ज्ञानमन्यद्रूपं जिना ब्रुवन्ति ॥ ३९२ ॥

वर्णो ज्ञानं न भवति यस्माद्वर्णो न जानाति किञ्चित् ।
तस्मादन्यज्ज्ञानमन्यं वर्णं जिना ब्रुवन्ति ॥ ३९३ ॥

गन्धो ज्ञान न भवति यस्माद्गन्धो न जानाति किञ्चित् ।
तस्मादन्यज्ज्ञानमन्यं गन्धं जिना ब्रुवन्ति ॥ ३९४ ॥

न रसस्तु भवति ज्ञानं यस्मात्तु रसो न जानाति किञ्चित् ।
तस्मादन्यज्ज्ञानं रसं चान्यं जिना ब्रुवन्ति ॥ ३९५ ॥

स्पर्शो न भवति ज्ञानं यस्मात्स्पर्शो न जानाति किञ्चित् ।
तस्मादन्यज्ज्ञानमन्यं स्पर्शं जिना ब्रुवन्ति ॥ ३९६ ॥

कर्म ज्ञानं न भवति यस्मात्कर्म न जानाति किञ्चित् ।
तस्मादन्यज्ज्ञानमन्यत्कर्म जिना ब्रुवन्ति ॥ ३९७ ॥

धर्मो ज्ञानं न भवति यस्माद्धर्मो न जानाति किञ्चित् ।
तस्मादन्यज्ज्ञानमन्यं धर्मं जिना ब्रुवन्ति ॥ ३९८ ॥

ज्ञानमधर्मो न भवति यस्मादधर्मो न जानाति किञ्चित् ।
तस्मादन्यज्ज्ञानमन्यधर्मं जिना ब्रुवन्ति ॥ ३९९ ॥

कालो ज्ञानं न भवति यस्मात्कालो न जानाति किञ्चित् ।
तस्मादन्यज्ज्ञानमन्यं कालं जिना ब्रुवन्ति ॥ ४०० ॥

आकाशमपि न ज्ञानं यस्मादाकाशं न जानाति किञ्चित् ।
तस्मादाकाशमन्यदन्यज्ज्ञानं जिना ब्रुवन्ति ॥ ४०१ ॥

नाध्यवसानं ज्ञानमध्यवसानमचेतनं यस्मात् ।
तस्मादन्यज्ज्ञानमध्यवसानं तथान्यत् ॥ ४०२ ॥

यस्माज्जानाति नित्यं तस्माज्जीवस्तु ज्ञायको ज्ञानी ।
ज्ञानं च ज्ञायकादव्यतिरिक्तं ज्ञातव्यम् ॥ ४०३ ॥

ज्ञानं सम्यग्दृष्टिं तु संयम सूत्रमङ्गपूर्वगतम् ।
धर्माधर्मं च तथा प्रवज्यामभ्युपयान्ति बुधाः ॥ ४०४ ॥

## ગાથા ૩૯૦ થી ૪૦૪ ઉપર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવકૃત-

# ટીકા

**શ્રુત** (અર્થાત્ વચનાત્મક દ્રવ્યશ્રુત) જ્ઞાન નથી, કારણ કે શ્રુત અચેતન છે; માટે જ્ઞાનને અને શ્રુતને વ્યતિરેક (અર્થાત્ ભિન્નતા) છે. **શબ્દ** જ્ઞાન નથી, કારણ કે શબ્દ (પુદ્દગલદ્રવ્યનો પર્યાય છે,) અચેતન છે; માટે જ્ઞાનને અને શબ્દને વ્યતિરેક અર્થાત્ ભેદ) છે. **રૂપ** જ્ઞાન નથી, કારણ કે રૂપ (પુદ્દગલદ્રવ્યનો ગુણ છે,) અચેતન છે; માટે જ્ઞાનને અને રૂપને વ્યતિરેક છે (અર્થાત્ બન્ને જુદાં છે). **વર્ણ** જ્ઞાન નથી કારણ કે વર્ણ (પુદ્દગલદ્રવ્યનો ગુણ છે,) અચેતન છે; માટે જ્ઞાનને અને વર્ણનિ વ્યતિરેક છે (અર્થાત્ જ્ઞાન અન્ય છે, વર્ણ અન્ય છે). **ગંધ** જ્ઞાન નથી, કારણ કે રસ (પુદ્દગલદ્રવ્યનો ગુણ છે,) અચેતન છે; માટે જ્ઞાનને અને ગંધને વ્યતિરેક (ભેદ, ભિન્નતા) છે. **રસ** જ્ઞાન નથી, કારણ કે રસ (પુદ્દગલદ્રવ્યનો ગુણ છે,) અચેતન છે; માટે જ્ઞાનને અને સ્પર્શને વ્યતિરેક છે. **કર્મ** જ્ઞાન નથી, કારણ કે કર્મ અચેતન છે; માટે જ્ઞાનને અને કર્મને વ્યતિરેક છે. **ધર્મ** (-ધર્મદ્રવ્ય) જ્ઞાન નથી, કારણ કે ધર્મ અચેતન છે; માટે જ્ઞાનને અને ધર્મને વ્યતિરેક છે. **અધર્મ** (-અધર્મદ્રવ્ય) જ્ઞાન નથી, કારણ અધર્મ અચેતન છે; માટે જ્ઞાનને અને અધર્મને વ્યતિરેક છે. **કાળ** (-કાળદ્રવ્ય) જ્ઞાન નથી, કારણ કે કાળ અચેતન છે, માટે જ્ઞાનને અને કાળને વ્યતિરેક છે. **આકાશ** (આકાશદ્રવ્ય) જ્ઞાન નથી, કારણ કે આકાશ અચેતન છે, માટે જ્ઞાનને અને આકાશને વ્યતિરેક છે. **અધ્યવસાન** જ્ઞાન નથી, કારણ કે અધ્યવસાન અચેતન છે; માટે

જ્ઞાનને અને (કર્મના ઉદયની પ્રવૃત્તિરૂપ) અધ્યવસાનને વ્યતિરેક છે. આમ આ રીતે જ્ઞાનનો સમસ્ત પરદ્રવ્યો સાથે વ્યતિરેક નિશ્ચયસાધિત દેખવો (અર્થાત્ નિશ્ચય વડે સિદ્ધ થયેલો સમજવો-અનુભવવો).

હવે, જીવ જ એક જ્ઞાન છે, કારણ કે જીવ ચેતન છે; માટે જ્ઞાનને અને જીવને અવ્યતિરેક (-અભિન્નતા) છે, વળી જ્ઞાનનો જીવની સાથે વ્યતિરેક જરા પણ શંકનીય નથી (અર્થાત્ જ્ઞાનની જીવથી ભિન્નતા હશે એમ જરાય શંકા કરવા યોગ્ય નથી), કારણ કે જીવ પોતે જ જ્ઞાન છે. આ પ્રમાણે (જ્ઞાન જીવથી અભિન્ન) હોવાથી, જ્ઞાન જ સમ્યગ્દષ્ટિ છે, જ્ઞાન જ સંયમ છે, જ્ઞાન જ અંગપૂર્વરૂપ સૂત્ર છે, જ્ઞાન જ ધર્મ-અધર્મ (અર્થાત્ પુણ્ય-પાપ) છે, જ્ઞાન જ પ્રવ્રજ્યા (-દીક્ષા, નિશ્ચયચારિત્ર) છે-એમ જ્ઞાનનો જીવપર્યાયોની સાથે પણ અવ્યતિરેક નિશ્ચયસાધિત દેખવો (અર્થાત્ નિશ્ચય વડે સિદ્ધ થયેલો સમજવો-અનુભવવો).

હવે, એ પ્રમાણે સર્વ પરદ્રવ્યો સાથે વ્યતિરેક વડે અને સર્વ દર્શનાદિ જીવસ્વભાવો સાથે અવ્યતિરેક વડે અતિ-વ્યાપ્તિને અને અવ્યાપ્તિને દૂર કરતું થકું, અનાદિ વિભ્રમ જેનું મૂળ છે એવા ધર્મ-અધર્મરૂપ (પુણ્ય-પાપરૂપ, શુભ-અશુભરૂપે પર સમયને દૂર કરીને, પોતે જ પ્રવ્રજ્યારૂપને પામીને (અર્થાત્ પોતે જ નિશ્ચયચારિત્રરૂપ દીક્ષાપણાને પામીને), દર્શન જ્ઞાન-ચારિત્રમાં સ્થિતિરૂપ સ્વસમયને પ્રાપ્ત કરીને મોક્ષમાર્ગને પોતામાં જ પરિણત કરીને, જેણે સંપૂર્ણ વિજ્ઞાનઘન સ્વભાવને પ્રાપ્ત કર્યો છે એવું, ત્યાગ-ગ્રહણથી રહિત, સાક્ષાત્ સમયસારભૂત, પરમાર્થરૂપ શુદ્ધજ્ઞાન એક અવસ્થિત (-નિશ્ચળ રહેલું) દેખવું અર્થાત્ પ્રત્યક્ષ સ્વસંવેદનથી અનુભવવું.

## ગાથા ૩૯૦ થી ૪૦૪ નો

## * ભા વા ર્થ *

અહીં જ્ઞાનને સર્વ પરદ્રવ્યોથી ભિન્ન અને પોતાના પર્યાયોથી અભિન્ન બતાવ્યું, તેથી અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ નામના જે લક્ષણના દોષો તે દૂર થયા. આત્માનું લક્ષણ ઉપયોગ છે અને ઉપયોગમાં જ્ઞાન પ્રધાન છે; તે (જ્ઞાન) અન્ય અચેતન દ્રવ્યોમાં નથી તેથી તે અતિવ્યાપ્તિવાળું નથી. અને પોતાની સર્વ અવસ્થાઓમાં છે તેથી અવ્યાપ્તિવાળું નથી. આ રીતે જ્ઞાનલક્ષણ કહેવાથી અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ દોષો આવતા નથી.

અહીં જ્ઞાનને જ પ્રધાન કરીને આત્માનો અધિકાર છે, કારણ કે જ્ઞાનલક્ષણથી જ આત્મા સર્વ પરદ્રવ્યોથી ભિન્ન અનુભવગોચર થાય છે. જોકે આત્મામાં અનંત ધર્મો છે, તોપણ તેમાંના કેટલાક તો છદ્મસ્થને અનુભવગોચર જ નથી; તે ધર્મોને કહેવાથી છદ્મસ્થ જ્ઞાની આત્માને કઈ રીતે ઓળખે? વળી કેટલાક ધર્મો અનુભવગોચર છે, પરંતુ તેમાંના કેટલાક તો- અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વાદિ તો -અન્ય દ્રવ્યોસાથે સાધારણ અર્થાત્ સમાન છે માટે તેમને કહેવાથી જુદો આત્મા જાણી શકાય નહિ, અને કેટલાક ધર્મો પરદ્રવ્યના નિમિત્તથી થયેલા છે તેમને કહેવાથી પરમાર્થભૂત આત્માનું શુદ્ધ સ્વરૂપ કેવી રીતે જણાય? માટે જ્ઞાનને કહેવાથી જ છદ્મસ્થ જ્ઞાની આત્માને ઓળખી શકે છે.

અહીં જ્ઞાનને આત્માનું લક્ષણ કહ્યું છે એટલું જ નહિ, પણ જ્ઞાનને જ આત્મા કહ્યો છે; કારણ કે અભેદ વિવક્ષામાં ગુણગુણીનો અભેદ હોવાથી, જ્ઞાન છે તે જ આત્મા છે.

અભેદ વિવક્ષામાં જ્ઞાન કહો કે આત્મા કહો-કંઈ વિરોધ નથી; માટે અહીં જ્ઞાન કહેવાથી આત્મા જ સમજવો.

ટીકામાં છેવટે એમ કહેવામાં આવ્યું કે- જે, પોતામાં અનાદિ અજ્ઞાનથી થતી શુભાશુભ ઉપયોગરૂપ પરસમયની પ્રવૃત્તિને દૂરકરીને, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પરિણમનસ્વરૂપ મોક્ષમાર્ગમાં પોતાને પરિણમાવીને, સંપૂર્ણ વિજ્ઞાનઘન સ્વભાવને પામ્યું છે, અને જેમાં કોઈ ત્યાગ-ગ્રહણ નથી, એવા સાક્ષાત્ સમયસારસ્વરૂપ, પરમાર્થભૂત, નિશ્ચળ રહેલા, શુદ્ધ, પૂર્ણ જ્ઞાનને (પૂર્ણ આત્મદ્રવ્યને) દેખવું. ત્યાં 'દેખવું' ત્રણ પ્રકારે સમજવું.

(૧) શુદ્ધ નયનું જ્ઞાન કરીને પૂર્ણ જ્ઞાનનું શ્રદ્ધાન કરવું તે પહેલા પ્રકારનું દેખવું છે. તે અવિરત આદિ અવસ્થામાં પણ હોય છે.

(૨) જ્ઞાન-ગ્રહણ થયા પછી બાહ્ય સર્વ પરિગ્રહનો ત્યાગ કરી તેનો (પૂર્ણ જ્ઞાનનો) અભ્યાસ કરવો, ઉપયોગને જ્ઞાનમાં જ થંભાવવો, જેવું શુદ્ધનયથી પોતાના સ્વરૂપને સિદ્ધ સમાન જાણ્યું-શ્રદ્ધયું હતું તેવું જ ધ્યાનમાં લઈને ચિત્તને એકાગ્ર-સ્થિર કરવું, ફરી ફરી તેનો જ અભ્યાસ કરવો, તે બીજા પ્રકારનું દેખવું છે. આ દેખવું અપ્રમત્તદશામાં હોય છે. જ્યાં સુધી એવા અભ્યાસથી કેવળજ્ઞાન ન ઉપજે ત્યાં સુધી તે અભ્યાસ નિરંતર રહે. આ દેખવાનો બીજો પ્રકાર

થયો. અહીં સુધી તો પૂર્ણ જ્ઞાનનું શુદ્ધનયના આશ્રયે પરોક્ષ દેખવું છે.

(૩) કેવળજ્ઞાન ઉપજે ત્યારે સાક્ષાત્ દેખવું થાય છે ત્રીજા પ્રકારનું દેખવું છે. તે સ્થિતિમાં જ્ઞાન સર્વ વિભાવોથી રહિત થયું થકું દેખનાર-જાણનાર છે, તેથી આ ત્રીજા પ્રકારનું દેખવું તે પૂર્ણ જ્ઞાનનું પ્રત્યક્ષ દેખવું છે.

(સમયસાર પૃ, ૪૭૨-૩)

## પરથી ભિન્ન શુદ્ધજ્ઞાનના અનુભવનું કાવ્ય કહે છે-

*-શાર્દૂલવિક્રીડિત-*

अन्येभ्यो व्यतिरिक्तमात्मनियतं बिभ्रत्पृथग्वस्तुता-
मादानोज्झनशून्यमेतदमलं ज्ञानं तथावस्थितम् ।
मध्याद्यन्तविभागमुक्तसहजस्फारप्रभाभासुरः
शुद्ध ज्ञानघनो यथाऽस्यमहिमा नित्योदितस्तिष्ठति ॥२३५॥

**અર્થ** : - અન્ય દ્રવ્યોથી ભિન્ન, પોતામાં જ નિયત, પૃથક વસ્તુપણાને ધારતું (-વસ્તુનું સ્વરૂપ સામાન્ય વિશેષાત્મક હોવાથી પોતે પણ સામાન્ય વિશેષાત્મકપણાને ધારણ કરતું), ગ્રહણત્યાગ રહિત, આ અમલ (-રાગાદિક મળથી રહીત) જ્ઞાન એવી પોતે અવસ્થિત (-નિશ્ચળ રહેલું) અનુભવાય છે કે જેવી રીતે આદિ-મધ્ય-અંત-રૂપ વિભાગોથી રહિત એવી સહજ ફેલાયેલી સ્વભાવડે દેદીપ્યમાન એવો એનો શુદ્ધજ્ઞાનધતરૂપ મહિમા નિત્ય ઉદિત રહે (-શુદ્ધજ્ઞાનના પુંજરૂપ મહિમા સદા ઉદયમાન રહે).

**ભાવાર્થ** :- જ્ઞાનનું પૂર્ણ રૂપ સર્વને જાણવું તે છે. તે જ્યારે પ્રગટ થાય છે ત્યારે સર્વ વિશેષણો સહિત પ્રગટ થાય છેઃ તેથી તેના મહિમાને કોઈ બગાડી શકતું નથી, સદા ઉદયમાન કહે છે.

(સમયસાર પૃ. ૪૭૪)

જેવો પરથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ આત્મા કહ્યો એવા જ્ઞાનસ્વરૂપ આત્માનું આત્મામાં ધારણ કરવું તે જ ગ્રહવાયોગ્ય સર્વ ગ્રહ્યું અને ત્યાગવા યોગ્ય સર્વ ત્યાગ્યું -એવા અર્થનું કાવ્ય કહે છે-

-ઉપજાતિ-

उन्मुक्तमुन्मौच्यमशेषतस्तत्

तथात्तमादेयमशेषतस्ततू ।


यदात्मनः संहृतसर्वशक्तेः

पूर्णस्य संधारणमात्मनीह ॥२३६॥

**અર્થ** :- જેણે સર્વ શક્તિઓ સમેટી છે (-પોતામાં લીન કરી છે) એવા પૂર્ણ આત્માનું આત્મામાં ધારણ કરવું તે જ છોડવા યોગ્ય બધું છોડ્યું અને ગ્રહવાયોગ્ય બધું ગ્રહ્યું.

**ભાવાર્થ** :- પૂર્ણ જ્ઞાનસ્વરૂપ; સર્વ શકિતઓના સમૂહરૂપ જે આત્મા તેને આત્મામાં ધારણ કરી રાખવો તે જ, ત્યાગવા યોગ્ય જે કાંઈ હતું તે બધુંય ત્યાગ્યું અને ગ્રહણ કરવા યોગ્ય જે કાંઈ હતું તે બધુંય ગ્રહણ કર્યું. એ જ કૃતકૃત્યપણું છે.

(સમયસાર પૃ.૪૭૪)



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

## -: વિષય સૂચી :-


| | |
|---|---|
| શ્રી કુંદકુંદાચાર્યદેવની પંદર ગાથાઓ | VI- IX |
| શ્રી અમૃતચંદ્રાચાર્ય દેવકૃત ટીકા | X- XI |

**પ્રવચનો**

| | |
|---|---|
| દ્રવ્યશ્રુત અને જ્ઞાનનું ભેદવિજ્ઞાન | ૧ - ૨૮ |
| શબ્દ અને જ્ઞાનનું ભેદવિજ્ઞાન | ૨૯ - ૩૮ |
| રૂપ અને જ્ઞાનનું ભેદવિજ્ઞાન | ૩૯ - ૫૪ |
| જ્ઞાનની સ્વભાવમાં એકતા ને પરથી ભિન્નતા તે ધર્મ | ૫૫ - ૫૮ |
| વર્ણ (રંગ) અને જ્ઞાનનું ભેદવિજ્ઞાન | ૫૯ - ૬૭ |
| ગંધ અને જ્ઞાનનું ભેદવિજ્ઞાન | ૬૮ - ૭૬ |
| રસ અને જ્ઞાનનું ભેદવિજ્ઞાન | ૭૭ - ૭૮ |
| સુખ અને ધર્મનું સાધન ભેદવિજ્ઞાન | ૭૯ - ૮૧ |
| સ્પર્શ અને જ્ઞાનનું ભેદવિજ્ઞાન | ૮૨ - ૯૮ |
| મોક્ષનું કારણ સમ્યકમતિ-શ્રુતજ્ઞાન, તે કેમ પ્રગટે? | ૯૯ - ૧૧૦ |
| કર્મ અને જ્ઞાનનું ભેદવિજ્ઞાન | ૧૧૧ - ૧૧૮ |
| ધર્મદ્રવ્ય અને જ્ઞાનનું ભેદવિજ્ઞાન | ૧૧૯ -૧૨૦ |
| અધર્મદ્રવ્ય અને જ્ઞાનનું ભેદવિજ્ઞાન | ૧૨૦ - ૧૨૧ |
| કાળદ્રવ્ય અને જ્ઞાનનું ભેદવિજ્ઞાન | ૧૨૧ - ૧૨૪ |
| શ્રી ગુજરાતી પ્રવચનસાર પરમાગમ-પ્રકાશન | ૧૨૫ - ૧૩૦ |
| આકાશ અને જ્ઞાનનું ભેદવિજ્ઞાન | ૧૩૧ - ૧૪૮ |
| અધ્યવસાન-રાગદ્વેષ અને જ્ઞાનનું ભેદવિજ્ઞાન | ૧૪૯ - ૧૬૧ |
| ભેદવિજ્ઞાન માટેની પ્રેરણા | ૧૬૨ - ૧૬૪ |
| જ્ઞાનની જીવ સાથે એકતા | ૧૬૫ - ૧૬૬ |
| ધર્મી-અધર્મીનું માપ કરવાની રીત | ૧૬૭ - ૧૭૬ |
| જીવ સાથે જ્ઞાનની એકતા | ૧૭૭ - ૧૮૦ |
| જ્ઞાનસ્વભાવમાં નિઃશંક થવાનો ઉપદેશ | ૧૮૧ - ૧૯૭ |
| જીવના પર્યાયો સાથે પણ જ્ઞાનની એકતા | ૧૯૮ - ૨૦૬ |
| જ્યાં રુચિ ત્યાં નિઃશંકતા | ૨૦૭ - ૨૧૦ |
| ભેદવિજ્ઞાનવડે જ્ઞાનસ્વભાવના અનુભવનો ઉપદેશ | ૨૧૧ - ૨૨૧ |
| ગાથા ૩૯૦ થી ૪૦૪નો ભાવાર્થ | ૨૨૨ - ૨૨૪ |
| પરથી ભિન્ન શુદ્ધજ્ઞાનના અનુભવનું કાવ્ય | ૨૨૫ - ૨૨૬ |

## (૧)

卐 સં. ૨૪૭૪ શ્રાવણ વદ ૧૧ સોમવાર 卐

## (૧) જ્ઞાનસ્વભાવની સ્વતંત્રતાનો ઢંઢેરો

આ પંદર ગાથાઓમાં જ્ઞાનની સમય સમયની સ્વતંત્રતાની જાહેરાત છે. આત્માનું જ્ઞાન સર્વતંત્ર-સ્વતંત્ર છે, એટલે તેના ઉપર કોઈની સત્તા નથી અને તેને કોઈ બીજાની મદદની જરૂર નથી. આત્માનો પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવ બધાય પર પદાર્થોની તદ્દન છૂટો છે. આત્માનું જ્ઞાન આત્મામાં છે અને અન્યમાં નથી.

આત્મા પોતે જ્ઞાન છે; આત્મામાં પરિપૂર્ણ જ્ઞાન છે ને પરમાં જ્ઞાન જરાય નથી; એટલે જ્ઞાન આત્માથી જ થાય છે ને પરથી થતું નથી-આવો અનેકાંત સ્વભાવ વર્ણવીને શ્રીઆચાર્યદેવે આ ગાથાઓમાં જ્ઞાનસ્વભાવની સ્વતંત્રતાનો ઢંઢેરો જાહેર કર્યો છે. શાસ્ત્રો વગેરે પરદ્રવ્યો જ્ઞાન નથી માટે તેઓ જ્ઞાનનું જરા પણ કારણ નથી; આત્મા પોતે જ્ઞાન છે તેથી આત્મા જ જ્ઞાનનું કારણ છે.

## (૨) આચાર્ય ભગવાનના કથનનું જોર

ભગવાન શ્રીકુંદકુંદાચાર્યદેવના મૂળ સૂત્રોમાં ત્રણ ઠેકાણે ખાસ વજન છે- (૧) 'सत्थं ण याणए किंचि' એટલે કે શાસ્ત્ર વગેરે કાંઈ જાણતાં નથી. -એટલે તેનામાં પૂરેપુરું અચેતનપણું બતાવ્યું. (૨) 'अण्णं णाणं' એટલે કે તે શાસ્ત્ર વગેરે અચેતનથી જ્ઞાન જુદું

છે. શાસ્ત્રો વગેરે કાંઈ જાણતાં નથી તેની સામે આત્મામાં જ્ઞાન પૂરેપૂરું છે' એમ આવ્યું. આત્મામાં જ્ઞાન પૂરેપુરું છે અને શ્રુત વગેરેમાં જ્ઞાન જરા પણ નથી- આમ અસ્તિનાસ્તિથી પુરો જ્ઞાનસ્વભાવ બતાવ્યો છે. અને (૩) 'जिणा विंति' એટલે કે જિનદેવો એમ જાણે છે અથવા જિનદેવો એમ કહે છે. ગાથાએ ગાથાએ 'जिणा विंति' એમ કહીને સર્વજ્ઞ ભગવાનની સાક્ષી આપી છે.

અહો, કોઈ અપૂર્વ યોગે આ સમયસાર શાસ્ત્ર રચાયું છે. ગાથાએ ગાથાએ અચિંત્ય ભાવો ભર્યા છે; એકેક ગાથાએ પરિપૂર્ણ આત્મસ્વભાવ બતાવી દે છે.

## (૩) જ્ઞાનને પરનું જરાય અવલંબન નથી.

આત્મા પોતે જ્ઞાન છે ને શ્રુત-શાસ્ત્રો વગેરે અચેતન છે; આત્મામાં જ્ઞાન પરિપૂર્ણ છે ને શ્રુત વગેરેમાં કિંચિત્ જ્ઞાન નથી. શ્રુતમાં જ્ઞાન નથી અને જ્ઞાનમાં શ્રુત નથી; તો હે ભાઈ, તારા જ્ઞાનમાં શ્રુત તને શું મદદ કરશે? અને તારો આત્મા જ્ઞાનથી પુરો છે તો તારું જ્ઞાન પરની શું આશા રાખશે. માટે જ્ઞાનને પરનું જરાય અવલંબન નથી, પોતાના આત્મસ્વભાવનું અવલંબન છે.

આ રીતે આત્માનો પરિપૂર્ણ સ્વાશ્રિત જ્ઞાનસ્વભાવ આચાર્યભગવાન આ પંદર ગાથાઓમાં બતાવે છે.

(૨)

卐 સં. ૨૪૭૪ શ્રાવણ વદ ૧૨ મંગળવાર 卐

## (૪) આત્માનું હિત કરવું હોય તેણે પરથી જુદા આત્માને જાણવો.

જેને પોતાના આત્માનું હિત કરવું છે- કલ્યાણ કરવું છે તેણે શું કરવું જોઈએ? તેનો આ અધિકાર ચાલે છે. પ્રથમ તો, આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાન અને આનંદ જ તેનો સ્વભાવ છે અને પરથી તેમજ વિકારથી તે જુદો છે, -એવા આત્માની જ્યાં સુધી શ્રદ્ધા ન થાય ત્યાં સુધી શરીર-પૈસા-સ્ત્રી-પુત્ર વગેરેમાંથી હિતબુદ્ધિ ટળે નહિ; અને જ્યાંસુધી પરમાં હિતબુદ્ધિ કે લાભ-અલાભની બુદ્ધિ ટળે નહિ ત્યાંસુધી સ્વભાવને ઓળખવાનો અને રાગ-દ્વેષ ટાળીને તેમાં ઠરવાનો સત્ય પુરુષાર્થ કરે નહિ. માટે પોતાનું હિત કરવાના ઈચ્છક જીવોએ, આત્માનું સ્વરૂપ શું છે. તેને કોની સાથે એકતા છે ને કોનાથી જુદાઈ છે? તે જાણવું જોઈએ. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તે જ્ઞાન-સુખ વગેરે સાથે એકમેક છે, અને શરીર-પૈસા વગેરેથી તેને જુદાઈ છે, રાગથી પણ ખરેખર જુદાઈ છે. જ્ઞાન-આનંદસ્વરૂપ આ આત્મા પરથી જુદો છે એમ કહેતાં જ આત્મા પોતાના સ્વભાવથી પરિપૂર્ણ, સ્વાધીન અને પરના આશ્રય વગરનો નિરાવલંબી સિદ્ધ થાય છે. આવા આત્માને જાણવો-માનવો તે જ હિતનો ઉપાય છે, તે જ કલ્યાણ છે, તે જ ધર્મ છે, તે જ મંગલ છે.

દરેક આત્મા પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે. આ શરીર તે હું નથી, હું તો આત્મા છું, મારો આત્મા જ્ઞાનથી પરિપૂર્ણ છે ને પર ચીજોથી જુદો છે; મારા આત્માને જ્ઞાન અને આનંદ માટે કોઈ પર ચીજની જરૂર નથી. આ પ્રમાણે પોતાના જ્ઞાનાનંદસ્વભાવી આત્માનો સ્વીકાર કર્યા વગર કોઈ જીવ ધર્મ કરી શકે નહિ. આ આત્મસ્વભાવ આબાળગોપાળ સર્વે જીવોને સમજાય તેવો છે; દરેક જીવોએ સુખ માટે આવો આત્મસ્વભાવ જ સમજવાનો છે. અહીં આચાર્યદેવ તે સ્વભાવ સમજાવે છે.

## * દ્રવ્યશ્રુતથી જ્ઞાનનું જુદાપણ *

**શ્રુત અર્થાત્ વચનાત્મક દ્રવ્યશ્રુત તે જ્ઞાન નથી, કારણ કે શ્રુત અચેતન છે; માટે જ્ઞાનને અને શ્રુતને વ્યતિરેક છે- ભિન્નતા છે.**

### (૫) દ્રવ્યુશ્રુતના લક્ષે આત્માનું જ્ઞાન થતું નથી.

કેવળ જાણનાર દેખનાર આનંદસ્વભાવી આત્મા છે, તે સમજવામાં નિમિત્તરૂપ દ્રવ્યશ્રુત છે. તેથી સૌથી પહેલાં તે દ્રવ્યશ્રુતથી જ્ઞાનને જુદું સમજાવે છે. શ્રીસર્વજ્ઞભગવાનની દિવ્યવાણી, ગુરુઓની વાણી કે સૂત્રોના શબ્દો તે બધા દ્રવ્યશ્રુત છે; તેના આધારે આ આત્માનું જ્ઞાન થતું નથી. સાક્ષાત્ સર્વજ્ઞભગવાન, ગુરુ કે શાસ્ત્રના લક્ષે અટકીને જે જ્ઞાન થાય તે પણ દ્રવ્યશ્રુત છે. દેવ અને ગુરુના આત્માનું જ્ઞાન તેમનામાં છે, પરંતુ આ આત્માનું જ્ઞાન તેમનામાં નથી, તેથી ખરેખર આ આત્માની અપેક્ષાએ તે અચેતન છે. જીવ પોતાના સ્વભાવ તરફ વળીને જ્યારે સાચું સમજે છે ત્યારે દ્રવ્યશ્રુતને નિમિત્ત

કહેવાય છે; પણ દેવ-ગુરુ-શાસ્ત્રની રુચિથી આત્મસ્વભાવ સમજાતો નથી. દેવ-ગુરુની વાણીથી તેમ જ શાસ્ત્રોથી આ આત્મા જુદો છે. દ્રવ્યશ્રુત તો અચેતન છે, તેમાં કંઈ જ્ઞાન રહેલું નથી, માટે તે દ્રવ્યશ્રુતથી જ્ઞાન થતું નથી, દ્રવ્યશ્રુતના લક્ષે આત્મા સમજાતો નથી. આત્મા પોતે જ્ઞાનસ્વભાવી છે, તે જ્ઞાનસ્વભાવ વડે જ આત્મા જણાય છે. જાણવાનો પોતાનો જ સ્વભાવ છે, તે સમ્યગ્જ્ઞાન છે.

## (૬) વર્તમાન જ્ઞાનને આત્મામાં એકાગ્ર કરે તો ધર્મ થાય.

દ્રવ્યશ્રુતથી આત્મા જુદો છે, દેવ-શાસ્ત્ર ગુરુથી આત્મા જુદો છે, એટલે તેમના લક્ષે થતો રાગ પણ દ્રવ્યશ્રુતમાં આવી જાય છે. આમ સમજીને તે દ્રવ્યશ્રુત તરફના લક્ષને છોડીને, વર્તમાન જ્ઞાનને અંદર રાગરહિત ત્રિકાળી જ્ઞાન સ્વભાવ તરફ વાળે તો પોતાનો આત્મસ્વભાવ જણાય. વર્તમાન જ્ઞાનપર્યાયને પર તરફ એકાગ્ર કરે તો અધર્મ થાય છે, ને પોતાના ત્રિકાળી જ્ઞાનસ્વભાવ તરફ વાળીને ત્યાં એકાગ્ર કરે તો ધર્મ થાય છે. જ્ઞાનસ્વભાવના આધારે જે જ્ઞાન થાય તે સમ્યગ્જ્ઞાન છે. પર દ્રવ્યો આ આત્માથી જુદા છે, તેમના લક્ષે જે મંદકષાય અને જ્ઞાન થાય, તે મંદકષાયના કે જ્ઞાનના આશ્રયે સમ્યગ્જ્ઞાન થતું નથી ને આત્મા સમજાતો નથી. આટલું સમજે ત્યારે દ્રવ્યશ્રુતથી આત્માને જુદો માન્યો કહેવાય, અને ત્યારે જીવને ધર્મ થાય.

## (૭) નિમિત્ત અને શુભ રાગ હોય પણ તેનાથી જ્ઞાન થતું નથી.

'દ્રવ્યશ્રુતથી આત્મા જુદો છે' એમ કહેતાં તેમાં સાચા દ્રવ્યશ્રુતનો સ્વીકાર આવી જાય છે. જે જીવને, આત્મા સમજવાની જિજ્ઞાસા છે તેને પ્રથમ દ્રવ્યશ્રુત તરફ લક્ષ હોય છે, દ્રવ્યશ્રુતના લક્ષે

શુભ રાગ થાય છે ખરો, સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની ઓળખાણ, સત્સમાગમ, શાસ્ત્ર સ્વાધ્યાય વગેરે નિમિત્તો હોય ખરા અને જિજ્ઞાસુને તેના લક્ષે શુભરાગ થાય, પરંતુ તે કોઈ નિમિત્તોના લક્ષે આત્મસ્વભાવ સમજાતો નથી. દ્રવ્યશ્રુત વગેરે નિમિત્તો અને તે તરફના લક્ષે થતા રાગનો આશ્રય છોડીને, તેનાથી રહિત ત્રિકાળી ચૈતન્યસ્વભાવની રુચિ ન કરે ને જ્ઞાનને સ્વ તરફ ન વાળે તો મિથ્યાજ્ઞાન ટળે નહિ. જિજ્ઞાસુ જીવને શ્રવણ તરફનો શુભભાવ હોય, પણ જો તે શ્રવણથી જ જ્ઞાન થશે એમ માની લે તો તે કદી પર લક્ષ છોડીને પોતાના તરફ વળે નહિ તે તેનું અજ્ઞાન ટળે નહિ. શ્રવણ કરવાથી કે તે તરફના લક્ષથી જ્ઞાન થતું નથી, જ્ઞાન તો પોતાની લાયકાતથી જ્ઞાનસ્વભાવના આધારે થાય છે, એમ સમજીને, પુરુષાર્થ દ્વારા પોતાના વર્તમાન જ્ઞાનને ત્રિકાળીસ્વભાવ તરફ વાળે તો અપૂર્વ ભેદજ્ઞાન પ્રગટે.

## (૮) તીર્થંકરના દિવ્યધ્વનિને આશ્રયે જ્ઞાન થતું નથી.

તીર્થંકર થનાર જીવ આત્મસ્વભાવનું યથાર્થ જ્ઞાન અને અવધિજ્ઞાન સહિત જન્મે છે, અને પછી મુનીદશા પ્રગટ કરી, ઊગ્ર પુરુષાર્થપૂર્વક આત્મસ્વભાવમાં સ્થિરતા કરીને વીતરાગતા અને કેવળજ્ઞાન પ્રગટ કરે છે. એવું પરિપૂર્ણ કેવળજ્ઞાન દરેક જીવનો સ્વભાવ છે. સર્વજ્ઞદેવને એવું કેવળજ્ઞાન પ્રગટ થતાં પોતાનો પરિપૂર્ણ આત્મસ્વભાવ અને જગતના સર્વે દ્રવ્ય-ગુણ-પર્યાયો એક સાથે પ્રત્યક્ષ જણાય છે. કેવળજ્ઞાન થયા પછી પણ તેરમા ગુણસ્થાને યોગનું કંપન હોય છે. તીર્થંકર ભગવાનને તેરમા ગુણસ્થાને તીર્થંકર નામ કર્મનો ઉદય હોય છે. અને તેના નિમિત્તે 'ૐ' એવો દિવ્યધ્વનિ છૂટે છે. આત્મસ્વભાવ સમજવામાં નિમિત્તરૂપ દ્રવ્યશ્રુત છે, તે દ્રવ્યશ્રુતમાં

સૌથી ઉત્કૃષ્ટ દિવ્યધ્વનિ છે. પરંતુ તેના આશ્રયે સમ્યગ્જ્ઞાન થતું નથી-એમ અહીં બતાવવું છે.

## (૯) દિવ્યધ્વનિ કોને હોય?

જ્યાં સુધી જીવને રાગ-દ્વેષાદિ હોય છે ત્યાંસુધી તેને પૂરું જ્ઞાન હોતું નથી અને તેની વાણી પણ ક્રમવાળી, અનેક અક્ષરોવાળી ને ભેદરૂપ હોય છે. રાગાદિ ટળીને વીતરાગતા થતાં જે કેવળજ્ઞાન થયું તે સર્વે પદાર્થોને એક સાથે જાણે છે અને તેમની વાણી અક્રમરૂપ, નિરક્ષરી અને એક સમયમાં પુરું રહસ્ય કહેનારી હોય છે, તેથી તેને દિવ્યધ્વનિ કહેવાય છે.

## (૧૦) જ્ઞાનની સ્વાધીનતા અને નિમિત્તનું અકિંચિત્કરપણું

શ્રીસર્વજ્ઞદેવને જ્ઞાન આખું થઈ ગયું છે અને તેમની વાણીમાં પણ એકેક સમયમાં પૂરું રહસ્ય આવે છે. પરંતુ સામો જીવ પોતાના જ્ઞાનની લાયકાતથી જેટલું સમજે તેટલું તેને નિમિત્ત કહેવાય છે. કોઈ જીવ બાર અંગ સમજે તો તેને માટે બાર અંગમાં તે વાણીને નિમિત્ત કહેવાય છે. કોઈ જીવ કરણાનુયોગનું જ્ઞાન કરે તો તે વખતે તેને તે વાણી કરણાનુયોગના જ્ઞાનમાં નિમિત્ત કહેવાય છે, અને તે જ વખતે બીજો જીવ દ્રવ્યાનુયોગનું જ્ઞાન કરતો હોય તો તેને તે વાણી દ્રવ્યાનુયોગના જ્ઞાનમાં નિમિત્ત કહેવાય છે. અહો, આમાં જ્ઞાનની સ્વાધીનતા સિદ્ધ થાય છે, જે જીવ પોતાના અંતર સ્વભાવના આધારે જેટલો શ્રદ્ધા-જ્ઞાનનો વિકાસ કરે તેટલો દિવ્યધ્વનિમાં નિમિત્તપણાનો આરોપ આવે છે. માટે અહીં ભગવાન આચાર્યદેવ કહે છે કે જ્ઞાન અને દ્રવ્યશ્રુત જુદાં છે. વાણી અને શાસ્ત્રો તો અજીવ છે, અજીવના

આધારે કદી જ્ઞાન હોય નહિ. જો વાણીના શ્રવણને લીધે જ્ઞાન થતું હોય તો અજીવવાણી કર્તા બને અને જ્ઞાન તેનું કાર્ય કરે. અજીવનું કાર્ય તો અજીવ હોય, એટલે જ્ઞાન પોતે અજીવ ઠરે ! જે જીવ પરવસ્તુના આધારે પોતાનું જ્ઞાન માને છે તે જીવનું મિથ્યાજ્ઞાન છે, તેને અહીં અચેતન કહ્યું છે. શ્રુતના શબ્દો જડ છે, આત્માના જ્ઞાનમાં તે અકિંચિત્કર છે; તે દ્રવ્યશ્રુતના અવલંબનને આત્માને બિલકુલ જ્ઞાન કે ધર્મ થતો નથી.

## (૧૧) આત્મામાં અભેદ થાય તે જ ખરૂં જ્ઞાન છે.

શાસ્ત્રો અને વાણી તો જડ છે, તે તો જ્ઞાન નથી જ પણ મંદ કષાયને લીધે એકલા શાસ્ત્રના લક્ષે થતો જ્ઞાનનો ઉઘાડ તે પણ ખરૂં જ્ઞાન નથી. જિનેન્દ્ર ભગવાને કહેલા દ્રવ્ય-ગુણ-પર્યાય, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત, નવતત્ત્વો વગેરે સબંધી જ્ઞાનનો ઉઘાડ માત્ર શાસ્ત્રોના લક્ષે થાય અને સ્વભાવનું લક્ષ ન કરે તો તે જ્ઞાનના ઉઘાડને પણ દ્રવ્યશ્રુતમાં ગણીને અચેતન કહ્યો છે. શાસ્ત્ર વગેરે પરદ્રવ્યો તેના લક્ષે થતો મંદ કષાય અને તેના લક્ષે કાર્ય કરતો વર્તમાન પૂરતો જ્ઞાનનો ઉઘાડ તે બધાનો આશ્રય છોડીને તેની સાથેની એકતા છોડીને,-ત્રિકાળી આત્મસ્વભાવનો આશ્રય કરીને આત્મામાં જે જ્ઞાન અભેદ થાય તે જ ખરૂં જ્ઞાન છે.

## (૧૨) 'સંતોની વાણી જયવંત હો' એમ કેમ કહ્યું?

**પ્રશ્નઃ-** જો વાણીથી-શ્રુતથી જ્ઞાન નથી થતું તો 'તીર્થંકરો-સંતોની વાણી જયવંત વર્તો, શ્રુત જયવંત હો' એમ શા માટે કહેવાય છે?

**ઉત્તરઃ-** વાણીથી જ્ઞાન થતું નથી પણ સ્વભાવ તરફની

એકાગ્રતાથી જ્ઞાન પ્રગટે છે. સમ્યગ્જ્ઞાન થયા પછી જીવ એમ જાણે છે કે પહેલાં વાણી તરફ લક્ષ હતું, એટલે કે સમ્યગ્જ્ઞાન થવામાં નિમિત્તરૂપ વાણી છે. ખરેખર તો પોતાના આત્મામાં જે ભેદજ્ઞાન પ્રગટ્યું છે તે (ભાવશ્રુત) જયવંત હો- એવી ભાવના છે; અને શુભવિકલ્પ વખતે, ભેદજ્ઞાનના નિમિત્તરૂપ વાણીમાં આરોપ કરીને કહે છે કે 'શ્રુત જયવંત હો, ભગવાનની ને સંતોની વાણી જયવંત હો.' પરંતુ તે વખતેય અંતરમાં બરાબર ભાન છે કે વાણી વગેરે પરદ્રવ્યથી કે તેના તરફના લક્ષથી મારા આત્માને કિંચિત્ લાભ થતો નથી.

## (૧૩) વાણીને કારણે જ્ઞાન નહિ, જ્ઞાનને કારણે વાણી નહિ.

આત્મામા જ્ઞાનમાં વાણીનો અભાવ છે અને વાણીમાં જ્ઞાનનો અભાવ છે. જો વાણીથી જ્ઞાન થતું હોય તો વાણી કર્તા અને જ્ઞાન તેનું કર્મ, એમ એકબીજાને કર્તાકર્મપણું થઈ જાય છે. માટે તે માન્યતા ખોટી છે. તેમ જ આત્મામાં સાચું સમજવારૂપ લાયકાત થાય ત્યારે તે લાયકાતના કારણે વાણી નીકળવી જ જોઈએ-એ માન્યતા પણ સાચી નથી કેમ કે જો એમ હોય તો જ્ઞાન કર્તા ઠરે અને અચેતન વાણી તેનું કાર્ય ઠરે !

## (૧૪) ગૌતમસ્વામી આવ્યા માટે ભગવાનની વાણી છૂટી એમ નથી, અને વાણી છૂટી માટે ગૌતમસ્વામીને જ્ઞાન થયું એમ પણ નથી.

શ્રી મહાવીર ભગવાનને કેવળજ્ઞાન થયું, ઈંદ્રોએ સમવસરણ રચ્યું, પણ છાંસઠ દિવસ સુધી પ્રભુની દિવ્યવાણી ન છૂટી. શ્રાવણ

વદ એકમને દિવસે ગૌતમસ્વામી આવ્યા ને વાણી છૂટી. પરંતુ ત્યાં, ગૌતમસ્વામી આવ્યા માટે વાણી છૂટી- એમ નથી, અને વાણી છૂટવાની હતી માટે ગૌતમસ્વામી આવ્યા તેમ પણ નથી. વાણી અને ગૌતમસ્વામી બંનેની ક્રિયાઓ સ્વતંત્ર છે.

ભગવાનની વાણી છૂટી માટે ગૌતમસ્વામીને જ્ઞાન થયું એમ પણ ખરેખર નથી; વાણી અચેતન છે, તેનાથી જ્ઞાન થાય નહિ; અને ગૌતમસ્વામી વગેરે જીવોના જ્ઞાનમાં સમજવાની લાયકાત થઈ માટે ભગવાનની વાણી પરિણમી-એમ પણ નથી. અચેતન પરમાણુને કાંઈ એવી ખબર નથી કે સામે પાત્ર જીવ આવ્યો છે માટે હું પરિણમું ! તેમ જ ભગવાન કાંઈ વાણીના કર્તા નથી, વાણી તો વાણીના કારણે પરિણમે છે, અને જે જીવ પોતાનો આત્મસ્વભાવ સમજવાનો લાયક હોય તે જીવ અંતર પુરુષાર્થવડે પોતાના સ્વભાવની સન્મુખ થઈને સમજે છે; તેનું જ્ઞાન પોતાના જ્ઞાનસ્વભાવના આધારે પરિણમે છે. પોતાના સ્વભાવની સન્મુખ થઈને જાણવું-દેખવું ને આનંદનો અનુભવ કરવો તે આત્માનું સ્વરૂપ છે, પર સન્મુખ થઈને જાણે-એવું આત્માનું સ્વરૂપ નથી.

## (૧૫) કેવળજ્ઞાન, કંપન અને વાણી ત્રણેની સ્વતંત્રતા

આત્મસ્વરૂપમાં સંપૂર્ણ સ્થિર થતાં મહાવીર ભગવાનને કેવળજ્ઞાન પ્રગટ્યું. ત્યાં ઘાતિકર્મોનો સ્વયં-પરમાણુની લાયકાતથી-નાશ થયો. ભગવાનને હજી ચાર અઘાતિકર્મો સંયોગરૂપ હતા ને આત્મામાં યોગનું કંપન હતું, તેના નિમિત્તે દિવ્યવાણી ખરતી હતી. ત્યાં કેવળજ્ઞાન કે કંપનના કારણે વાણી પરિણમતી નથી. કેમ કે તેરમા ગુણસ્થાને કેવળજ્ઞાન તેમ જ કંપન તો સદાય છે, તેથી જો તેના કારણે

વાણી પરિણમતી હોય તો તે સદાય હોવી જોઈએ. પણ વાણી તો અમુક ટાઈમ હોય છે, કેમ કે તેનું પરિણમન સ્વતંત્ર છે. વળી, દિવ્યવાણી ખરવાની છે માટે ભગવાનને યોગનું કંપન રહ્યું છે-એમ પણ નથી. કંપન તો જીવના યોગગુણની અશુદ્ધદશા છે, ને વાણી તે જડની દશા છે. બંને પોતપોતાના કારણે સ્વતંત્ર થાય છે.

ભગવાનને કેવળજ્ઞાન અને કંપન છે માટે વાણી ખરે છે એમ નથી.

વાણી ખરે છે માટે કેવળજ્ઞાન અને કંપન ટક્યાં છે- એમ નથી.

કંપનના કારણે કેવળજ્ઞાન ટકતું નથી, ને કેવળજ્ઞાનના કારણે કંપન નથી.

કેવળજ્ઞાન સ્વતંત્ર, કંપન સ્વતંત્ર ને વાણી સ્વતંત્ર છે.

## (૧૬) ભગવાનની વાણી ને ગૌતમનું જ્ઞાન-બંને એક કાળે થયા, તોપણ તે એકબીજાનું કારણ નથી.

હવે, ભગવાનની વાણી છૂટે છે તે વાણીના કારણે બીજા જીવને જ્ઞાન થતું નથી. બીજા જીવને જ્ઞાન થવાનું છે માટે વાણી છૂટે છે-એમ પણ નથી. મહાવીર ભગવાનની વાણી જ્યારે છૂટી ત્યારે તે પરમાણુઓની યોગ્યતાથી છૂટી છે, અને ગૌતમસ્વામીને જે જ્ઞાન પ્રગટ્યું તે તેમના આત્માની લાયકાતથી થયું છે. તે બંને કાર્યો એક કાળે થયા તેથી કાંઈ એકબીજાના કર્તા નથી. વાણીરૂપ પર્યાયમાં પુદ્ગલ પરમાણુઓ પહોંચી વળ્યા છે, તેથી તે પુદ્ગલનું કાર્ય છે. કાંઈ ગૌતમપ્રભુ વાણી-પર્યાયમાં પહોંચી વળ્યા નથી. તેમ ગૌતમસ્વામીના જ્ઞાનપર્યાયમાં તેમનો આત્મા જ પહોંચી વળ્યો છે, કાંઈ વાણી તે જ્ઞાનમાં પહોંચી વળી નથી, માટે વાણીના કારણે જ્ઞાન થયું નથી

ને ગૌતમપ્રભુના કારણે ભગવાનની વાણી થઈ નથી. આ જગતમાં અનંત પદાર્થોના ભિન્ન ભિન્ન કાર્યો એક સાથે-એક સમયે થાય, તેથી કાંઈ કોઈ પદાર્થ બીજા પદાર્થનો કર્તા નથી. એક પદાર્થ બીજા પદાર્થનું કાંઈ કરે એવો વસ્તુસ્વભાવ જ નથી.

## (૧૭) વાણીના આશ્રયે રાગની ઉત્પત્તિ છે, સ્વભાવના આશ્રયે સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ છે.

દ્રવ્યશ્રુત એટલે ભગવાનની વાણી અચેતન છે, તેના લક્ષે રાગની ઉત્પત્તિ થાય છે. વાણીના લક્ષે ધર્મની ઉત્પત્તિ થતી નથી પણ આસ્રવની ઉત્પત્તિ થાય છે. વાણીના લક્ષે જે જ્ઞાન થાય તે આત્માનો સ્વભાવ નથી. જ્ઞાનસ્વભાવની સાથે અભેદ થઈને જે જ્ઞાન પરિણમે તે આત્મસ્વભાવ છે. ભગવાનની વાણીના લક્ષે પુણ્યભાવ થાય છે, તે પણ અચેતન છે, તે ધર્મનું કે સમ્યગ્જ્ઞાનનું કારણ નથી.

આત્મા પોતે ચેતન છે, તેનું અવલંબન છોડીને અચેતન વાણીના અવલંબને જો પરિણમે તો આસ્રવભાવ છે; તે વખતના શુભભાવ થાય છે તેનાથી ચારે ઘાતિકર્મો પણ બંધાય છે, અને ઘાતિકર્મો તે પાપરૂપ જ છે. એ રીતે દ્રવ્યશ્રુતના લક્ષે પુણ્ય-પાપરૂપ આસ્રવ થાય છે. તેથી જડના આશ્રયે જે જ્ઞાન થાય તે પણ અચેતન છે, કેમકે તે જ્ઞાન ચેતનના વિકાસને રોકનારું છે. ચેતનરૂપ જ્ઞાનસ્વભાવના આશ્રયે સમ્યગ્જ્ઞાન થાય છે ને સંવર-નિર્જરારૂપ નિર્મળભાવની ઉત્પત્તિ થઈને આસ્રવનો નાશ થાય છે. આમ જે જીવ જાણે છે તે પોતાના જ્ઞાનસ્વભાવના સ્વામીત્વપણે જ પરિણમે છે, અચેતન વસ્તુનો કર્તા કે સ્વામી પોતાને માનતો નથી, ને અચેતનના આશ્રયે થનારા જ્ઞાન જેટલો પોતાને માનતોં નથી. જે રૂપીયાની

તિજોરીમાં હાથ નાંખે તેને રૂપીયા મળે, ને કાળીજીરિના કોથળામાં હાથ નાંખે તેને કાળીજીરિ મળે. એ દષ્ટાંત ઉપરથી એટલું સમજવાનું છે કે-જે અચેતનવાણીની રુચિ ને વિશ્વાસ કરે તેને તેની વર્તમાનદશામાં રાગાદિની અને અજ્ઞાનની જ પ્રાપ્તિ થાય. અને જ્ઞાનાદિ અનંત ગુણોના ભંડારરૂપ પોતાના સ્વભાવની રુચિ ને વિશ્વાસ કરે તો તેને પોતાના પર્યાયમાં પણ સમ્યગ્જ્ઞાન ને શાંતિની પ્રાપ્તિ થાય છે; માટે જેણે પોતાના આત્મામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, શાંતિ, સુખ વગેરે પ્રગટ કરવાં હોય તેણે ક્યાંય બહારમાં ન જોતાં, અનંતગુણસ્વરૂપ પોતાના આત્મસ્વભાવમાં જોવું. આત્મસ્વભાવ તરફ વળતાં સમ્યગ્દર્શન જ્ઞાન વગેરે પ્રગટ થાય છે. અને તે સિવાય વાણી-શાસ્ત્ર વગેરે બાહ્ય વસ્તુઓના લક્ષે કાળીજીરી જેવા આસ્રવ ને બંધભાવો થાય છે.

## (૧૮) અપૂર્વ ભેદજ્ઞાન માટે અમૃતનાં ઈન્જેક્શન

અહા, આચાર્યદેવે જ્ઞાનસ્વભાવની અપૂર્વ વાત કરી છે. વાણી અચેતન છે, તેના આધારે જ્ઞાન નથી; જ્ઞાનસ્વભાવના આધારે જ જ્ઞાન થાય છે. અહો ! આ ભેદવિજ્ઞાનની પરમ સત્ય વાત છે, આત્મકલ્યાણનો માર્ગ છે. પણ જેને પોતાના કલ્યાણની દરકાર નથી અને જગતના માન-આબરૂની દરકાર છે એવા તૂચ્છબુદ્ધિ જીવોને આ વાત નથી રુચતી, એટલે ખરેખર તેને પોતાનો જ્ઞાનસ્વભાવ જ નથી રુચતો ને વિકાર ભાવ રુચે છે; તેથી આવી અપૂર્વ આત્મસ્વભાવની વાત કાને પડતાં એવા જીવો પોકાર કરે છે કે 'અરે, આત્મા પરનું કાંઈ કરે નહિ- એમ કહેવું તે તો ઝેરનાં ઈન્જેક્શન આપવા જેવું છે !' અહો, શું થાય !! આ ભેદજ્ઞાનની પરમઅમૃત જેવી વાત પણ ઝેર જેવી લાગી !! એના પર્યાયનું પરિણમન પણ

સ્વતંત્ર છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, વિકારનો અને પરનો તે અકર્તા છે- એવી ભેદજ્ઞાનની વાત તો, અનાદિકાળથી જે મિથ્યાત્વરૂપી ઝેર ચડ્યું છે તેને ઉતારી નાંખવા માટે, પરમ અમૃતના ઈન્જેક્શન જેવી છે. જો એકવાર પણ આત્મા એવું ઈન્જેક્શન લ્યે તો તેને જન્મ-મરણનો રોગ નાશ થઈને સિદ્ધદશા થાય વગર રહે નહિ. આત્મા અને વિશ્વના દરેક પદાર્થ સ્વતંત્ર છે, પરિપૂર્ણ છે, નિરાવલંબન છે- આવો સમ્યક્‌બોધ તે તો પરમ અમૃત છે કે ઝેર ?? એવું પરમ અમૃત પણ જે જીવને 'ઝેરના ઈન્જેક્શન' જેવું લાગે છે તે જીવને તેના મિથ્યાત્વ ભાવનું જોર જ તેમ પોકારી રહ્યું છે ! આ તો નિજકલ્યાણ કરવા માટેના અને મિથ્યાત્વરૂપી ઝેર દૂર કરવા માટેના અફર અમૃતનાં ઈન્જેક્શન છે. પોતાના પરિપૂર્ણ સ્વભાવનો વિશ્વાસ કરે તો સમ્યગ્દર્શન પ્રગટે એટલે કે ધર્મની પહેલામાં પહેલી શરૂઆત થાય. અને તેનો વિશ્વાસ ન કરતાં, વાણીનો કે રાગનો વિશ્વાસ જ કરે તો તે જીવને મિથ્યાત્વરૂપ અધર્મ જ થાય છે.

## (૧૯) આત્મસ્વભાવનો આશ્રય કરવો તે પ્રયોજન છે

આત્મસ્વભાવ સમજવામાં, તેમ જ સમજ્યા પહેલાં અને સમજ્યા પછી પણ સત્શ્રુત નિમિત્તરૂપ હોય છે, તેનો અહીં નિષેધ નથી. પણ જે નિમિત્તોનો આશ્રય છોડીને પોતાના સ્વભાવનો આશ્રય કરે તો જ જીવને સમ્યગ્જ્ઞાન થાય છે, અને એ રીતે સ્વાશ્રયે સમ્યગ્જ્ઞાન પ્રગટ કરે તો જ શ્રુતને તેનું નિમિત્ત ખરેખર કહેવાય, અને તેના દ્રવ્યશ્રુતના જ્ઞાનને વ્યહાર જ્ઞાન કહેવાય છે. એ રીતે અહીં નિમિત્તનો-વ્યવહારનો આશ્રય છોડીને સ્વભાવનો આશ્રય કરવો તે પ્રયોજન છે. તે જ ધર્મનો રસ્તો છે.

## (૨૦) જ્ઞાની આખો દિવસ શું કરે છે?

**પ્રશ્નઃ-** જો શ્રુત-શાસ્ત્ર તે જ્ઞાનનું કારણ નથી, તો જ્ઞાનીઓ પણ આખો દિવસ સમયસાર-પ્રવચનસાર આદિ શાસ્ત્રો હાથમાં રાખીને કેમ વાંચે છે?

**ઉત્તરઃ-** પહેલાં એ સમજો કે આત્મા શું ? જ્ઞાન શું? શાસ્ત્ર શું? ને હાથ શું? હાથ અને શાસ્ત્ર તે તો બંને અચેતન છે, આત્માથી જુદા છે, તેની ક્રિયા તો કોઈ આત્મા કરતો નથી. જ્ઞાનીને સ્વાધ્યાય વગેરેનો વિકલ્પ થયો અને તે વખતે જ્ઞાનમાં તે પ્રકારના જ્ઞેયોને જ જાણવાની લાયકાત હતી તેથી જ્ઞાન થાય છે, ને તે વખતે નિમિત્તરૂપે સમયસારાદિ શાસ્ત્ર તેના પોતાના કારણે સ્વયં હોય છે. ત્યાં જ્ઞાનીઓ તો આત્મસ્વભાવના આશ્રયે જ્ઞાન જ કર્યું છે; હાથની, શાસ્ત્રની કે રાગની ક્રિયા પણ તેણે કરી નથી. શાસ્ત્રના કારણે જ્ઞાન થતું નથી. અને જીવના વિકલ્પના કારણે શાસ્ત્ર આવ્યું નથી. જ્ઞાનનું કારણ તો પોતાનો જ્ઞાનસ્વભાવ હોય, કે અચેતન વસ્તુ હોય? જેને પોતાના જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા નથી અને અચેતન-શ્રુતના કારણે પોતાનું જ્ઞાન માને છે, તેને સમ્યગ્જ્ઞાન થતું નથી. આ ભગવાન આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ છે. સર્વજ્ઞ વીતરાગદેવની સાક્ષાત્ વાણી તે જ્ઞાનનું અસાધારણ-સર્વોત્કૃષ્ટ નિમિત્ત છે, તે અચેતન છે, તેના આશ્રયે-તેના કારણે પણ આત્માને કિંચિત્ જ્ઞાન થતું નથી, તો અન્ય નિમિત્તોની તો શું વાત !

## (૨૧) ભેદજ્ઞાન વગર આગળ વધી શકાય નહિ.

કોઈ એમ કહે કે-પહેલાં તો વાણી વગેરે નિમિત્તના લક્ષે આત્મા આગળ વધે ને? તો તેને કહે છે કે ભાઈ વાણીના લક્ષે બહુ તો

પાપભાવ ટાળીને પુણ્યભાવ થાય પણ તે કાંઈ આગળ વધ્યો કહેવાય નહિ. કેમકે શુભભાવ સુધી તો જીવ અનંતવાર આવી ચૂક્યો છે. શુભ-અશુભથી આત્માનું ભેદજ્ઞાન કરીને સ્વભાવમાં આવે તો જ આગળ વધ્યો કહેવાય. નિમિત્તના લક્ષે કદી પણ ભેદજ્ઞાન થાય નહિ પોતાના જ્ઞાનસ્વભાવના લક્ષે શરૂઆત કરે તો જ આગળ વધે ને ભેદજ્ઞાન પ્રગટ કરીને પૂર્ણતા થાય.

## (૨૨) આચાર્યદેવના કથનમાં ગર્ભિતપણે આવી જતા નવતત્ત્વો

શ્રી આચાર્યદેવની ઘણી ગંભીર શૈલિ છે; એકેક સૂત્રનો જેટલો વિસ્તાર કરવો હોય તેટલો થઈ શકે છે. 'શ્રુત તે જ્ઞાન નથી' એમ કહેતાં તેમાં નવે તત્ત્વો ગર્ભિતપણે આવી જાય છે. (૧) પોતે જીવતત્ત્વ ચેતન છે. (૨) પોતાથી ભિન્ન એવાં દ્રવ્યશ્રુત તે અચેતન છે-અજીવતત્ત્વ છે. (૩) પોતાનું લક્ષ ચૂકીને તે અજીવ તરફ (-વાણી તરફ) લક્ષ કરતાં શુભરાગ થાય છે તે પુણ્યતત્ત્વ છે. (૪) અશુભભાવ તે પાપતત્ત્વ છે. (૫) વાણીના લક્ષે થતો વિકાર તે આસ્રવતત્ત્વ છે. (૬) સમયે સમયે વિકાર લંબાય છે ને તે વિકારમાં જ્ઞાન અટકે છે તેનું નામ બંધતત્ત્વ છે. (૭-૮) વાણી અને આત્માને ભિન્ન જાણીને જો પોતાના સ્વભાવ તરફ વળે તો સમ્યગ્દર્શનાદિ પ્રગટે છે તે સંવર-નિર્જરાતત્ત્વ છે. અને (૯) આત્મસ્વભાવમાં લીન થતાં રાગાદિ ટળીને જ્ઞાનની પૂર્ણતા થાય છે તે મોક્ષતત્ત્વ છે.

## (૨૩) મોક્ષ કેમ થાય?

હું જ્ઞાનસ્વભાવી આત્મા વાણી વગેરેથી જુદો છું -એવો જેણે નિર્ણય કર્યો તે પોતાના જ્ઞાનને પરનું અવલંબન માને નહિ. તેને

પોતાના અંતર્સ્વભાવના આશ્રયે આત્માનું જ્ઞાન પ્રગટે છે ને ક્ષણે ક્ષણે શુદ્ધિની વૃદ્ધિ થતી જાય છે.

'મારે મોક્ષ કરવો છે અથવા મારે ધર્મ કરવો છે' એમ અંતરમાં ગોખ્યા કરે તેથી કાંઈ ધર્મ થાય નહિ. મોક્ષ કેમ થાય તે બતાવનારી સંતોની વાણીના લક્ષે રોકાય તોપણ મોક્ષ ન થાય. મારા વર્તમાન પર્યાયમાંથી વિકાર ટાળીને મોક્ષદશા કરવી છે -એમ પર્યાય ઉપર જોયા કરે તોપણ મોક્ષ ન થાય -ધર્મ ન થાય પણ એ વાણી અને અધૂરોપર્યાય તે હું નહિ -એમ સમજી તેનું લક્ષ છોડીને પરિપૂર્ણ આત્મસ્વભાવનો આશ્રય કરતાં નિર્મળદશા પ્રગટે છે, અને પરાશ્રયે થનારા એવા મિથ્યાત્વ -રાગાદિભાવો ટળે છે. આત્મા જ્ઞાન-આનંદનું બિંબ છે, તેનામાં પુરું જ્ઞાનસામર્થ્ય છે, તે સામર્થ્યનો વિશ્વાસ કરીને તેનો અનુભવ કરતાં પર્યાયમાં પૂરું જ્ઞાન સામર્થ્ય પ્રગટ થાય છે. આ જ મુક્તિનો ઉપાય છે.

## (૨૪) જો વાણીથી જ્ઞાન થતું નથી તો જિજ્ઞાસુઓ સાંભળવા કેમ આવે છે?

**પ્રશ્નઃ**- આત્મામાં જ જો પૂરું જ્ઞાન સામર્થ્ય ભર્યું છે, ને વાણીથી જ્ઞાન થતું નથી, તો આ બધા જિજ્ઞાસુઓ અહીં સાંભળવા કેમ આવે છે? પોતામાં છે તેમાંથી કેમ કાઢતા નથી?

**ઉત્તરઃ**- અહીં સાંભળવા આવે છે એટલે શું? તેમાં આત્મા શું કરે છે? તે વિચારો. જડ શરીરને કાંઈ આત્મા ઉપાડી લાવ્યો નથી, શરીરનું ક્ષેત્રાંતર તેના કારણે થયું છે અને આત્માનું ક્ષેત્રાંતર આત્માના કારણે થયું છે. જિજ્ઞાસુ જીવોને સત્શ્રવણની ઈચ્છા થાય, તે શુભરાગ છે. તે રાગને કારણે કે શ્રવણને કારણે જ્ઞાન થતું નથી. તેમજ

સત્‌શ્રવણની ઈચ્છા થઈ માટે આત્માનું ક્ષેત્રાંતર થયું એમ પણ નથી. કેમ કે ઈચ્છા તે ચારિત્રનો વિકાર છે, ને ક્ષેત્રાંતર તે ક્રિયાવતી શક્તિની અવસ્થા છે. બંને જુદા જુદા ગુણના કાર્યો છે. એક ગુણનો પર્યાય બીજા ગુણના પર્યાયમાં કાંઈ કાર્ય કરતો નથી. તો પછી આત્મા પરવસ્તુમાં તો શું કરે? શ્રવણ વખતે પણ શબ્દોના કારણે જ્ઞાન થતું નથી. જ્ઞાનના તે સમયના પર્યાયની તેવી જ લાયકાત છે, તેથી તે વખતે સામે નિમિત્તરૂપે તેવા જ શબ્દો સ્વયં હોય. અજ્ઞાનીને એમ લાગે છે કે શબ્દના કારણે જ્ઞાન થયું; પણ તેમ નથી. આત્માની સમજણ તો અંતર્‌સ્વભાવના આશ્રયરૂપ પુરુષાર્થથી જ થાય છે. જિજ્ઞાસુ જીવોને કુગુરુનો સંગ છોડીને, સત્પુરુષની વાણીનું શ્રવણ કરવાનો ભાવ આવે, પણ 'મારું જ્ઞાન વાણીના કારણે નથી, વાણીના લક્ષે પણ મારું જ્ઞાન નથી, અંતરમાં જ્ઞાન સ્વભાવમાંથી જ મારું જ્ઞાન આવે છે' એમ નક્કી કરીને જો સ્વભાવ તરફ વળે તો જ સમ્યગ્જ્ઞાન થાય છે. વાણીના લક્ષે સમ્યગ્જ્ઞાન થતું નથી. એ રીતે સત્‌નું શ્રવણ કરનાર જીવનું જ્ઞાન સ્વતંત્ર છે, ઈચ્છા તેનાથી સ્વતંત્ર છે, ક્ષેત્રાંતર સ્વતંત્ર છે, શરીરની ક્રિયા સ્વતંત્ર છે ને સામાની વાણી પણ સ્વતંત્ર છે.

## (૨૫) ભગવાનની વાણી અચેતન છે, તેમાં જ્ઞાન નથી; જ્ઞાન આત્માના આશ્રયે છે.

દ્રવ્યશ્રુત તે પોતે જ્ઞાન નથી અને તેના વડે પણ જ્ઞાન થતું નથી. શ્રી કુંદકુંદપ્રભુ પોતે મહાવિદેહક્ષેત્રમાં જઈને સર્વજ્ઞદેવ શ્રી સિમંધરભગવાનની દિવ્યવાણીનું આઠ દિવસ શ્રવણ કરી આવ્યા હતા. તેઓશ્રી આ ગાથામાં કહે છે કે ભગવાનની સાક્ષાત્‌ દિવ્યવાણી

અચેતન છે, તેમાં આત્માનું જ્ઞાન નથી. ભગવાનની વાણી એમ જ જણાવે છે કે જ્ઞાનની ઉત્પત્તિ વાણીના આશ્રયે નથી; આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ છે, તેના જ આશ્રયે તેનું જ્ઞાન છે.

વાણી અચેતન છે તેમાં જ્ઞાન નથી એ વ્યતિરેકપણું કહ્યું, અને જ્ઞાન તે આત્મા છે- તે અન્વયપણું છે. એટલે કે આત્મા પોતાના સ્વભાવથી અનંતગુણોથી પરિપૂર્ણ છે અને વાણી વગેરેથી તદ્દન જુદો છે-એમ અસ્તિ-નાસ્તિદ્વારા આચાર્યદેવ આત્મસ્વભાવ બતાવે છે.

અચેતન વાણીના લક્ષે થતો વિકલ્પ તેમજ જ્ઞાનનો ઉઘાડ તે પણ ખરેખર તો અચેતન છે. વાણીના લક્ષે થતા વિકલ્પની કે ઉઘાડની વાત ન કરતાં વાણીને જ અચેતન કહી છે, તેમાં વાણીના આશ્રયે થતા ભાવ પણ અચેતન છે- એ વાત આવી જાય છે. આચાર્યદેવ કહે છે કે વાણીના આશ્રયે તારું જ્ઞાન નહિ પ્રગટે. રાગની ભૂમિકામાં વાણી તરફ લક્ષ જાય ખરું, પરંતુ જો વાણીનું અવલંબન માનીને અટકે તો મિથ્યાજ્ઞાન છે. વાણીના અવલંબન રહિત પૂરા જ્ઞાનસ્વભાવના આશ્રયે જ સમ્યગ્જ્ઞાન પ્રગટે છે. જ્ઞાન અને વાણી જુદા છે. જ્ઞાનમાંથી વાણી નીકળતી નથી, અને વાણીમાંથી જ્ઞાન પ્રગટતું નથી. જ્ઞાનમાં જેવી લાયકાત હોય તેવી વાણી નિમિત્તરૂપે હોય- એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે; ત્યાં અજ્ઞાની જીવ ભ્રમથી એમ માને છે કે વાણીને કારણે જ્ઞાન થાય છે. તેથી તે વાણીનો આશ્રય છોડતો નથી ને સ્વભાવનો આશ્રય કરતો નથી, એટલે તેને સમ્યગ્જ્ઞાન થતું નથી. - એવા જીવને વાણીથી જ્ઞાનની ભિન્નતા બતાવે છે. જ્ઞાન ચેતન છે અને વાણી જડનું પરિણમન છે. જ્ઞાન અને વાણી બંને પોતપોતાના પર્યાયમાં ક્રમબદ્ધ સ્વતંત્રપણે પરિણમે છે.

## (૨૬) દ્રવ્યદષ્ટિના અપૂર્વ પુરુષાર્થ વગર ક્રમબદ્ધ પર્યાયની કે કેવળજ્ઞાનની પ્રતીત થાય નહિ.

**પ્રશ્ન:-** જો દરેક પર્યાય ક્રમબદ્ધ થાય છે, તો રાગાદિભાવો થાય તે પણ ક્રમબદ્ધ જ થાય છે ને ! તો તેને ટાળવાનો પુરુષાર્થ નથી રહેતો?

**ઉત્તર:-** જેને ક્રમબદ્ધ પર્યાયની શ્રદ્ધા થઈ હોય તેને એવો પ્રશ્ન ઊઠે નહિ; કેમકે, દ્રવ્યદષ્ટિના જોરે જ અનાદી અનંત ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા થાય છે, દ્રવ્યદષ્ટિ થયા વગર ક્રમબદ્ધપર્યાયની યથાર્થ શ્રદ્ધા હોતી નથી. અને દ્રવ્યદષ્ટિ થતાં જીવ રાગને પોતાનું સ્વરૂપ માને નહિ કેમકે ત્રિકાળી દ્રવ્યમાં રાગ નથી; તેથી તે જીવ ખરેખર રાગનો જ્ઞાતા જ રહે છે એટલે પરમાર્થે તેને રાગ થતો નથી પણ ટળતો જ જાય છે. મારી અને જગતના બધા પદાર્થોની અવસ્થા ક્રમબદ્ધ થાય છે એમ નક્કી કરનાર જીવ એકેક પર્યાયને નથી જોતો, પણ દ્રવ્યના ત્રિકાળી સ્વરૂપને જુએ છે. એવો જીવ રાગની લાયકાતને જોતો નથી કેમકે ત્રિકાળી સ્વભાવમાં રાગની લાયકાત નથી. એટલે ત્રિકાળી સ્વભાવમાં એકતાના જોરે તેને રાગ ટળતો જ જાય છે. આવા ત્રિકાળી સ્વભાવની દષ્ટિ કરવામાં રાગરહિત શ્રદ્ધા-જ્ઞાનનો અનંત પુરુષાર્થ કાર્ય કરી રહ્યો છે. ક્રમબદ્ધપર્યાયનો વિશ્વાસ કરતાં તો પરનો, વિકારનો ને પર્યાયનો આશ્રય છૂટીને એકલા અભેદ સ્વભાવનો જ આશ્રય રહે છે, તે સ્વભાવમાંથી રાગના ઉત્પત્તિ થતી જ નથી. એટલે ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાવાળા સમ્યગ્દષ્ટિને ક્રમેક્રમે સ્વભાવની એકતા જ થતી જાય છે, ને રાગ ક્રમેક્રમે ટળતો જ જાય છે. સ્વભાવદષ્ટિને લીધે તેને સ્વભાવની ઉત્પત્તિનો ક્રમ છે, ને રાગ ટળવાનો ક્રમ છે. તો હવે 'રાગ થવાનો

હશે તો થશે' એ વાત ક્યાં રહી? રાગ ઉપર જ જેની દષ્ટિ છે તેને તો રાગ તે જ આત્મા છે એટલે તેને રાગની જ ઉત્પત્તિ થાય છે. પણ જેને રાગરહિત ચૈતન્યસ્વભાવ ઉપર દષ્ટિ છે ને રાગનો નિષેધ છે તેને તો સ્વભાવની નિર્મળતાની જ ઉત્પત્તિ થાય છે ને રાગ ટળતો જાય છે. સમ્યગ્દષ્ટિને ચારિત્રની નબળાઈથી જે અલ્પ રાગ થાય છે. તે ખરેખર ઉત્પત્તિરૂપ નથી પણ ટળવા ખાતે જ છે; કેમકે રાગ થાય છે તે વખતેય રાગનો આશ્રય નથી પણ દ્રવ્યનો જ આશ્રય છે.

સ્વ અને પર બધા પદાર્થો ક્રમબદ્ધપર્યાયમાં પરિણમે છે, એમ નક્કી કરતાં જ, જ્ઞાનનો ક્રમ જ્ઞાનથી અને વાણીનો ક્રમ જડથી- એમ બંનેનું ભેદજ્ઞાન થઈને જ્ઞાન પોતાના સ્વભાવમાં વળે છે. સ્વભાવ તરફ વળ્યા વગર ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થઈ શકે નહિ. પર તરફના વલણથી ક્રમબદ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય હોઈ શકે નહિ. જેમ સ્વદ્રવ્ય તરફ ઢળ્યા વગર સ્વ-પરના ક્રમબદ્ધપર્યાયનો સાચો નિર્ણય હોઈ શકે નહિ, તેમ સ્વદ્રવ્યના નિર્ણય વગર યથાર્થપણે કેવળીભગવાનનો નિર્ણય કરવામાં પણ પરમાર્થે તો પોતાના આત્મદ્રવ્યના નિર્ણયનો જ પુરુષાર્થ છે. આત્મ-નિર્ણયના પુરુષાર્થ વિના કેવળીભગવાનના વચનોની પણ ખરી પ્રતીતિ કહેવાય નહિ.

## (૨૭) આ આત્મામાં બીજા કેવળીભગવાનનો અભાવ છે.

કેવળજ્ઞાની ભગવાનના લક્ષે પણ જે જ્ઞાન થાય તે અચેતન છે. કેવળીભગવાન પોતે પોતામાં પરિપૂર્ણ જ્ઞાનરૂપ છે, પણ આ આત્માની અપેક્ષાએ કેવળીભગવાન પરદ્રવ્ય છે- એચતન છે; આ આત્મામાં ચેતનપણામાં કેવળીભગવાનનો અભાવ છે માટે આ આત્માની અપેક્ષાએ કેવળીપ્રભુ અચેતન છે. કેવળીપ્રભુ તેનામાં

પરિપૂર્ણ છે ને મારા માટે તે શૂન્ય છે, મારામાં કેવળીપ્રભુનો અભાવ છે. કેવળીનું જ્ઞાન પણ મારા જ્ઞાનનું કારણ નથી ને તેમની વાણી પણ મારા જ્ઞાનનું કારણ નથી. હું મારામાં જ્ઞાન-દર્શન-સુખ-પુરુષાર્થથી પરિપૂર્ણ ભરેલો છું, ને મારા જ્ઞાન વગેરેનો કેવળજ્ઞાની ભગવાનમાં અભાવ છે. આમ પોતાની પરિપૂર્ણતાનો નિર્ણય કરીને જ્ઞાન સ્વતરફ વળે તે ધર્મ છે. નબળી અવસ્થામાં અલ્પ રાગાદિ થાય તે વખતે પણ પોતાના પૂર્ણ વીતરાગીસ્વભાવની પ્રતીતિ ને આલંબન ધર્મીને છૂટતું નથી.

## (૨૮) વાણી અને જ્ઞાનનો ભિન્ન ભિન્ન સ્વભાવ

વાણી તેના અચેતનપણાથી ભરેલી છે ને હું મારા ચેતનપણાથી ભરપૂર છું; મારા જ્ઞાનને વાણીની જરૂર નથી અને વાણીને મારા જ્ઞાનની જરૂર નથી. -આમ જાણીને જીવ વાણીનો તેમજ વાણી તરફના રાગાદિનો આશરો છોડીને ચેતનસ્વભાવનો આશરો લે છે, ચેતનસ્વભાવી આત્મદ્રવ્યના લક્ષે સમયે-સમયે સ્વભાવની શુદ્ધતા વધતી જાય છે. એવા સર્વ વિશુદ્ધજ્ઞાનનું આ અધિકારમાં વર્ણન છે.

## (૨૯) સ્વતંત્ર ચૈતન્યભગવાન

દરેક જીવ સ્વતંત્ર ચૈતન્યભગવાન છે, પોતાના સ્વભાવસામર્થ્યની પરિપૂર્ણ છે, તેના સ્વભાવમાં જરાય ઉણપ-અધૂરાશ નથી કે તેને બીજાની મદદ લેવી પડે. અને બીજા જીવો કે જડ પદાર્થો પણ અધૂરા નથી કે તેઓ આ જીવની મદદની અપેક્ષા રાખે. જે જીવ પોતે પોતાની પાત્રતા પ્રગટ કરશે તે પોતાના જ્ઞાન સામર્થ્યથી સત્ સમજશે; તેમાં કોઈ બીજો તેને સમજાવવા કે અટકાવવા

સમર્થ નથી. આ આત્મા પોતે સમજવા માટે કોઈ અન્યની-દેવ-શાસ્ત્ર-ગુરુની, શરીર-મન-વાણીની કે રાગની-અપેક્ષા રાખતો નથી. સામાન્ય ચૈતન્યસ્વભાવના આશ્રયે જ પોતે સમ્યગ્જ્ઞાન પ્રગટ કરીને પૂર્ણ થાય છે. જીવ-અજીવ-પુણ્ય-પાપ-આસ્રવ-બંધ-સંવર-નિર્જરા કે મોક્ષ-એવા નવતત્ત્વના વિકલ્પોથી ભિન્ન, નવતત્ત્વના ભેદથી પાર જે અખંડ, રાગરહિત ચૈતન્યતત્ત્વ છે, તેના જ આશ્રયે સમ્યગ્જ્ઞાન થાય છે, તેની જ શ્રદ્ધાથી સમ્યગ્દર્શન થાય છે, ને તેમાં જ એકાગ્રતારૂપ સ્વરૂપ રમણતાથી સમ્યક્ચારિત્ર થાય છે; -આ જ મોક્ષનો ઉપાય છે.

## (૩૦) શ્રુતના લક્ષે ધર્મ થાય નહિ.

આચાર્યભગવાન કહે છે કે તારો આત્મસ્વભાવ તારાથી જ છે, શ્રુતને લીધે તારો સ્વભાવ નથી. શ્રુતને અને આત્માને ભિન્નતા છે. જો તું એમ માનીશ કે 'શ્રુત હોત તો આત્માનું લક્ષ થાય, શ્રુતના લક્ષે આત્મા સમજાય અથવા નવતત્ત્વને જાણવાથી (-નવતત્ત્વના લક્ષે) આત્મા સમજાય'. -તો તારું લક્ષ શ્રુત ઉપરથી ને નવતત્ત્વના ભેદ ઉપરથી કદી ખસશે નહિ ને અભેદ ચૈતન્યદ્રવ્યનું લક્ષ કદી થશે નહિ, એટલે મિથ્યાત્વ ટળશે નહિ ને પાપ-પુણ્ય-આસ્રવ ને બંધભાવ જ થયા કરશે, પણ સંવર-નિર્જરા કે મોક્ષરૂપ ધર્મ થશે નહિ. માટે હે ભવ્ય ! તું શ્રુતથી અને શ્રુત તરફના વિકલ્પોથી ભિન્ન તારા ચેતનસ્વભાવનો વિશ્વાસ કર. જે પોતાના ચેતનસ્વભાવનો વિશ્વાસ કરે છે તે જીવને સ્વાશ્રયે નિર્મળ ધર્મ પ્રગટે છે.

## (૩૧) દેવ-શાસ્ત્ર-ગુરુના આશ્રયે મુક્તિ નથી.

સ્વાધીન આત્મતત્ત્વને પરના આધારે મુક્તિ થાય એમ માનનાર કે મનાવનાર કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર છે. ''અમે સર્વજ્ઞ છીએ,

દેવ છીએ, જો તારે કલ્યાણ કરવું હોય તો અમારો આશ્રય કર, અમારા તરફ લક્ષ કરવાથી તારી મુક્તિ થઈ જશે, અમારી ભક્તિથી તારું કલ્યાણ થઈ જશે'' -એમ મનાવનાર કુદેવ છે, એવોને દેવ તરીકે માનનાર જીવ મિથ્યાદષ્ટિ છે. આ આત્મા એવો પરાધીન નથી કે પોતાની મુક્તિ માટે તેને બીજાનો આશરો લેવો પડે ! ઈશ્વરની ભક્તિ કરવાથી તે મુક્તિ આપે અગર તો શુભરાગથી મુક્તિ થાય-એમ માનનાર મૂઢ -મિથ્યાદષ્ટિ છે. રાગથી કે જડથી-શાસ્ત્રોથી-વાણીથી આત્માને ધર્મ મનાવતા હોય તેવા શાસ્ત્રો કુશાસ્ત્ર છે, ને તેવા જીવો અજ્ઞાની-કુગુરુ છે. શાસ્ત્રમાં કોઈકવાર એવા પ્રકારે પણ લખ્યું હોય કે 'જીવ જો જ્ઞાની પુરુષને ઓળખીને એકવાર અર્પાઈ જાય તો તેની મુક્તિ થયા વગર રહે નહિ'. ત્યાં જીવને પોતાનો મિથ્યા આગ્રહ અને સ્વછંદ છોડાવવા અને દેશનાલબ્ધિ બતાવવાનું પ્રયોજન છે. અને જ્ઞાનીને ઓળખવામાં પોતાનો પુરુષાર્થ છે તેમ જ જ્ઞાની પુરુષો જેવો શુદ્ધ આત્મા કહે છે તેવો જ પોતે સમજે તો જ જ્ઞાની પુરુષ પ્રત્યે સાચી અર્પણતા થઈ કહેવાય. અને એવા પ્રકારની અર્પણતા કરે તેની મુક્તિ થયા વગર ન રહે. પણ કાંઈ શ્રીગુરુ પ્રત્યે માત્ર શુભરાગ કરીને અર્પાઈ જવું તેને મુક્તિનું કારણ કહેવાનું શાસ્ત્રનું તાત્પર્ય નથી. શ્રીગુરુ પ્રત્યે રાગ કરીને અટકી જાય પણ તેઓ જેવો આત્મસ્વભાવ કહે છે તેવો પોતે ન સમજે તો મુક્તિ થાય નહિ.

## (૩૨) અપૂર્વ સમ્યક્ત્વધર્મ કોને પ્રગટે?

યથાર્થ વસ્તુસ્વભાવને દર્શાવનારા સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ કેવા હોય, અને તેનાથી વિરુદ્ધ કહીને આત્માને પરાધીન મનાવનાર કુદેવ-કુશાસ્ત્ર-કુગુરુ કેવા હોય. તેની ઓળખાણ આત્મસ્વભાવ સમજવાના

જિજ્ઞાસુ જીવોએ પ્રથમ કરવી જોઈએ; તેમ જ સુદેવ વગેરેએ કહેલું દરેક વસ્તુનું સ્વતંત્ર પરિપૂર્ણ સ્વરૂપ કઈ રીતે છે તે સમજવું જોઈએ. અને કુદેવ-કુશાસ્ત્ર તેમ જ કુગુરુનું શ્રદ્ધાન છોડીને સાચા દેવ-શાસ્ત્ર-ગુરુનું શ્રદ્ધાન કરવું જોઈએ. દેવ-ગુરુ-શાસ્ત્રના લક્ષે આવી શ્રદ્ધા કરવી તે વ્યવહારશ્રદ્ધા છે, તેના જ લક્ષે જો અટકી રહે તો પણ મિથ્યાત્વદશા ટળે નહિ. પરલક્ષથી ખસીને, રાગ તેમજ વિકલ્પનું અવલંબન છોડીને પોતાના શુદ્ધાત્માની પ્રતીતિ કરે તે નિશ્ચય શ્રદ્ધાન છે, તે અપૂર્વ ધર્મ છે. સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા કરવાથી ગૃહીતમિથ્યાત્વ ટળે છે, ને પરમાર્થ આત્મતત્ત્વની શ્રદ્ધા કરવાથી અનાદિનું અગૃહીતમિથ્યાત્વ ટળીને અપૂર્વ સમ્યકત્વ પ્રગટે છે. પરમાર્થ આત્મતત્વનું શ્રદ્ધાન કરે તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને સાચો વ્યવહાર કહેવાય છે.

## (૩૩) સત્ અસત્‌ના વિવેક વગર ધર્મ ન થાય.

'આ પણ સાચું અને આનાથી વિરુદ્ધ બીજું પણ સાચું, બધાય પોતપોતાની અપેક્ષાએ સાચા છે, આપણે કોઈને ખોટા કહેવા નહિ' -એ રીતે સાચા અને ખોટાનો વિવેક કર્યા વગર જેઓ ભ્રમથી પ્રવર્તે છે તેઓ તો મૂઢદષ્ટિ છે, તેનામાં સત્ અને અસત્‌ને પારખવા જેટલી જ્ઞાનશક્તિ પ્રગટી નથી. પરથી લાભ થાય કે દેવ-ગુરુ-શાસ્ત્ર આ આત્માને લાભ કરે કે તેના લક્ષે ધર્મ થાય -એવો માર્ગ ત્રણકાળમાં સત્ય નથી. કોઈ પણ એક તત્ત્વને બીજા તત્વથી ખરેખર લાભ કે નુકશાન મનાવે તે સત્ય માર્ગ નથી.

## (૩૪) સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર સ્વાશ્રય કરવાનું કહે છે.

સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ તો એમ કહે છે કે-તારું તત્ત્વ તારાથી પુરું છે. અમે જુદા છીએ ને તું જુદો છે. અમારા આશ્રયે તારું તત્ત્વ

ટકેલું નથી. તારા આત્માને કાંઈ અમે ઉપજાવ્યો નથી કે જેથી તને અમારો આધાર હોય ! જગતમાં બધાય તત્ત્વો અનાદિ અનંત સ્વયંસિદ્ધ છૂટા અને પરિપૂર્ણ છે. અમારું અવલંબન લેવાથી તારું સમ્યગ્જ્ઞાન કે વીતરાગતા ખીલશે નહિ. અમારા આશ્રય વગર અને અમારી અપેક્ષા વગર, તારા સ્વભાવના અવલંબનથી જ તને સમ્યગ્જ્ઞાન અને વીતરાગતા થશે. આ પ્રમાણે યથાર્થ સમજીને પોતાના જ્ઞાનને સ્વભાવમાં વાળવું એટલે કે સ્વભાવના આશ્રયે પરિણમવું તે ધર્મ છે. તેમાં જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર વગેરે બધું આવી જાય છે.

## (૩૫) આત્માનું સ્વરૂપ

આત્મા જ્ઞાનમૂર્તિ છે તે અન્ય સમસ્ત વસ્તુઓથી જુદો છે. તે પોતે કોઈ બીજાનું કાર્ય નથી એટલે કે તે પોતાના જ્ઞાન-આનંદ વગેરે કાર્ય માટે કોઈ બીજાની અપેક્ષા રાખતો નથી, અને પોતે કોઈ બીજાના કાર્યને કરતો નથી. બીજાના લક્ષે થતાં પુણ્ય-પાપના ભાવો પણ તેનું સ્વરૂપ નથી. શ્રુત પણ આત્માથી જુદું છે તેના લક્ષે આત્માને ધર્મ થતો નથી. અહીં 'શ્રુત' થી આત્માને જુદો કહેતાં 'શ્રુત' એટલે દ્રવ્યશ્રુત અને તેના લક્ષે થતા રાગાદિ વિકલ્પો સમજવા; આત્માના સ્વભાવને જાણનારું જે 'ભાવશ્રુતજ્ઞાન' છે તે આત્માનું જ સ્વરૂપ છે, તે કાંઈ આત્માથી જુદું નથી.

## (૩૬) ગૌણપણે વ્યવહારની સિદ્ધિ

અહીં 'શ્રુતથી આત્મા જુદો છે' એમ કહેવામાં આચાર્યદેવે ગૌણપણે વ્યવહારને પણ સિદ્ધ કરી દીધો છે, અને નવે તત્વો પણ તેમાંથી સિદ્ધ થઈ જાય છે. આ જગતમાં આત્મા છે અને આત્મા

સિવાયના બીજા અજીવ પદાર્થો પણ છે. આત્માને સમજનારા પણ છે, ને નહિ સમજનારા પણ છે, એટલે સાચા દેવ-ગુરુ છે ને ખોટા દેવ-ગુરુ પણ છે. સાચા દેવ-ગુરુ કહેતાં તેમાં સંવર-નિર્જરા ને મોક્ષ તત્વ આવી જાય છે, ને કુગુરુ વગેરેમાં આસ્રવ-બંધ તથા પુણ્ય-પાપ તત્વો આવી જાય છે. શ્રુત છે, તે તરફ અવસ્થાનું લક્ષ જાય છે, વિકલ્પ થાય છે, તે શ્રુતનું લક્ષ ટળીને આત્માનું લક્ષ થઈ શકે છે, ને વિકાર ટાળીને પૂર્ણજ્ઞાનદશા પ્રગટી શકે છે.- આ બધું જાણવું તે વ્યવહાર છે.

## (૩૭) સ્વભાવનો આશ્રય કરવો તે જ પ્રયોજન.

પણ અહીં તે વ્યવહારના બધા ભંગભેદ રહિત શુદ્ધ પરિપૂર્ણ આત્મસ્વરૂપની શ્રદ્ધા કરાવવાનું પ્રયોજન હોવાથી તે વ્યવહાર ગૌણ હેયરૂપ છે. અને અખંડચૈતન્યતત્વનો આશ્રય કરવો તે નિશ્ચય છે, તે જ ઉપાદેયરૂપ છે. હું આત્મા પરિપૂર્ણ ચૈતન્યરૂપ નિરાલંબી છું - એમ શ્રદ્ધા કરીને તેનો આશ્રય કરે ને વાણી વગેરેનો આશ્રય છોડે ત્યારે નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન પ્રગટે છે અને ત્યારે શ્રુતને નિમિત્તરૂપ કહેવાય છે, તેમ જ તેના દ્રવ્યશ્રુતના જ્ઞાનને વ્યવહારજ્ઞાન કહેવાય છે; પોતાના સ્વભાવને જાણીને તેમાં ઠરવું તે પરમાર્થ છે.

## (૩૮) આત્માની સાચી ધગશ.

દરેક આત્માનું પોતાનું સ્વરૂપ જ આવું છે. જે જીવ પોતાના આવા સ્વરૂપને સમજે તેને જ કલ્યાણ પ્રગટે છે. અને જેને પોતાના આત્મહિતની સાચી દરકાર છે ને ભવભ્રમણનો ભય છે તેવા આત્માર્થિ જીવને જ સત્સમાગમે આત્મસ્વભાવ સમજાય તેમ છે, પોતાના આત્માની સાચી ધગશ વગર અને સત્સમાગમ વગર આત્મસ્વભાવ સમજાય તેમ નથી, ને તે વગર જન્મ-મરણ ટળે તેમ નથી.

## (૩૯) આત્માની પૂર્ણતાના સ્વીકાર વગર ધર્મ થાય નહિ

જો પોતે પોતાના આત્માની પરિપૂર્ણતા છે તેને ન માને તો પરનો આશ્રય માન્યા વગર રહે નહિ, અને તેથી તે જીવ પર સાથે એકતાબુદ્ધિ છોડીને પોતાના પરિપૂર્ણ સ્વભાવ તરફ વળે નહિ, ને તેને ધર્મ થાય નહિ. માટે આચાર્યદેવ કહે છે કે તારો આત્મા જ્ઞાનથી પરિપૂર્ણ છે, શ્રુતના આધારે તારું જ્ઞાન નથી. માટે શ્રુતનો આશ્રય છોડીને તારા જ્ઞાનસ્વભાવનો આશ્રય કર, તેના જ આશ્રયે ધર્મ પ્રગટે છે ને મુક્તિ થાય છે.

## (૪૦) ભેદજ્ઞાન તે મુક્તિનો ઉપાય

આ રીતે, શ્રુત અને જ્ઞાનને ભિન્નતા જણાવીને શ્રી આચાર્યદેવે સૌથી પ્રથમ જ, આત્મજ્ઞાનમાં અસાધારણ નિમિત્તરૂપ શ્રુતનું અવલંબન છોડાવ્યું. શ્રુત કહેતાં અહીં મુખ્યપણે દિવ્યધ્વનિની વાત છે. તે શ્રુતના અવલંબને જ્ઞાન થતું નથી પણ જ્ઞાનસ્વભાવના જ અવલંબને સમ્યગ્જ્ઞાન થાય છે- એમ ભેદજ્ઞાન પ્રગટ કરીને, સ્વભાવનો આશ્રય કરવો ને પરાશ્રય છોડવો- તે મુક્તિનો ઉપાય છે.

## (૩)

## 卐 સં. ૨૪૭૪ : શ્રાવણ વદ ૧૩ બુધવાર 卐

### ✳ શબ્દોથી જ્ઞાનનું જુદાપણું ✳

સૌથી પહેલાં 'શ્રુત તે જ્ઞાન નથી' એમ કહીને અસાધારણ વાણીનો આશ્રય છોડાવ્યો. હવે કહે છે કે 'શબ્દ તે જ્ઞાન નથી, કારણ કે શબ્દ અચેતન છે. માટે શબ્દને અને જ્ઞાનને વ્યતિરેક છે.' આચાર્યદિવે સામાન્ય ભાષાના શબ્દોથી દિવ્યધ્વનિને ખાસ જુદો પાડીને પહેલાં તેની વાત કરી, હવે અહીં સામાન્ય શબ્દોની વાત છે.

### (૪૧) શબ્દને લીધે જ્ઞાન નથી-એમ નક્કી કરનાર જ્ઞાન સ્વ તરફ વળે છે.

આત્માનો જ્ઞાનસ્વભાવ છે, તે સ્વભાવ પરને લઈને નથી. શબ્દો છે માટે આત્મા જાણે છે-એમ નથી. સામે શબ્દોનું પરિણમન છે તેને લીધે આત્માને જ્ઞાન કે આનંદ નથી. નિંદા કે પ્રશંસાના શબ્દોને લીધે જ્ઞાન થતું નથી, નિંદાના શબ્દોને લીધે આત્માને દુઃખ નથી ને પ્રશંસાના શબ્દોને લીધે સુખ નથી. 'આત્મા શુદ્ધ છે, પરિપૂર્ણ છે' એવા શબ્દમાં કાંઈ આત્મા રહેલો નથી. આત્મા તો જ્ઞાનસ્વભાવમાં રહેલો છે. શબ્દો તો અચેતન છે, જ્ઞાન તેનાથી જુદું છે. આ રીતે શબ્દથી આત્માની ભિન્નતા જાણીને શબ્દનું લક્ષ છોડીને, 'હું ચૈતન્યદ્રવ્ય છું, જ્ઞાનાદિ ગુણોથી પરિપૂર્ણ છું' -એમ સ્વભાવનો નિર્ણય કરીને, વર્તમાન જ્ઞાનઅવસ્થા સ્વભાવ તરફ ઢળતાં દ્રવ્ય-ગુણ-

પર્યાય એકતારૂપ પરિણમે તેનું નામ ધર્મ છે. શબ્દ વગેરે પર પદાર્થોને લીધે જ્ઞાન નથી એમ નક્કી કરનારું જ્ઞાન શબ્દોનું લક્ષ છોડીને પોતાના સ્વભાવ તરફ ઢળે છે.

## (૪૨) જ્ઞાન અને જ્ઞેયનું સ્વતંત્ર પરિણમન (ઘડિયાળનું દષ્ટાંત)

જ્ઞાન પોતાના સ્વભાવથી થાય છે, શબ્દો સાંભળવાના કારણે થતું નથી. ઘડીયાળમાં આઠ ટકોરા પડ્યા માટે 'આઠ વાગ્યા' એવું જ્ઞાન થયું એમ અજ્ઞાની માને છે. ખરેખર જ્ઞાનની તેવી લાયકાતથી જ તે જણાયું છે, જ્ઞાન જ્ઞાનના કારણે પરિણમે છે. જ્ઞાન અને જ્ઞેયનું પરિણમન એક જ સમયે વર્તી રહ્યું છે, પણ બંને સ્વતંત્ર છે.

ઘડીયાળમાં ૯ માં ૫ મિનિટ ઓછી હોય ત્યારે જ્ઞાન પણ તેમ જ જાણે, અને કોઈ પૂછે કે કેટલા વાગ્યા? તો વાણીમાં પણ એમ જ આવે કે 'નવમાં પાંચ મીનીટ ઓછી.' તથા તે પૂછનાર જીવને જ્ઞાન પણ તેવું જ થાય છે. આમ બધું મેળવાળું હોવા છતાં દરેકે દરેકે દ્રવ્ય સ્વતંત્રપણે પોતાના સ્વકાળમાં જ, પરની-અપેક્ષા વગર પરિણમી રહયું છે. ઘડીયાળમાં નવમાં પાંચ ઓછી હોય ત્યારે જ્ઞાન તેવું જ જાણે પણ 'બાર વાગ્યા છે' એમ ન જાણે. છતાં ઘડીયાળના કારણે જ્ઞાન થયું નથી. જ્ઞાનને કારણે 'નવમાં પાંચ ઓછી' એવી વાણી થઈ નથી; અને તે વાણીના કારણે બીજા જીવને તેવું જ્ઞાન થયું નથી.

## (૪૩) રુચિરૂપી તારદ્વારા આ વાત આત્મામાં ઝટ ઉતરી જાય છે.

અહો, જ્ઞાનની પરિપૂર્ણ સ્વતંત્રતાની આ વાત છે. જેને ચૈતન્યસ્વભાવની રુચિ નથી તેને આ વાત બેસતી નથી. પણ જેમ

મોટા મકાન ઉપર ત્રાંબાનો એવો તાર ગોઠવે છે કે ઉપરથી વિજળી પડે તો મકાનને નુકશાન કર્યા વગર તે તાર દ્વારા સીધી જમીનમાં ઊતરી જાય. તેમ જેણે ચૈતન્યની રુચિરૂપ તાર આત્મા સાથે જોડ્યો છે તેને ચૈતન્યની સ્વાધીનતાની આ વાત રુચિદ્વારા આત્મામાં ઝટ ઊતરી જાય છે; સ્વ-પરનું ભેદજ્ઞાન થતાં વસ્તુની સ્વતંત્રતાને જરાય નુકશાન કર્યા વગર તેનું જ્ઞાન ચૈતન્ય તરફ વળી જાય છે.

## (૪૪) શબ્દો સ્વયં થાય છે, જીવ તેને કરતો નથી

જડ તથા ચેતન દરેક વસ્તુઓની સમય સમયની સ્વાધીનતા છે; તેને અજ્ઞાનીઓ માનતા નથી તેથી 'હું ભાષા વગેરેનો કર્તા છું અને ભાષાને લીધે મારું જ્ઞાન થાય છે' એમ તેઓ માને છે, એટલે તે પોતાને તેમજ પરને સમયે સમયે પરાધીન માનીને પોતે પરાધીન થાય છે, તે જ દુઃખ અને અધર્મ છે. અહીં શબ્દ અને જ્ઞાનની એટલે કે જડ અને ચેતનની ભિન્નતા બતાવીને આચાર્યદેવ સ્વતંત્રતાનું ભાન કરાવે છે. આ જગતમાં ભાષાવર્ગણાના સ્કંધો છે તેઓ જ શબ્દરૂપે સ્વયં પરિણમે છે, એ સિવાય બીજા અનંતા સ્કંધો છે પણ તેઓ શબ્દરૂપે પરિણમતા નથી. જેમ મગજના લોટમાંથી મેસુબ થાય, તેમ શરીર, કર્મ શબ્દ એ બધાની જુદી જુદી વર્ગણાઓ છે, તેમાંથી શરીરાદિ થાય છે. શબ્દ થવાને યોગ્ય જે ભાષાવર્ગણાઓ છે તે જ શબ્દરૂપે થાય છે, તો જીવ તેમાં શું કરે? આકાશ સર્વત્ર પથરાએલું સ્થિર અને અરૂપી છે, તેનામાં ચાલવાની કે અવાજ થવાની તાકાત જ નથી, અને પરમાણુઓમાં હલનચલનની તે ભાષા વગેરે થવાની તાકાત છે, તેથી તે સ્વયં તે રૂપે થાય છે, જીવ તેમાં કાંઈ કરી શકતો નથી. જીવના જ્ઞાનને લીધે શબ્દો થતા નથી, અને શબ્દોને લીધે જીવનું જ્ઞાન થતું નથી. જ્ઞાન જીવની સ્વાધીન તાકાતથી જ થાય છે.

## (૪૫) જ્ઞેયો, ભાષા અને જ્ઞાન એ ત્રાણેની સ્વતંત્રતા જાણીને, સ્વભાવ તરફ વળે તેને ધર્મ થાય છે.

ઘડીયાળમાં ૮ ને ૫ મીનીટ થઈ હોય ત્યારે જ્ઞાન તેમ જ જાણે પણ બાર વાગ્યા છે એમ ન જાણે. ત્યાં ઘડીયાળને લીધે જ્ઞાન થતું નથી. ઘડીયાળમાં એટલા વાગ્યા હતા માટે એટલું જ્ઞાન થયું -એમ નથી. તેમ જ જ્ઞાને જેવું જાણ્યું તેવી જ ભાષા આવે; અને સામો જીવ પણ તેવું જ સમજી જાય. આવો મેળ હોવા છતાં જ્ઞાને જાણ્યું માટે ભાષા થઈ નથી અને ભાષાને કારણે સામા જીવને તેવું જ્ઞાન થયું નથી. જ્ઞાનની અવસ્થા સ્વાવલંબી ચૈતન્યતા આશ્રયે જ કાર્ય કરે છે- એમ સમજીને, પોતાના જ્ઞાનસ્વભાવ તરફ વળીને ત્રિકાળી સ્વભાવની શ્રદ્ધા પ્રગટ કરવી તે સમ્યક્શ્રદ્ધા છે. પણ ઘડીયાળ વગેરે જ્ઞેયોને કારણે કે શબ્દોને કારણે જ્ઞાન થયું -એમ માને તે જીવે આત્મામાં જ્ઞાન ને શાંતિ માન્યા નથી એટલે તે જીવ પોતાના સ્વભાવ તરફ વળતો નથી ને તેનું મિથ્યાત્વ ટળતું નથી. પ્રશંસાના શબ્દો જગતમાં પરિણમે તેનાથી આત્માને સુખ કે જ્ઞાન નથી, છતાં તેનાથી જ્ઞાન કે સુખ માને તો તે જીવનું જ્ઞાન પરમાં લીન થયેલું છે, તે જ્ઞાન અચેતન છે- અધર્મ છે. શબ્દોથી અને તે તરફના ક્ષણિક જ્ઞાનથી જુદો પોતાનો પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવ છે-એવો અભિપ્રાય થતાં, શબ્દોને કે અપૂર્ણદશાને ન સ્વીકારતાં વર્તમાન અવસ્થા પૂર્ણસ્વભાવ તરફ વળે છે. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ પૂરા છે જ, ને તેના તરફ વળતી અવસ્થા પણ પરિપૂર્ણને જ સ્વીકારે છે, તેથી તે અવસ્થા પણ પૂર્ણના આશ્રયે પૂરી જ થાય છે.

## (૪૬) જ્ઞાનસ્વભાવને જાણ્યા વગર જ્ઞેયનો સ્વભાવ જાણી શકાય નહિ.

જે જીવ શબ્દોનો અને તેને જાણનારી જ્ઞાન અવસ્થાનો જ સ્વીકાર કરે તે તેના તરફ જ જોયા કરે પણ પોતાના સ્વભાવને જુએ નહિ. જ્ઞેયોને જાણનારું જ્ઞાન જ્યાંથી આવે છે એવા પોતાના સ્વભાવને જે ન સ્વીકારે તેણે ખરેખર જ્ઞાનનો કે જ્ઞેયનો પણ યથાર્થ સ્વીકાર કર્યો નથી; કેમ કે જ્ઞાન પોતાંથી થાય છે તેને ન જાણતાં શબ્દોના કારણે માન્યું છે એટલે જ્ઞાનને સ્વતંત્ર સત્‌રૂપ સ્વીકાર્યું નથી, અને શબ્દો જ્ઞાનથી જુદા છે-અચેતન છે છતાં તેને જ્ઞાનનું કારણ માન્યું તેણે શબ્દોને પણ સ્વીકાર્યા નથી. શબ્દોનો સ્વભાવ જ્ઞાનમાં જણાવાનો છે પણ જ્ઞાનનું કારણ થવાનો તેનો સ્વભાવ નથી, અને જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરને પોતાથી જાણવાનો છે, પરમાં કાંઈ કરવાનો તેનો સ્વભાવ નથી. -આમ સમજે તો જ્ઞાન અને જ્ઞેયને યથાર્થ જાણ્યા કહેવાય. મારી જ્ઞાનદશા મારા સામાન્ય જ્ઞાનસ્વભાવના આશ્રયે થાય છે ને શબ્દો મારા કારણે નહિ પણ પરમાણુના કારણે થાય છે-એમ ભિન્ન ભિન્ન સ્વભાવ સ્વીકારીને પોતાને જાણતાં પરને પણ યથાર્થ જાણે છે.

## (૪૭) જ્ઞાન નિશ્ચયથી સ્વને જાણે છે, વ્યવહારથી પરને જાણે છે.

આત્મા નિશ્ચયથી તો પોતાના સ્વભાવ તરફ વળીને પોતાનો જ જાણનાર છે, ને પરનો જાણનાર તો વ્યવહારથી છે. પરનો જાણનાર વ્યવહારથી છે એમ કહ્યું તેથી અહીં એમ ન સમજવું કે પરદ્રવ્યનું જ્ઞાન આત્માને થતું જ નથી. આત્માનું જ્ઞાન પરને જાણે

તો છે જ. પરંતુ પરની સન્મુખ થઈને પરને નથી જાણતું, પોતાના સ્વભાવ સન્મુખ રહેતાં પરવસ્તુઓ સહેજે જણાઈ જાય છે, ત્યાં 'જ્ઞાન પરને જાણે છે' એમ કહેતાં પરની અપેક્ષા આવે છે માટે તેને વ્યવહાર કહ્યો છે. પરથી જુદું રહીને પરને જાણે છે માટે વ્યવહાર છે અને સ્વમાં એકતાપૂર્વક સ્વને જાણે છે માટે સ્વનો જ્ઞાતા તે નિશ્ચય છે. આથી, જેમ સ્વના જ્ઞાન વગર પરનું જ્ઞાન ન હોય, તેમ નિશ્ચય વગર વ્યવહાર ન હોય-એ વાત પણ આમાં આવી જાય છે.

## (૪૮) સમયે સમયે જ્ઞાનનું નવું કાર્ય.

અહો, નવી નવી અપેક્ષાથી દરરોજ સ્વભાવની વાત આવે છે, તે જાણવામાં જ્ઞાનની વિશાળતા છે. જ્ઞાનનો સ્વભાવ જાણવાનો છે, તેની સમયે સમયે નવી નવી અવસ્થાઓ થાય છે, અને જો તે નવી નવી અવસ્થા નવું નવું કાર્ય ન કરે -નવું નવું જ્ઞાન ન કરે- તો તે અવસ્થા જ્ઞાનસ્વભાવના આશ્રયે થયેલી નથી. અહીં નવા નવા શબ્દો જાણવાની વાત નથી પણ અંતરમાં સ્વભાવ તરફનું જ્ઞાન સમયે સમયે વધતું જાય અને નવા નવા નિર્મળભાવોનું જ્ઞાન થતું જાય - તેની વાત છે. સાધક જીવને સ્વભાવના આશ્રયે સમયે સમયે જ્ઞાનની નિર્મળતા વધતી જાય છે અને વિશેષ વિશેષ ભાવોનું જ્ઞાન થતું જાય છે.

કોઈ એમ કહે કે 'આ તો જે કાલે જાણ્યું હતું તે ને તે જ જ્ઞાન છે, કાલે સાંભળ્યું હતું તે જ આ છે'. એમ માનનારનું વલણ શબ્દો તરફ છે. પોતાનું સામાન્યજ્ઞાન સમયે સમયે બદલીને નવું નવું કાર્ય જ કરે છે તેનો તેને વિશ્વાસ નથી શબ્દના અવલંબન વગર જ જ્ઞાન થાય છે. ગઈ કાલે જે જાણ્યું હતું તેમાં તો ગઈ કાલના જ્ઞાનપર્યાયે કાર્ય કર્યું હતું અને વર્તમાન જાણે છે તેમાં વર્તમાન જ્ઞાનપર્યાય કાર્ય

કરી રહયો છે. એમ જે પોતાના જ્ઞાનના પુરુષાર્થને નથી સ્વીકારતો તે જીવને, જ્ઞાનપર્યાય સમયે સમયે સ્વભાવ તરફ વળવાનો નવો પુરુષાર્થ કરી રહયો છે તેની ખબર નથી. સાધક જીવને સ્વભાવના આશ્રયે સમયે સમયે જ્ઞાનની શુદ્ધતા વધતી જાય છે. સમયે સમયે બદલાતો જ્ઞાનનો ભાવ છે અને સામે પણ નિમિત્તરૂપે સમય સમયની શબ્દોની અવસ્થા બદલી રહી છે. ત્યાં પોતાના જ્ઞાનને સ્વીકારનાર સ્વભાવ તરફ વળે છે, તે ધર્મી છે, અને જે જીવ શબ્દો તરફ વળે છે તેને જ્ઞાનસ્વભાવની પ્રતીત નથી, તે મિથ્યાદષ્ટિ છે.

## (૪૯) સ્વભાવના અવલંબને સમયે સમયે ધર્મ

શબ્દોથી જ્ઞાન નથી- એમ જે જ્ઞાને એકવાર નક્કી કર્યું, ત્યારપછી બીજો સમય આવતાં તે બીજા સમયનું જ્ઞાન પોતે સ્વભાવ તરફ વળીને સ્વતંત્ર નિર્ણય કરે છે. પહેલાં સમયનું જ્ઞાન કાંઈ બીજા સમયે કાર્ય કરતું નથી. જે જે નવી નવી અવસ્થા થતી જાય છે તે દરેક અવસ્થા પોતાના ત્રિકાળી સ્વભાવના અવલંબનને સ્વીકારે છે ને શબ્દ વગેરેના અવલંબનને સ્વીકારતી નથી એટલે તેવા જીવને સમયે સમયે નવો આત્મધર્મ થાય છે. પૂર્વના પર્યાયે તેના સ્વકાળમાં કાર્ય કરી લીધું, પછી જે નવી અવસ્થા થાય તેને પૂર્વના પર્યાય સાથે સંબંધ નથી, પણ વર્તમાન વર્તતો પર્યાય પોતે તે તે સમયે ત્રિકાળી સ્વભાવ સાથે એકતા કરે છે, તે ધર્મ છે. એટલે દરેક સમયનો ધર્મ સ્વતંત્ર છે. સમયે સમયે નવી નવી દશામાં નવો નવો ધર્મ (-વિશેષ વિશેષ નિર્મળતા) થાય છે. જેને પોતાના જ્ઞાનમાં શબ્દો વગેરે જ્ઞેયોની જ નવીનતા ભાસે છે પણ તે વખતે પોતાના જ્ઞાનમાં વિશેષ વિશેષ અવસ્થા થતી જાય છે તે જ્ઞાનનું સામર્થ્ય ભાસતું નથી તે જીવ પોતાના

ત્રિકાળ જ્ઞાનસ્વભાવ સાથે વર્તમાન પર્યાયની સંધિ કરતો નથી પણ જ્ઞેયો સાથે જ્ઞાનની એકતા કરે છે -માને છે તે અજ્ઞાની છે, તેને સમયે સમયે અધર્મ થાય છે.

'શબ્દ તે જ્ઞાન નથી' એમ કહેતાં નિંદાના કે પ્રશંસાના, જ્ઞાનીના કે અજ્ઞાનીના બધા શબ્દો તેમાં આવી જાય છે. આત્મા સમયે સમયે પોતાના જ્ઞાનરૂપે પરિણમે છે, ને સામે જ્ઞેય તરીકે જુદા જુદા શબ્દ વગેરે પરિણામો છે. મારા ચૈતન્ય ચૈતન્યપરિણામરૂપ ધર્મ સમયે સમયે સ્વભાવના આશ્રયે થાય છે- એવી રુચિ અને વિશ્વાસ વડે ત્રિકાળીદ્રવ્ય સાથે વર્તમાન પરિણામની એકતા થતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે, તે ધર્મ છે.

## (૫૦) આહલાદ્ કેમ પ્રગટે?

શ્રી આચાર્યદેવ કરુણાથી કહે છે કે અરે જીવ! તું તારા સ્વાધીન આત્મતત્ત્વને ભૂલીને પર્યાયે પર્યાયે પરનો ઓશિયાળો થઈ રહયો છે. શબ્દો વગેરે નવા નવા થાય, તેની નવીનતાથી તને આહલાદ્ લાગે છે; પણ ભાઈ રે, તારું જ્ઞાન તો તેનાથી તદ્દન જુદું છે. તારો આહલાદ્ પરમાં નથી. તારા આત્માના સ્વભાવમાંથી સમયે સમયે નવા નવા ભાવો આવે છે, તેનો આહલાદ્ તને કેમ નથી? હે ભાઈ ! તારા જ્ઞાનમાંથી તું પરની રુચિ ને મમતા છોડીને તારા વર્તમાન પર્યાયમાં ત્રિકાળ ચૈતન્યસ્વભાવની રુચિ તો કર. તારા પર્યાયનો તારા દ્રવ્ય સાથે મેળ તો કર. જો તારા પર્યાયને તારા દ્રવ્ય સાથે અભેદ કરીને તેનો વિશ્વાસ કરે તો તારા દ્રવ્યમાંથી આવતો અતીન્દ્રિય આહલાદ્ તને તે પર્યાયમાં અનુભવાય.

## (૫૧) શબ્દનું અવલંબન છોડીને આત્માનો આશ્રય કર !

હે ભાઈ, તું અંતરમાં વિચાર કર કે- જે વખતે શ્રુતના શ્રવણનો કે નિંદા-પ્રશંસાદિ અન્ય શબ્દોના શ્રવણનો કાળ છે તે કાળે તે શબ્દોને જાણવા જેટલું જ્ઞાન તે જ શું તારું સ્વરૂપ છે? -કે તે સિવાય બીજું કાંઈ તારામાં છે? શબ્દ તે જ્ઞાન નથી તેમ જ શબ્દને જ જાણે તેટલું જ તારું સ્વરૂપ નથી; પણ શબ્દનું લક્ષ છોડીને અંતરમાં વળતાં ત્રિકાળ આત્મસ્વભાવની રુચિ કરીને તેને જે જ્ઞાન જાણે તે જ્ઞાનપરિણામ આત્મા છે. આત્મા અને તે તરફ વળતા જ્ઞાનપરિણામ તે જુદા નથી. પરંતુ શબ્દ અને જ્ઞાન તો જુદા છે. શબ્દો તરફ એકાગ્ર થતું જ્ઞાન પણ પરમાર્થે આત્મસ્વભાવથી જુદું છે. શબ્દો અચેતન છે અને જ્ઞાન ચેતન છે, તે બંનેને જુદાઈ છે; આત્મા શબ્દને લીધે કે શબ્દના અવલંબને જાણતો નથી. જે જ્ઞાનમાં શબ્દ વગેરેનું અવલંબન છે તે જ્ઞાન આત્મસ્વભાવને જાણવાનું કાર્ય કરી શકતું નથી, એટલે કે તે મિથ્યાજ્ઞાન છે. જે જીવ, આમ શબ્દ અને જ્ઞાનની ભિન્નતા સમજે તે શબ્દ વગેરે સાથે એકતાબુદ્ધિ છોડી, તેનાથી ઉદાસીન થઈ, પોતાના સ્વભાવની રુચિ કરે છે. ત્રિકાળી ચૈતન્યની રુચિ અને આશ્રયથી જે જ્ઞાનપરિણામ પ્રગટ્યા તે સમ્યગ્જ્ઞાન છે, તેને શ્રી જિનેન્દ્ર ભગવાન ધર્મ કહે છે.

## (૫૨) જીવ અને અજીવની સ્વતંત્ર હયાતી, ને સ્વતંત્ર પરિણમન

આ જગતમાં અનાદિથી અજીવ પરમાણુઓ છે માટે જીવ છે- એમ નથી; અને જીવ છે માટે અજીવ છે- એમ પણ નથી. જીવ અને અજીવ બંને તત્ત્વો પોતપોતાના સ્વતંત્ર સ્વભાવે અનાદિથી

છે. જેમ જીવ અને અજીવ દ્રવ્યોની હયાતી એકબીજાના કારણે નથી, તેમ તેના પર્યાયો પણ એકબીજાના કારણે થતા નથી. જ્ઞાન કાંઈ શબ્દોને કરતું નથી અને શબ્દોના કારણે જ્ઞાન થતું નથી. આમ, શબ્દોથી ભિન્ન પોતાના જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા કરવી તે અપૂર્વ સમ્યક્ત્વધર્મ છે.

## (૫૩) વર્ણનમાં ક્રમ છે, ભેદજ્ઞાન કરવામાં ક્રમ નથી.

એ રીતે શબ્દથી ભેદજ્ઞાન કરાવીને હવે રૂપથી ભેદજ્ઞાન કરાવે છે. ખરી રીતે તો જે જીવ શબ્દ અને જ્ઞાનનું ભેદજ્ઞાન કરે તેને રૂપ વગેરેથી પણ ભેદજ્ઞાન હોય જ. પોતાના જ્ઞાનસ્વભાવનું શબ્દથી જુદાપણું જાણે અને રૂપ વગેરેથી જુદાપણું ન જાણે-એમ બને જ નહિ. અસ્તિરૂપે પોતાના જ્ઞાનસ્વભાવને જેણે જાણ્યો છે તેને શબ્દ-રૂપ-રસ-રાગ-દ્વેષ વગેરે સર્વ લોકાલોકથી પોતાનું જુદાપણું જણાયું છે. પણ અહીં માત્ર વર્ણનમાં ક્રમ પડે છે. વિશેષ વિશેષ પડખાંથી સમજાવતાં ક્રમ પડે છે. તેથી પહેલાં શબ્દથી જુદાપણાનું વર્ણન કરીને હવે રૂપથી જુદાપણાનું વર્ણન કરે છે.

### રૂપથી જ્ઞાનનું જુદાપણું

રૂપ તે જ્ઞાન નથી કેમ કે રૂપ અચેતન છે, માટે રૂપ અને જ્ઞાન જુદાં છે. રૂપ તે આંખનો વિષય છે. આંખદ્વારા જ્ઞાન જે કાંઈ જાણે તે અચેતન છે. જુદા જુદા કાળે જુદા જુદા રૂપનું જ્ઞાન થાય, ત્યાં રૂપના અવલંબને જ્ઞાનની હયાતી નથી, પણ પોતાના ત્રિકાળી આત્માના આધારે જ્ઞાનપર્યાયની હયાતી છે. સમયે સમયે નવા નવા જ્ઞાનપર્યાયો પોતાના ત્રિકાળી જ્ઞાનસ્વભાવમાંથી થાય છે તે સ્વભાવને

ન જોતાં જે જીવ રૂપના અવલંબને જ્ઞાન માને છે તેને આત્માની પ્રતીતિ નથી.

## (૫૪) મૂર્તિ કે ચિત્રને લીધે જ્ઞાન થતું નથી.

બાળક, ઘોડો, હાથી, સિંહ વગેરે જે રૂપ દેખાય છે તેમાં જ્ઞાન નથી તેમજ મોટા મોટા ધાર્મિક ચિત્રો હોય તેમાં પણ જ્ઞાન નથી, તે તો પુદ્‌ગલના રૂપ ગુણની અવસ્થા છે. રૂપ અચેતન છે, તેનામાં જરાય જ્ઞાન નથી અને આત્મામાં પૂરેપુરું જ્ઞાન છે. રૂપને લીધે આત્મા જાણતો નથી. ભગવાનની મૂર્તિ તે પણ રૂપ છે, તેમાં જ્ઞાન નથી. મહાવીરભગવાનનું ચિત્ર કે મૂર્તિ હોય તેને જાણતી વખતે તેના કારણે મહાવીરભગવાનનું જ્ઞાન થતું નથી.

## (૫૫) જેવા જ્ઞેયો હોય તેવું જ જ્ઞાન જાણે, છતાં જ્ઞેયને લીધે જ્ઞાન નથી.

**પ્રશ્નઃ-** જો સામા ચિત્ર વગેરેને કારણે જ્ઞાન ન થતું હોય તો, જ્યારે સામે મહાવીરપ્રભુની મૂર્તિ હોય ત્યારે તેમનું જ્ઞાન થાય અને જ્યારે સીમંધરપ્રભુની મૂર્તિ હોય ત્યારે તેમનું જ્ઞાન થાય-એમ કેમ બને? તેમ જ સામે સમયસાર હોય તો તેનું જ્ઞાન થાય ને પ્રવચનસાર હોય તો તેનું જ્ઞાન થાય- એમ કેમ બને?

**ઉત્તરઃ-** જ્ઞાનનો સ્વભાવ જેવા પદાર્થ હોય તેવા તેને જાણવાનો છે. જેમ હોય તેમ જ જાણે, વિપરીત ન જાણે એવો જ્ઞાનસ્વભાવ છે; તેથી જેવું જ્ઞેય હોય તેવું જ તે જ્ઞાનમાં જણાય છે, પણ જાણવાની લાયકાત જ્ઞાનની પોતાની જ છે. સામે તેવા જ્ઞેય છે માટે તેવું જ્ઞાન થાય છે-એમ નથી. જ્ઞાન જ્ઞાનના કારણે થાય છે,

ને જ્ઞેયો જ્ઞેયોના કારણે હોય છે. રૂપ વખતે જો તે રૂપના કારણે જ્ઞાન થતું હોય તો તે વખતે આત્માએ શું કાર્ય કર્યું? શું તે વખતે આત્મા ચાલ્યો ગયો છે? જેણે રૂપને લીધે જ્ઞાન માન્યું છે તેણે આત્માની હ્યાતી જ માની નથી, જ્ઞાન તે આત્માનો સ્વભાવ છે તેમ તેણે પ્રતીતિ કરી નથી પણ રૂપ અને જ્ઞાનની એકતા માની છે, તે જ અધર્મ છે.

## (૫૬) મૂર્તિ વગેરે જોતી વખતે ય અજ્ઞાનીને અધર્મ ને જ્ઞાનીને ધર્મ-કેમ કે.....

હું મારા જ્ઞાનથી જ જાણું છું, રૂપને લીધે નહિ-એમ રૂપથી પોતાનું જુદાપણું નક્કી કરીને ધર્મી જીવ પોતાના જ્ઞાનસ્વભાવનો આશ્રય કરે છે ને રૂપનો આશ્રય છોડે છે; સ્વભાવના આશ્રયે જે પર્યાય પ્રગટે છે તે ધર્મ છે. ભગવાનની મૂર્તિ જોતી વખતે ય અજ્ઞાનીને અધર્મ થાય છે કેમ કે તેણે પોતાના જ્ઞાનના પરાશ્રીત માન્યું છે એટલે અચેતન મૂર્તિ સાથે જ્ઞાનને એકમેક માન્યું છે, તે માન્યતા જ અધર્મનું મૂળ છે. અને ધર્મી જીવ પુત્ર વગેરેનું રૂપ જોતા હોય તે વખતે ય તેમને ધર્મ થાય છે. એ ધ્યાન રાખવું કે રૂપને જોવાનો ભાવ તે તો રાગ છે, તે રાગને કાંઈ ધર્મનું કારણ નથી કહેતા. પણ તે વખતેય ધર્મી જીવના અભિપ્રાયમાં જ્ઞાનસ્વભાવનો આશ્રય છે, તેથી જ્ઞાનસ્વભાવના આશ્રયે તેમને સમયે સમયે ધર્મ થાય છે, એક સમય પણ ધર્મ વગરનો જતો નથી. જેટલો રાગ છે તેટલો દોષ છે.

રૂપ અચેતન છે, મારો આત્મા રૂપથી જુદો છે, રૂપને લીધે મને જ્ઞાન થતું નથી અને રૂપને જાણવાના પર્યાય જેટલો પણ હું નથી, મારો આત્મસ્વભાવ જ્ઞાનથી પૂરો છે- એમ સ્વભાવનો સ્વીકાર કરીને (એટલે કે દ્રવ્યદૃષ્ટિ કરીને) જ્ઞાનીનો પર્યાય પરિણમે છે એટલે તેનો પર્યાય સમયે સમયે દ્રવ્યસ્વભાવમાં ઢળે છે, તેથી રૂપ વગેરેને જાણતી

વખતે પણ તેને ધર્મ છે; કેમ કે તે વખતે ચૈતન્યનો આશ્રય છૂટતો નથી.

## (૫૭) દરેક સાધક જીવોને સ્વભાવદષ્ટિની સમાનતા

સાધક જીવને સમયે સમયે પર્યાયની શુદ્ધતા વધતી જાય છે, પણ તેની દષ્ટિ તે પર્યાયો ઉપર હોતી નથી. સમયે સમયે થતી દરેક અવસ્થા પૂર્ણ ચૈતન્યસ્વભાવનો જ સ્વીકાર કરે છે, દરેક અવસ્થા પૂર્ણ સ્વભાવ સાથે જ એકતા કરે છે, ગણધરદેવની અવસ્થા કે નાનામાં નાના સમ્યગ્દષ્ટિની અવસ્થા -એ બંને અવસ્થાઓ ત્રિકાળી સ્વભાવમાં જ અભેદ થાય છે તેથી એ અપેક્ષાએ તે બંને સરખી છે. અહો, આ સ્વભાવદષ્ટિની અપૂર્વ વાત છે. આ સમજે તેનું કલ્યાણ છે.

## (૫૮) સ્વભાવ તરફ વળીને આત્માનો નિર્ણય કરનાર મતિ-શ્રુતજ્ઞાનનું પ્રત્યક્ષપણું

વળી, આત્મસ્વભાવમાં વળેલું મતિ-શ્રુતજ્ઞાન પણ ખરેખર પ્રત્યક્ષ છે. આત્મા જ્ઞાનસ્વભાવ છે, તેની અવસ્થામાં પહેલાં ઓછું જ્ઞાન હતું ને પછી વધારે જ્ઞાન થયું, તે વધારાનું જ્ઞાન ક્યાંથી આવ્યું? ત્રિકાળ શક્તિ છે તેમાંથી જ્ઞાન પ્રગટે છે. તે ત્રિકાળી જ્ઞાનશક્તિનો નિઃસંદેહ નિર્ણય ઈંદ્રિયો અને રાગના અવલંબન વગર, સીધો પોતાના આત્માથી જ કર્યો છે માટે તે નિર્ણય કરનારું જ્ઞાન પ્રત્યક્ષ છે. જો કોઈ પરની અપેક્ષાથી-પરના આશ્રયથી નિર્ણય કર્યો હોય તો તે નિર્ણય જ સાચો નથી. સ્વભાવનો નિર્ણય પરના અવલંબને થાય નહિ. મતિ-શ્રુતજ્ઞાન સ્વભાવના અવલંબને સ્વભાવનો નિર્ણય કરે છે, માટે સ્વને જાણવામાં તો મતિ-શ્રુતજ્ઞાન પણ પ્રત્યક્ષ છે.

## (૫૯) જીવનો જ્ઞાનસ્વભાવ ને રૂપનો જ્ઞેયસ્વભાવ

પોતાના ચેતનસ્વભાવથી આત્માનું હોવાપણું છે, ને તે સ્વભાવના કારણે જ્ઞાન થાય છે. શરીરના રૂપને કારણે આત્માનું હોવાપણું નથી. અચેતન પદાર્થોમાં જુદી જુદી અવસ્થાઓ થયા કરે અને તે જ્ઞાનનું જ્ઞેય થાય એવી તેનામાં તાકાત છે, પણ જ્ઞાનનું કારણ થાય એવી તેનામાં તાકાત નથી. જ્ઞાનની અવસ્થા પોતાના જ્ઞાનસ્વભાવના બદલવાથી-પરિણમવાથી-થાય છે. સ્ત્રી, શરીર, લક્ષ્મી તેમ જ જિનપ્રતિમા વગેરે અચેતન છે, તે અચેતનના અવલંબને મારું જ્ઞાન કે સુખ નથી. અજ્ઞાની જીવ પરવસ્તુના કારણે જ્ઞાન કે સુખ માને છે, તે તેનો ભ્રમ છે. જ્ઞાની જાણે છે કે મારું જ્ઞાન ને સુખ મારે લઈને છે અને જ્ઞેય પદાર્થો તે તેને લઈને છે.

## (૬૦) રૂપ અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી ધર્મની અપૂર્વ શરૂઆત

જે જીવ રૂપ વગેરે પરવસ્તુને લીધે પોતાનું જ્ઞાન માને અગર તો તે રૂપ વગેરેને જાણવા જેટલું જ જ્ઞાન પોતાનું માને તે જીવને રૂપ વગેરે પરવસ્તુની રુચિ ખસે નહિ, ને તેમાં સુખની માન્યતા ટળે નહિ; એટલે તેને સાચો વૈરાગ્ય કે ત્યાગ કદી હોય નહિ. મારું જ્ઞાન રૂપ વગેરેથી જુદું છે, રૂપને જોતી વખતે તેટલા જ્ઞાન જેટલો જ હું નથી અને રૂપના આધારે મારું જ્ઞાન નથી, ત્રિકાળ જ્ઞાનસ્વભાવના આધારે મારું જ્ઞાન છે- એમ જો સ્વભાવની રુચિ કરે તો પરાવલંબન ટળીને સ્વાધીનતા થાય. રૂપ વગેરેથી જ્ઞાન જુદું છે એમ જે નક્કી કરે તેને રૂપાદિ વિષયોમાં સુખબુદ્ધિ કદી ન હોય, એટલે જ્ઞાનસ્વભાવનો સાચો નિર્ણય કરતાં જ અનંત રાગ-દ્વેષ તો ટળી જ ગયા, અને ધર્મની અપૂર્વ શરૂઆત થઈ ગઈ.

## (૬૧) આત્માના અવલંબને ધર્મ; પરના અવલંબને અધર્મ

જ્ઞાન તો આત્માનો સ્વભાવ છે અને રૂપ તો અચેતન છે રૂપમાં જ્ઞાન નથી; શરીરના રૂપ સાથે જ્ઞાનને સંબંધ નથી. જ્ઞાનને રૂપનું અવલંબન નથી, પણ જ્ઞાનને તો આત્માનું જ અવલંબન છે. એ રીતે, આત્મસ્વભાવનું અવલંબન કરીને જે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ સ્વાવલંબી દશા પ્રગટે તે ધર્મ છે. દેવ-શાસ્ત્ર-ગુરુના આશ્રયે જે સમ્યકત્વ માને, શાસ્ત્રના આશ્રયે જ્ઞાન માને અને વ્રતાદિ શુભરાગના આશ્રયે ચારિત્ર માને-તે જીવ પોતાના સ્વભાવને માનતો નથી પણ પરાવલંબનને માને છે, તે જીવ પરાવલંબન છોડીને સ્વભાવનું અવલંબન કરે નહિ એટલે કે સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન કે તેમાં સ્થિરતા કરે નહિ, ને તેને વીતરાગતા કે કેવળજ્ઞાન થાય નહિ, ધર્મનો અંશ પણ થાય નહિ. કોઈ પણ અન્ય વસ્તુની હાજરીથી જે પોતાને સુખ માને છે તે પોતાના સ્વભાવમાં સુખ માનતો નથી અને તેથી તેને કદી સ્વભાવનું સાચું સુખ પ્રગટતું નથી. ધર્મી જાણે છે કે ત્રિકાળી ચૈતન્યસત્તાના આશ્રયે મારું સુખ છે, તેમાં કોઈ બીજાના અવલંબનની જરૂર નથી. તેથી તેઓ જ પોતાના આત્માની ચૈતન્યસત્તાના આધારે સાચું સુખ અનુભવે છે.

## (૬૨) રાગ-દ્વેષ વખતેય ધર્મીને ધર્મ થાય છે

ધર્મીને રાગ-દ્વેષ થાય તે વખતે ભાન છે કે આ રાગ-દ્વેષની ઉત્પત્તિ ચૈતન્યના આશ્રયથી નથી પણ પરના આશ્રયથી છે. ચૈતન્યના આશ્રયમાં સંપૂર્ણપણે ન રહેવાયું માટે રાગ-દ્વેષ થયો છે. તે વખતે પણ મારું જ્ઞાન તે રાગના અવલંબને જાણતું નથી. હું સ્વભાવનું અવલંબન રાખીને રાગનો જ્ઞાતા છું, પણ રાગનું અવલંબન કરીને તેનો જાણનાર નથી. આદિ-અંત રહિત જ્ઞાનસ્વભાવનું અવલંબન

કરતાં જ્ઞાન અને સુખ છે. -આવી સમ્યક્શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાન હોવા છતાં ધર્મીને જે રાગ-દ્વેષ થઈ જાય છે તે ચારિત્રદોષ છે. પરંતુ ધર્મીને તે દોષનું અવલંબન નથી પણ દોષરહિત ચૈતન્ય સ્વભાવનું જ અવલંબન છે તેથી તેમને ક્ષણે ક્ષણે શુદ્ધતા થતી જાય છે ને દોષ ટળતો જાય છે. એ રીતે રાગ-દ્વેષ વખતે પણ ધર્મીને સ્વભાવના અવલંબને ધર્મ થાય છે.

## (૬૩) અધર્મ અને ધર્મ કેમ થાય છે?

અજ્ઞાની જીવ ત્રિકાળી ચૈતન્યતત્ત્વની સત્તાને ભૂલીને ક્ષણે ક્ષણે પરાધીનપણાથી હણાઈ રહ્યો છે -તે અધર્મ છે. જો ત્રિકાળી આત્મદ્રવ્યને સ્વતંત્ર સ્વીકારે તો તે ત્રિકાળીના વર્તમાનને પણ સ્વતંત્ર સ્વીકારે એટલે પર્યાયમાં પણ પરનું અવલંબન માને નહિ; ને સ્વદ્રવ્યનો આશ્રય કરીને શુદ્ધતા પ્રગટ કરે. શરીર વગેરેથી આત્મા જુદો છે એમ માને તો, શરીરની દશા તેના કારણે છે ને પોતાની દશા પોતાના કારણે છે- એમ સ્વીકારે, એટલે સ્વાધીન શ્રદ્ધા-જ્ઞાન પ્રગટીને, સ્થિરતા થઈને વીતરાગતા અને કેવળજ્ઞાન થાય અને ભવભ્રમણ ટળી જાય. આમાં ધર્મની શરૂઆતથી પૂર્ણતા સુધીની બધી વાત આવી ગઈ. અને અધર્મ કેમ થાય તે પણ આવી ગયું.

## (૬૪) સ્વ-પરના ભેદવિજ્ઞાનથી જ ધર્મ અને એકતાબુદ્ધિથી મહા અધર્મ

આત્મા અને પરવસ્તુ જુદી છે એટલે તે જુદી વસ્તુઓને લીધે આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર નથી, એમ યથાર્થ નક્કી કરનાર જીવ પરનું અવલંબન છોડીને સ્વાશ્રય કરે છે; હવે પર્યાયે પર્યાયે

સ્વાવલંબનથી શ્રદ્ધા-જ્ઞાન-સ્થિરતા પ્રગટ કરતો જાય છે ને પરાવલંબન તોડતો જાય છે, -આવી આત્મદશાનું નામ ધર્મ છે. જે જીવ સ્વાવલંબન કરતો નથી અને પરાવલંબન છોડતો નથી તેણે ખરેખર સ્વ અને પરને જુદા જાણ્યા નથી પણ એક માન્યા છે, તે મહા અધર્મ છે.

## (૬૫) સમજણ માટેનો ઉત્સાહ

જો આત્માની હોંશથી સમજવા માગે તો આ વાત સહેલી છે. આત્માને સમજાય તેવી છે. આત્મા પોતે જેવો છે તેની આ વાત છે. આત્માની વાત કોને ન સમજાય? બધાય આત્માઓને સમજાય. આત્માનો સ્વભાવ જ જાણવાનો છે, તેથી જે આત્મા હોય તેનામાં બધું ય સમજવાની તાકાત છે. જડમાં જ્ઞાન નથી તેથી જડને કાંઈ ન સમજાય. આ વાત સાંભળવા કાંઈ જડ નથી બેઠાં, જડને સમજવા માટે કાંઈ આ વાત થતી નથી પણ જડથી ભિન્ન જ્ઞાનતત્ત્વ છે તેને સમજવા માટેની આ વાત છે.

## (૬૬) વિશ્વના જડ કે ચેતન દરેક પદાર્થના સ્વભાવની સ્વતંત્રતા ને પરિપૂર્ણતા

જેમ હું આત્મા મારા ચૈતન્યસ્વભાવથી પરિપૂર્ણ છું તેથી મારા ચૈતન્યને પરની અપેક્ષા નથી, તેમ પુદ્‌ગલદ્રવ્ય તેના રૂપ-સ્વભાવથી પરિપૂર્ણ છે, તેને બીજાની અપેક્ષા નથી. રૂપ તેના રૂપ-સ્વભાવથી ભરપૂર છે ને મારા ચૈતન્યપણાથી તે ખાલી છે. હું મારા જ્ઞાનસ્વભાવથી ભરેલો સ્વભાવથી પરિપૂર્ણ છે, જ્ઞાન તેને ફેરવવા માગે તો તે ફેરવી શકે નહિ. તેના ત્રિકાળી સ્વભાવનું વર્તમાન તેના આધારે

સ્વતંત્ર છે, તેનો તે વર્તમાન અંશ બીજાનું અવલંબન કરતો નથી. કાળી દશામાંથી ધોળી દશા થવા માટે જ્ઞાનની જરૂર નથી. આત્મા હાજર હોય તો જ તે બદલે, નહિતર ન બદલે-એવું તેનું સ્વરૂપ નથી. એક પરમાણુને કાળી દશામાંથી ધોળી દશારૂપે અનંત આત્માઓ ભેગા થઈને પણ ન ફેરવી શકે. તેની અવસ્થા તેના સ્વભાવથી ક્રમબદ્ધ થયા કરે છે, કેમ કે તે તેના રૂપ વગેરે સ્વભાવથી પરિપૂર્ણ છે; તે પોતાના પરિપૂર્ણ સામર્થ્યને ધારણ કરનાર છે, અને આત્માના જ્ઞાનનો તેનામાં તદ્દન અભાવ છે. પુદ્ગલમાં રૂપ વગેરે સ્વભાવ સામર્થ્યથી પૂર્ણતા છે પરંતુ, તેના અવલંબને આત્માને શ્રદ્ધા-જ્ઞાનાદિ થાય એવું તો કોઈ સામર્થ્ય તેનામાં નથી. પુદ્ગલમાં જ એવો સ્વભાવ નથી કે તે (પુદ્ગલ) આત્માના જ્ઞાનનું કે આનંદનું કારણ થાય ! અને જીવ પોતાના ચૈતન્ય સામર્થ્યથી ભરેલો છે, ને અચેતનપણાથી ખાલી છે. જીવનો એવો સ્વભાવ નથી કે તેને પોતાના જ્ઞાન ને આનંદ માટે પરનું અવલંબન કરવું પડે ! અહો, આખું જગત સ્વતંત્ર અને પરિપૂર્ણ છે. જડ અને ચેતન દરેક પદાર્થ પોતાના સ્વભાવથી પરિપૂર્ણ આમાં તો વીતરાગતા અને સર્વજ્ઞતા જ આવી જાય છે. આવા સ્વતંત્ર વસ્તુસ્વભાવને ન માનતાં, 'આત્માના કારણે પરની ક્રિયા થાય અને પરવસ્તુના અવલંબને આત્માને શ્રદ્ધા-જ્ઞાન-આનંદ થાય' એવી માન્યતા તે મિથ્યાત્વ છે, ભ્રમ છે, તે જ સંસાર છે, તે જ અધર્મ છે, અને તે જ મહા પાપ છે.

## (૬૭) આત્માનું સમ્યગ્જ્ઞાન

આત્મા સત્ પદાર્થ છે. 'છે' એટલે ભૂતકાળમાં તે થયો નથી, 'છે' એટલે ભવિષ્યમાં તે નાશ પામતો નથી, અને 'છે' એટલે વર્તમાનમાં વિદ્યમાન છે. આત્મા સંયોગરહિત અનાદિઅનંત વસ્તુ છે,

તે વસ્તુને જ્ઞાન સાથે એકતા છે, ને રૂપ વગેરેથી જુદાઈ છે. આત્મા ચૈતન્યરૂપથી ભરેલો છે, ને પરના રૂપથી શૂન્ય છે, પરથી જુદાપણું કહેતાં જ પોતાથી પૂર્ણતા છે- એમ આવી જાય છે. જો વસ્તુ પોતે અધૂરી હોય તો તેને પરનો સંબંધ હોય. પરના સંબંધથી જો આત્માને લક્ષમાં લ્યો તો આત્માનો વાસ્તવિક પૂરો સ્વભાવ જણાતો નથી. પરના સંબંધ વગર જ આત્માનો સ્વભાવ પરિપૂર્ણ છે, તે વર્તમાન પણ સ્વતંત્ર છે. એટલે જ્ઞાનને પરનો આશ્રય નથી પણ સ્વભાવનો આશ્રય છે. સમ્યગ્જ્ઞાન માટે પર તરફ જોવું પડતું નથી પણ પોતાના સ્વભાવને સમ્યગ્જ્ઞાન થાય છે.

## (૬૮) આત્માને પરથી જુદો માનનાર જીવ કેવો હોય?

જે જ્ઞાનને પરનો આશ્રય માને તેણે આત્માને પરથી જુદો માન્યો નથી. પરથી જુદાપણાની શ્રદ્ધા કર્યા પછી, જ્ઞાનીને અસ્થિરતાના કારણે પર તરફ વલણ જાય, તો તે વખતે પણ તે પરથી અને તે તરફના વલણથી જુદા રહીને સ્વભાવનો જ આશ્રય રાખીને પરિણમે છે. પર તરફ વલણ થાય છે તેને જાણે છે પણ તેનો આશ્રય નથી માનતા. -આ સાધકદશા છે.

## (૬૯) ધર્મ કેમ થાય? અને ક્યાં થાય?

ધર્મ એટલે આત્માની પવિત્રદશા. તે પવિત્રદશા કેમ થાય? આત્માની તે દશા માટે બીજા પદાર્થો-શરીરાદિ-તો કામ ન આવે અને પૂર્વની અવસ્થા પણ કામ ન આવે, પણ વર્તમાનમાં ત્રિકાળી જ્ઞાનસ્વભાવની પૂર્ણસ્વરૂપે હયાતી છે તેનો સ્વીકાર કરીને તેની પૂર્ણતાના અવલંબને પવિત્રદશા પ્રગટે છે, ને રાગ-દ્વેષ-દુઃખ ટળે છે. આવી આત્માની દશા ધર્મ છે. એ સિવાય શરીરની કોઈ દશામાં કે રાગમાં ધર્મ નથી.

## (૭૦) સ્વ-પરનું જુદાપણું

'હું આત્મા છું' એમ કહેતાં જ, આત્મા સિવાયના અન્ય પદાર્થો છે પણ તે હું નથી એટલે કે પરથી હું જુદો છું- એમ તેમાં આવી જ જાય છે. જો ત્રિકાળી વસ્તુઓની હ્યાતી જુદી જુદી જ છે તો તે ત્રિકાળીની વર્તમાન અવસ્થાઓ પણ જુદી જુદી જ છે, એકબીજાની કોઈને જરૂર નથી. આમ જે નથી સ્વીકારતો તેણે વસ્તુઓને જ જુદી જુદી માની નથી.

## (૭૧) 'હું પરનું કરું' એ માન્યતામાં સ્વ-પરનું ખૂન થાય છે.

'હું બહારનું કરું' એ માન્યતામાં સ્વ અને પર બંને વસ્તુઓના સ્વભાવનું ખૂન થાય છે. 'હું પરનું કરું' એટલે જાણે કે પરવસ્તુઓ તો સ્વતંત્ર સત્ પદાર્થ જ ન હોય ! અને 'હું પરનું કરું' એટલે જાણે કે મારી હ્યાતી પરમાં જ હોય ! આવી માન્યતાવાળો જીવ પરાવલંબનથી કદી છૂટે નહિ અને પરથી જુદા આત્મસ્વભાવની રુચિ-શ્રદ્ધા કદી કરે નહિ. આચાર્યદેવ કહે છે કે હે ભાઈ, તું તારા જ્ઞાનસ્વરૂપને પરથી તદ્દન જુદું જાણ, ને પરમાં અહંકાર છોડ. શરીર બગડે ત્યાં તેને સૂધારવાની કલ્પના કરે પણ જીવની કલ્પના શરીરમાં ચાલે નહિ, એટલે કે તે કલ્પના વ્યર્થ જાય છે. માટે શરીર અને તે તરફની થતી કલ્પનાઓ તે બંનેથી તારું સ્વરૂપ જુદું છે, તેમના આશ્રયે તારું જ્ઞાન જાણતું નથી. પણ જ્ઞાનથી ભરપૂર તારા અખંડ ચૈતન્યસ્વભાવનો આશ્રય કરીને જ્ઞાન જાણે છે; એવા જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા અને જ્ઞાન કરવા તે અપૂર્વ આત્મધર્મ છે.

## (૭૨) પરથી ભિન્ન આત્માને જાણે નહિ ત્યાંસુધી સામાયિક વગેરે કોઈ પ્રકારનો ધર્મ થાય નહિ.

જેવો પોતાનો આત્મા છે તેને જાણે નહિ અને તે આત્માના જ્ઞાનસ્વભાવનો મહિમા પોતાને આવે નહિ ત્યાંસુધી સમભાવરૂપ સામાયિક ક્યાંથી હોય? મિથ્યાત્વાદિ પાપોથી પાછા ફરવારૂપ પ્રતિક્રમણ પણ શેનું હોય? અને પરભાવોના ત્યાગરૂપ પચ્ચખ્ખાણ પણ ક્યાંથી હોય? પોતાના ચૈતન્યસ્વભાવને જાણે નહિ ને પર સાથે આત્માની એકતા માને તે જીવ કદી પરના સંબંધથી જુદો થાય નહિ ને સ્વભાવમાં આવે નહિ, એટલે કે તેને મુક્તિ થાય નહિ; તેમજ કોઈ પણ પ્રકારનો ધર્મ તેને હોય નહિ.

## (૭૩) જ્ઞાન અને જ્ઞેયનું સ્વતંત્ર પરિણમન

જ્ઞાનનો સ્વભાવ પદાર્થોને જેમ હોય તેમજ જાણવાનો છે. સામે જેવો પદાર્થ હોય તેવો જ જ્ઞાનના ખ્યાલમાં આવે, પરંતુ ત્યાં સામા પદાર્થને કારણે જ્ઞાન નથી. જ્ઞાન પોતાની શક્તિથી જ પોતાની લાયકાત પ્રમાણે જાણે છે. જ્ઞાન વિપરીત ન જાણે પણ જેમ હોય તેમ જાણે તે તેનો સ્વભાવ છે.

જુઓ, અત્યારે ઘડીયાળમાં નવમાં દસ મીનીટ ઓછી છે, જ્ઞાન તેમ જ જાણે છે, વાણી પરિણમે તો તે પણ 'નવમાં દસ કમ' એમ પરિણમે છે, અને તે વાણી સાંભળતાં સામા જીવને પણ તેવું જ જ્ઞાન થાય છે કે નવમાં દસ કમ છે. ત્યાં ઘડીયાળનું પરિણમન સ્વતંત્ર છે, જ્ઞાન સ્વતંત્ર છે, વાણી સ્વતંત્ર છે અને સામા જીવનું જ્ઞાન પણ સ્વતંત્ર છે. આખું વિશ્વ સ્વતંત્રપણે બદલી રહ્યું છે. અનેક પદાર્થોની ક્રિયા એક કાળે થવા છતાં દરેક પદાર્થ સ્વતંત્ર છે.

## (૭૪) અનેક પદાર્થોની હ્યાતીનો એક કાળ હોવા છતાં એકબીજાને કાંઈ સંબંધ નથી

જુદા જુદા પદાર્થોની ક્રિયાઓ એક કાળે થાય છે, ત્યાં વસ્તુના જુદા સ્વભાવને નહિ જોનારો અજ્ઞાની જીવ એક બીજા પદાર્થોને કર્તાકર્મપણાનો મેળ માની લે છે. પણ જુદા પદાર્થોને મેળ કેવો? એક કાળે બે પદાર્થોનું કાર્ય થાય તેથી શું? આ જગતમાં એવો ક્યો કાળ છે કે જે કાળે છએ દ્રવ્યોનું કાર્ય ન થતું હોય? આત્મા અને પરમાણુ અનાદિકાળથી એક જગ્યાએ રહેલાં છે, એક જ કાળમાં બંનેની હ્યાતી છે; એ પદાર્થોની હ્યાતીનો કાળ એક હોય તેથી કાંઈ તે પદાર્થોની એકતા થઈ જતી નથી. દરેક પદાર્થની સ્વતંત્ર હ્યાતી છે, ને દરેક પદાર્થ પોતપોતાના સ્વકાળમાં જ પરિણમે છે. ત્રિકાળી દ્રવ્યના આશ્રયે સત્‌ની સ્વતંત્રતા અજ્ઞાનીને ભાસતી નથી અને તે સ્વ-પરને સંબંધ માને છે. -એકતા માને છે, તેથી પરથી જુદા સ્વભાવનો આશ્રય તેને થતો નથી અને તેને મુક્તિ કે મુક્તિનો ઉપાય થતો નથી. અને જે જીવ યથાર્થ પણે સ્વ-પરની ભિન્નતા જાણે છે તે જીવ પરાશ્રય છોડીને સ્વાશ્રય કરે છે ને સ્વાશ્રયે કેવળજ્ઞાન થતાં તે બધાય પદાર્થોને એક સાથે પ્રત્યક્ષ જાણે છે. પણ તેને રાગ-દ્વેષ હોતાં નથી. પહેલાં રાગ-દ્વેષમાં અટકતું ત્યારે જ્ઞાન પૂરું જાણતું ન હતું, હવે સ્વભાવમાં લીન થયેલું જ્ઞાન પૂરું જાણે છે ને રાગ-દ્વેષમાં અટકતું નથી, ને તે જ્ઞાનમાં જરાય દુઃખ નથી.

## (૭૫) સ્વતંત્ર વસ્તુસ્વભાવ

જ્ઞાન તેના જ્ઞાનસ્વભાવથી પૂરું છે અને રૂપ તેના રૂપસ્વભાવથી પૂરું છે. બીજા અનંત પદાર્થો તેને અન્યથા બદલાવવા માંગે તોય તેને બદલાવી ન શકે. કેમ કે વસ્તુસ્વભાવ પોતાથી જ પૂરો છે, તેના ઉપર

બીજાની સત્તા ચાલે નહિ. રૂપ તે પરમાણુનો સ્વભાવ છે, તે રૂપને બદલાવીને તેને રસ વગેરે રૂપે કરવાની કોઈની તાકાત નથી. જે જીવ પરને ફેરવવાનું માને તે જીવ, પરને તો કાંઈ ફેરવી શકે નહિ પણ ઊંધા અભિપ્રાયથી પરાશ્રયે પોતે માત્ર દુઃખી થાય.

## (૭૬) વર્તમાન અંશને સ્વતંત્ર જાણતાં ધર્મ થાય છે

આત્મા પોતાના જ્ઞાન સુખ વગેરે અનંત સ્વભાવથી પૂરો છે, તેનો વર્તમાન અંશ પણ સ્વતંત્ર છે, તે અંશ ત્રિકાળી દ્રવ્યના અવલંબન વગર-કાંઈ અદ્ધરથી-થતો નથી. એટલે ખરેખર જેણે વર્તમાન અંશને સ્વતંત્ર માન્યો છે તેની દૃષ્ટિ અંશી ઉપર જાય છે; ત્રિકાળી દ્રવ્યની શ્રદ્ધા થઈ કે મારી શ્રદ્ધા-જ્ઞાન વગેરે સર્વે અવસ્થાઓ આ દ્રવ્યના આધારે છે, ત્યાં સમ્યક્‌શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાનરૂપ ધર્મ થયો.

## (૭૭) એકેક સમયની જ્ઞાનની સ્વતંત્ર લાયકાત

**પ્રશ્નઃ-** બહેરો માણસ દૂર બેઠો હોય તો સાંભળી નથી શકતો અને નજીક હોય તો સાંભળી શકે છે, માટે વાણીના અવલંબને જ જ્ઞાન થયુંને?

**ઉત્તરઃ-** એમ નથી, જ્ઞાનની લાયકાત અનુસાર જ જ્ઞાન થાય છે. દૂર કે નજીક એટલે શું? જ્ઞાન તો કાંઈ વાણીમાં જતું નથી, જ્ઞાન તો પોતાના સમયમાં રહીને જ કામ કરે છે. દૂર છે તે વખતનો જ્ઞાનનો સમય (-અર્થાત્ જ્ઞાનનો પર્યાય) જુદો છે, અને નજીક છે તે વખતનો જ્ઞાનનો સમય જુદો છે, તે બંને વખતનો જ્ઞાનનો સમય પોતપોતાના સમયમાં જુદું જુદું કાર્ય કરે છે. દૂર વખતે જ્ઞાનની લાયકાત અનુસાર

જ્ઞેયોના સંયોગ પણ ભિન્ન ભિન્ન લાયકાત અનુસાર જ્ઞેયોનો સંયોગ પણ ભિન્ન ભિન્ન પ્રકારનો હોય છે, ત્યાં પરસંયોગની હાજરીને લીધે જ્ઞાન થાય- એમ જે માને છે તે જીવ પોતાના સ્વતંત્ર જ્ઞાનસામર્થ્યનું ખૂન કરે છે. તે જ પ્રમાણે બીજા પદાર્થોની અવસ્થા તે તે પદાર્થની લાયકાત પ્રમાણે થાય છે, તે વખતે પોતાની હાજરી હોય તેથી, 'મારે લીધે આ કાર્ય થયું' એમ જે માને છે તે પણ અજ્ઞાની છે.

## (૭૮) જડની પર્યાય હું કરું -એમ માનનારે વસ્તુને જ સત્ માની નથી.

જેમ ત્રિકાળીદ્રવ્ય સ્વતંત્ર છે, તેનો કોઈ કર્તા નથી તેમ તેના પર્યાયો પણ સ્વતંત્ર છે, તેનો કોઈ કર્તા નથી. કોઈ કહે કે- 'પરમાણુ દ્રવ્ય તો સ્વતંત્ર છે, તે કોઈએ બનાવ્યું નથી, પણ તેની અવસ્થા મારે લઈને થાય છે, જેવી અવસ્થા હું કરું તેવી થાય છે.' એમ માનનાર જીવે પરમાણુ દ્રવ્યને જ સ્વતંત્ર નથી માન્યું. કેમ કે, શું દ્રવ્ય તેની અવસ્થા વગરનું હોય? -કે બીજો તેની અવસ્થાને કરે? પર વસ્તુના દ્રવ્યગુણને તો હું કરી ન શકું પણ પર્યાયને હું કરી શકું -એમ જેણે માન્યું તેણે દ્રવ્યગુણને પર્યાય વગરના જ માન્યા છે એટલે કે ખરી રીતે દ્રવ્ય-ગુણને જ માન્યા નથી. જો દ્રવ્ય-ગુણને સ્વતંત્ર જાણે તો તેના પર્યાયોને પણ તેના આધારે સ્વતંત્ર જ માને. મારા સ્વભાવના આધારે મારું જ્ઞાન સમયે સમયે થાય છે -એમ સ્વીકારનારું જ્ઞાન ત્રિકાળી દ્રવ્ય સાથે અભેદ થાય છે. જ્ઞેય પદાર્થોની જુદી જુદી અવસ્થાઓને કારણે મારા જ્ઞાનની જુદી જુદી અવસ્થાઓ થતી નથી, પણ ત્રિકાળ જ્ઞાનસ્વભાવના આધારે જ મારી અવસ્થાઓ થાય છે- આ પરના અવલંબનને છોડીને પોતાના સ્વભાવના અવલંબને શ્રદ્ધા-

જ્ઞાન-સ્થિરતા કરતાં ધર્મ થાય છે; અને એવા સ્વાવલંબનમાં જ આખા સત્‌નો-આખા આત્માનો સ્વીકાર છે.

એ રીતે, આત્માના જ્ઞાનસ્વભાવે રૂપથી સ્પષ્ટપણે ભિન્ન બતાવ્યો. હવે વર્ણથી ભિન્નતાનું વર્ણન કરી.

(૪)

卐 સં. ૨૪૭૪ : શ્રાવણ વદ ૧૪ ગુરુવાર 卐

## (૭૯) સુખ ક્યાં છે? અને કેમ થાય?

જેને આત્માનું સાચું સુખ જોઈતું હોય તેણે શું કરવું? -કઈ ક્રિયા કરવાથી સાચું સુખ થાય? તે વાત ચાલે છે. સુખ મેળવવાના જિજ્ઞાસુ જીવે પહેલાં એ નક્કી કરવું જોઈએ કે સુખ ક્યાં છે? આત્મા સિવાય કોઈ બીજા પદાર્થોમાં આત્માનું સુખ નથી. શરીર વગેરે બધા પર પદાર્થો આ આત્માથી ખાલી છે, અને આત્મા તે પદાર્થોથી ખાલી છે; તો જ્યાં આ આત્માનું હોવાપણું નથી ત્યાંથી આત્માનું સુખ આવે નહિ. જ્યાં સુખ હોય તેમાંથી સુખ પ્રગટે, ન હોય તેમાંથી પ્રગટે નહિ. આત્મા પોતાના જ્ઞાન અને સુખ સ્વભાવથી ભરેલો છે, પુણ્ય-પાપ કે પરવસ્તુઓથી તે શૂન્ય છે, એટલે તેઓમાં જ્ઞાન કે સુખ નથી.

આત્મા પરથી ખાલી છે- એમ કહેતાં કાંઈ આત્માનો સર્વથા અભાવ થતો નથી, કેમ કે તે પોતાના સ્વભાવથી પરિપૂર્ણ ભરેલો છે. કોઈ વસ્તુ પોતે પોતાના સ્વભાવથી ખાલી ન હોય અને એક વસ્તુમાં બીજાનો પ્રવેશ કદી હોય નહિ. દરેક વસ્તુ પોતાના સ્વભાવથી પૂરી છે. આત્મા પોતે જાણવું- દેખવું -શ્રદ્ધા-સુખ-ચારિત્ર-વીર્ય વગેરે અનંત શક્તિઓથી ભરેલો છે, એવા આત્મસ્વભાવની શ્રદ્ધા અને સ્થિરતા કરતાં આત્મા પોતે જ સુખરૂપે પરિણમે છે, આત્મામાંથી જ સુખનો પ્રવાહ વહે છે. આત્મામાં જ પરિપૂર્ણ સુખ છે, પરમાં

ક્યાંય સુખ નથી તેમ જ પર પદાર્થો સુખનાં સાધન પણ નથી- એમ નક્કી કરે તો પર પદાર્થોમાંથી સુખબુદ્ધિ ટળે અને જેમાંથી સુખ ઝરે છે એવા આત્મદ્રવ્યનું લક્ષ થાય, ને તેના આશ્રયે સુખનો અનુભવ થાય. પણ શરીર-પૈસા-સ્ત્રી વગેરે પર પદાર્થોમાં જ સુખ ભાસતું હોય તે જીવ ત્યાંથી ખસીને આત્મસ્વભાવ તરફ વળવાનો પ્રયત્ન કરે નહિ, ને તેને સાચું સુખ થાય નહિ.

## (૮૦) સ્વભાવની એકતાના આશ્રયે સુખ છે, ને સંયોગની અનેકતાના આશ્રયે દુઃખ છે.

આત્મા અનંતગુણનો પિંડ એક અસંયોગી વસ્તુ છે, અને બહારના સંયોગો તો અનેક પ્રકારના છે. તેમાં સ્વભાવની એકતાના આશ્રયે રાગાદિ દુઃખ થાય છે. માટે જેને સુખ જોઈતું હોય તેને પોતાના સ્વભાવનો જ આશ્રય કરવા યોગ્ય છે. અનેક પ્રકારના સંયોગોનો આશ્રય કરવા જતાં દૃષ્ટિમાં અનેકતા થાય છે ને આકુળતા જ ઉત્પન્ન થાય છે. બહારમાં અનેક પ્રકારના સંયોગો હોવા છતાં તેનાથી ભિન્ન પોતાના એક સ્વભાવને આશ્રય કરે તો અનંતગુણથી ભરપૂર પોતાના સ્વભાવના આશ્રયે સુખ થાય છે. આત્મદ્રવ્યના લક્ષે એકાગ્રતા કરતાં પર સાથેની એકત્વબુદ્ધિ ટળી જાય છે ને અજ્ઞાન ટળતાં સમ્યગ્જ્ઞાન થાય છે; તે જ ધર્મ છે અને તે જ સુખ છે.

શરીર-મન-વાણી-સ્ત્રી-પુત્ર-લક્ષ્મી કે દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે સંયોગો અનેક પ્રકારના છે, તે સદા એક સરખા રહેતા નથી, માટે તેનો આશ્રય કરવા જતાં જ્ઞાન સ્થિર થતું નથી એટલે તેના આશ્રયે આત્માને સુખ થતું નથી. આત્માનો અસંયોગી ચૈતન્યસ્વભાવ છે તે કાયમ એકરૂપ રહે છે, તેની રુચિ અને વિશ્વાસ કરીને તેનો આશ્રય કરે તો તેમાં જ્ઞાન સ્થિર થાય છે ને આનંદ પ્રગટે છે.

આત્મા અનાદિઅનંત એકરૂપ ટકનાર દ્રવ્ય છે, અને ક્ષણે ક્ષણે તેની નવી નવી અવસ્થા થયા કરે છે. તે વર્તમાન અવસ્થા જો સંયોગની રુચિ કરે તો અનેક પ્રકારના સંયોગોના આશ્રયે અનેક પ્રકારનો વિકાર જ થાય છે; અને જો વર્તમાન અવસ્થા ત્રિકાળી એકરૂપ દ્રવ્યનો આશ્રય કરે તો દ્રવ્યપર્યાયની એકતા થાય છે ને શુદ્ધતા જ પ્રગટે છે.

સ્વભાવ એક છે અને પર પદાર્થો અનેક છે. વર્તમાન શ્રદ્ધામાં-રુચિમાં અનેક પરપદાર્થનો આશ્રય કરે તો એકરૂપ સ્વભાવનો અનાદર થાય છે, ને વિકારનો આદર થાય છે. અનેક પ્રકારના સંયોગોને કારણે તેવું જ્ઞાન થતું નથી, જ્ઞાનની જ તેવી લાયકાત સંયોગોને કારણે તેવું જ્ઞાન થતું નથી, જ્ઞાનની જ તેવી લાયકાત હોવાથી જ્ઞાન તેને જાણે છે. પણ અજ્ઞાની જીવ પોતાના એકરૂપ જ્ઞાનસ્વભાવને નહિ જાણતો હોવાથી, જાણે કે અનેક જ્ઞેયો ફરતાં તેને કારણે મારું જ્ઞાન ફર્યું -એમ તે માને છે, તેથી સ્વને ભૂલીને પરને જાણવામાં અને તેમાં હર્ષ-શોક કરવામાં જ તે અટકી જાય છે. જ્ઞાનસ્વભાવના આશ્રયે એક સાથે બધા પદાર્થોને જાણવાનો પોતાનો સ્વભાવ છે તેની જેને ખબર નથી તે પર પદાર્થોથી જ્ઞાન માને છે, જ્ઞેયોને કારણે જ્ઞાન માનતો હોવાથી તેને અનેક પરને જાણવાનો હરખ લાગે છે- ઘણા પદાર્થોને જાણી લઉં તો સુખ થાય- એમ તે માને છે. તેથી તે જીવ જ્ઞેયોની સાથે એકત્વબુદ્ધિ કરે છે, જ્ઞેયોનો આશ્રય છોડીને જ્ઞાનસ્વભાવનો આશ્રય કરતો નથી. એકરૂપ જ્ઞાનસ્વભાવના આશ્રય વગર કદી સાચું સુખ થતું નથી. સંયોગોના આશ્રયે તો મિથ્યાત્વ, અજ્ઞાન ને પુણ્ય-પાપરૂપ વિકારી ક્રિયા થાય છે તે અધર્મ છે-દુઃખ છે.

## (૮૧) આત્માનું મૂળ સ્વરૂપ શું? અને તે કેમ ઓળખાય?

જેમ-પાણીનો મૂળ સ્વભાવ ઠંડો છે, પણ પોતાથી વિરુદ્ધ એવા અગ્નિનો આશ્રય કરે તો તે ઉષ્ણદશારૂપે થાય છે. તેમ આત્માનો જ્ઞાનસ્વભાવ શીતળ-આનંદમય છે, પણ જો તે સ્વભાવનો આશ્રય છોડીને પર સંયોગના આશ્રયે પરિણમે તો અવસ્થામાં પુણ્ય-પાપ-વિકાર થાય છે. જેમ ઉષ્ણતા તે પાણીનું ખરૂં સ્વરૂપ નથી તેમ વિકારીભાવો આત્માનું ખરૂં સ્વરૂપ નથી. ઉષ્ણતા વખતે જ પાણીનો શીતળ સ્વભાવ છે, તે શીતળ સ્વભાવ પાણીમાં હાથ નાંખવાથી જણાતો નથી, આંખથી દેખાતો નથી, કાન-નાક કે જીભથી તે જણાતો નથી, પણ જ્ઞાનદ્વારા જ જણાય છે. તેમ વિકાર વખતે આત્માનો ત્રિકાળ શુદ્ધ સ્વભાવ છે તે કોઈ બાહ્ય ક્રિયાથી કે રાગથી જણાતો નથી પણ અંતર્‌સ્વભાવ તરફ વળતાં, જ્ઞાનથી જ જણાય છે. વિકારતા લક્ષે વિકાર ટળતો નથી, પણ વિકારનું લક્ષ છોડી, ત્રિકાળ વીતરાગ સ્વરૂપ નિજ ચૈતન્યસ્વભાવનો આશ્રય કરતાં વિકાર ટળી જાય છે. માટે જ્ઞાન-આનંદસ્વરૂપ પોતાના આત્માની શ્રદ્ધા કરવી તે જ પહેલો ધર્મ છે.

ઉષ્ણતા તે પાણીનો સ્વભાવ નથી, પાણીનો સ્વભાવ તો ઊકળાટને મટાડવાનો છે. તેમ આત્માનો સ્વભાવ વિકારનો કર્તા નથી, પણ વિકારનો ટાળનાર છે. વિકારીભાવોથી થતો આ સંસારના ભવભ્રમણનો ઊકળાટ ટાળવા માટે શાંત ચૈતન્યસ્વરૂપમાં ઢળવું જોઈએ. હું એક ચૈતન્ય છું, ને આ સંયોગો દેખાય છે તે બધા મારાથી ભિન્ન છે, સંયોગના લક્ષે જે ભાવો થાય તે વિકાર છે, તે પણ મારું સ્વરૂપ નથી, જાણવું-દેખવું ને આનંદનો અનુભવ કરવો તે જ મારું સ્વરૂપ છે. -આમ પોતાના ચૈતન્યસ્વરૂપની સમજણ કરવી તે ધર્મ

છે. સ્વભાવ સમજીને તેમાં ઠરતાં અજ્ઞાન અને વિભાવ ટળી જાય છે. ત્રણેકાળે ધર્મની રીત એક જ છે. આત્મસ્વભાવ સિવાય અરિહંત કે સિદ્ધભગવાન વગેરે કોઈપણ પરદ્રવ્યના આશ્રયે ધર્મ સમજાતો નથી પણ વિકાર અને દુઃખ જ થાય છે. ત્રણે કાળે પોતાના એકરૂપ સ્વભાવના આશ્રયે જ ધર્મ સમજાય છે.

## (૮૨) આત્માનો તરવાનો સ્વભાવ કેમ જાણાય?

લાકડાનો સ્વભાવ પાણીમાં તરવાનો છે; તેનો તે સ્વભાવ કઈ રીતે જણાય? લાકડાના કટકા કરી નાંખે તો તેનો તરવાનો સ્વભાવ દેખાય નહિ, કેમ કે તે આંખેથી દેખાય તેવો નથી, મોઢામાં નાંખીને લાકડાને ચાવે કે અગ્નિમાં બાળે તોય તેનો સ્વભાવ જણાય નહિ, લાકડું ઘસીને શરીરે ચોપડે તોય તેનો તરવાનો સ્વભાવ ન જણાય. એ રીતે કોઈ ઈંદ્રિયોવડે લાકડાનો સ્વભાવ પણ જણાતો નથી, પણ પોતાના જ્ઞાનને લંબાવવાથી જ લાકડાનો સ્વભાવ જણાય છે. અથવા પાણીમાં લાકડું પડ્યું હોય તે તરે છે- એમ જોવાથી જ તેનો સ્વભાવ નક્કી કરી શકાય છે. લાકડાની જેમ આ ચૈતન્યમૂર્તિ આત્મા જાણનાર-દેખનાર સ્વભાવવાળો છે, તેનો સ્વભાવ પણ તરવાનો છે, વિકારમાં તેનો જ્ઞાનસ્વભાવ બૂડતો નથી પણ વિકારથી છૂટો ને છૂટો રહે છે એટલે કે તરે છે. ચૈતન્યનો સ્વભાવ રાગાદિથી એકમેક થઈ જવાનો નથી પણ છૂટો રહેવાનો છે. તે આત્મસ્વભાવ કઈ રીતે જણાય? કોઈ પર સામે જોવાથી કે વિકારથી કે ઈંદ્રિયજ્ઞાનથી તે જણાતો નથી. આત્મસ્વભાવને જાણવાનો એક જ ઉપાય છે કે ત્રિકાળી આત્મસ્વભાવ તરફ પોતાના જ્ઞાનને લંબાવવું. જ્ઞાનને પોતાના સ્વભાવમાં વાળીને સ્વભાવને જુઓ તો જ આત્માનો તરવાનો સ્વભાવ જણાય છે.

જેમ લાકડાની નાની કટકી હોય કે મોટું પાંચસો મણનું લાકડું હોય, પણ બંનેનો તરવાનો સ્વભાવ છે, તે જાણવાની રીત એક જ છે કે તેને પાણીમાં મૂકવું; તેમજ, જેમ ઊના પાણીના ઠંડો સ્વભાવ જાણવાની એક જ રીત છે. કે તેને ઠારવું. પણ ઊના પાણીમાં ઊંડો હાથ નાંખે તો કાંઈ તેની ઠંડાશ જણાય નહિ. આ બંને દૃષ્ટાંતો છે. તેમ આત્માનો જ્ઞાનસ્વભાવ છે, તે વિકારમાં ડુબતો નથી પણ તેનાથી જુદો ને જુદો ઉપર તરે છે. તે જ્ઞાનસ્વભાવને જાણવા માટે વર્તમાન પર્યાય સામે જોયા કરે તો તે જણાય નહિ. જે આત્મસ્વભાવ છે તેમાં પોતાના જ્ઞાનને વાળવાથી જ તે જણાય છે. બહારના અનેક સંગ અને પર્યાયનો ક્ષણિક વિકાર તેને ન જોતાં, પોતાનો અસંગસ્વભાવ ચૈતન્યથી પરિપૂર્ણ છે, તે સ્વભાવનો વિશ્વાસ કરીને જ્ઞાનને સ્વભાવમાં જોડે તો જ સ્વભાવ જણાય છે ને સમ્યગ્જ્ઞાન થાય છે. એક પ્રકારના સ્વભાવને આશ્રયે પર્યાયો પણ એક પ્રકારના (-શુદ્ધરૂપ) થાય છે, તે જ ધર્મ છે.

અહીં આચાર્યદેવ જ્ઞાનસ્વભાવનું પરથી જુદાપણું સમજાવે છે. પરથી જ્ઞાન જુદું છે માટે પરના આશ્રયે આત્માનું જ્ઞાન થતું નથી. જ્ઞાન તો આત્મસ્વભાવના જ આશ્રયે થાય છે. આત્માનો જ્ઞાનસ્વભાવ પોતાથી પૂરો છે, તેના જ આશ્રયે સમ્યગ્જ્ઞાન થાય છે. રૂપથી જ્ઞાનનું જુદાપણું સમજાવ્યું. હવે વર્ણથી જ્ઞાનનું જુદાપણું વર્ણવે છે.

## * વર્ણથી જ્ઞાનનું જુદાપણું *

**'વર્ણ જ્ઞાન નથી, કારણ કે વર્ણ પુદ્‌ગલદ્રવ્યનો ગુણ છે, અચેતન છે; માટે જ્ઞાનને અને વર્ણને વ્યતિરેક છે અર્થાત્ જ્ઞાન અન્ય છે અને વર્ણ અન્ય છે.'**

રૂપ અને વર્ણ એ બંને આંખના વિષયો છે, પણ તેમાં ફેર એટલો છે કે રૂપ કહેવાથી વસ્તુના આકારની મુખ્યતા છે અને વર્ણ કહેવાથી તેના રંગની મુખ્યતા છે.

## (૮૩) વર્ણથી જ્ઞાન માને તો અધર્મ

વર્ણ એટલે રંગ; લાલ, પીળો, લીલો, કાળો અને ધોળો, એ પાંચ પ્રકારના રંગ છે; તે અચેતન પુદ્‌ગલના રંગ ગુણની અવસ્થાઓ છે. માથામાં કાળા વાળ હોય, ત્યાં એમ માને કે આ વાળને દેખવાથી મને તેનું જ્ઞાન થયું, તો તે જીવ પોતાના જ્ઞાનસ્વભાવની રુચિ છોડીને વાળની રુચિ કરે એટલે તેને અધર્મ થાય છે, અને જો એમ સમજે કે કાળા વાળ વગેરેના અવલંબને હું જાણતો નથી, તો તે જીવને ત્રિકાળ જ્ઞાનસ્વભાવની રુચિથી તેના આશ્રયે સમ્યગ્જ્ઞાન થાય અને વાળ વગેરે પરવસ્તુની રુચિ ટળે, તે ધર્મ છે.

## (૮૪) શરીરના રૂપમાં સુખ નથી, આત્મામાં સુખ છે

શરીરનો ઉજળો રંગ હોય કે કાળો હોય તે જડ છે, તેનાથી જ્ઞાન જુદું છે. શરીર રૂપાળું હોય તેમાં આત્માનું સુખ નથી, સુંદર ચામડાવાળી સ્ત્રી વગેરેમાં આત્માનું સુખ નથી, શરીરનો રંગ તો અચેતન છે. તેમાં સુખ કે જ્ઞાન માનવું તે મિથ્યાત્વ ને અધર્મ છે. રૂપ-રંગમાં જેણે સુખ માન્યું તે પોતાનું જ્ઞાન રંગમાં જોડે છે, પણ આત્મામાં જોડતો નથી, તેને ધર્મ થતો નથી. રંગ વગેરે અચેતન છે ને મારો આત્મા ચેતન છે, મારા ચેતન સ્વભાવના આશ્રયે જ મારું જ્ઞાન ને સુખ છે- એમ પોતાની અવસ્થાને ત્રિકાળી દ્રવ્યસ્વભાવમાં વાળવાથી જ અવસ્થામાં સમ્યગ્જ્ઞાન ને સુખ પ્રગટે છે. જેમ પાણીથી ખાલી ઘડો હોય તેમાંથી પાણી ઝરે નહિ -ટપકે નહિ પણ જે ઘડો

પાણીથી ભર્યો હોય તેમાંથી પાણી ઝરે-ટપકે તેમ રૂપાળું શરીર વગેરે પર વસ્તુઓ તો જ્ઞાન અને સુખથી ખાલી છે -એચતન છે -આત્માથી જુદી છે તેમાંથી જ્ઞાન કે સુખ ટપકે નહિ -ઝરે નહિ -પરિણમે નહિ. પોતાનો આત્મા ત્રિકાળી જ્ઞાન અને સુખ સ્વભાવથી ભરપૂર છે, તેની રુચિ કરીને તેના અવલંબને પરિણમતાં અવસ્થામાં જ્ઞાન અને સુખ ટપકે છે-ઝરે છે-દ્રવે છે. પોતાના સ્વભાવમાં સુખ અને જ્ઞાન ભર્યા છે તેને જૂએ નહિ અને બહારમાં જોયા કરે તો સુખ કે જ્ઞાન કદી થાય નહિ.

## (૮૫) જ્ઞાન આત્માનો આશ્રય કરે તે ધર્મ છે, પરનો આશ્રય કરે તે અધર્મ છે

આત્માની જે અવસ્થા વર્ણ વગેરે પરનો આશ્રય કરે તે અવસ્થામાં રાગાદિ સાથે એકતા થાય છે, તે અધર્મ છે. અને જો એકરૂપ દ્રવ્યસ્વભાવનો આશ્રય કરે તો રાગાદિ સાથે એકતા તૂટે છે ને સ્વભાવમાં અભેદતા થાય છે, -ધર્મ થાય છે ને અધર્મ ટળે છે.

જેમ બજારમાં કોઈની દુકાને મોટો અરીસો ટાંગ્યો હોય, અને રસ્તા ઉપરથી પસાર થતી રંગબેરંગી મોટરો, માણસો, વસ્ત્રો વગેરે તેમાં જણાય-પ્રતિબિંબ દેખાય, ત્યાં અરીસો કાંઈ પદાર્થો તરફ જતો નથી ને પદાર્થો અરીસામાં આવી જતા નથી. તેમ જ્ઞાનસામર્થ્ય એવું છે કે તેમાં પરવસ્તુઓ જણાય છે, પણ ખરેખર તો તેવી જ્ઞાનની જ લાયકાત છે, પદાર્થોના કારણે જ્ઞાન નથી, તેમજ પદાર્થો જ્ઞાનમાં પ્રવેશી જતા નથી. આમ હોવા છતાં જે જ્ઞાન પોતાના સ્વભાવનો આશ્રય કરતાં વર્ણાદિનો આશ્રય કરે છે તે મિથ્યા છે, અચેતન છે.

## (૮૬) પરથી ભિન્ન જ્ઞાનસ્વભાવને અનુભવવાનો ઉપાય

વર્ણ અને જ્ઞાનને જુદાઈ છે એમ કહેતાં જ વર્ણ તે વર્ણરૂપે છે- એમ સિદ્ધ થાય છે. આ જગતમાં બધુંય બ્રહમસ્વરૂપ છે -એમ નથી; તેમ જ જે ચિત્ર-વિચિત્ર રંગ વગેરે દેખાય છે તે ભ્રમરૂપ નથી પણ સત્ છે, જગતના પદાર્થો છે. અને જ્ઞાનસ્વભાવી આત્મા પણ સ્વતંત્ર પદાર્થ છે. રંગ છે માટે જ્ઞાન છે- એમ નથી. જ્ઞાન આત્માના આશ્રયે છે અને વર્ણ પુદ્ગલના આશ્રયે છે. -આમ જ્ઞાનને અને વર્ણને સ્પષ્ટપણે જુદાઈ છે. વર્ણથી ભિન્ન જ્ઞાનસ્વભાવને અનુભવવાનો ઉપાય એ છે કે જ્ઞાનનું લક્ષ વર્ણ તરફથી છોડીને ત્રિકાળી સ્વભાવની રુચિ કરીને તે સ્વભાવ તરફ વાળવું. જે જ્ઞાન સંયોગો તરફ જ જોયા કરે તે જ્ઞાન આત્મસ્વભાવને જાણી શકે નહિ. પણ સર્વે સંયોગો તરફથી લક્ષ ઉઠાવી લઈને એક સ્વભાવ તરફ જ એકાગ્ર થતાં સમ્યગ્જ્ઞાન થાય છે. ખરેખર તો પોતાના પરિપૂર્ણ સ્વભાવને લક્ષમાં લઈને તેમાં જ્ઞાન ઠરે ત્યાં બાહ્ય સંયોગોનું લક્ષ છોડવું પડતું નથી પણ સ્વયમેવ છૂટી જાય છે.

## (૮૭) ક્યું જ્ઞાન આત્માને જાણે?

અસ્તિ સ્વભાવથી આત્મા જ્ઞાનથી પરિપૂર્ણ છે અને નાસ્તિથી શાસ્ત્રના અક્ષરો, રૂપ, રંગ વગેરેથી આત્મા જુદો છે; વર્ણ વગેરેમાં આત્માની નાસ્તિ છે એટલે તે વર્ણાદિના લક્ષે થતું જ્ઞાન તે પણ ખરેખર આત્માનું સ્વરૂપ નથી. આત્માના આશ્રયે જે જ્ઞાન કાર્ય કરે તેને આત્માનું સ્વરૂપ કહેવાય. આત્માનો સ્વભાવ આત્માની રીતે- આત્માના લક્ષે સમજવા માગે તો સમજાય. આત્મા થઈને આત્માને સમજવા માગે તો સમજાય. પણ પોતાને નમાલો, જડના

આશ્રયવાળો માને તો આત્મા સમજાય નહિ. આત્માનું જે જ્ઞાન પરલક્ષે કામ કરે છે તે જ્ઞાન આત્મસ્વભાવ સાથે એકતા કરતું નથી એટલે તે જ્ઞાન આત્માને જાણતું નથી. જ્ઞાનની વર્તમાન અવસ્થા અનેક પ્રકારના પરનો આશ્રય-લક્ષ છોડીને એકરૂપ પરિપૂર્ણ ચૈતન્યસ્વરૂપનો આશ્રય કરે તો આત્મસ્વભાવ સાથે તેની એકતા થાય છે અને તે જ્ઞાન આત્માને યથાર્થ જાણે છે. પછી તે જ્ઞાન સ્વભાવ સાથે એકતા રાખીને પરને પણ યથાર્થ જાણે છે. -આ જ ધર્મની રીત છે, આ સિવાય બીજી કોઈ રીતે ધર્મ થતો નથી.

## (૮૮) રુચિ કરે તો સ્વભાવની સમજણ સહેલી છે

કોઈ લોકો કહે છે કે- આમાં તો અમને કાંઈ ખબર પડતી નથી, કાંઈક બહારની વાત કરો તો ખબર પડે ! તેનો ઉત્તર-બહારના પદાર્થોમાં તો આત્મા છે જ નહિ. બહારના પદાર્થોથી તો આત્મા જુદો છે, તેથી આત્માના ધર્મમાં બહારની વાત કેમ આવે? બહારનું કાંઈ આત્મા કરી શકતો નથી. વળી, બહારની રુચિ હોવાથી બહારનું જ દેખાય છે, તેમ જો અંતર્સ્વભાવની રુચિ કરે તો આ પણ બરાબર સમજાય તેવું છે. પરવસ્તુઓ-શરીરની ક્રિયા વગેરે દેખાય છે તેને કોણ જાણે છે? શરીર-વાણી વગેરે અજીવ પદાર્થો છે તેને કાંઈ ખબર પડતી નથી, પોતે જ તેનો જાણનાર છે. વળી 'મને આમાં કાંઈ ખબર પડતી નથી' -એમ ક્યાંથી નક્કી કર્યું? પોતે પોતાના જ્ઞાનને જાણ્યા વગર તે નક્કી ન થાય. પોતે પોતાના જ્ઞાનને જાણે છે છતાં વિશ્વાસ કરતો નથી. પોતાના જ્ઞાનનો તેમજ પરનો નિર્ણય કરનાર પોતાનું જ્ઞાનસામર્થ્ય છે. પોતાના જ્ઞાનસામર્થ્યનો અવિશ્વાસ તે જ અધર્મ છે. પરની ખબર પણ આત્માને જ પડે છે ને પોતાની ખબર પણ આત્માને જ પડે છે.

અજ્ઞાની મૂઢ જીવોને આત્માની રુચિ નથી અને વિષયોની રુચિ છે તેથી તેને આત્માની સમજણ મોંઘી-દુઃખદાયક-લાગે છે ને વિકાર તથા પરનું કરવાની વાત સહેલી લાગે છે ને તેમાં તેને સુખ ભાસે છે. પુણ્ય કરવાં ને તેનાં ફળ ભોગવવા, વિષયો ભોગવવા, પરનો અહંકાર કરવો-એ બધું અજ્ઞાનીને સહેલું લાગે છે ને રુચે છે, તેથી તેવી વાત તેને ઝટ સમજાય છે, કેમ કે એ તો અનાદિ સંસારથી કરી જ રહ્યો છે. પણ એ બધાથી જુદી આ આત્મસ્વભાવની અપૂર્વ સમજણ છે, તે પોતાના સ્વભાવની વાત તેને રુચતી નથી. સ્વભાવની સમજણ જ ખરેખર સહેલી અને સુખદાયક છે.

## (૮૯) અપૂર્વ શાંતિ કેમ થાય?

આ આત્મા અનાદિ કાળથી તેનો તે જ છે. પણ અનાદિ કાળમાં કદી પણ તેને પોતાના સ્વાધીનસ્વભાવની ઓળખાણ કરીને તેનો આશ્રય કર્યો નથી અને પરનો જ આશ્રય કર્યો છે, તેથી પરના આશ્રયે તેને કદી શાંતિ મળી નથી. આત્માનું સુખ પરમાં નથી, તો પરનો આશ્રય કરવાથી આત્માને સુખ ક્યાંથી થાય? જીવનો પોતાનો સ્વભાવ જ્ઞાન-આનંદથી ભરપૂર છે, તેનો વિશ્વાસ કરીને તેનો આશ્રય કરે તો અપૂર્વ શાંતિસુખ થાય. જેમ લાકડું સમુદ્રના પાણીમાં તરે છે તેમ આત્માની વર્તમાન અવસ્થા ત્રિકાળી ચૈતન્યદરીયામાં પડતાં (અર્થાત્ ત્રિકાળી ચૈતન્યનો આશ્રય કરતાં) તરે છે, એટલે કે મુક્તિ પામે છે.

## (૯૦) જ્ઞાનને પરથી ભિન્ન જાણે તો સંસાર પરિભ્રમણ ટળે

અનેક પ્રકારના પર પદાર્થોને જાણવા છતાં વર્તમાન રુચિમાં સ્વભાવનો આશ્રય રહેવો તે ધર્મ છે. અનેકને જાણનાર પોતે અનેકરૂપે થઈને જાણતો નથી, પણ એકરૂપ સ્વભાવનો આશ્રય રાખીને બધાને

જાણે છે. એવા એકરૂપ જ્ઞાનસ્વભાવનો આશ્રય તે જ ધર્મ છે. આત્મા પર વસ્તુનું કાંઈ કરી શકતો નથી. પરનું ગ્રહણ-ત્યાગ કે ભલું-બૂરું કાંઈ આત્મા કરી શકતો નથી. છતાં અજ્ઞાની જીવ પરનું કરવાનું અભિમાન કરે છે; તેથી તેનું જ્ઞાન અનેક પ્રકારના પરના આશ્રયમાં જ રોકાય છે એટલે તેને પર સાથે એકતાબુદ્ધિપૂર્વક રાગ-દ્વેષ થાય છે, તે અધર્મ છે. પરનું કરવાની બુદ્ધિ હોવાથી પરનો આશ્રય છોડીને સ્વભાવનો આશ્રય કરતો નથી. સ્વભાવના આશ્રય વિના દયા-દાન-ભક્તિ આદિ પુણ્યભાવો કરે તોપણ સંસાર-પરિભ્રમણ જ થાય છે. પણ હું પરનું કાંઈ કરનાર નથી ને પરને કારણે મારું જ્ઞાન નથી - એમ પોતાના જ્ઞાનને પરથી તદ્દન ભિન્ન સમજે તો પરનો અહંકાર છોડીને જ્ઞાન સ્વભાવની રુચિ કરે એટલે ધર્મ થાય, ને સંસાર-પરિભ્રમણ ટળે.

## (૯૧) સમ્યગ્જ્ઞાનનો પુરુષાર્થ

વર્તમાન જ્ઞાનને ચૈતન્યતત્ત્વમાં વાળીને સ્વભાવ સમજવો તે જ સમ્યગ્જ્ઞાનનો પુરુષાર્થ છે. બહારમાં પરને જાણવાનો જ્ઞાનનો વિકાસ તે ખરેખર પુરુષાર્થ નથી. ઝવેરીપણું, ડોક્ટરપણું કે વકીલાતપણું વગેરે કળામાં જ્ઞાનનો જે વિકાસ દેખાય છે તેમાં ખરેખર વર્તમાન પુરુષાર્થનું કાર્ય નથી પણ પૂર્વનો ઉઘાડ વર્તમાન દેખાય છે. ત્યાં બહારના પદાર્થોને કારણે પણ જ્ઞાનનો વિકાસ નથી. વર્તમાનમાં તો ભણીને પછી પૈસા મેળવવાનો પાપ ભાવ છે, તે પાપ ભાવના કારણે જ્ઞાનનો વિકાસ કેમ થાય? જો પાપથી જ્ઞાન ખીલતું હોય તો તો ઘણા પાપ કરવાથી જ્ઞાન ઘણું ખીલીને કેવળજ્ઞાન થઈ જાય ! -પરતું તેમ નથી. વર્તમાનમાં દેડકાં વગેરેને ચીરવાનાં પાપપરિણામ

છે તેના કારણે કાંઈ ડોક્ટરપણાનું જ્ઞાન ઉઘડતું નથી, તે તો પૂર્વનો ઉઘાડ દેખાય છે. અને વર્તમાનમાં જે પાપપરિણામ છે તેને લીધે તો જ્ઞાન હણાતું જાય છે. અહીં પાપપરિણામની તો વાત નથી, પણ શુભપરિણામ કરીને શાસ્ત્ર વગેરે ભણે અને જ્ઞાનનો જે ઉઘાડ દેખાય તે પણ આત્માના કલ્યાણનું ખરેખર કારણ નથી, કેમ કે તે જ્ઞાન પણ રાગના આશ્રયે થયેલું છે. રાગાદિના લક્ષરહિત પોતાના જ્ઞાનસ્વભાવના લક્ષે જે જ્ઞાન ખીલે તે જ સમ્યગ્જ્ઞાન છે, ને તે જ આત્માની મુક્તિનું કારણ છે.

## (૯૨) જીવના વર્તમાન ડહાપણથી પૈસા મળતા નથી

મારા વર્તમાન ડહાપણને કારણે હું પૈસા વગેરે મેળવી શકું -એમ અજ્ઞાની માને છે. પણ ધન મેળવવાનો પાપભાવ છે તેના કારણે ધન આવતું નથી. ધન તો પૂર્વના પુણ્યના કારણે આવે છે. ગાયો કાપનાર મહાપાપી કષાઈ હંમેશાં હજારો રૂપીયા કમાતો હોય છે. ત્યાં શું ગાયો કાપવાની પાપબુદ્ધિનું તે ફળ છે? -વર્તમાન પાપના ફળમાં તો ભવિષ્યમાં નરકના દુ:ખનો સંયોગ થશે; વર્તમાને જે રૂપીયા મળે છે તે પૂર્વના પાપાનુબંધી પુણ્યનું ફળ છે. હિંસા-જુઠું-ચોરી વગેરેના કારણે પૈસા મળતા નથી. તેમ જ સત્ય વગેરે શુભપરિણામ કરે તેને કારણે પણ વર્તમાનમાં પૈસા વગેરે મળતા નથી. કોઈ જીવને વર્તમાનમાં તો પુણ્ય પરિણામ હોય પણ પૂર્વના પાપના ઉદયને કારણે વર્તમાન લક્ષ્મી આદિ ન હોય. બહારના દરેક સંયોગ-વિયોગ થાય તેનો કર્તા આત્મા નથી, ને તે સંયોગના કારણે જ્ઞાન થતું નથી. માટે જેને આત્માનું હિત કરવું હોય તેણે પૈસા વગેરે પર સંયોગની તેમજ બહારના જ્ઞાનની રુચિ છોડીને, અસંયોગ આત્મસ્વભાવની જ રુચિ

કરીને તેની ઓળખાણ કરવી જોઈએ. -આ જ આત્માના હિતનો ઉપાય છે.

## (૯૩) ધર્મ કરવા માટે કોના સામે જોવું?

આ જગતમાં પોતાનો જ્ઞાનસ્વભાવ છે અને જગતની બીજી ચીજો પણ છે. જેને જ્ઞાન અને આનંદ પ્રગટ કરવાં હોય તેણે ક્યાં જોવું? પોતાના જ્ઞાનસ્વભાવને ભૂલીને જો પર સામે જુએ તો દુ:ખ અને અજ્ઞાન જ થાય છે. અને પોતાના જ્ઞાનસ્વભાવનો જ આશ્રય કરીને પર ચીજોનું લક્ષ છોડી દે તો સ્વાભાવિક સુખનો અનુભવ પ્રગટે છે. પોતાના આત્મસ્વભાવને જ સ્વીકાર્યા વગર ધર્મ ક્યાં કરશે?

આ જગતમાં એકલો આત્મા જ હોય અને બીજા પદાર્થો ન જ હોય તો એકલા આત્મામાં ભૂલ થાય નહિ. એકલો આત્મા કોના લક્ષે ભૂલ કરે? અને જો એકલા આત્માના લક્ષે ભૂલ થતી હોય તો તે કદી ટળી ન શકે. આત્મા સિવાય પર પદાર્થો છે, તેનો આશ્રય કરવાથી જીવ પોતાના સ્વરૂપને ભૂલે છે, તેથી દુ:ખ છે. આત્મા પોતાના જાણનાર દેખનાર સ્વરૂપને જુએ તો તેમાંથી સુખ પ્રગટે છે. પહેલાં પોતાના સુખસ્વભાવને ભૂલીને રાગ-પુણ્ય-પાપ વગેરેનો આશ્રય કરવાથી સુખ-શાંતિનું વેદન થતું ન હતું. અને સાચી સમજણપૂર્વક અંતર્‌સ્વભાવનો આશ્રય કરતાં સ્વભાવના સુખનું વેદન થાય છે. -આ જ સુખનો સાચો ઉપાય છે. જ્ઞાનસ્વભાવનો આશ્રય કરવા માટે જ અહીં આચાર્ય ભગવાને સર્વ પરદ્રવ્યોથી જ્ઞાનનું સ્પષ્ટ જુદાપણું વર્ણવ્યું છે. તેમાં વર્ણથી જુદાપણાનું વર્ણન પૂરું થયું. હવે ગંધથી જ્ઞાનનું તદ્દન જુદાપણું બતાવે છે.

★★★ ★★★ ★★★

## ✳ ગંધથી જ્ઞાનનું જુદાપણું ✳

**ગંધ જ્ઞાન નથી, કારણ કે ગંધ પુદ્‌ગલદ્રવ્યનો ગુણ છે, અચેતન છે; માટે જ્ઞાનને અને ગંધને જુદાપણું છે.**

## (૯૪) જે જ્ઞાન પરના આશ્રયે જાણે તે અચેતન છે, સ્વભાવની એકતાપૂર્વક જાણે તે મોક્ષનું કારણ છે

ગંધ અચેતન છે, તે કાઈ જાણતી નથી, તેને પોતાની ખબર નથી. જ્ઞાન ચેતન છે તે પૂરેપુરું જાણે છે, સ્વ-પરને જાણે છે, જુદા જુદા પ્રકારની અનેક ગંધ હોય ત્યાં જ્ઞાન અનેકતાના આશ્રયે જાણતું નથી પણ સ્વભાવની એકતા રાખીને જાણે છે. એટલે ગંધથી જ્ઞાન નથી. જે જ્ઞાન ગંધને જાણતાં સ્વભાવની એકતા છોડીને ગંધના આશ્રયે જાણે તે જ્ઞાનને આચાર્યદેવ અચેતન કહે છે. જ્ઞાન પોતાના જ્ઞાનસ્વભાવના આશ્રયે જ પ્રગટે છે- નભે છે ને વધે છે. ગંધના આશ્રયે જ્ઞાન પ્રગટતું નથી- નભતું નથી ને વધતું નથી. માટે તુ પરની રુચિ છોડી, સ્વસન્મુખ થઈને જ્ઞાનસ્વભાવની રુચિ કર. જ્ઞાન જ્ઞાનસ્વરૂપ રહીને પરનો આશ્રય કર્યા વગર અને અને પરને જાણે છે.

પહેલાં જ્ઞાનની ઓછી દશા હોય ને પછી જ્ઞાનની દશા વધી. તે વધારે જ્ઞાન ક્યાંથી પ્રગટ્યું? પર દ્રવ્ય તો અચેતન છે, તેના અવલંબને જ્ઞાન પ્રગટતું નથી, ઓછી દશામાંથી વધારે જ્ઞાનવાળી દશા આવી નથી. અંતર્‌માં દ્રવ્યસ્વભાવ જ્ઞાનથી પૂરો ભર્યો છે, તેના જ આધારે જ્ઞાન પ્રગટે છે. જેમ પાણીથી ભરેલા ઘટમાંથી પાણી ઝરે છે તેમ જ્ઞાનથી ભરેલા આત્મસ્વભાવમાંથી જ જ્ઞાનપર્યાય પ્રગટે છે. ચૈતન્યસ્વભાવનો આશ્રય છોડીને જો પરના આશ્રયે જ્ઞાન થાય તો તે

ચેતનસ્વરૂપ નથી. પોતના ત્રિકાળી ચેતનસ્વભાવમાં વર્તમાન જ્ઞાનપર્યાયની એકતા કરતું જે જ્ઞાન થાય તે સમ્યગ્જ્ઞાન છે, ને તે મોક્ષનું કારણ છે.

## (૯૫) જ્ઞેયોને જેમ હોય તેમ જાણવા છતાં જ્ઞેયનો આશ્રય નથી, પણ સ્વભાવનો જ આશ્રય છે

અખંડ ચૈતન્ય સ્વભાવની શ્રદ્ધા રાખીને જ્ઞાનમાં અનેક પ્રકારના પદાર્થો અને વિકાર ભાવો ભલે જણાય, ત્યાં પરને જાણતાં જ્ઞાન ખંડિત થતું નથી, કેમકે તે અનેક પ્રકારોનો આશ્રય જ્ઞાન કરતું નથી, જ્ઞાનમાં એક સ્વભાવનો જ આશ્રય હોવાથી સ્વભાવ સાથે જ્ઞાનની એકતા વધતી જાય છે.

**પ્રશ્નઃ-** સમયસાર વખતે સમયસારનું જ્ઞાન થાય છે અને પ્રવચનસાર વખતે તેનું જ્ઞાન થાય છે, તો એ રીતે જ્ઞાન પરનો આશ્રય કરીને જાણે છે ને?

**ઉત્તરઃ-** નહિ, જ્ઞાન પરના આશ્રયે જાણતું નથી. સામે જેવું જ્ઞેય હોય તેવું જાણે, ત્યાં જ્ઞેયના આશ્રયે જ્ઞાન નથી પણ જ્ઞાનની જ તેવી લાયકાત છે. જ્ઞાનનો સ્વભાવ એવો છે કે જ્ઞેયોને જેમ હોય તેમ જાણે; સમયસાર હોય તેને સમયસાર તરીકે જ જાણે, પણ સમયસાર હોય તેને પ્રવચનસાર તરીકે ન જાણે. છતાં સમયસારને લીધે સમયસારનું જ્ઞાન નથી. જ્ઞાન તો પોતાના સ્વભાવથી છે. સામે પ્રવચનસાર પડ્યું હોય છતાં તે વખતે અંતરમાં સમયસારનો વિચાર કરીને જ્ઞાન તેને જાણતું હોય; માટે જ્ઞાન સ્વતંત્ર છે. એ રીતે જ્ઞાનની સ્વતંત્રતા સમજતાં, જ્ઞેયનો આશ્રય છોડીને જીવ પોતાના

જ્ઞાનસ્વભાવનો આશ્રય કરે છે એટલે સ્વ-પરનું ભેદજ્ઞાન થાય છે; ભેદજ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે, ગમે તે જ્ઞેયને જાણતાં પણ દરેક વખતે સમ્યગ્જ્ઞાનને તો એક ત્રિકાળી જ્ઞાનસ્વભાવનો જ આશ્રય છે. જ્ઞાનને શ્રુતનો, શબ્દનો કે રૂપ વગેરેનો આશ્રય નથી. માટે જુદા જુદા જ્ઞેયોને જાણતાં છતાં જ્ઞાન તો સ્વભાવના આશ્રયે એક જ રૂપ છે. માટે જ્ઞાનને જ્ઞાનનો જ (એટલે કે આત્માનો જ) આશ્રય છે, શ્રુત-શાસ્ત્ર કે વાણીનો આશ્રય જ્ઞાનને નથી.

## (૯૬) ભેદજ્ઞાન કરવામાં ક્રમ નથી પડતા

અહીં એ ધ્યાન રાખવું કે- પહેલાં શ્રુતથી જ્ઞાનનું જુદાપણું બતાવ્યું, પછી શબ્દથી, પછી રૂપથી-એમ ક્રમેક્રમે વર્ણન કરવામાં આવે. પરંતુ તેનો આશ્રય છોડવામાં કાંઈ ક્રમ પડતા નથી. પહેલા શ્રુતનો આશ્રય છૂટે, પછી શબ્દનો, પછી રૂપનો, એમ ક્રમ નથી પડતો. પણ પોતાના આખા પરિપૂર્ણ જ્ઞાન સ્વભાવનો આશ્રય કરતાં જ જ્ઞાનમાંથી સર્વે જ્ઞેયોનો આશ્રય એક સાથે છૂટી જાય છે. એકેક જ્ઞેયોના લક્ષે જ્ઞેયોના આશ્રય છોડવા માગે તો છૂટી શકે નહિ, પણ એક અખંડ સ્વભાવનો આશ્રય કરતાં બધાય જ્ઞેયોનો આશ્રય છૂટી જાય છે; એ રીતે સર્વ જ્ઞેયોથી જ્ઞાનનું ભેદજ્ઞાન એક સાથે જ થાય છે, ભેદજ્ઞાનમાં ક્રમ નથી પડતા.

## (૯૭) એક સ્વભાવનો આશ્રય કરતાં અપૂર્વ ભેદજ્ઞાન થાય છે

આત્મા સ્વ-પરને જાણનાર-દેખનાર છે. અજ્ઞાનભાવે તે એકેક પર પદાર્થ ઉપર લક્ષ કરીને અટકે છે અને તેટલું જ પોતાનું સ્વરૂપ

માને છે. જો અનંત સામર્થ્યથી ભરપૂર પોતાના એક સ્વભાવનો આશ્રય કરે તો પરમાં એકેકનો આશ્રય છૂટી જાય, ને સ્વભાવના આશ્રયે જ્ઞાનનો વિકાસ થતાં થતાં, એક સાથે બધુંય જાણે એવું જ્ઞાન પ્રગટે. આત્મા વસ્તુ અને જ્ઞાનાદિ ગુણો ત્રિકાળ છે, અને પર્યાય તે તેનો અંશ છે. ત્રિકાળી દ્રવ્યનો અંશ છે તે જો ત્રિકાળીનો આશ્રય કરે તો અંશી સાથે અંશ અભેદ થાય છે, ને પરની સાથે એકતાની માન્યતા છૂટી જાય છે, એટલે સ્વ-પરનું અપૂર્વ ભેદજ્ઞાન થાય છે. તે ભેદવિજ્ઞાનમાં પરથી ભિન્નતાનું જ્ઞાન છે અને પોતાના સ્વભાવ સાથે એકતાનું જ્ઞાન છે. સ્વભાવ સાથે એકતા તે અસ્તિ છે, ને પરથી ભિન્નતા તે નાસ્તિ છે. એ રીતે ભેદજ્ઞાનમાં અસ્તિ-નાસ્તિરૂપ એનકાંત આવી જાય છે.

## (૯૮) ધર્મમાં કોનું ગ્રહણ ને કોનો ત્યાગ?

**પ્રશ્ન:-** આમાં કાંઈ છોડવાની વાત તો ન આવી?

**ઉત્તર:-** આત્માએ પરને પોતાનું માન્યું છે-તે ઊંધી માન્યતાને પકડી છે, તે છોડવાની આમાં વાત છે. કોઈ પર વસ્તુને તો આત્માએ કદી પકડી નથી કે તેને છોડે. આત્મામાં કાંઈ હાથ-પગ કે દાંત નથી કે જેનાથી તે પર વસ્તુને પકડે કે છોડે. આત્માએ પોતાના સ્વભાવને ભૂલીને 'વિકાર તે હું' એમ વિકારની પક્કડ પોતાની અવસ્થામાં કરી છે; જેણે પોતાના પરિપૂર્ણ જ્ઞાનાનંદ સ્વરૂપની પક્કડ-શ્રદ્ધા-કરીને તે વિકારની પક્કડ છોડી તેણે છોડવા યોગ્ય બધું છોડ્યું છે. સ્વભાવનું ગ્રહણ ને વિકારનો ત્યાગ એવા ગ્રહણ-ત્યાગ તે જ ધર્મ છે. એ સિવાય પરવસ્તુને આત્માએ પકડી નથી, પર વસ્તુ આત્મામાં કદી પ્રવેશતી નથી, તો આત્મા તેને છોડે ક્યાંથી? હું પરને છોડું-એમ જે માને તે જીવ પરનો અહંકાર કરનારો મિથ્યાદષ્ટિ છે.

## (૯૯) સાધકને નિર્મળ પર્યાયના અનેક પ્રકાર હોવા છતાં આશ્રય તો સ્વભાવની એકતાનો જ છે

સ્વભાવની રુચિ કરતાં અનેક પરપદાર્થોનો આશ્રય એક સાથે છૂટી જાય છે અને પર્યાયમાં સમયે સમયે સ્વભાવ સાથેની એકતા વધતી જાય છે, ને રાગાદિની અનેકતા ટળતી જાય છે. પર્યાયની શુદ્ધતા વધતી જાય છે, તે શુદ્ધતાની તારતમ્યતાના જો કે અનેક પ્રકાર છે પણ તે દરેક પર્યાયમાં એક સ્વભાવનો આશ્રય જ વધતો જાય છે- એ અપેક્ષાએ તેમાં એ જ પ્રકાર છે. શરીર, મન, વાણી, શાસ્ત્રો વગેરે અનેક પદાર્થોના આશ્રયે વિકાર થાય છે, અનેક પદાર્થોના આશ્રયે જ્ઞાન માનવું તે ધર્મ નથી. પણ તે શરીરાદિ અને રાગ-દ્વેષાદિથી ભિન્ન જ્ઞાનાનંદ સ્વભાવનો એકનો જ આશ્રય કરવાથી શુદ્ધતા પ્રગટે છે, તે જ ધર્મ છે.

## (૧૦૦) આત્માનો આશ્રય કરતાં બધા પરનો આશ્રય એક સાથે છૂટી જાય છે, તેમાં ક્રમ પડતા નથી

અહીં આચાર્યદેવ પર વસ્તુઓના દ્રવ્ય-ગુણ-પર્યાયથી જ્ઞાનને જુદું બતાવે છે ને આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયથી અભેદ બતાવે છે, શ્રુત તે જ્ઞાન નથી, શબ્દ ને જ્ઞાન નથી, રૂપ તે જ્ઞાન નથી, વર્ણ તે જ્ઞાન નથી- એમ અનેકથી જુદાપણું બતાવવા કથનમાં ક્રમ પડે છે પણ તે બધાયથી જુદા જ્ઞાનસ્વભાવનો આશ્રય કરવામાં ક્રમ પડતા નથી. જ્ઞાન પોતાના સ્વભાવમાં વળ્યું ત્યાં બધાય પરનો આશ્રય છૂટી ગયો. પહેલાં શ્રુતથી જુદો પડીને સ્વભાવનો આશ્રય કરે ને પછી શબ્દથી, વર્ણથી છૂટો પડીને સ્વભાવનો આશ્રય કરે- એવો ક્રમ હોતો નથી. પર વસ્તુના આશ્રયમાં અનેક પ્રકાર પડતા હતા, તેથી વર્ણથી

ભિન્ન, શબ્દથી ભિન્ન-એમ અનેક પ્રકારે કહ્યું છે, તે બધાયમાં સ્વભાવનો આશ્રય તો સળંગ એક જ પ્રકારે છે. આત્માના જ્ઞાનને પરનો આશ્રય નથી, તે સ્વભાવનો આશ્રય કરવામાં ક્રમ નથી, એટલે કે પહેલાં અમુક પદાર્થનો આશ્રય છૂટે ને પછી અમુક પદાર્થનો છૂટે એમ પરાશ્રય છોડવામાં ક્રમ નથી, જેટલો સ્વભાવનો આશ્રય કરે તેટલો બધાય પરનો આશ્રય છૂટી જાય છે.

## (૧૦૧) પરને જાણતી વખતે પણ સ્વાશ્રયના જોરે સાધકપણું ટકે છે.

પરથી ભિન્ન, પોતાના ચૈતન્યસ્વભાવના આશ્રયે શ્રદ્ધા-જ્ઞાન થયા પછી અનેક પ્રકારના પર જ્ઞેયોને જ્ઞાન જાણે, છતાં તે વખતે સ્વભાવની રુચિ છોડીને પરને જાણતું નથી, પરને જાણતાં મારો સ્વાશ્રય છૂટી જાય છે- એવી જ્ઞાનમાં શંકા પડતી નથી. ગમે તે પરને તેમ જ રાગાદિને જાણવા છતાં શ્રદ્ધા-જ્ઞાનમાં તો એક સ્વાશ્રયનો જ આદર રહે છે; તેથી તે વખતે તે સ્વાશ્રયના જોરે જ સાધકપણું ટકી રહ્યું છે, ને સ્વાશ્રયના જોરે જ સાધકપણું વધતું જાય છે. તેથી સાધકને પરને જાણતી વખતે ય ખરેખર તો જ્ઞાનનું સ્વાશ્રય તરફનું વલણ જ વધે છે ને પરાશ્રય તરફનું વલણ ટળતું જાય છે. આ રીતે સ્વાશ્રય તે જ ધર્મ છે.

## (૧૦૨) ધર્મનો ક્રમ

એ રીતે સ્વાશ્રયસ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન કરવાં તે ધર્મની પહેલી ભૂમિકા છે. ત્યારપછી સ્વભાવમાં વિશેષ ઢળતાં રાગાદિ ટળતાં જાય છે, પરાશ્રયભાવ છૂટતો જાય છે ને છેવટે વીતરાગતા થઈને પૂર્ણ સ્વભાવ પ્રગટી જાય છે, કેવળજ્ઞાન થાય છે- જીવન્મુક્ત દશા થાય

છે. ત્યાર પછી દેહરહિત થઈને સર્વથા મુક્ત સિદ્ધભગવાન થાય છે. -આવો ધર્મની શરૂઆતનો વચલો અને પૂર્ણતાનો ક્રમ છે.

## (૧૦૩) જ્ઞાની અને અજ્ઞાનીને કરુણામાં મોટો તફાવતઃ જ્ઞાનીને કરૂણા વખતે ય ધર્મ, અજ્ઞાનીને કરૂણા વખતે ય અધર્મ

જેણે પોતાના ત્રિકાળી સ્વભાવનો આશ્રય કર્યો છે તેને અસ્થિરતાના કારણે રાગ થાય, તે પરના કારણે માનતા નથી. પર જીવને દુઃખી દેખવાના કારણે રાગ માનતા નથી પણ પોતાની અસ્થિરતાને કારણે કરુણાભાવ થઈ જાય છે. અને તે વખતે ય પોતાના જ્ઞાનસ્વભાવનો આશ્રય છોડ્યા વગર તેને જાણે છે; તેથી તે વખતે ય સમ્યક્શ્રદ્ધા -જ્ઞાનરૂપી ધર્મ છે. વળી જે પર જીવો દુઃખી થઈ રહ્યા છે તેઓને રોટલા નથી મળતા તે કારણે કે કોઈ પણ સંયોગને કારણે દુઃખ નથી પણ અજ્ઞાનભાવથી ને મોહથી દુઃખ છે. આ શરીર મારું, અને મારે આહાર વગર ન ચાલી શકે -એવી દેહદષ્ટિથી જ તેણે દુઃખ ઉભું કર્યું છે. તેનું તે દુઃખ બાહ્ય સંયોગથી -રોટલા મળવાથી મટતું નથી પણ તે જીવ પોતે દેહદષ્ટિ છોડીને સ્વભાવદષ્ટિ કરે તો જ તેનું દુઃખ ટળે. બીજો કોઈ તેનું દુઃખ ટાળવા સમર્થ નથી. - આવું જ્ઞાનીને ભાન હોવાથી તેને પર પ્રત્યે એકતાબુદ્ધિથી કરુણાભાવ થતો નથી, અને હું પરને સુખી-દુઃખી કરી શકું એમ તેઓ માનતા નથી; એટલે કરુણાનો રાગ ભાવ થયો તે વખતે ય સ્વભાવના આશ્રયે તેમને ધર્મ ટકી રહ્યો છે. ખરેખર સ્વભાવના આશ્રયે તે રાગના પણ જાણનાર જ છે. રોટલા વગેરેનું ક્ષેત્રાંતર થવું તે જડની ક્રિયા છે અને આત્માના ભાવ બદલવા તે આત્માની ક્રિયા છે. દરેક વસ્તુનું ક્ષેત્રાંતર કે ભાવાંતર

(-જુદા જુદા પ્રકારની અવસ્થા) વસ્તુના પોતાના સ્વભાવથી જ થાય છે, બીજો કહે કે હું રોટલા વગેરેનું ક્ષેત્રાંતર કરી દઉં કે બીજાને હું સુખી કરી દઉં- (એટલે કે ભાવાંતર કરી દઉં), -તે જીવ સત્ય વસ્તુસ્વરૂપને સમજ્યો નથી. આહાર-પાણીની ક્ષેત્રાંતર વગેરે ક્રિયા તેની મેળે જ થવાની હોય તેમ થાય છે. પર જીવની કરુણા આવતાં એમ માને કે એના દુઃખને કારણે મને કરુણા થઈ, અને હું એનું દુઃખ મટાડી દઉં અથવા આહારાદિ દેવાની ક્રિયા હું કરું -તો તે જીવ કરુણા ભાવના પુણ્યની સાથે જ મિથ્યાત્વનું મોટું પાપ બાંધે છે; એટલે કરુણાભાવ વખતે ય ઊંધી માન્યતાને લીધે તેને અધર્મ જ થાય છે.

## (૧૦૪) સૌથી મોટી જીવહિંસા અને સાચી દયા

**પ્રશ્નઃ-** જો લોકો આવું સમજશે કે 'આત્મા પર જીવને બચાવી કે મારી શકતો જ નથી' -તો દયા ઓછી થઈ જશે?

ઉત્તરઃ- આ સાચું સમજવામાં જ ખરી દયા આવે છે. અનાદિથી વિકારનો અને પરનો કર્તા પોતાને માનીને પોતાના જ્ઞાનસ્વભાવની હિંસા કરી રહ્યો છે, જો આ સાચું સમજે તો તે હિંસા ટળે ને પોતાની સાચી દયા પ્રગટે. અને જેને એવી સ્વદયા પ્રગટે તે જીવને, બીજા જીવને હણવાનો તીવ્રકષાયભાવ સ્વદયા પ્રગટે તે જીવને, બીજા જીવને હણવાનો તીવ્રકષાયભાવ હોય જ નહિ, એટલે સ્વદયામાં પર દયા સહેજે આવી ગઈ. પર જીવોને તો કોઈ મારી કે બચાવી શકતો નથી. રાગી જીવને પોતાના કારણે અનુકંપાભાવ થાય છે, પણ તે પરને તો બચાવવા સમર્થ નથી. જીવ પોતાના ભાવમાં દયા કે હિંસા કરે છે. તેમાં મિથ્યાત્વ તે પોતાના જીવની સૌથી મોટી હિંસા છે. સાચી સમજણ કરવાથી તે સૌથી મોટી જીવહિંસા ટળે

છે ને સાચી સ્વદયા પ્રગટે છે. નીચલી દશામાં અનુકંપા વગેરેનો શુભભાવ આવે ખરો, પણ તેનો આશ્રય કરવાયોગ્ય નથી; તેના આશ્રયે જ્ઞાન કે ધર્મ નથી. જો તે શુભવિકલ્પનો આશ્રય માને તો તેના આશ્રયે તો અજ્ઞાન ને મિથ્યાત્વની ઉત્પત્તિ થાય છે, તે જ હિંસા છે, ને તેનું ફળ સંસાર છે.

## (૧૦૫) આત્માનું વહાણ કોના વિશ્વાસે તરે?

કોઈ આત્મા જ્ઞાનસ્વભાવ વગરનો હોય નહિ. અને કોઈ પુદ્‌ગલ સ્પર્શ-રસ-ગંધ-વર્ણ વગરનું હોય નહિ. ગંધ તે પુદ્‌ગલનો ગુણ છે, જ્ઞાન તે જીવનો ગુણ છે. ગંધને લીધે જ્ઞાન થતું નથી. પણ ત્રિકાળી ચૈતન્યસ્વભાવી આત્મા છે, તેના જ આધારે જ્ઞાન થાય છે. આત્મા સ્પર્શ-રસ વગેરેથી જુદો, પરથી જુદો, દેવ-શાસ્ત્ર-ગુરુથી જુદો ને પુણ્ય-પાપના ભાવોથી પણ જુદો એકલો જ્ઞાનાનંદસ્વભાવી છે; તેના વિશ્વાસે-તેની રુચિથી-તેની શ્રદ્ધાથી જ ધર્મ થાય છે. જેમ લૌકિકમાં કહે છે કે 'વિશ્વાસે વહાણ તરે' તેમ ચૈતન્યસ્વભાવના વિશ્વાસે આત્માનું વહાણ તરે છે અર્થાત્ ચૈતન્યસ્વભાવની શ્રદ્ધા અને આશ્રયથી સંસાર સમુદ્રથી તરીને આત્મા મુક્તિ પામે છે. ચૈતન્યસ્વભાવની શ્રદ્ધા વગર કોઈ બીજાના વિશ્વાસે ધર્મ થાય નહિ, ને આત્માનું વહાણ સંસાર સમુદ્રને તરે નહિ. પરના વિશ્વાસે અટકે તે સંસારસમુદ્રમાં ડુબે છે.

☆☆☆ ☆☆☆ ☆☆☆

## * રસથી જ્ઞાનનું જુદાપણું *

**હવે રસથી જ્ઞાનસ્વભાવને સ્પષ્ટ રીતે ભિન્ન બતાવે છે; રસ જ્ઞાન નથી, કારણ કે રસ પુદ્‌ગલદ્રવ્યનો ગુણ છે, અચેતન છે; માટે જ્ઞાનને અને રસને વ્યતિરેક છે.**

### (૧૦૬) રસમાં જ્ઞાન નથી, રસને લીધે જ્ઞાન થતું નથી

જુદા જુદા પ્રકારના રસ જ્ઞાનમાં જણાય ત્યાં અજ્ઞાની એમ માને છે કે આ રસના કારણે મને તેનું જ્ઞાન થયું; ખોટો રસ આવતાં ખાટાનું જ્ઞાન થાય ને મીઠો રસ આવતાં મીઠાનું જ્ઞાન થાય -એમ તે રસના આશ્રયે જ્ઞાન માને છે. તેને રસ અને જ્ઞાનની ભિન્નતાનું ભાન નથી. આચાર્ય ભગવાન કહે છે કે હે ભાઈ, તારું જ્ઞાન રસમાં નથી રસના આશ્રયે તારું જ્ઞાન નથી. રસને જાણતી વખતે તને રસની જ હ્યાતી ભાસે છે, પણ તે વખતે તારા આત્મામાં કાંઈ છે કે નહિ? તે વખતે તારો જ્ઞાન સ્વભાવ તારામાં કાર્ય કરે છે કે નહિ? કે તારું રસમાં જ ચાલ્યું ગયું છે? તારું જ્ઞાન ત્રિકાળ આત્મા સાથે અભેદ છે, તેની શ્રદ્ધા કર ને રસની શ્રદ્ધા છોડ, રસને લીધે જ્ઞાન થયું એ માન્યતા છોડ. જ્ઞાન તો તારી સ્વભાવ શક્તિથી જ થાય છે. માટે જ્ઞાનમાં સ્વભાવનો આશ્રય કર.

### (૧૦૭) ભેદ વિજ્ઞાનીના જ્ઞાનનું કાર્ય

ભેદવિજ્ઞાની રસને જાણતા હોય ને અલ્પ રાગ થતો હોય, તે વખતે પણ જ્ઞાનસ્વભાવની એકતામાં જ તેનું જ્ઞાન કાર્ય કરી રહ્યું છે. રસ સાથે કે રાગ સાથે એકતાથી તેનું જ્ઞાન કાર્ય કરતું નથી, કોઈ સમયે સ્વભાવની એકતા છોડીને પરને જાણતા નથી, એટલે તેમને સમયે સમયે જ્ઞાનની શુદ્ધતા જ વધતી જાય છે.

## (૧૦૮) અજ્ઞાનીના જ્ઞાનનું કાર્ય

અજ્ઞાની જીવો સ્વભાવને ન માનતાં બહારમાં સુખ માને છે. રસને જાણતાં એકાકાર થઈ જાય છે કે આ રસમાં ભારે મજા પડી, ભારે સ્વાદ આવ્યો ! અરે ભાઈ ! શાની મજા? તારા આત્મામાં મજા-સુખ છે કે નહિ? રસ તો જડ છે, શું જડમાં તારી મજા છે? અને શું જડ રસ તારા આત્મામાં ગરી જાય છે? તારી મજા-તારૂં સુખ તો તારા જ્ઞાન સ્વભાવમાં છે, આખા જ્ઞાન સ્વભાવને ભૂલીને એક રસને જાણતાં જ્ઞાન ત્યાં જ રાગ કરીને અટકી ગયું, તેને અજ્ઞાની જીવ રસનો સ્વાદ માને છે. પણ જ્ઞાન પરમાં ન અટકતાં, આત્મસ્વભાવ તરફ વળતાં સ્વભાવનો અતીંદ્રિયઆનંદ આવે છે, તે જ સાચું સુખ છે. એ સિવાય બીજી કોઈ ચીજમાં સુખ નથી.

## (૧૦૯) જ્ઞાનની પરમાં લીનતા તે અધર્મ, સ્વભાવમાં લીનતા તે ધર્મ

દૂધપાક-શ્રીખંડ કે કેરીનો રસ વગેરેનો સ્વાદ આત્મામાં આવતો નથી. જ્ઞાનમાં ફક્ત એમ જણાય છે કે આ રસ છે, આ સ્વાદિષ્ઠ છે. પણ હું સ્વાદિષ્ઠ છું -એમ કાંઈ નથી જણાતું. એ રીતે રસને અને જ્ઞાનને જુદાપણું જ છે. પણ અજ્ઞાની જીવ સ્વભાવથી ખસીને રસની રુચિમાં લીન થયો છે -તે અધર્મ છે. અને પર પદાર્થોની રુચિથી અધિક થઈને-છૂટો પડીને સ્વભાવની રુચિવડે વર્તમાન અવસ્થાને સ્વભાવમાં ધારી રાખે ટકાવી રાખે-તે ધર્મ છે. વર્તમાન અવસ્થા વિકારમાં ન ટકતાં સ્વભાવમાં ટકે તે ધર્મ છેણ વર્તમાન અવસ્થા વિકારમાં ન ટકતાં સ્વભાવમાં ટકે તે ધર્મ છે, જ્ઞાનસ્વરૂપ આત્મા અને સમસ્ત પરવસ્તુઓ તદ્દન જુદી છે- એમ જાણ્યા વિના અને આત્મસ્વરૂપની રુચિ કર્યા વગર કદી ધર્મ થતો નથી.

(૫)

卐 સં. ૨૪૭૪ : શ્રાવણ વદ ૦)) શુક્રવાર 卐

## (૧૧૦) સુખનું સાચું સાધન શું?

દરેક જીવો સુખી થવા ઈચ્છે છે; સુખી થવા માટે પહેલાં તો સુખનું સ્વરૂપ શું છે અને તેનાં સાધનો શું છે તે સમજવું જોઈએ. વર્તમાન અવસ્થામાં દુ:ખ છે તેથી તે ટાળીને સુખી થવા ઈચ્છે છે; માટે વર્તમાન અવસ્થામાં દુ:ખ છે તેને પણ જાણવું જોઈએ. જો વર્તમાનમાં પોતે પરિપૂર્ણ સુખી હોય તો પર પદાર્થો સામે જોવાનું ન હોય ને તેને મેળવવાની ઈચ્છા ન હોય. અજ્ઞાની જીવ પર વસ્તુ મેળવીને પોતાનું દુ:ખ ટાળવા ઈચ્છે છે, પણ તે ઉપાય મિથ્યા છે. આત્માનો સ્વભાવ જ પૂરો સુખરૂપ છે, પણ તે ઉપાય મિથ્યા છે. આત્માનો સ્વભાવ જ પૂરો સુખરૂપ છે, તેના વિશ્વાસથી અંતર્‌સાધનવડે જ તે પ્રગટે છે. કોઈ બાહ્ય સાધનોવડે આત્માને સુખ થતું નથી. અજ્ઞાની પરમાં સુખ માનીને પરની ઝંખના કરે છે, તેને બદલે સ્વભાવની ઝંખના અર્થાત્ રુચિ કરે તો સુખી થાય. આત્મા જ્ઞાનસ્વભાવી સ્વાધીન પરિપૂર્ણ છે, પરથી જુદો છે, પરના અવલંબનથી તેને સુખ થાય- એવો તે પરાધીન નથી. પર્યાયમાં રાગાદિ થવા છતાં અંતર્‌માં શ્રધ્ધા કરવી જોઈએ કે હું મારા સ્વભાવથી પરિપૂર્ણ સુખરૂપ છું, જ્ઞાનાદિ અનંત ગુણનો ભંડાર છું, મારા જ અવલંબને મને સુખ છે. જો આવી શ્રધ્ધા ન કરે તો જેવા જેવા પર પદાર્થો

આવે તેમાં સુખ માનીને જ્ઞાન ત્યાં જ એકાકાર થઈ જાય. એટલે તેનું જ્ઞાન વર્તમાન પરલક્ષે થતા વિકારમાં જ અટકી જાય. પણ સુખથી પરિપૂર્ણ પોતાનો સ્વભાવ છે, તેનો આશ્રય તે કરે નહિ, તેથી તેને સાચું સુખ થાય નહિ. પર્યાયમાં શુભ-અશુભભાવો થવા છતાં તે વખતે ત્રિકાળ એકરૂપ પરિપૂર્ણ સ્વભાવની શ્રદ્ધા અને વિશ્વાસ ખસે નહિ, તેને સ્વભાવના આશ્રયે સુખ પ્રગટે છે ને વિકાર ટળતો જાય છે.

## (૧૧૧) કોના આશ્રયે બદલવાથી સુખ પ્રગટે?

વળી, વર્તમાન પર્યાયમાં પરને જાણવાનો જ્ઞાનનો જે ઉઘાડ છે તેનો જ ભરોસો કરે એટલે કે તે ઉઘાડને જ પૂરો આત્મા માની લે, તો તે વર્તમાન પરલક્ષી ઉઘાડથી આગળ વધીને ત્રિકાળીસ્વભાવ તરફ વળે નહિ, એટલે ત્રિકાળીના આશ્રયે તેની વર્તમાનદશા ન બદલે પણ પરના આશ્રયે જ બદલે. ત્રિકાળીના આશ્રય વગર વિકાર ને અધૂરાશ ટાળીને શુદ્ધતા ને પૂર્ણતા થાય નહિ એટલે કે સુખ થાય નહિ. સુખ કોઈ બીજા પદાર્થમાં નથી તેમજ પરને જાણે તેટલી પોતાની દશામાં પણ સુખ નથી. સુખ પોતાના સ્વભાવમાં છે, ને તેનો આશ્રય કરીને પરિણમતાં પર્યાયમાં સુખ પ્રગટે છે.

## (૧૧૨) સ્વ લક્ષે-ધર્મ, પર લક્ષે અધર્મ

આત્મા જ્ઞાનસ્વરૂપ છે; શરીર, વાણી, દેવ-ગુરુ-શાસ્ત્ર આ આત્માથી જુદા પદાર્થ છે. દરેક વસ્તુમાં દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ એકરૂપ છે, ને તેનું કાર્ય વર્તમાનમાં નવું નવું થાય છે. ધર્મ અને અધર્મ એ બંને કાર્ય છે, જીવની અવસ્થા છે. અધર્મ કેમ થાય છે ને ધર્મ કેમ થાય તેની અહીં વાત છે. જીવની જે વર્તમાન દશા છે તે પરમાંથી થતી નથી; તે વર્તમાન દશા જો દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે પરની સામે

જોયા કરે તો ધર્મ થાય નહિ. અને તે વર્તમાન અંશ જેટલો જ આત્માને માને તો પણ ધર્મ થાય નહિ. પોતાની અવસ્થા પર નિમિત્તો સામે જ જોયા કરે અથવા તે વર્તમાન દશા સામે જ જોયા કરે તો તેનાથી અધિક થઈને સ્વભાવમાં વળે નહિ. જો તે વર્તમાન અવસ્થા ત્રિકાળી દ્રવ્યની રુચિ કરીને તે દ્રવ્યના આશ્રયે અભેદ થાય તો પરથી ભેદજ્ઞાન થાય અને પરનો-વિકારનો કે વર્તમાન પર્યાયનો આશ્રય છૂટી જાય, ને સ્વભાવના આશ્રયે શાંતિ થાય-ધર્મ થાય. પર લક્ષે અધર્મ છે ને સ્વલક્ષે ધર્મ છે.

## (૧૧૩) પૂર્ણના આશ્રયે પૂર્ણતા અપૂર્ણના આશ્રયે વિકાર

આત્મા એક સ્વતંત્ર વસ્તુ છે, તે પોતાથી પરિપૂર્ણ અને ત્રિકાળ ટકનાર છે. વર્તમાન અવસ્થામાં જે રાગ-વિકાર કે ઊણપ દેખાય છે તેટલો જ આત્મા નથી. કેમ કે જો તે વર્તમાન ભાવ જેટલો જ આત્મા હોય તો રાગ ટાળીને વીતરાગતા ક્યાંથી થાય? આત્મા વર્તમાન ભાવ જેટલો નથી પણ ત્રિકાળ પૂરો છે. જો તે પૂરાનો આશ્રય કરે તો અવસ્થામાં પણ પૂર્ણતા પ્રગટે. પણ તે પૂરાને ન કબુલે ને વર્તમાનભાવ જેટલો જ પોતાને માને તો તે અધુરા અને વિકારી ભાવના આશ્રયે તો અધુરાપણું ને વિકાર જ થાય એટલે કે અધર્મ જ થાય. વર્તમાન અશુદ્ધદશાના આશ્રયે અશુદ્ધતા ટળે નહિ. પણ ત્રિકાળ શુદ્ધ સ્વભાવના આશ્રયે અશુદ્ધદશા ટળીને શુદ્ધતા પ્રગટે છે. ધર્મી થવા માટે પ્રથમ શું કરવું તેની આ વાત છે; પ્રથમ પરથી અને વિકારથી જુદા પોતાના આત્મસ્વભાવને ઓળખવાનો રસ્તો લેવો. પરથી જુદો આત્મસ્વભાવ કેમ ઓળખાય તેનું જ આ વર્ણન ચાલે છે.

## (૧૧૪) આચાર્ય ભગવાન્ ભેદજ્ઞાન કરાવે છે

ભગવાનશ્રી કુંદકુંદચાર્યદેવે આ ૩૯૦ થી ૪૦૪ સુધીની પંદર ગાથાઓમાં જ્ઞાનને સ્પષ્ટ રીતે સર્વ પર દ્રવ્યોથી ભિન્ન બતાવ્યું છે. તેના ઉપર શ્રીઅમૃતચંદ્રાચાર્યદેવે અદ્‌ભુત ટીકા કરી છે. આવી આધ્યાત્મિક ટીકા આ કાળે ભરતક્ષેત્રમાં અજોડ છે. તેનો આ વિસ્તાર થાય છે. આચાર્યદેવ પહેલાં તો જ્ઞાનને સર્વ પર દ્રવ્યથી, તેના ગુણથી ને તેના પર્યાયથી જુદું બતાવે છે, વિકારથી પણ જુદું બતાવે છે અને પછી આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય સાથે જ્ઞાનની એકતા છે-એમ બતાવશે. એ રીતે અસ્તિ-નાસ્તિવડે જ્ઞાનસ્વભાવનું પરથી ભેદજ્ઞાન કરાવ્યું છે.

☆☆☆ ☆☆☆ ☆☆☆

## * સ્પર્શથી જ્ઞાનનું જુદાપણું *

**સ્પંર્શ નામનો પુદ્‌ગલ દ્રવ્યનો ગુણ છે. સ્પર્શ તે જ્ઞાન નથી, કારણ કે સ્પર્શ અચેતન છે; માટે જ્ઞાનને અને સ્પર્શને જુદાઈ છે.**

લૂખો-ચીકણો, સુંવાળો-કર્કશ, હળવો-ભારે, ઠંડો તથા ગરમ એ આઠ પ્રકારના સ્પર્શ છે, તે પુદ્‌ગલની અવસ્થા છે; તેના આધારે આત્માનું જ્ઞાન નથી. તેના આધારે જે જ્ઞાન થાય તે સુખનું કારણ નથી.

## (૧૧૫) ત્રિકાળી દ્રવ્યના આધાર વગર ભેદવિજ્ઞાનનો સાર પ્રગટે નહિ. ત્રિકાળી દ્રવ્યના આધાર વગરનું જ્ઞાન અચેતન છે.

પુદ્‌ગલનો સ્પર્શ ગુણ આત્મામાં નથી અને આત્માના જ્ઞાન, સુખ, શ્રદ્ધા, ચારિત્ર વગેરે કોઈ ગુણો સ્પર્શમાં નથી. સ્પર્શને જાણવા પુરતું આત્માનું જ્ઞાન નથી, સ્પર્શના જ્ઞાનથી આત્મામાં શ્રદ્ધા-જ્ઞાન-

એકાગ્રતા થાય નહિ. સ્પર્શને જાણનારું જ્ઞાન આત્મસ્વભાવની એકાગ્રતામાં મને મદદ કરશે એમ માનનારે સ્પર્શને અને જ્ઞાનને જુદા માન્યા નથી. ત્રિકાળી સામર્થ્યમાંથી વર્તમાનજ્ઞાન આવે છે, તે જ્ઞાન વડે ત્રિકાળી સામર્થ્યને જાણવું જોઈએ, તેને બદલે સ્પર્શને જાણે તેટલું જ જ્ઞાન જે માને છે તેણે સ્પર્શના આધારે જ્ઞાન માન્યું છે. તેનું જ્ઞાન પરમાર્થે અચેતન છે. સ્પર્શને કારણે જ્ઞાન થયું -એમ ન માને, પણ વર્તમાન-જ્ઞાનના આશ્રયે (અર્થાત્ પર્યાયના લક્ષે) જ્ઞાનનું પરિણમન માને તે પણ પર્યાયમૂઢ મિથ્યાદૃષ્ટિ છે. એક પછી એક જ્ઞાન અવસ્થાઓ રૂપે થનાર તો ત્રિકાળી જ્ઞાતાદ્રવ્ય છે. ત્રિકાળીદ્રવ્ય પરિણમીને અવસ્થા થાય છે. તે ત્રિકાળી સ્વભાવના આશ્રયે જ્ઞાન થાય છે એમ શ્રદ્ધા કરીને વર્તમાન જ્ઞાનને તે ત્રિકાળીદ્રવ્યમાં લીન કરવું તે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે; તે જ ભેદવિજ્ઞાનનો સાર છે. જે જ્ઞાન ત્રિકાળીદ્રવ્ય સાથે એકતા ન કરે ને માત્ર વર્તમાન ઉઘાડમાં જ એકતા માને તે જ્ઞાન મિથ્યા છે.

સ્પર્શ તો અચેતન છે, તેમાં તો જ્ઞાન નથી, પણ સ્પર્શના લક્ષે જે જ્ઞાન થાય તે પણ ચેતન સાથે એક થતું નથી. પર્યાયદૃષ્ટિથી થયેલું જ્ઞાન રાગ સાથે એકત્વ ધરાવે છે તેથી તે ખરેખર જ્ઞાન નથી. ત્રિકાળ જ્ઞાનસ્વભાવના લક્ષે જે જ્ઞાન થાય તે જ સમ્યગ્જ્ઞાન છે, સ્વભાવ તરફ વળેલું સમ્યગ્જ્ઞાન તે આત્મા જ છે, આત્મા અને જ્ઞાન જુદા નથી.

## (૧૧૬) શાસ્ત્રના લક્ષે ભેદવિજ્ઞાન થતું નથી

અહીં, સ્વભાવ તરફ જે જ્ઞાન વળ્યું તેને જ ચેતન કહ્યું છે, વર્તમાન અવસ્થામાં રાગ ઘટાડીને શાસ્ત્ર વગેરેના અભ્યાસથી એમ

કહે કે 'પરથી જ્ઞાન થતું નથી, પરથી જ્ઞાન જુદું છે.' -અને એ રીતે શાસ્ત્રના લક્ષે જ અટકી રહે તો તે જ્ઞાન પણ વાસ્તવિક નથી; કારણ કે તે જીવને વર્તમાન પર્યાયમાં પરના લક્ષે પ્રગટેલા ક્ષણિક જ્ઞાનની જ રુચિ છે, તે વર્તમાન અંશને જ પૂરું સ્વરૂપ માની લે છે; તેને ત્રિકાળ જ્ઞાનસ્વભાવની રાગરહિત શ્રદ્ધા નથી, તે પણ શાસ્ત્રના લક્ષે રાગમાં જ અટકેલો છે. પર લક્ષે તીવ્ર કષાયમાંથી મંદ કષાય થયો છે- એટલે માત્ર રાગ બદલ્યો છે, પણ રાગથી છૂટીને સ્વભાવમાં તે આવ્યો નથી, સ્વભાવનું પરિણમન થયું નથી. એટલે તેન ભેદવિજ્ઞાન થતું નથી.

જ્ઞાન પોતાના સ્વભાવથી જ થાય છે, બહારના કોઈ પદાર્થથી થતું નથી-એમ સમજવામાં પહેલાં સત્‌નું શ્રવણ તથા શાસ્ત્રનું લક્ષ હોય, પણ તે શ્રવણના લક્ષે કે શાસ્ત્રના લક્ષે જ્ઞાન નથી એમ સમજીને તે શાસ્ત્રાદિનું લક્ષ છોડીને જો પોતાના જ્ઞાન સ્વભાવ તરફ વળે તો સમ્યગ્જ્ઞાન થાય છે, ને રાગથી જુદો પડે છે.

## (૧૧૭) સ્વ-પરને જુદા જાણીને સ્વનો આશ્રય કરવો તે ભેદવિજ્ઞાનનો સાર છે

શાસ્ત્ર વગેરે તો પોતે જ અચેતન છે, તે જ્ઞાનના કારણ નથી. અને દેવ-ગુરુ ચેતન છે, પણ તેમનું જ્ઞાન તેમનામાં છે, તેમનું જ્ઞાન બીજા આત્મામાં જરાય આવતું નથી. તેઓ આ આત્માને જ્ઞાનના જરાય કારણ નથી. આ આત્માનું જ્ઞાન પોતામાં પરિપૂર્ણ છે, ને દેવ-ગુરુમાં જરાય નથી, એટલે આ આત્માની અપેક્ષાએ બીજા બધા આત્માઓ પણ અચેતન છે; તેમનું જ્ઞાન આ આત્મામાં આવતું નથી. માટે દેવ-ગુરુ કે સિદ્ધભગવાનનું પણ લક્ષ છોડવા જેવું છે.

સિદ્ધભગવાનના લક્ષે ય આ આત્માને રાગ થાય છે. માટે બધાયથી જુદા પોતાના આત્માને જાણીને તેનો જ આશ્રય કરવાથી સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન ને વીતરાગતા થાય છે. સ્વ-પરને ભિન્ન જાણીને નિજ આત્મસ્વભાવનો આશ્રય કરવો તે જ ભેદવિજ્ઞાનનો સાર છે.

## (૧૧૮) સત્યધર્મનું શ્રવણ, ગ્રહણ, ધારણા મંથન અને પરિણમનની ઉત્તરોત્તર દુર્લભતા

અનંત અનંત કાળમાં મનુષ્યપણું મળવું મોંઘું છે. મનુષ્યપણામાં આવી સત્યધર્મની વાત સાંભળવા કોઈક જ વાર મળે છે. અત્યારે તો આ વાત લોકોને તદ્દન નવી છે. આવી સત્ય વાત સાંભળવા મળવી મહા દુર્લભ છે, સાંભળ્યા પછી બુદ્ધિમાં તેનું ગ્રહણ થવું દુર્લભ છે, 'આ શું ન્યાય કહેવા માગે છે' એમ જ્ઞાનમાં પકડાવું તે દુર્લભ છે. ગ્રહણ થયા પછી તેની ધારણા થવી દુર્લભ છે. સાંભળતી વખતે સારૂં લાગે ને બહાર નીકળે ત્યાં બધું ભૂલી જાય તો તેને આત્મામાં ક્યાંથી લાભ થાય? શ્રવણ-ગ્રહણ અને ધારણા કરીને પછી એકાંતમાં પોતે પોતાના અંતરમાં વિચારે, અંતરમાં મંથન કરીને સત્યનો નિર્ણય કરે-એ દુર્લભ છે. પણ સાચી વાત જ સાંભળી ન હોય તે ગ્રહણ શું કરે? ને ધારણા શેની કરે? અને અંતરમાં શું વિચારે? અંતરમાં યથાર્થ નિર્ણય કરીને તેને રુચિમાં પરિણમાવીને સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે મહાન દુર્લભ અપૂર્વ છે. એ સમ્યગ્દર્શન વગર કોઈ રીતે જીવનું કલ્યાણ થાય નહિ. જુઓ, આમાં શરૂઆતનો ઉપાય કહ્યો. પહેલાં તો સંસારની લોલૂપતા ઘટાડીને તત્ત્વ શ્રવણ કરવા માટે નિવૃત્તિ લેવી જોઈએ. શ્રવણ, ગ્રહણ, ધારણા, નિર્ણય અને રુચિમાં પરિણમન-આટલા બોલ આવ્યા. તે દરેક એકેક કરતાં દુર્લભ છે. શ્રવણ કરીને

વિચારે કે મેં આજે શું શ્રવણ કર્યું ? નવું શું સમજ્યો-એમ અંતરમાં પ્રયત્ન કરીને સમજે તો આત્માની રુચિ જાગે ને તત્ત્વ સમજાય. પણ જેને સત્યના શ્રવણ-ગ્રહણ્ ને ધારણાનો જ અભાવ છે તેનો તો સત્ સ્વભાવની રુચિ હોતી નથી, અને સત્ સ્વભાવની રુચિ વગર તેનું પરિણમન ક્યાંથી થાય? રુચિ વગર સત્ય સમજાય નહિ ને ધર્મ થાય નહિ,

## (૧૧૯) સત્ધર્મના શ્રવણ પછી આગળ વધવાની વાત

ભગવાને કહ્યું છે અથવા તો જ્ઞાનીઓ કહે છે માટે આ વાત સાચી છે -એમ પરના લક્ષે માને તો તે શુભભાવ છે, તે પણ સાચું જ્ઞાન નથી; પહેલાં દેવ-ગુરુના લક્ષે તેવો રાગ હોય પણ દેવ-ગુરુના લક્ષને છોડીને પોતે પોતાના અંતર્સ્વભાવમાં વળીને રાગરહિત નિર્ણય કરે કે મારો આત્મસ્વભાવ જ આવો છે, તો તેના આત્મામાં સાચું જ્ઞાન થયું છે. એથી સત્સમાગમનો કે શ્રવણ વગેરેનો નિષેધ નથી, -સત્સમાગમે સત્ ધર્મનું શ્રવણ કર્યા વગર તો કોઈ જીવ આગળ વધી શકે નહિ, પણ તે શ્રવણાદિ પછી આગળ વધવા માટેની આ વાત છે. માત્ર શ્રવણ કરવામાં ધર્મ ન માનતાં, ગ્રહણ-ધારણા અને નિર્ણય કરીને આત્મામાં રુચિથી પરિણમાવવું જોઈએ.

## (૧૨૦) જ્ઞાનનું ફળ સુખ

સ્પર્શ તે જ્ઞાન નથી, એટલે અમુક વસ્તુનો સ્પર્શ થવાથી તેનું જ્ઞાન થતું નથી, તેમ જ સૂંવાળો વગેરે સ્પર્શને કારણે સુખ થતું નથી. જ્ઞાન અને સુખ એક જ છે. અજ્ઞાન ટળ્યું તે જ્ઞાનનું ફળ-એમ કહેવાય છે તે નાસ્તિ અપેક્ષાએ છે, અસ્તિથી કહેતાં જ્ઞાનનું ફળ સુખ છે.

## (૧૨૧) ત્રિકાળી તત્ત્વના સ્વીકાર વગર નિર્મળપર્યાયનો પુરુષાર્થ પ્રગટે નહિ (સોનાનું દૃષ્ટાતં)

આત્મા અનાદિઅનંત જ્ઞાનાદિ ગુણનો પિંડ છે, આનંદ સ્વરૂપ છે, વર્તમાન જે અધૂરી દશા છે તે આત્માનું સ્વરૂપ નથી. જેમ સોનું તેની વર્તમાન એક કુંડળ વગેરે હાલત જેટલું નથી, પણ વીંટી-હાર વગેરે અનેક અવસ્થાઓ થવાની તાકાત તેનામાં છે. એક અવસ્થા બદલીને બીજી અવસ્થા થાય, ત્યાં સોનું કાયમ રહે છે. અને સોનાની અવસ્થા સોનાના કારણે જ થાય છે, સોની કે હથોડી વગેરેના કારણે થતી નથી. જો સોનાને એક કુંડળ વગેરે અવસ્થા જેટલું જ માને તો 'આ સોનામાં કુંડળ બદલીને વીંટી કરવી છે' -એવું જે જુદી પર્યાયનું જ્ઞાન તે ખોટું કરશે. જુદી જુદી અવસ્થાઓ બદલાતી હોવા છતાં સોનું સોનારૂપે કાયમ રહે છે એમ જ્ઞાન કબુલ કરે છે ત્યારે જ કુંડળ તોડીને કડું વગેરે કરવાનો ભાવ થાય છે. એ રીતે ત્યાં પણ સોનાની ધ્રુવતાનો સ્વીકાર કરે છે. તેમ આત્મા વર્તમાન અવસ્થા જેટલો નથી પણ ત્રિકાળ ટકનાર ધ્રુવ છે, એમ ધ્રુવ સ્વભાવનો સ્વીકાર કરે તો તે ધ્રુવના આધારે નવી નિર્મળદશાનો ઉત્પાદ થાય, ને મલિનદશાનો વ્યય થાય. ધ્રુવના આધારે વર્તમાન પર્યાય થાય છે એમ ન માનતાં, પરના કારણે સ્વાધીન તત્વને માન્યું નથી. અને જેણે વર્તમાનપર્યાય જેટલું જ જ્ઞાન માન્યું તેને પણ તે વર્તમાન બદલીને નવું નિર્મળ વર્તમાન કરવાનું રહેતું નથી. જેણે વર્તમાન પૂરતું જ્ઞાન માન્યું તેને વર્તમાનનો જ આશ્રય કરવાનો રહ્યો પણ ત્રિકાળ ધ્રુવનો આશ્રય કરવાનું ન રહ્યું એટલે તેણે વિકારદશા ટાળીને મોક્ષદશા પ્રગટ કરવાનો પુરુષાર્થ સ્વીકાર્યો નથી, તેને મિથ્યાત્વ અને અજ્ઞાન ટળતું નથી. તેણે એક સમય પૂરતો આત્મા માન્યો છે પણ ત્રિકાળ આત્માને માન્યો નથી.

## (૧૨૨) પરથી જ્ઞાન થાય એમ માને તેને સંયોગમાં એકતાબુદ્ધિ છે

આત્માનું જ્ઞાન પરથી થાય એમ માને તે આખા આત્મદ્રવ્યનો નાશ કરે છે, અને જે વર્તમાન અવસ્થા જેટલો જ આત્માને માને તે બીજી અવસ્થાઓનો નાશ કરે છે એટલે દ્રવ્યનો જ નાશ કરે છે. ઈંદ્રિયો ને પરપદાર્થો વગેરે સંયોગોના કારણે જ્ઞાન થયું એમ જે માને છે તે જીવ તે સંયોગના અભાવમાં જ્ઞાનનો જ અભાવ માનશે, એટલે તેણે જ્ઞાનને અને આત્માને એકતા નથી માની પણ જ્ઞાનને અને સંયોગને એકતા માની છે. તેને સદા સ્પર્શ વગેરે સંયોગોની ભાવના રહ્યા કરે છે. -આ અધર્મ છે. જ્ઞાનની વર્તમાન અવસ્થા જેટલો જ આત્મા નથી પણ કાયમી જ્ઞાન સ્વભાવે પૂરો આત્મા છે, ને તેમાંથી જ જ્ઞાન આવે છે- એમ જો પ્રતીતિ કરે તો તે પૂરા સ્વભાવના આશ્રયે અધૂરીદશાને ટાળીને પૂરી અવસ્થા પ્રગટ કરે.

## (૧૨૩) સ્વભાવ સમજવો તે ન્યાય છે

આવો જ વસ્તુનો સ્વભાવ છે, ધર્મનું સ્વરૂપ આવું જ છે. ન્યાયથી વસ્તુસ્વભાવ કહેવાય છે, એમ ને એમ માની લેવાની વાત નથી. ન્યાય એટલે સમ્યગ્જ્ઞાન. 'ન્યાય' શબ્દમાં 'ની' ધાતુ છે. 'ની' એટલે દોરી જવું. જેવો વસ્તુનો સ્વભાવ છે તેવા સ્વભાવમાં જ્ઞાનને દોરી જવું એટલે કે જ્ઞાનમાં યથાર્થ વસ્તુસ્વભાવ સમજવો તે ન્યાય છે.

## (૧૨૪) પરથી ભિન્નતા જાણે તો સ્વમાં ઠરે

સ્પર્શ વગેરેના કારણે મારું જ્ઞાન છે એમ માનનારે સ્પર્શના જ્ઞાનથી આગળ વધીને સ્વભાવમાં ઢળવાનું રહેતું નથી; -સ્પર્શનું લક્ષ

છોડીને સ્વભાવમાં મારા જ્ઞાનને એકાગ્ર કરું- એ વાત તેને રહેતી નથી, એટલે કે મારી વર્તમાન દશા હીણી છે તેને ટાળીને સ્વભાવના આશ્રયે હું પૂરો સુખી થઈશ-એવો તેને વિશ્વાસ નથી. તેથી અહીં આચાર્ય ભગવાન આત્માનો જ્ઞાનસ્વભાવ પરથી ભિન્ન જણાવે છે. પોતાના જ્ઞાનને પરથી ભિન્ન જાણે તો સ્વમાં ઠરે.

## (૧૨૫) અવસ્થામાં નવું જ્ઞાન ક્યાંથી આવે છે?

જ્ઞાન ચેતન છે, જ્ઞાનની અવસ્થા ચેતનના આધારે થાય કે અચેતનના આધારે થાય? ચેતનની અવસ્થા અચેતનના આધારે હોય નહિ, જેમ સોનામાં જુદા જુદા આકાર તેની પોતાની તાકાતથી-લાયકાતથી-થાય છે, સોનીના કારણે નહિ. જો સોનીના કારણે સોનાનો આકાર થતો હોય તો તે વખતે સોનાના સ્વભાવે શું કર્યું? તે વખતની સોનાની પોતાની અવસ્થા શું થઈ? -માટે સોનાના જ કારણે તેની અવસ્થા થાય છે. વળી-સોનું વર્તમાન અવસ્થાના આકાર જેટલું જ નથી, જો વર્તમાન આકાર જેટલું જ તે હોય તો તે આકાર બદલીને નવો આકાર ક્યાંથી આવે? તેમ જ્ઞાનની નવી નવી અવસ્થા જ્ઞાનને કારણે જ થાય છે, નિમિત્તોને કારણે થતી નથી. જ્ઞેય વસ્તુ આવી માટે જ્ઞાન થયું -એમ નથી. સૂંવાળો સ્પર્શ આવ્યો માટે તેનું જ્ઞાન થયું -એમ નથી, પણ જ્ઞાનની તે અવસ્થાના સામર્થ્યથી જ નવું જ્ઞાન થયું છે. વળી સ્પર્શ તરફનું જ્ઞાન બદલીને આત્મા તરફનું જ્ઞાન કરવું હોય તો તે જ્ઞાન કોઈ પરના લક્ષે થતું નથી, વર્તમાન જ્ઞાન પર્યાયના લક્ષે થતું નથી, પૂર્વની અવસ્થા તો ટળી ગઈ છે તેમાંથી નવું જ્ઞાન આવતું નથી, પણ જે નિત્ય ટકતું દ્રવ્ય છે તે તરફ વળતું

જ્ઞાન આત્માને જાણે છે. નિત્યના આશ્રયે જ જ્ઞાન આવે છે. પર જ્ઞેયો હું નથી, ને તે જ્ઞેયોમાંથી મારું જ્ઞાન આવતું નથી, વીતી ગયેલી જ્ઞાન અવસ્થાઓમાંથી જ્ઞાન આવતું નથી, રાગના કારણે જ્ઞાન થતું નથી અને વર્તમાન વર્તતી જ્ઞાનઅવસ્થામાંથી બીજી અવસ્થા આવતી નથી, પણ સદાય મારો જ્ઞાન સ્વભાવ છે તેમાંથી જ્ઞાન અવસ્થા સદાય થયા કરે છે; એમ જો પોતાના જ્ઞાનસ્વભાવની રુચિ કરીને તે તરફ વળે તો અવસ્થામાં સમ્યગ્જ્ઞાન પ્રગટે, -ધર્મ થાય, ને પરની રુચિ ટળી જાય.

## (૧૨૬) જ્ઞાની સ્વનો આશ્રય કરીને સુખી થાય છે, અજ્ઞાની પરનો આશ્રય માનીને દુઃખી થાય છે

જ્ઞાનીને વર્તમાન અવસ્થાનો આશ્રય નથી પણ ત્રિકાળી સ્વભાવનો આશ્રય છે. પોતાના પર્યાયને આશ્રયે પણ ધર્મ થતો નથી તો પર વસ્તુના આશ્રયે ધર્મ થાય કે જ્ઞાન થાય એ વાત ક્યાં રહી? અજ્ઞાની જીવ પોતાના સ્વભાવનો આશ્રય છોડીને પરના આશ્રયે સુખ માને છે, તે અધર્મ છે. ત્રણ કાળ ત્રણ લોકમાં કોઈ દ્રવ્યને કોઈ અન્ય દ્રવ્યનો આશ્રય નથી. અજ્ઞાની પરનો આશ્રય માને છે, પણ પર વસ્તુ તેને આશ્રય આપતી નથી. નિમિત્ત કે પરના આશ્રયે કોઈ જીવ સુખી થતો નથી, પણ પરનો આશ્રય માનનાર પોતે દુઃખી થાય છે. પોતાનું દ્રવ્ય પોતાના સ્વભાવથી પરિપૂર્ણ નિત્ય-પરિણામી છે, તે દ્રવ્યના આશ્રયે જ દરેક જીવને સુખ થાય છે. ત્રિકાળી પદાર્થ પોતે જ પોતાની અવસ્થારુપે બદલે છે, કાંઈ પોતાથી અન્ય પદાર્થ પોતાની અવસ્થામાં બદલતા નથી. માટે સર્વે પરદ્રવ્યોથી ભિન્ન પોતાના જ્ઞાનસ્વભાવને સ્વીકારે તો ધર્મ થાય.

## (૧૨૭) જ્ઞાનને આત્મા સાથે એકતા, ને પરથી ભિન્નતા

સ્પર્શ અચેતન છે, તેનામાં જરાય જ્ઞાન નથી, તેને જડ પુદ્‌ગલ સાથે એકતા છે, ને જ્ઞાનથી ભિન્નતા છે. અને જ્ઞાન ચેતન છે, તે પરિપૂર્ણ જાણનાર છે, તેને આત્મા સાથે એકતા છે, ને પુદ્‌ગલથી ભિન્નતા છે. આ રીતે જડ પદાર્થોથી જ્ઞાન જુદું છે; એટલે જડના આશ્રયે જ્ઞાન નથી પણ આત્માના આશ્રયે જ્ઞાન છે, એમ સમજીને-જડનો આશ્રય છોડીને આત્મસ્વભાવનો આશ્રય કરે, તો જડને અને આત્માને જુદા જાણ્યા કહેવાય.

## (૧૨૮) પરલક્ષે ભેદજ્ઞાન થતું નથી પણ સ્વલક્ષે થાય છે; ધર્મીજીવને કેવું ભેદજ્ઞાન હોય છે?

આત્મા સર્વ પરવસ્તુઓથી જુદો છે- એમ કહેતાં જ, પરની અપેક્ષા વગર પોતાના જ્ઞાનસ્વભાવથી આત્મા પરિપૂર્ણ છે એમ સિદ્ધ થાય છે. પર સામે જોઈને પરથી જુદાપણાનો નિર્ણય થતો નથી પણ પોતાના પરિપૂર્ણ સ્વભાવ સામે જોતાં સર્વ પરથી ભિન્નતાનો નિર્ણય થાય છે. જેમ સોનાને ત્રાંબાના સંયોગની અપેક્ષાથી જુઓ તો તેને ૧૪ વલું, ૧૫ વલું વગેરે વગેરે ભેદથી કહેવાય છે, પણ ત્રાંબાના સંયોગનું લક્ષ છોડીને એકલા સોનાને જુઓ તો સોનું તો એકલું સોળવલું સોનું જ છે. સોનું અને ત્રાંબાનો ભેદ જાણનાર સોનાની જ કિંમત કરે છે, ત્રાંબાની નહિ. તેમ આત્મા પોતાના જ્ઞાન સ્વભાવથી પૂરો છે. પર સંયોગ અને પર સંયોગના લક્ષે થતા ભાવોની દષ્ટિથી જોતાં જ્ઞાનમાં અધૂરાશ દેખાય છે, પણ પરસંયોગ અને રાગાદિ ભાવોની અપેક્ષા છોડીને એકલા જ્ઞાન સ્વભાવને જુઓ તો તે પૂરેપુરું જ છે, તેમાં અધૂરાશ કે વિકાર નથી. આમ સ્વ-પરનો

ભેદ જાણનાર ધર્માત્મા રાગાદિભાવોવડે, પરસંયોગવડે કે અધૂરા જ્ઞાનવડે આત્માની કિંમત ટાંકતા નથી. (અર્થાત્ તેના જેટલો આત્માને માનતા નથી) પણ તે રાગાદિથી ભિન્ન જે જ્ઞાનમાત્ર સ્વભાવ તેને જ આત્માનું સ્વરૂપ જાણીને તેની શ્રદ્ધા કરે છે, તેનો જ આદર અને આશ્રય કરે છે; તેથી તેમને ક્ષણે ક્ષણે ધર્મ થાય છે. જેણે રાગથી ભિન્ન આત્માને જાણ્યો નથી તે રાગને જ આત્માનું સ્વરૂપ માને છે, ને તેનો આદર કરે છે, તેથી તેને કદી ધર્મ થતો નથી.

## (૧૨૯) ભેદવિજ્ઞાન અને તેનું ફળ મુક્તિ

જેમ સોનાનો પિંડલો જે તિજોરીમાં મૂક્યો હોય તે તિજોરી અને સોનું જુદો છે, તેમ આ શરીરમાં રહેલો આત્મા ખરેખર શરીરથી જુદો જ છે. અને જેમ સોનામાં ત્રાંબાનો ભાગ છે તે સોનાનું સ્વરૂપ નથી, તેમ આત્માની અવસ્થામાં જે રાગાદિ અશુદ્ધભાવો છે તે આત્માનું સ્વરૂપ નથી. એ રીતે રાગાદિ રહિત શુદ્ધ જ્ઞાનસ્વભાવે આત્માને જાણે-માને ને તેમાં કરે તો વીતરાગતા ને કેવળજ્ઞાન થાય. રાગ અને આત્માના ભેદવિજ્ઞાન વગર કોઈ રીતે મુક્તિ થાય નહિ.

## (૧૩૦) નીતિથી પૈસા રળવાનો ભાવ તે ધર્મ ? કે પાપ?

ઘણા જીવો એમ માનતા હોય છે કે આપણે વેપાર-ધંધામાં અનીતિ ન કરવી, પણ નીતિથી પૈસા મેળવવા. એ નીતિને તેઓ ધર્મ માને છે. -એટલે પૈસા પણ કમાવાય અને ધર્મ પણ થાય !! પણ એમાં ધર્મ નથી. પૈસા કમાવાનો ભાવ તે પાપ જ છે, તેમાં અનીતિ ન કરે ને નીતિ રાખે તો ઓછું પાપ થાય, પણ ધર્મ થાય નહિ. એક માણસ એવો નીતિવાળો હતો કે તેને લાખો રૂપીયાની લાંચ મળે તોપણ લેતો નહિ. એકવાર તેણે કોઈ જ્ઞાની પાસે જઈને

પૂછ્યું -મહારાજ ! મને પાંચ પાંચ લાખ રૂપીયાની લાંચ આપવા આવે છે, પણ હું લેતો નથી, તો મને કેટલો ધર્મ? જ્ઞાનીએ કહ્યું -તેમાં જરાય ધર્મ થાય નહિ. ભલે નીતિથી નોકરી કરો પણ તેમાં પૈસા રળવાનો ભાવ છે તેથી પાપ જ છે; લાંચ વગેરે અનીતિ ન કરે તો ઓછું પાપ થાય -એટલું જ, બાકી તેમાં ધર્મ હરામ છે. સ્વ-પરના ભેદવિજ્ઞાન વગર ધર્મ કેવો?

## (૧૩૧) આત્માના ભાન વગર પાપ ખરેખર ઘટે નહિ

ધંધા વગેરેમાં અનીતિ, કાળાબજાર, ચોરી વગેરે કરનારને ઘણું પાપ છે, અને નીતિપૂર્વક કરે તો ઓછું પાપ છે. પણ ખરેખર પાપ ઓછું ક્યારે થયું કહેવાય? જે પાપ ટળ્યું તે પાપ ફરીને કદી થાય નહિ તો તે પાપ ઘટ્યું કહેવાય. હવે એમ ક્યારે બને? હું પાપ અને પુણ્ય રહિત જ્ઞાનસ્વરૂપ છું, હું પાપનો ઘટાડનારો સર્વ પાપથી રહિત જ છું, પાપ કે પુણ્ય મારું સ્વરૂપ જ નથી -એમ પોતાના જ્ઞાનસ્વભાવના લક્ષે જે પાપ ટળ્યા તે ટળ્યા, તે પાપ ફરીને કદી થાય નહિ, પણ સ્વરૂપની એકાગ્રતાથી ક્રમેક્રમે પુણ્ય-પાપ ટળતા ટળતાં સર્વથા વીતરાગતા થાય. પાપને છોડનારો પોતે સંપૂર્ણ પાપરહિત કેવો છે? પાપને છોડીને પોતે કેવા સ્વરૂપે રહેનાર છે? તેના ભાન વગર પાપને ખરેખર છોડી શકે નહિ. એટલે પોતાના આત્મસ્વભાવના લક્ષ વગર ખરેખર અનીતિ છોડી શકે નહિ એમ નક્કી થયું.

## (૧૩૨) ખરેખર અનીતિનો ત્યાગ આત્માના લક્ષ વગર હોય નહિ

લોકો નીતિ-નીતિ કરે છે, પણ જો યથાર્થપણે નીતિની હદ બાંધવા જઈએ તો તેમાંય આત્મસ્વભાવનું જ લક્ષ આવે છે. કઈ

રીતે આવે છે? તે કહેવાય છે. કોઈએ એમ નક્કી કર્યું કે 'મારે અનીતિથી પૈસા લેવા નહિ.' હવે ગમે તેવો પ્રસંગ આવે તો પણ તેનાથી અનીતી કરાશે નહિ. દેહ જવાનો પ્રસંગ આવે તોપણ અનીતિ ન કરે. એટલે શરીર છોડીને પણ નીતિ રાખવા માંગે છે. હવે શરીર ક્યારે છોડી શકે? જો શરીર છૂટતાં શ્રદ્ધામાં અણગમો થાય-દ્વેષ થાય તો તેને ખરેખર શરીર જતું કરવાનો ભાવ નથી, પણ શરીર તેના કારણે છૂટે છે. શરીર છૂટતાં અંતરમાં રાગદ્વેષ ન થાય કે અનીતિ કરીને શરીર રાખવાનું મન ન થાય તો નીતિ ખાતર શરીર છોડ્યું કહેવાય. હવે શરીર જતાં રાગદ્વેષ ન થાય એમ ક્યારે બને? જો શરીર ઉપર જ લક્ષ હોય તો તો રાગ-દ્વેષ થયા વગર રહે નહિ. પણ શરીરથી ભિન્ન પોતાના આત્માને જાણીને તેનું લક્ષ હોય તો શરીરને રાગ-દ્વેષ વગર જતું કરી શકે. માટે, 'હું શરીરથી જુદો છું, પૈસા અને અનીતિથી રહિત મારું જ્ઞાનસ્વરૂપ છે' -એમ પોતાના શુદ્ધસ્વરૂપના લક્ષ વગર ખરેખર અનીતિનો ત્યાગ થઈ શકે નહિ. આત્માના ભાન વગર જે અનીતિ છોડે છે તેને ખરેખર પાપ ટળ્યું નથી પણ માત્ર વર્તમાન પૂરતો મંદ કષાય છે.

## (૧૩૩) જૈની-નીતિ

આ રીતે આત્માની ઓળખાણ કરવામાં જ સાચી નીતિ આવે છે. આ 'જૈની-નીતિ' છે. જેવું છે તેવું સ્વતંત્ર વસ્તુ સ્વરૂપ જાણવું તે જ સાચી નીતિ છે.

પૈસા વગેરે આવવા જવાની ક્રિયા તો સ્વતંત્ર છે, જીવ ઈચ્છા કરે પણ પરમાં કાંઈ કરી શકે નહિ. આમ વસ્તુસ્વરૂપ સમજવું તેમાં નીતિનું પાલન છે, ને તેનાથી ઊંધું માનવું- હું પરનું કરી શકું એમ

માનવું તેમાં અનંતી અનીતિનું સેવન છે. ઈચ્છાથી પરનું કાર્ય પણ થતું નથી અને ઈચ્છાથી જ્ઞાન પણ થતું નથી. ઈચ્છા તે આત્માનો સ્વભાવ નથી. જ્ઞાનનું કાર્ય ઈચ્છા તે આત્માનો સ્વભાવ નથી. જ્ઞાનનું કાર્ય ઈચ્છા નથી અને ઈચ્છાનું કાર્ય પરમાં થતું નથી. પ્રત્યક્ષ દેખાય છે કે પોતાનો વહાલામાં વહાલો એકનો એક પુત્ર હોય, ને માંદો પડ્યો હોય, ત્યાં તે સાજો થઈ જાય અને મરે નહિ એવી પોતાની ઘણી ઈચ્છા હોવા છતાં તે મરી જાય છે. તારી ઈચ્છા પરમાં શું કરે? સૌથી નજીક પોતાનું શરીર છે, તેમાં પણ પોતાની ઈચ્છા પ્રમાણે કાર્ય થતું નથી. રોગની ઈચ્છા ન હોવા છતાં શરીરમાં રોગ થાય છે, અને તે રોગ ઝટ મટાડવાની ઈચ્છા હોય છતાં ઊલટો વધે છે. આ શરીરનું પણ પોતે કાંઈ કરી શકતો નથી તો બહારનું તો શું કરે? પ્રમાણિકપણે હું પૈસા રળું -એવી જેની માન્યતા છે તે અનીતિનું સેવન કરે છે, જૈન ધર્મની નીતિની તેને ખબર નથી. સ્વ-પરનું ભેદજ્ઞાન કરવું તે જ જૈની-નીતિ છે, ને તેનું ફળ મુક્તિ છે.

## (૧૩૪) અનીતિનો ત્યાગી.

'મારે અનીતિથી આજીવિકા કરવી નથી' -એમ જે અનીતિ છોડવા માંગે છે, તેને કોઈ કહે કે અમુક અનીતિ કર, નહિતર તને પ્રતિકૂળતા આવશે, અથવા તો અનીતિ ન કરે તો પ્રાણ હરવાની ધમકી આપે, છતાં તેને અનીતિ કરાશે નહિ; તેમ જ જે પ્રતિકૂળતા આવે તેના ઉપર અણગમો પણ ન થાય, તો તેને અનીતિ છોડી કહેવાય. જો તેને પ્રતિકૂળતા ઉપર અરુચિ આવે તો નીતિ ઉપર જ અરુચિ છે, ને તેને ખરેખર અનીતિ છોડી નથી. જેણે શરીરને પોતાનું માન્યું

છે તે અનીતિ છોડી શકશે નહિ. એ રીતે શરીરથી ભિન્ન આત્મસ્વભાવની રુચિમાં જ ખરી નીતિનું પાલન અને અનીતિનો ત્યાગ છે. સ્વભાવના આશ્રયે ત્રણકાળની અનીતિ રુચિમાંથી છૂટી ગયા પછી અસ્થિરતાના કારણે જે રાગ-દ્વેષ થાય છે તેનો પણ સ્વભાવના આશ્રયે નાશ કરીને વીતરાગ થશે. કેમ કે રાગ-દ્વેષ થાય છે તે પરના કારણે માનતા નથી અને તે રાગ-દ્વેષની રુચિ નથી. તેથી તેના રાગ-દ્વેષ ઘણા મર્યાદિત છે.

## (૧૩૫) સાચું બ્રહમચર્ય કોણ પાળી શકે?

જેમ ઉપર નીતિ બાબતમાં કહ્યું તેમ બ્રહ્મચર્ય વગેરે બાબતમાં પણ સમજવું. આત્માની રુચિ વગર ખરેખર અબ્રહ્મચર્યનો ત્યાગ હોય નહિ. જેને આત્માની દ્રષ્ટિ નથી ને દેહ ઉપર જ દ્રષ્ટિ છે તેને કાયમી બ્રહ્મચર્ય - ખરું બ્રહ્મચર્ય- હોય નહિ. કોઈ સાચા બ્રહ્મચારી હોય તેને કોઈ કહે કે તું મારી સાથે અમુક દુષ્કર્મ કર, નહિ તો તારા ઉપર ખોટો આરોપ મૂકીને તને મરાવી નાંખીશ. -એમ મરણનો પ્રસંગ આવે તોપણ અંતરમાં ખેદવગર શરીર જતું કરે, પણ અબ્રહ્મચર્ય સેવે નહિ. જો તે પ્રસંગે એમ અંતરમાં અણગમો થાય કે અરેરે, બ્રહ્મચર્યને કારણે મરણનો પ્રસંગ આવ્યો, -તો તેને ખરેખર બ્રહ્મચર્યની રુચિ નથી અને અબ્રહ્મચર્ય છોડ્યું નથી. મૃત્યુ આવે છતાં શરીર ઉપર રાગ ક્યારે ન થાય? કે શરીરથી ભિન્ન, રાગ-દ્વેષરહિત ત્રિકાળ સ્વભાવનું લક્ષ હોય તો દેહ પ્રત્યે મમત્વબુદ્ધિનો રાગ ટળી જાય. પહેલાં તો જાણનાર દેખનાર આત્મ સ્વભાવની ઓળખાણ કરીને શ્રદ્ધાનો દોષ ટાળવો જોઈએ, શ્રદ્ધાનો દોષ ટળ્યા પછી ક્રમેક્રમે અલ્પકાળે ચારિત્રનો દોષ પણ ટળી જાય છે.

## (૧૩૬) વિકારને કોણ ટાળે?

જીવની અવસ્થામાં જે રાગાદિ વિકાર થાય છે તે પરને કારણે થતા નથી પણ પોતાની જ અવસ્થાની નબળાઈથી થાય છે. જો પરને કારણે રાગાદિ માને તો પોતે તેને ટાળવાનો પ્રયત્ન કદી કરે નહિ. પણ પોતાની અવસ્થાની નબળાઈથી થાય છે એમ જાણે તો તે નબળાઈને સ્વભાવની સબળાઈ સાથે સરખાવે, એટલે ત્રિકાળી સ્વભાવનો કરીને તે નબળાઈ ટાળીને વીતરાગ થશે.

## (૧૩૭) ભેદવિજ્ઞાનીનું જ્ઞાતાપણું.

હું જ્ઞાનમૂર્તિ ચૈતન્ય છું, સ્પર્શ તે હું નથી તે સ્પર્શના કારણે મારું જ્ઞાન નથી- એમ જેને સ્પર્શરહિત અસંખ્યપ્રદેશી અરૂપી ચૈતન્યસ્વભાવનું ભાન છે તે જીવ સ્પર્શાદિના જ્ઞાન વખતે સ્વભાવનો આશ્રય છોડીને જાણતો નથી, તેમજ સ્પર્શાદિના લક્ષે જે રાગ-દ્વેષાદિ થાય તેનો પણ સ્વભાવના આશ્રયે જ્ઞાતા જ છે; સ્વભાવના આશ્રયે રાગાદિ ટળતા જાય છે. ઈચ્છાથી પર દ્રવ્યમાં કાંઈ થતું નથી, તેમજ તે ઈચ્છાના કારણે જ્ઞાન ખીલતું નથી. એવો નિર્ણય હોવાથી જ્ઞાનીને ઈચ્છાનું પણ કર્તૃત્વ નથી. કર્તૃત્વ વગરની ઈચ્છા તદ્દન લુલી છે, તે ઈચ્છાનું કાંઈ જોર નથી પણ સ્વભાવ તરફનું જ જોર વધતું જાય છે, ને ઈચ્છા તૂટતી જાય છે, એ રીતે સંપૂર્ણ વીતરાગ થઈને મુક્તિ પામે છે.

## (૧૩૮) અજ્ઞાનીને બાહ્ય દ્રષ્ટિથી મિથ્યાજ્ઞાન, અને જ્ઞાનીને અંતરદ્રષ્ટિથી સમ્યગ્જ્ઞાન

પહેલાં તત્વનું જ્ઞાન ન હતું ને પછી થયું એટલે જ્ઞાન વધ્યું. તે જ્ઞાન ક્યાંથી આવ્યું? શું સ્વાધ્યાયમંદિર વગેરે ક્ષેત્રમાંથી આવ્યું? વાણીમાંથી આવ્યું? શુભ રાગમાંથી આવ્યું? કે પહેલાંની ઓછી દશામાંથી આવ્યું? તેમાંથી ક્યાંયથી આવ્યું નથી. પણ ત્રિકાળી જ્ઞાનશક્તિમાંથી આવ્યું છે. તે શક્તિના વિશ્વાસે સમ્યગ્જ્ઞાન થાય છે. અજ્ઞાની જીવ જ્ઞાન વધવાનું કારણ જે ત્રિકાળી શક્તિ છે તેને ન જોતાં બાહ્ય સંયોગને તથા રાગને જુએ છે ને તેના આશ્રયે જ્ઞાન માને છે, તે અજ્ઞાન છે. વાણી સાંભળી માટે માને જ્ઞાન થયું -એમ બહારથી માને છે. પણ અંતર્સ્વભાવમાંથી જ્ઞાન આવે છે તે સ્વભાવશક્તિને તે માનતો નથી. એ રીતે અજ્ઞાનીને બાહ્ય સંયોગદ્રષ્ટિ છે ને તેનું બધું જ્ઞાન મિથ્યા છે, સંસારનું કારણ છે. અને જ્ઞાનીને અંતર્સ્વભાવદ્રષ્ટિ છે ને સ્વભાવના આશ્રયે તેનું બધું જ્ઞાન સમ્યક્ છે, તે સમ્યગ્જ્ઞાન મોક્ષનું કારણ છે.

(૬)

## 卐 સં. ૨૪૭૪ : ભાદરવા સુદ ૧ : શનિવાર 卐

### (૧૩૯) ધર્મ કરનાર જીવે શું જાણવું?

આત્માનો ધર્મ ક્યાં થાય? તે જાણ્યા વગર કોઈ જીવને ધર્મ થાય નહિ. આત્માનો ધર્મ ક્યાંય પરમાં થતો નથી પણ આત્માના પર્યાયમાં થાય છે. પોતાના ત્રિકાળી જ્ઞાનસ્વભાવ તરફ જે પર્યાય ઢળે તે પર્યાયમાં ધર્મ થાય છે. જેને ધર્મ કરવો છે તેને પહેલાં એમ તો કબુલ કરવું જોઈએ કે હું આત્મા છું, મારામાં જ્ઞાન વગેરે અનંત શક્તિઓ ત્રિકાળ છે. અને સમયે સમયે મારી અવસ્થા બદલાય છે. તે બદલતી અવસ્થા પરનો આશ્રય કરે છે તે અધર્મ છે; ને પરનો આશ્રય છોડી, રાગરહિત થઈને સ્વભાવ તરફ વળીને સ્વભાવમાં એકાગ્ર થતાં જે દશા પ્રગટે તે ધર્મ છે, અને સ્વભાવમાં પૂરેપૂરી એકાગ્રતા થતાં પૂર્ણદશા-કેવળજ્ઞાન પ્રગટે છે. તે કેવળજ્ઞાન જેમને પ્રગટ્યું છે એવા દેવ કેવા હોય? તેમની વાણીરૂપ શાસ્ત્રો કેવાં હોય? અને તે કેવળજ્ઞાનને સાધનારા ગુરુ કેવા હોય? તેની ઓળખાણ પહેલાં તો ધર્મ કરનાર જીવને હોવી જોઈએ.

### (૧૪૦) અજ્ઞાન તે અધર્મ, સમ્યગ્જ્ઞાન તે ધર્મ.

આત્મામાં જ્ઞાનગુણ ત્રિકાળ છે, તે સમયે સમયે પ્રગટે છે; તેની પાંચ પ્રકારની અવસ્થાઓ છે- મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય

અને કેવળજ્ઞાન. તેમાંથી અહીં મતિ-શ્રુતજ્ઞાનની વાત છે. પાંચ ઈંદ્રિયો તથા મનદ્વારા જે જ્ઞાન જાણે તેને મતિજ્ઞાન કહે છે અને ઈંદ્રિયો વગર મનદ્વારા તર્કથી જે જ્ઞાન જાણે તેને શ્રુતજ્ઞાન કહે છે. અહીં આચાર્યભગવાન એમ બતાવે છે કે -આ જ્ઞાન પર લક્ષે જાણે તો તે મિથ્યામતિ ને મિથ્યાશ્રુત છે, તે અધર્મ છે. અને સ્વભાવના લક્ષે થાય તો તે જ્ઞાન સમ્યક્મતિ અને સમ્યક્શ્રુત છે; આ ધર્મ છે અને આ જ મોક્ષનું કારણ છે.

શ્રી આચાર્યદેવે પહેલાં મતિજ્ઞાન સંબંધી વાત કરી. ભગવાનની દિવ્યવાણી તે જ્ઞાન નથી અને તેના લક્ષે થતું મતિ જ્ઞાન તે પણ ખરેખર જ્ઞાન નથી. શબ્દ, રૂપ, રસ, ગંધ કે વર્ણ તે બધા મતિજ્ઞાનના વિષયો છે, તે અચેતન છે અને તે શબ્દ વગેરેના લક્ષે થતો બોધ પણ અચેતન છે. ઈંદ્રિયદ્વારા શબ્દ વગેરેના લક્ષે જે મતિજ્ઞાન થાય તે સમ્યક્મતિજ્ઞાન નથી પણ મિથ્યાજ્ઞાન છે, તેથી ખરેખર તે અચેતન છે; કેમ કે તે જ્ઞાન ત્રિકાળીસ્વભાવ સાથે એકતા કરતું નથી. ત્રિકાળીસ્વભાવ સાથે એકતા કરીને, સ્વભાવના લક્ષે જે મતિજ્ઞાન થાય તે સમ્યક્મતિજ્ઞાન છે.

## (૧૪૧) જ્ઞાનીનું બધું જ્ઞાન સમ્યક કેમ? અને અજ્ઞાનીનું બધું જ્ઞાન મિથ્યા કેમ?

શબ્દ-રૂપ વગેરે પાંચ ઈંદ્રિયના વિષયોને મતિજ્ઞાન જાણે છે; તે શબ્દ વગેરે વિષયોમાં તો આત્મા નથી, તેમાં જ્ઞાન કે ધર્મ નથી. પરંતુ તે શબ્દ વગેરેના લક્ષથી જે બોધ થયો તેમાં સમ્યક્પણું નથી, તે જ્ઞાન મિથ્યા છે, તેમાં ધર્મ નથી, તેમાં આત્મા નથી. મિથ્યારૂપ મતિ-શ્રુતજ્ઞાનપર્યાયનો વિષય શું અને સમ્યક્રૂપ મતિ-શ્રુતજ્ઞાનપર્યાયનો

વિષય શું? તેનું આ વર્ણન છે. જ્ઞાનની જે અવસ્થા સ્ત્રી, શરીર વગેરે કે દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે પર પદાર્થના જ લક્ષે જાણવાનું કામ કરે તે અજ્ઞાન છે, મિથ્યામતિ-શ્રુત છે. અને સ્વભાવની એકતાના લક્ષે જે જ્ઞાન જાણે તે સમ્યક્મતિ-શ્રુતજ્ઞાન છે. જ્ઞાનીનું જ્ઞાન જે વખતે સ્ત્રીઆદિને કે દેવ-ગુરુને જાણતું હોય તે વખતે પણ તેમનું જ્ઞાન ત્રિકાળીસ્વભાવની એકતામાં જ ઢળે છે માટે તેમને સમ્યક્મતિશ્રુતજ્ઞાન છે, અને તે પર્યાય પણ સમયે સમયે વૃદ્ધિ પામે છે. અજ્ઞાનીને મિથ્યાજ્ઞાન કેમ છે? ત્રિકાળી જ્ઞાન સ્વભાવરૂપ આત્મા છે તેની એકતાને છોડીને જે જ્ઞાન પરલક્ષે ઈંદ્રિય અને મનથી જાણવાનું કાર્ય કરે છે તે અજ્ઞાન છે. ભગવાનની વાણીનું શ્રવણ તે પર વિષય છે, વીતરાગદેવની મૂર્તિ પણ પરવિષય છે, તેના લક્ષે થતું જ્ઞાન તે આત્માનો સ્વભાવ નથી, તેથી ખરેખર તે ચેતન નથી, તે રાગ છે, કષાય છે, અચેતન છે, પરલક્ષી જ્ઞાન છે તેના વિશ્વાસે જીવને ધર્મ દશા પ્રગટતી નથી.

## (૧૪૨) પોતાના સત્સ્વભાવની વાત

આ પોતાના સત્સ્વભાવની વાત છે. જીવે અનંતકાળમાં પોતાના સત્સ્વભાવની વાત રુચિથી સાંભળી નથી અને પોતાના સ્વભાવની સંભાળ કરી નથી.

## (૧૪૩) ધર્મ પ્રગટ કરવાની હોંશ કોને થાય? અને તેને ધર્મ કેમ પ્રગટે?

સોનામાં એક અવસ્થા બદલીને બીજી અવસ્થા કરવાની હોંશ કોને થાય? જેને સોનાના સ્વભાવસામર્થ્યની પ્રતીતિ છે કે આ સોનું વર્તમાન કડારૂપ અવસ્થા જેટલું જ નથી, પણ કડારૂપ દશા બદલીને,

કુંડળરૂપ દશા સોનાના આધારે પ્રગટે અને સોનું કાયમ રહે તેવો તેનો સ્વભાવ છે; આવી જેને ખબર હોય તેને સોનાની કડારૂપ અવસ્થા બદલીને કુંડળ વગેરે કરવાની હોંશ થાય છે; તેમ આત્મામાં અધર્મદશા પલટીને ધર્મદશા પ્રગટ કરવાની હોંશ કોને થાય? આખો આત્મા અધર્મરૂપે થઈ ગયો નથી, પણ અધર્મદશા ટાળીને ધર્મદશારૂપે થવાની આત્મામાં તાકાત છે. અધર્મદશા ટળીને ધર્મદશા પ્રગટવા છતાં આત્મા ધ્રુવરૂપે કાયમ રહે છે; અધર્મના નાશ ભેગો આત્માનો નાશ થઈ જતો નથી. આમ જેણે આત્માનું નિત્યપણું અને અધર્મદશાનું ક્ષણિકપણું ભાસ્યું હોય તેને જ અધર્મદશાનો નાશ કરીને નવી ધર્મદશા પ્રગટ કરવાની હોંશ થાય છે. જે જીવને એ પ્રમાણે ધર્મદશા પ્રગટ કરવાની હોંશ થઈ છે. તે જીવને ધર્મ કેમ પ્રગટે? તે વાત અહીં ચાલે છે.

આ આત્મા જ્ઞાનસ્વભાવી ત્રિકાળ છે, તેનું જ્ઞાન સર્વથા કૂટસ્થ નથી પણ સમયે સમયે પરિણમે છે. તેની પરલક્ષી મતિ-શ્રુતજ્ઞાન અવસ્થા જે સ્પર્શ-રસ વગેરે પરવિષયોને જાણે છે, તે સ્પર્શ વગેરે તો અચેતન છે, તેનાથી જ્ઞાન થતું નથી.

બીજી વાત-તે સ્પર્શ વગેરે પર વિષયોના લક્ષે રાગ ઘટાડીને જે જ્ઞાન થયું તે જ્ઞાન ચૈતન્યસ્વભાવમાંથી આવેલું નથી- સ્વભાવના લક્ષે થયેલું નથી, ત્રિકાળીસ્વભાવના આધારે બદલીને તે જ્ઞાનપર્યાય થયો નથી પણ રાગ ઘટીને પરના લક્ષે થયો છે, તેથી તે સમ્યગ્જ્ઞાન નથી, તેમાં આત્મા નથી, ને તે જ્ઞાન ધર્મનું કારણ નથી.

ત્રીજી વાત-પરવિષયો કે તેના લક્ષે થતી જ્ઞાનદશા તેની પ્રતીતિ કરીને બદલવાથી તો ધર્મ થતો નથી.

જેને ધર્મ કરવો હોય તેને, ત્રિકાળી સ્વભાવશક્તિના લક્ષે પર્યાય બદલીને ત્રિકાળી જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરતાં સ્વલક્ષે સમ્યક્ મતિશ્રુતજ્ઞાન થાય છે, તે ધર્મ છે.

પાંચઈંદ્રિયના વિષયો (શબ્દ વગેરે) અચેતન છે, તેનાથી જ્ઞાન થાય છે એમ જે માને તે અજ્ઞાની છે; સ્વભાવને ચૂકીને પાંચઈંદ્રિયના વિષયોના લક્ષે જે મતિજ્ઞાન થાય તે પણ અજ્ઞાન છે; અંશે રાગ ઘટીને પરલક્ષે જે જ્ઞાન ઉઘડ્યું તે પણ અજ્ઞાન છે. તેને જ આત્મા માને તો ધર્મ થતો નથી. પણ તેનું લક્ષ છોડીને, ત્રિકાળી સ્વભાવની અંતર્મુખદષ્ટિ કરીને જ્ઞાનસ્વભાવમાં વળતાં જે જ્ઞાનદશા થાય તે સમ્યકમતિજ્ઞાન છે. -આ જ્ઞાન મોક્ષનું કારણ થાય છે.

## (૧૪૪) સફળ અવતાર

અહો, આ આત્માના સ્વભાવની અપૂર્વ વાત છે. અત્યારે પ્રમાદ ટાળીને આત્માની જાગૃતિ કરવાનાં ટાણાં છે. મનુષ્યપણું પામીને પણ ઘણા જીવોનો ઘણો કાળ તો પ્રમાદમાં ચાલ્યો જાય છે, ધર્મના બહાને પણ પ્રમાદમાં અને ટીખળમાં કાળ જાય છે. જો આ જીવનમાં આત્માની જાગૃતિ કરીને સત્સ્વભાવ ન સમજ્યો તો અવતાર નકામો છે. અને જો અપૂર્વ રુચિથી આત્માનું સમ્યગ્જ્ઞાન પ્રગટ કરી લ્યે તો તેનો અવતાર નિષ્ફળ નથી પણ કેવળજ્ઞાનદશાનો જન્મ કરવા માટે તેનો સફળ અવતાર છે.

## (૧૪૫) સાધકને ક્યું જ્ઞાન મોક્ષનું કારણ થાય? (જ્ઞાનીના જ્ઞાનની પ્રમાણતા)

પર પદાર્થો સન્મુખ થતા મતિ-શ્રુતજ્ઞાનને સ્વભાવસન્મુખ વાળવા માટેનો આ અધિકાર છે. અવધિ અને મનઃપર્યયજ્ઞાન તો

પરવિષયોને જ જાણે છે, તેની અહીં વાત નથી. જે મતિ-શ્રુતજ્ઞાન આત્માના સ્વભાવ તરફ ઢળે તે મોક્ષનું કારણ થાય છે. સાધક જીવને ક્ષાયિકજ્ઞાનનો તો અભાવ છે, પરંતુ સ્વભાવ તરફ ઢળતું તેમનું જ્ઞાન ક્ષાયોપશમિકભાવરૂપ હોવા છતાં પણ તે વિશિષ્ટ ભેદજ્ઞાનરૂપ સમ્યકમતિશ્રુતજ્ઞાન મોક્ષનું કારણ થાય છે. સ્વભાવ તરફના વિચારની શ્રેણીમાં જ્ઞાનીઓને જે સહજ ન્યાયો અંતરમાં પ્રગટે છે તે યથાર્થ હોય છે ને તે જ ન્યાયો શાસ્ત્રોમાંથી પણ નીકળી આવે છે.

## (૧૪૬) જ્ઞાનમાં જેનો મહિમા લાગે ત્યાં જ્ઞાન એકાગ્ર થાય; સ્વભાવનો મહિમા તે જ શાંતિનો ઉપાય છે.

ધર્મી જીવો આત્માના સ્વભાવને કેવો જાણે છે તેની આ વાત ચાલે છે. જેણે ધર્મ કરવો હોય તેણે પોતાના જ્ઞાનમાં આત્માની યથાર્થ કિંમત જાણવી પડે. જ્ઞાનમાં જેનો મહિમા લાગે તેમાં જ્ઞાન એકાગ્ર થાય. જો પરનો મહિમા કરીને ત્યાં જ્ઞાન એકાગ્ર થાય તો તે અધર્મ છે અને આત્માનો મહિમા સમજીને ત્યાં જ્ઞાન એકાગ્ર થાય તો તે ધર્મ છે. જેમ-જે જીવોને વિષયોમાં કે લક્ષ્મી વગેરેમાં સુખબુદ્ધિ થઈ છે તે જીવ તેમાં એકાગ્ર થાય છે- જીવનને જોખમમાં મૂકીને પણ તે વિષયોમાં ઝંપલાવે છે કેમ કે તેને જ્ઞાનમાં તેનો મહિમા ભાસ્યો છે, તેમ આત્માનો જ્ઞાનસ્વભાવ અનંતસુખસ્વરૂપ છે, પરથી જુદો છે-એ સ્વભાવનો મહિમા જો જ્ઞાનમાં સમજાય તો બધાયની દરકાર છોડીને જ્ઞાન પોતાના સ્વભાવમાં ઠરે અને સાચી શાંતિ પ્રગટે; એનું નામ ધર્મ છે. પરંતુ જો જ્ઞાનમાં જણાતા શબ્દ વગેરે પદાર્થો કે તેને જાણનારા અલ્પ બોધ જેટલી જ આત્માની કિંમત કરે તો તે જ્ઞાન

પરવિષયોમાં અને પર્યાયબુદ્ધિમાં જ અટકી જાય, પણ ત્યાંથી પાછું ખસીને પૂર્ણ સ્વભાવમાં વળે નહિ અને શાંતિ પ્રગટે નહિ.

હે ભવ્ય ! તારે આત્માની શાંતિ પ્રગટ કરવી છે, તો તે શાંતિ પરવસ્તુમાંથી નહિ આવે, પર વસ્તુઓ સામે જોવાથી નહિ આવે, વિકાર કે ક્ષણિક પર્યાય સામે જોવાથી પણ તે શાંતિ નહિ આવે, પણ તે બધાના લક્ષને છોડીને તારી વર્તમાન અવસ્થાને ત્રિકાળી જ્ઞાનસ્વભાવમાં એકાકાર કર, તો ત્રિકાળી સ્વભાવના આધારે અવસ્થામાં પરિપૂર્ણ શાંતિ પ્રગટ થાય.

## (૧૪૭) ભેદજ્ઞાન કરે તો ભવનો અંત આવે

શબ્દ વગેરે વિષયોમાં જરાપણ જ્ઞાન નથી તેથી તેનાથી તો આત્મા તદ્દન જુદો છે અને આત્મામાં પરિપૂર્ણ જ્ઞાન છે,- આત્મા અને જ્ઞાન જરાય જુદા નથી, -આમ ભેદજ્ઞાન કરીને સ્વભાવ તરફ ટળે તો સ્વભાવના આશ્રયે જીવને સમ્યક્મતિ- શ્રુતજ્ઞાન પ્રગટ થાય, અને અલ્પકાળમાં ભવનો અંત આવે. આ સિવાય જે મતિ-શ્રુતજ્ઞાન પર લક્ષે જ કાર્ય કરે તે મિથ્યાજ્ઞાન છે. સ્વલક્ષે સમ્યગ્જ્ઞાન પ્રગટ કર્યા વગર, કોઈ જીવ કષાય ઘટાડે તો તેને પાપાનુબંધી પુણ્ય બંધાય અને સાથે સાથે તે જ વખતે, આખા આત્મસ્વભાવના અનાદરરૂપ મિથ્યાત્વથી અનંત પાપ બાંધે અને અનંત ભવ વધારે.

## (૧૪૮) ચેતનસ્વભાવ સાથે જેની એકતા નથી તે જ્ઞાન અચેતન છે

ત્રિકાળી આત્મસ્વભાવને ભૂલીને વર્તમાન પૂરતા પરની કે તેને જાણનારા ક્ષણિક જ્ઞાનની જ કિંમત ભાસે અને તેને જ આત્માનું

સ્વરૂપ માને, તે જ્ઞાનને આચાર્યદેવ 'આત્મા' કહેતા નથી પણ 'જડ' કહે છે; જે જ્ઞાન ચેતનસ્વભાવ સાથે એકત્વ ન કરે ને પરમાં એકત્વ કરે તેને ચેતન નથી કહેતા, પણ અચેતન કહે છે. ત્રિકાળી સ્વભાવમાં ઢળતાં જે જ્ઞાન પ્રગટે ને સ્વભાવમાં અભેદ થાય તે ચેતન છે, તે જ આત્મા છે. જ્ઞાનની જે અવસ્થા ત્રિકાળી ચૈતન્યમાં અભેદતા પામી તે ચેતન છે, સમ્યગ્જ્ઞાન છે. પણ જે જ્ઞાન એકલા પરને જાણવામાં જ અટક્યું છે તે મિથ્યાજ્ઞાન છે, તેને અહીં અચેતન કહે છે, કેમ કે તે આત્માનું સ્વરૂપ નથી. વર્તમાન વર્તતી અવસ્થા જો કાયમી જ્ઞાનસ્વભાવ સાથે એકતા ન પામે અને દયા-ઉપદેશ શ્રવણ વગેરેના રાગમાં જ અટકી રહે તો ચૈતન્યના પરિણમનના ત્રિકાળી પ્રવાહમાં ભેદ પડે છે, દ્રવ્ય-પર્યાયમાં ભેદ પડે છે, એટલે તે અવસ્થા મિથ્યાજ્ઞાનરૂપ છે.

## (૧૪૯) આત્માનો પૂર્ણ આનંદ કોને પ્રગટે

જેમ-સોનાની એક અવસ્થા પલટીને બીજી નવી અવસ્થા સોનાના આધારે થશે, ને સોનું તો એટલું ને એટલું રહેશે, સોનાનો નાશ નહિ થાય. -આમ કાયમી સોનાનો અને તેના આધારે પ્રગટતી નવી દશાનો જેને વિશ્વાસ છે તેને જ એક દાગીનો પ્રગટતી નથી દશાનો જેને વિશ્વાસ છે તેને જ એક દાગીનો બદલાવીને નવો દાગીનો કરાવવાની હોંશ આવે છે. તેમ જેને ત્રિકાળી પૂરા આત્મસ્વભાવનો જ્ઞાનમાં વિશ્વાસ છે અને તે સ્વભાવના આધારે જ નવી નવી નિર્મળદશાઓ પ્રગટે છે એવો વિશ્વાસ છે તે જીવને અશુદ્ધદશા ટાળીને નિર્મળ દશા પ્રગટ કરવાની હોંશ આવે છે એટલે કે જેનું જ્ઞાન ત્રિકાળી સ્વભાવ તરફ વળ્યું છે તેને જ નિર્મળ પર્યાય

પ્રગટવાનો પુરુષાર્થ હોય છે. મારો આનંદ કે શાંતિ ક્યાંય બહારમાં તો નથી તેથી જો મારું જ્ઞાન બહારના વિષયોમાં ભમે તો તે જ્ઞાનમાં પણ શાંતિ નથી, મારો ત્રિકાળી સ્વભાવ જ આનંદ ને શાંતિનો ભંડાર છે તેથી જો મારા જ્ઞાનને સ્વભાવમાં એકાગ્ર કરું તો તે સ્વભાવમાંથી જ આનંદ ને શાંતિનો અનુભવ થાય. -આમ અંતર્મુખ થઈને પોતાના સ્વભાવનો વિશ્વાસ કરે તો આત્મામાં નિર્મળતા પ્રગટવાની હોંશ થાય એટલે આત્માની રુચિ-શાંતિ-સમ્યક્ત્વ-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર-કેવળજ્ઞાન વગેરે શુદ્ધદશાઓ ક્રમેક્રમે પ્રગટે. પહેલાં રુચિ અને પ્રતીતમાં આત્મસ્વભાવનો વિશ્વાસ કરીને મતિશ્રુતજ્ઞાનને તે સ્વભાવ તરફ વાળતાં સુખનો અંશ પ્રગટે છે, વિકારનો અંશ ટળે છે.

પહેલા અનંત પરદ્રવ્યોમાં એકતા કરીને જે જ્ઞાન અટકતું તે જ્ઞાન હવે અનંતગુણથી ભરેલા આત્મસ્વભાવના મહિમામાં લીન થયું એટલે અનંતો વિકાર ટળીને અનંતી શાંતિ પ્રગટી, અપૂર્વ આત્મધર્મ પ્રગટ્યો. હવે ક્રમેક્રમે તે જ્ઞાન સ્વભાવમાં પૂર્ણ લીન થતાં પૂર્ણ આનંદ પ્રગટ થશે.

## (૧૫૦) મતિશ્રુતજ્ઞાનને સ્વભાવસન્મુખ કરવા તે મુક્તિનો ઉપાય છે

ધર્મ કરનાર જીવને વર્તમાન અવસ્થા બદલીને નવી શુદ્ધ અવસ્થા પ્રગટ કરવી છે. તે અવસ્થા ક્યાંથી આવે? જેમાં શક્તિરૂપ વિદ્યમાન હોય તેમાંથી અવસ્થા પ્રગટે. ત્રિકાળી સ્વભાવ શુદ્ધતાનો ભંડાર છે, તેની શ્રદ્ધા કરીને એકાગ્ર થાય તો પર્યાયમાં શુદ્ધતા પ્રગટે. પરંતુ જો ત્રિકાળી સામર્થ્યનો વિશ્વાસ કરે નહિ અને ભગવાનના લક્ષે થતા રાગ જેટલો કે દયાદિભાવો જેટલો જ આત્માને માને, અથવા

તો રાગ ઘટીને પરલક્ષી જે જ્ઞાનનો ઉઘાડ થયો તે જ્ઞાન જેટલો આત્માને માને તો તેના આધારે જ્ઞાનની શુદ્ધતા પ્રગટે નહિ એટલે તે જીવને મિથ્યામતિ-શ્રુતજ્ઞાન જ રહે. જો પૂરા સ્વભાવનો વિશ્વાસ કરીને તેના આધારે જ્ઞાન પરિણમે તો સમ્યક્ મતિશ્રુતજ્ઞાન થાય, તે મોક્ષનું કારણ છે. કેવળજ્ઞાન તો સાધક દશામાં હોતું નથી, અવધિ-મનઃપર્યયજ્ઞાનનો વિષય મૂર્ત પદાર્થો છે, તે જ્ઞાનો સ્વભાવ તરફ ઢળતાં સમ્યક્ મતિશ્રુતજ્ઞાન મોક્ષનું કારણ છે, તેથી આ પંદર ગાથાઓમાં પરસન્મુખ થતા મતિ-શ્રુતજ્ઞાનને પાછા વાળીને સ્વભાવ-સન્મુખ કરવાની રીત આચાર્ય ભગવાને સમજાવી છે.

## (૧૫૧) ભેદવિજ્ઞાન પ્રગટ્યા પહેલાંની પાત્રતા

આ જગતમાં સર્વજ્ઞદેવ છે, તેમની વાણી છે, શ્રુત છે, આ જીવને અધૂરું જ્ઞાન છે, પર લક્ષે શ્રવણ વગેરે છે, તેમાં ઈંદ્રિયમન નિમિત્તરૂપે છે, રાગ છે, -એમ બધાના હોવાપણાનો સ્વીકાર તો આમાં આવી જ જાય છે. જેને હજી એ વાત પણ ન બેસે અને 'બધા થઈને એક આત્મા છે, આત્મા સિવાય બધું સર્વથા અસત્ છે' એમ માને તે જીવને તો તીવ્ર અજ્ઞાન છે. એવા જીવને તો ભેદવિજ્ઞાન પ્રગટ કરવાની પાત્રતા નથી. આ જગતમાં અનંત જુદા જુદા આત્માઓ છે, અને જડ વસ્તુઓ પણ છે, તે દરેકમાં અનંત ગુણો છે, તેમાં સમયે સમયે પરિણમન થાય છે, તેમાં સમ્યક્ અથવા મિથ્યા એવા બે પ્રકારો છે. પૂર્ણજ્ઞાન પ્રગટ કરનારા દેવ છે, તે પૂર્ણજ્ઞાનને સાધનારા એવા ગુરુ છે, તેમની વાણીરૂપ શ્રુત છે. એમ બધું જાણીને, ખોટા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા-બહુમાન છોડીને, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા-બહુમાન કરે ત્યારે તો હજી નિમિત્તોનો વિવેક કર્યો,

રાગની દિશા બદલી, છતાં હજી સુધી પણ પરલક્ષી મિથ્યાજ્ઞાન છે; જો પોતાના જ્ઞાનસ્વભાવ તરફ ઢળીને, નિમિત્તો તરફના રાગનો તેમ જ પરલક્ષી જ્ઞાનનો નિષેધ કરે તો અપૂર્વ ભેદવિજ્ઞાન પ્રગટે છે, ને દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના રાગને વ્યવહાર કહેવાય છે.

## (૧૫૨) ખરેખર વ્યવહાર ક્યારે હોય?

ધર્મની શરૂઆત કેમ થાય તેની આ વાત છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર તે ધર્મનાં નિમિત્તો છે. તે નિમિત્તોને ઓળખીને કુદેવાદિ મિથ્યાત્વના નિમિત્તોની માન્યતા છોડે, તે જીવને દેવ-ગુરુ-શાસ્ત્રના લક્ષે જે મતિ-શ્રુતજ્ઞાન થાય તે પણ હજી તો વ્યવહારથી વ્યવહારને માન્યો છે; નિશ્ચય સ્વભાવના ભાન સહિત જે વ્યવહાર હોય તે જ ખરેખર વ્યવહાર છે, પણ નિશ્ચયસ્વભાવના ભાન વગરનો વ્યવહાર તે ખરેખર વ્યવહાર નથી પણ વ્યવહારથી વ્યવહાર છે. જો ત્રિકાળ સ્વભાવની પ્રતીતિ પ્રગટ કરીને તે વ્યવહારનો નિષેધ કર્યો તેને નિશ્ચયપૂર્વકનો વ્યવહાર કહેવામાં આવે છે. અને સ્વભાવના ભાન પૂર્વક તેને જાણે તો તે જ્ઞાનમાં વ્યવહારનય છે, પણ રાગને જ આદરણીય માને અથવા એકલા રાગના લક્ષે જ તેને જાણે તો તે જ્ઞાન તો મિથ્યાજ્ઞાન છે, તેને વ્યવહાર પણ કહેવાતો નથી.

## (૧૫૩) ભગવાન થવાની રીત

સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, દયા-ભક્તિ વગેરે શુભપરિણામ તથા દ્રવ્ય-ગુણ-પર્યાયની કે નવતત્ત્વની ભેદથી શ્રદ્ધા તે બધો વ્યવહાર છે, અને તેના તરફ ઢળનારું જ્ઞાન તે મિથ્યાજ્ઞાન છે. તે વ્યવહાર અને તે તરફ ઢળનારું જ્ઞાન તે મારું સ્વરૂપ નથી, એકરૂપ જ્ઞાયકસ્વભાવ તે હું છું -એમ મતિ-શ્રુતજ્ઞાનને સ્વભાવમાં ઢાળીને, વ્યવહારથી જુદો

પડે ને સ્વભાવમાં એકતા કરે ત્યારે પ્રમાણજ્ઞાન થાય છે અને તે જીવના મતિ-શ્રુતજ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે. આ મતિ-શ્રુતજ્ઞાન પણ અતીંદ્રિય છે, તે કેવળજ્ઞાનનું કારણ છે. આ આત્મા પોતે ભગવાન કેમ થાય? તેની આ રીત છે.

## (૧૫૪) વસ્તુસ્વભાવ વાણી કે વિકલ્પગમ્ય નથી પણ જ્ઞાનગમ્ય છે

જેવો વસ્તુનો સ્વભાવ છે તેવો જ્ઞાનમાં જાણતાં વાર ન લાગે, પણ વિકલ્પથી જાણતાં કે વાણીદ્વારા કહેતાં વાર લાગે. વાણીથી કહેતાં જેટલી વાર લાગે છે તેટલી વાર જ્ઞાનથી સમજતા ન લાગે. કેમ કે વસ્તુસ્ભાવ વાણી કે વિકલ્પગમ્ય નથી પણ જ્ઞાનગમ્ય છે. જેમ લાડવો તૈયાર કરતાં વાર લાગે પણ લાડવાનો સ્વાદ જાણતાં વાર ન લાગે. તેમ પહેલાં વિકલ્પથી ચૈતન્યસ્વભાવ સમજતાં વાર લાગે, પણ સ્વભાવ તરફ વળીને, વિકલ્પ તોડીને શ્રુતજ્ઞાનથી અનુભવ કરે તેમાં વાર લાગે નહિ, માટે વાણી અને વિકલ્પનું લક્ષ-આશ્રય છોડીને, મતિ-શ્રુત-જ્ઞાનને સ્વભાવસન્મુખ કરવા તે આત્માના અનુભવનો ઉપાય છે, અને તે જ ધર્મ છે. ત્રિકાળ ચૈતન્યસ્વભાવ તે આત્મા છે, મતિ-શ્રુતજ્ઞાન જેટલો આત્મા નથી એમ સમજીને, પર્યાયદૃષ્ટિ છોડીને અંતર્સ્વભાવમાં જે મતિ-શ્રુતજ્ઞાન વળે તે જ્ઞાનને અહીં આત્મા કહ્યો છે, કેમ કે તે જ્ઞાન આત્મા સાથે અભેદ થાય છે. સ્વભાવ તરફ ઢળતાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની શુદ્ધતા સમયે સમયે વધતી જાય છે, તેનું વર્ણન આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં છે.

શબ્દ તે જ્ઞાન નથી, સ્પર્શ તે જ્ઞાન નથી, એ પ્રમાણે પાંચ ઈંદ્રિયના વિષયો તે જ્ઞાન નથી તેમ જ તે શબ્દ વગેરે વિષયોને

અવલંબીને જે જ્ઞાન થાય તે આત્મા નથી પણ અચેતન છે એટલે કે પરલક્ષે થતું મતિજ્ઞાન તે મિથ્યાજ્ઞાન છે- એમ મતિજ્ઞાનની વાત કરી હવે શ્રુતજ્ઞાનસંબંધી વાત કરે છે.

## ✳ કર્મથી જ્ઞાનનું જુદાપણું ✳

**"કર્મ તે જ્ઞાન નથી, કારણ કે કર્મ અચેતન છે; માટે જ્ઞાનને અને કર્મને વ્યતિરેક છે."** કર્મ સૂક્ષ્મપદાર્થ છે તે ઈંદ્રિયોનો વિષય નથી એટલે ઈંદ્રિય-મતિજ્ઞાનથી તે જાણતા નથી, પણ મનદ્વારા થતા મતિપૂર્વક શ્રુતજ્ઞાનથી તે જણાય છે.

### (૧૫૫) જ્ઞાન કોને કહેવું?

તે કર્મો તો અચેતન છે, તેમાં જ્ઞાન નથી, અને તે અચેતન કર્મોના લક્ષે જે જ્ઞાન થાય તે પણ યથાર્થ જ્ઞાન નથી અહીં આચાર્ય ભગવાન એમ સમજાવે છે કે શબ્દ, રૂપ તથા કર્મો વગેરે પર પદાર્થના લક્ષે જ્ઞાનનો જે ઉઘાડ થાય કે મંદ કષાય થાય તે બંને આત્મા નથી, -જ્ઞાન નથી પણ અચેતન છે; તેનાથી ધર્મ થતો નથી. ત્રિકાળ આત્મસ્વભાવ સાથે એકતા કરીને જે જ્ઞાન અવસ્થા પ્રગટે તે જ ખરૂં જ્ઞાન છે, તેનાથી ધર્મ થાય છે.

આત્મામાં ક્રોધ વગેરે વિકાર થાય છે, તે ક્રોધાદિઆત્માનો સ્વભાવ નથી, તેથી તે ભાવમાં કોઈક બીજો પદાર્થ નિમિત્તરૂપ હોય; તે પદાર્થ કર્મ છે. -એમ યુક્તિથી તેમ જ આગમના કથનથી શ્રુતજ્ઞાનદ્વારા કર્મોને માનવા જોઈએ. જેઓ કર્મ વગેરેનું હોવાપણું જ માનતા નથી તેવા જીવોની અહીં વાત નથી. પરંતુ અહીં તો કહે છે કે આત્માનો આશ્રય છોડીને જે જ્ઞાન કર્મને જાણવામાં રોકાય તે

અચેતન છે. કર્મના લક્ષે જે કર્મને જાણવાનો ઉઘાડ થયો તે આત્માનો સ્વભાવ નથી. કર્મ મને નડે છે- એમ જેણે માન્યું છે તેનું કર્મને જાણનારું જ્ઞાન અચેતન છે.

## (૧૫૬) કર્મનું જ્ઞાન મોક્ષનું કારણ નથી પણ આત્મસ્વભાવનું જ્ઞાન મોક્ષનું કારણ છે

અજ્ઞાનીઓ કહે છે કે પહેલાં આત્માનું નહિ પણ કર્મનું જ્ઞાન કરવું જોઈએ. અહીં આચાર્યભગવાન કહે છે કે કર્મના જ્ઞાન ઉપર ધર્મનું માપ નથી. કર્મને જાણવાથી ધર્મ થતો નથી. મંદ કષાયથી કર્મના લક્ષે જે જ્ઞાન થાય તે પણ મિથ્યાશ્રુતજ્ઞાન છે, તેથી અચેતન છે. કર્મને તથા તેના કહેનારા કેવળીભગવાન, ગુરુ તથા શાસ્ત્રને માને ત્યાંસુધી પણ મિથ્યાશ્રુત છે કેમ કે તે જ્ઞાને પરનો આશ્રય કર્યો છે; તે જ્ઞાને સ્વભાવમાં એકતા નથી પણ રાગમાં તે પરમાં એકતા કરી છે; સ્વભાવમાં એકતા નથી પણ વિકારમાં એકતા છે તેથી ક્રમેક્રમે વિકાર વધીને તે જ્ઞાન અત્યંત હીણું થઈને નિગોદ દશા થશે, પણ તે જ્ઞાન આત્મામાં એકતા કરીને કેવળજ્ઞાન તરફ નહિ ઢળે. પૂર્ણ ચૈતન્યસ્વભાવનો આશ્રય કરીને જે શ્રુતજ્ઞાન થાય છે તે આત્મામાં એકતા કરીને, ક્રમેક્રમે વધીને કેવળજ્ઞાન પ્રગટ કરે છે.

આઠે પ્રકારના કર્મો અચેતન છે ને તે અચેતનના લક્ષે થતું જ્ઞાન પણ અચેતન છે. આત્મા પરિપૂર્ણ ચૈતન્યસ્વરૂપ છે, તેના દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ એકરૂપ છે, તેમાં કર્મની અપેક્ષા નથી; પણ વર્તમાન પર્યાયમાં એક સમય પૂરતો વિકાર છે, તેમાં કર્મ નિમિત્તરૂપે છે, એટલે વિકારને અને કર્મને એક સમય પૂરતો નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. જેમ સોના સાથે હથોડીને સંબંધ નથી, હથોડી કાંઈ સોનાને

ઉપજવામાં નિમિત્ત નથી, પણ સોનાની અવસ્થાનો ઘાટ (આકાર) થાય તેમાં તે નિમિત્તરૂપ છે. નિશ્ચયથી તો તે આકારનું કારણ સોનું જ છે, પણ વ્યવહારથી તે આકારને અને હથોડીને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે, તેમ આત્મામાં ત્રિકાળી દ્રવ્ય-ગુણ સાથે કર્મને સંબંધ નથી પણ વર્તમાન અવસ્થા સાથે જ નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે, આમ જાણવું જોઈએ; પરંતુ-જો કર્મનું લક્ષ રાખીને જ એમ જાણે તો સમ્યક્શ્રુતજ્ઞાની થાય નહિ એટલે કે ધર્મ થાય નહિ. ત્રિકાળી ચૈતન્યસ્વભાવ કર્મથી ને રાગથી ભિન્ન છે, ક્ષણિક પર્યાય જેટલો પણ નથી એમ જાણીને તે સ્વભાવ સાથે એકતા કરતાં જે જ્ઞાન થાય તે સમ્યગ્જ્ઞાન છે. તે જ્ઞાન કર્મને જાણતી વખતે પોતાના જ્ઞાનસ્વભાવ સાથે એકતા રાખીને જાણે છે તેથી તે વખતે પણ તેને શુદ્ધતાની વૃદ્ધિ જ થાય છે.- આનું નામ ધર્મ છે. એવું સ્વભાવ તરફ વળતું જ્ઞાન જ આ આત્માને મુક્તિનું કારણ છે, તે જ્ઞાનથી જ આ આત્મા પોતે ભગવાન્ પરમાત્મા થાય છે.

## (૧૫૭) વિવેક

અહો, એક માખી પણ સાકર અને ફટકડીના સ્વાદનો વિવેક કરીને, ફટડીને છોડે છે ને સાકરનો સ્વાદ લેવા માટે ચોંટે છે; તો જેને પોતાનું કલ્યાણ કરવું છે એવા જીવે, પોતાનો ત્રિકાળી સ્વભાવ શું અને વિકાર શું એનો બરાબર વિવેક કરવો જોઈએ. ત્રિકાળના લક્ષે શાંતિ થાય છે ને ક્ષણિક પર્યાયના લક્ષે આકુળતા થાય છે, એમ તે બંનેનો ભેદ જાણીને, જો પર્યાયથી ખસીને ત્રિકાળી સ્વભાવ તરફ શ્રુતજ્ઞાન વળે તો સ્વભાવના આનંદનો સ્વાદ આવે, અને ગમે તેવા પ્રતિકૂળ સંયોગ વખતે પણ સ્વભાવની એકતાને તે જ્ઞાન છોડે નહિ.

## (૧૫૮) ક્યું જ્ઞાન આત્મા સાથે અભેદ થાય છે?

કર્મ અચેતન છે, તેનામાં જ્ઞાન નથી, તે કાંઈ જાણતા નથી; તે કર્મના લક્ષે જે પુણ્ય-પાપ થાય કે જે જ્ઞાન થાય તે જ્ઞાનની એકતા આત્મા સાથે નથી પણ કર્મ સાથે છે. તેથી તે મિથ્યા છે, અચેતન છે, તેને અને આત્મસ્વભાવને જુદાઈ છે.

અહો! આચાર્ય દેવ કહે છે કે ત્રિકાળ ચેતન્ય સ્વભાવમાં ઢળતા જ્ઞાનને અને પરલક્ષ તરફ ઢળતા જ્ઞાનને જુદાઈ છે, બંને જ્ઞાનધારા જુદી છે. જે જ્ઞાન પરનો વિચાર છોડીને સ્વભાવ તરફની એકતા કરે તે જ્ઞાન આત્મા સાથે અભેદ છે, તે સમ્યગ્જ્ઞાન છે, તે જ્ઞાનને અહીં આત્મા જ કહ્યો છે. એવું સમ્યગ્જ્ઞાન પ્રગટ્યા પછી પણ જ્ઞાનનો જે અંશ પર તરફ વળે છે તેને અને સ્વભાવ તરફ ઢળતા જ્ઞાનને વ્યતિરેક છે- ભિન્નતા છે. જે ધર્માત્માને આવું સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું છે તેને સમયે સમયે સ્વ તરફની જ્ઞાનધારા વધતી જાય છે, ને પર તરફની જ્ઞાનધારા ઘટતી જાય છે; જ્યારે કર્મને જાણતા હોય ત્યારે પણ તેમને સ્વભાવમાં જ્ઞાનની એકતા વધતી જાય છે અને પર તરફનું જ્ઞાનનું વલણ ઘટતું જાય છે.

## (૧૫૯) અધર્મ અને ધર્મ

હજી તો જેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનું પણ ઠેકાણુ નથી તે તો તીવ્ર અધર્મી છે. અહીં આચાર્યદેવ કહે છે કે જેણે તીવ્ર અધર્મરૂપ ગૃહીતમિથ્યાત્વને તો છોડી દીધું છે અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને જ માને છે, તથા શ્રુતજ્ઞાનના તર્કને કર્મ તરફ વાળીને જ્ઞાનને ત્યાં જ થંભાવી દીધું છે પણ ત્યાંથી ખસેડીને જ્ઞાનને સ્વભાવ તરફ વાળતો નથી તે જીવ પણ મિથ્યાશ્રુતજ્ઞાની છે, અધર્મી છે, તેના જ્ઞાનને

અમે અચેતન કહીએ છીએ. ચેતન્યસ્વભાવમાં વળીને જે જ્ઞાન થાય તે ચૈતન્યસ્વરૂપમાં ઠરે છે, તેને અમે ચેતન કહીએ છીએ; તે જ ધર્મ છે.

પહેલાં પૂર્ણ જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા કરીને તેમાં જ્ઞાનની એકતા કરીને પછી તેના જ આશ્રયે પૂર્ણપણે પરિણમતાં જેને પૂર્ણ-જ્ઞાનદશા પ્રગટી છે તે દેવ છે, સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન કરીને પૂર્ણતા તરફ ઢળે છે તે ગુરુ છે, અને પૂર્ણતાનો ઉપાય બતાવનારી તેમની વાણી તે શાસ્ત્ર છે. એવા દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનું લક્ષ કરીને જે અટક્યો છે તે પણ મિથ્યાજ્ઞાની છે, કેમ કે તેની બુદ્ધિ ચેતન્ય તરફ નથી. અને જે કુદેવ કુગુરુ-કુશાસ્ત્રને સત્ય માને છે તેને તો આત્માના ધર્મની પાત્રતા જ નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો વિવેક કરીને, સ્વ-પરનું યથાર્થ ભેદજ્ઞાન કરે તેને જ ધર્મ થાય છે. પર વલણથી ખસીને સ્વભાવમાં વળીને સ્વભાવમાં જ્ઞાનની એકતા કર્યા પછી તે ધર્મી જીવ પરને જાણે તે વખતે પણ તેને બધું સમ્યગ્જ્ઞાન જ છે; પરને જાણતી વખતે પણ સ્વભાવના આશ્રયે જ્ઞાનની એકતા વધતી જાય છે, કેમ કે તે વખતે ય સ્વભાવની એકતા છોડીને જ્ઞાન જાણતું નથી.

## (૧૬૦) નિશ્ચય અને વ્યવહારનું સાચું જ્ઞાન ક્યારે થાય?

મતિ-શ્રુતજ્ઞાનને સ્વભાવમાં વાળીને દ્રવ્યમાં એકતા કરે તે નિશ્ચય છે, અને સ્વભાવની એકતાપૂર્વક સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રતિતી તે વ્યવહાર છે. વ્યવહારને જાણતાં જે જ્ઞાન વ્યવહારમાં જ અટકી રહે તે જ્ઞાન વ્યવહારથી જુદું પડ્યું નથી એટલે કે તેને નિશ્ચય અને વ્યવહારને જુદા જાણ્યા નથી, તેથી ત્યાં વ્યવહાર પણ સાચો હોતો નથી. જ્ઞાન વ્યવહારને જાણે ખરૂં, પણ વ્યવહાર-જ્ઞાન જેટલો

આત્મા નથી એમ સમજી વ્યવહારથી જુદું પડી અખંડ જ્ઞાનસ્વભાવ તરફ વળે ત્યારે શ્રુતજ્ઞાન પ્રમાણ થાય છે અને ત્યારે જ નિશ્ચય તથા વ્યવહાર બનેનું સાચું જ્ઞાન હોય છે.

જીવનું જે શ્રુતજ્ઞાન સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને જાણે તે શ્રુતજ્ઞાન જેટલો જ આત્માને જે સ્વીકારે અને તેના ઉપર જ વલણ રાખ્યા કરે પણ ત્રિકાળ જ્ઞાન સ્વભાવ તરફ ન વળે તો તે શ્રુતજ્ઞાન મિથ્યા છે; તેને નિશ્ચય અને વ્યવહાર જુદા ન રહ્યા, પણ ક્ષણિકને જ ત્રિકાળીરૂપ માની લીધું એટલે કે વ્યવહારને જ નિશ્ચય માની લીધો; તેને નિશ્ચય-વ્યવહારનું સાચું જ્ઞાન નથી. ત્રિકાળી સ્વભાવનો આશ્રય કરીને જે જ્ઞાન એમ સ્વીકારે કે 'આ દેવ-ગુરુ-શાસ્ત્રથી હું જુદો અને તેને જાણનાર ક્ષણિક જ્ઞાન છે તેટલો પણ હું નથી' તો તે સમ્યગ્જ્ઞાન છે અને તેને ત્રિકાળી સ્વભાવનું તેમજ વર્તમાન પર્યાયનું એટલે કે નિશ્ચય-વ્યવહારનું સાચું જ્ઞાન છે.

## (૧૬૧) જ્ઞાનની ક્રિયા તે ધર્મ

આ ધર્મની વાત છે, આમાં એકલા જ્ઞાનની ક્રિયાની વાત છે. આત્મા શરીર વગેરેથી તો જુદી જ વસ્તુ છે તેથી આત્માના ધર્મમાં શરીરની ક્રિયા કારણરૂપ નથી, શરીરની ક્રિયા સાથે આત્માના ધર્મનો કે અધર્મનો સંબંધ નથી, પણ જ્ઞાનની ક્રિયામાં ધર્મ-અધર્મ છે. પોતાના પૂર્ણજ્ઞાન સ્વભાવને સ્વીકારીને તેના આશ્રયે જ્ઞાનની જે ક્રિયા થાય તે ધર્મ છે. અને સ્વભાવને ભૂલીને, ક્ષણિક જ્ઞાન જેટલો જ પોતાને માનીને, પરના આશ્રયે જ્ઞાનની જે ક્રિયા થાય તે અધર્મ છે. અનાદિથી મતિ-શ્રુતજ્ઞાન પરના લક્ષે કાર્ય કરી રહ્યા છે. તેથી સંસારપરિભ્રમણ છે, તે જ્ઞાનને ચેતનસ્વભાવના લક્ષે સ્વભાવમાં વાળવા તે અપૂર્વ ધર્મ છે, ને તે મુક્તિનું કારણ છે.

ઉપર ૨૩૪ મા કળશમાં કહ્યું હતું કે -પર પદાર્થોને જાણતાં તેની સાથે એક પણાની માન્યતાથી અનેક પ્રકારની વિકારી ક્રિયા ઉત્પન્ન થતી તે અધર્મ હતો. અથવા પરને જાણવા જેટલું જ મારું જ્ઞાન છે એમ માનવું તે પણ પરમાં એકત્વબુદ્ધિ જ છે ને તે અધર્મ છે. અહીંથી હવે (આ પંદર ગાથાઓ દ્વારા કહ્યું તે રીતે) સમસ્ત વસ્તુઓથી જુદું કરવામાં આવેલું જ્ઞાન એટલે કે સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન ચેતનસ્વભાવને જાણીને તે સ્વભાવમાં વળેલું જ્ઞાન-અનેકપ્રકારની અધર્મક્રિયાઓથી રહિત છે અને એક જ્ઞાનક્રિયા માત્ર છે, અનાકુળ છે અને દેદીપ્યમાન વર્તતું થકું સ્વભાવમાં લીન રહે છે. -આ જ ધર્મ છે. અત્યાર સુધી જે અનંત જીવો સંસારથી તરીને સિદ્ધ થયા છે તે બધાય આવી સ્વસન્મુખ જ્ઞાનક્રિયાના પ્રતાપથી જ તર્યા છે, વર્તમાન જે જીવો તરે છે તેઓ એ ક્રિયાના પ્રતાપથી જ તરે છે, ને ભવિષ્યમાં જે કોઈ જીવો તરશે તેઓ એ જ્ઞાનક્રિયાના પ્રતાપે જ તરશે.

## (૧૬૨) જ્ઞાન અને કર્મનું ભેદજ્ઞાન

કર્મ અને જ્ઞાન જુદા છે. જ્ઞાન આત્મા સાથે એકમેક છે અને કર્મથી જુદું છે; ખરેખર કર્મ અને કર્મ તરફ ઢળતું જ્ઞાન તે બંનેથી આત્મા જુદો છે અને આત્મા તરફ ઢળતું જ્ઞાન પણ તે બંનેથી જુદું છે. આ રીતે, કર્મ અને તે તરફ ઢળતું જ્ઞાન એ બંનેથી જુદો પડીને, સ્વભાવને જાણે તો જ્ઞાન અને કર્મનું ભેદજ્ઞાન થાય; એવા ભેદજ્ઞાનપૂર્વક કર્મને જાણ્યા તે જ્ઞાન સાચું કહેવાય; નહિતર કર્મનું જ્ઞાન પણ સાચું કહેવાય નહિ.

## (૧૬૩) અંતર-મંથન કરવા યોગ્ય અદ્‌ભુત રહસ્ય

નિશ્ચય અને વ્યવહાર જુદા છે. એટલે નિશ્ચય તરફ ઢળતું જ્ઞાન વ્યવહાર તરફ ઢળતા જ્ઞાનથી જુદું છે. નિશ્ચય અને વ્યવહાર બંનેનું જ્ઞાન સાધક જીવને હોય છે પરંતુ સ્વભાવના આશ્રયે ક્ષણેક્ષણે નિશ્ચયનય વધતો જાય છે તે વ્યવહારનય ટળતો જાય છે એટલે કે સ્વભાવની એકતા તરફ જ્ઞાનનું વલણ વધતું જાય છે, ને પર તરફનું જ્ઞાનનું વલણ ટળતું જાય છે. એ રીતે ક્રમે ક્રમે, સ્વભાવમાં સંપૂર્ણ એકતા થતાં, વ્યવહાર સંપૂર્ણ ટળી જાય છે, ને કેવળજ્ઞાન થાય છે. સ્વભાવ તરફ ઢળેલું જ્ઞાન તે જ આત્મા છે, તે જ્ઞાન જ સમ્યક્ત્વ છે, તે જ ચારિત્ર છે તે જ સુખ છે. જ્ઞાન આત્મામાં અભેદ થતાં દ્રવ્ય-પર્યાયનો ભેદ ન રહ્યો એટલે તે જ્ઞાન જ આત્માનું સર્વસ્વ છે, અહો? આચાર્ય ભગવાને આત્માના અંતર્‌સ્વભાવનું પરમ અદ્‌ભુત રહસ્ય બતાવ્યુ છે. આ રહસ્ય સમજીને અંતર્‌માં મંથન કરવા જેવું છે. માત્ર ઉપર ઉપરથી સાંભળી લેવું ન જોઈએ પણ બરાબર ધારણ કરીને, અંતરમાં જાતે વિચારીને નિર્ણય કરવો જોઈએ.

☆☆☆ ☆☆☆ ☆☆☆

## (૧૬૪) જિજ્ઞાસુઓનાં મહાભાગ્ય

પર તરફના શ્રુતજ્ઞાનને સ્વભાવ તરફ વાળવું તે આ ગાથાઓનું પ્રયોજન છે. આચાર્યદેવ ક્રમેક્રમે સૂક્ષ્મ વાત લેતા જાય છે. પહેલાં શબ્દ વગેરે પદાર્થોથી જ્ઞાનને જુદું બતાવ્યું, પછી કર્મથી જુદું બતાવ્યું; એ રીતે રૂપી પદાર્થોની વાત પૂરી થઈ.

હવે ચાર અરૂપી દ્રવ્યો છે તેનાથી જ્ઞાનનું જુદાપણું બતાવે છે. પછી અંતર્‌માં જે સૂક્ષ્મ અધ્યવસાનભાવો થાય છે તેનાથી પણ

જુદું બતાવશે એ રીતે બધાથી જુદું બતાવીને છેવટે, 'જ્ઞાન અને આત્મા એકમેક છે, તેમાં જરાય જુદાપણાની શંકા ન કરવી' -એમ જણાવીને અપૂર્વ સ્વભાવની વાત કરશે. જિજ્ઞાસુ જીવોના મહા ભાગ્યે આ અપૂર્વ વાત આવી છે. આ વાત જે સમજશે તેનું અવિનાશી કલ્યાણ થઈ જશે.

## 卐 ધર્મ દ્રવ્યથી જ્ઞાનનું જુદાપણું 卐

**ધર્મદ્રવ્ય તે જ્ઞાન નથી, કેમ કે ધર્મદ્રવ્ય અચેતન છે; માટે જ્ઞાન અને ધર્મદ્રવ્ય જુદાં છે.**

### (૧૬૫) મિથ્યાજ્ઞાન ટળીને સમ્યગ્જ્ઞાન કેમ થાય?

આ જગતમાં સંપૂર્ણ લોકવ્યાપક એક ધર્માસ્તિકાય નામનું અરૂપીદ્રવ્ય સર્વજ્ઞભગવાને પ્રત્યક્ષ જોયું છે, અને શાસ્ત્રોમાં તેનું વર્ણન છે; તે ધર્મદ્રવ્યને જે જીવ ન સ્વીકારે તે તો ગૃહીત મિથ્યાદ્રષ્ટિ છે, તેને તો દેવ-શાસ્ત્ર-ગુરુની પણ શ્રદ્ધા નથી. અને જે જીવ ધર્મદ્રવ્યના લક્ષે જ તેનું જ્ઞાન કરે તે જીવ અગૃહીતમિથ્યાદષ્ટિ છે. આત્મા પૂર્ણ ચૈતન્યમય છે, ને ધર્મદ્રવ્ય તો અચેતન છે, તેમાં જરાય જ્ઞાન નથી. તે અચેતનના આશ્રયે જે જ્ઞાન થાય છે તે જ્ઞાનને પણ અહીં અચેતન ઠરાવ્યું છે. કેમ કે તે જ્ઞાન ચૈતન્યના વિકાસને રોકનારું છે. સ્વભાવનો આશ્રય કરીને જે જ્ઞાન પ્રગટે તે ચેતનસ્વભાવમાં ભળે છે તેથી તે ચેતન છે, ને તે કેવળજ્ઞાનનું કારણ છે. આત્મસ્વભાવ તરફનું વલણ કરનારું જ્ઞાન અને ધર્માસ્તિકાય વગેરે પર તરફના વલણવાળું જ્ઞાન ને બંને જુદા છે; સ્વભાવ તરફનું જ્ઞાન તો મોક્ષનું સાધક છે, ને પર તરફનું જ્ઞાન તો રાગવાળું હોવાથી બાધક છે, તેથી તે અચેતન છે.

ત્રિકાળી સ્વભાવ તરફ વળીને ચૈતન્યમાં એકત્વ કરનારું જ્ઞાન ચૈતન્યરૂપ છે, અને મોક્ષાર્થી જીવોને એ જ કરવાનું છે. અનાદિનું મિથ્યાજ્ઞાન ટળીને સમ્યક મતિ-શ્રુતજ્ઞાન કેમ પ્રગટે તેની આ રીતે છે. આમાં નિશ્ચય વ્યવહારનો ખૂલાસો પણ આવી જાય છે. નિશ્ચયના આશ્રયે સમ્યગ્જ્ઞાન થાય છે, અને પર્યાયના આશ્રયે, રાગના આશ્રયે કે પરદ્રવ્યના આશ્રયે તો મિથ્યાજ્ઞાન જ ચાલુ રહે છે.

અનાદિથી જીવને મતિ-શ્રુતજ્ઞાન હોય છે અને તે જ્ઞાનથી ઈંદ્રિયદ્વારા પુદ્‌ગલના શબ્દ-રૂપ વગેરેનું જ ગ્રહણ થાય છે, તેથી પહેલાં તેની વાત કરી. અને પછી શાસ્ત્ર કે ગુરુના નિમિત્તે કર્મ, તથા ધર્મદ્રવ્ય વગેરેને જાણે છે, તેથી તેની વાત કરી. સર્વજ્ઞદેવના માર્ગ સિવાય અન્ય કોઈ ઠેકાણે આ ધર્મ-અધર્મ દ્રવ્યની વાત હોય નહિ. અત્યારે અહીં ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોનો અધિકાર ચાલતો નથી, તેથી તે દ્રવ્યોની સિદ્ધિ આ ચાલતા વિષયમાં કરવામાં આવતી નથી. અત્યારે તો, જે જીવ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને તથા છ જીવને, મિથ્યાજ્ઞાન ટળીને સમ્યક્મતિશ્રુતજ્ઞાન કેમ પ્રગટે તેનું વર્ણન છે; ગૃહીતમિથ્યાત્વ ટાળ્યા પછી અગૃહીત મિથ્યાત્વ કેમ ટળે તેની વાત છે.

☆☆☆ ☆☆☆ ☆☆☆

## 卐 અધર્મદ્રવ્યથી જ્ઞાનનું જુદાપણું 卐

**(૧૬૬) ધર્મદ્રવ્યની જેમ અધર્મદ્રવ્ય પણ આ લોકમાં સર્વત્ર વ્યાપક છે, અરૂપી છે. જીવ કે પુદ્‌ગલ સ્વયં ગતિ કરતા હોય તે વખતે ધર્મદ્રવ્ય નિમિત્તરૂપ છે અને ગતિ કરીને પછી સ્થિર રહે ત્યારે અધર્મદ્રવ્ય નિમિત્તરૂપે છે. આ**

**અધર્મદ્રવ્ય તે જ્ઞાન નથી કેમ કે અધર્મદ્રવ્ય અચેતન છે; તેથી જ્ઞાન અને અધર્મદ્રવ્ય જુદાં છે. ઉપર ધર્માસ્તિકાયદ્રવ્યની જેમ અહીં પણ સમજી લેવું.**

## ✳ કાળદ્રવ્યથી જ્ઞાનનું જુદાપણું ✳

**કાળદ્રવ્ય તે જ્ઞાન નથી કેમ કે કાળદ્રવ્ય અચેતન છે; માટે જ્ઞાન અને કાળ જુદા છે.** આખા લોકમાં એકેક પ્રદેશે એકેક કાળાણુ દ્રવ્ય સ્થિત છે, આ કાળદ્રવ્ય અરૂપી અને સ્વતંત્ર અચેતન પદાર્થ છે. પદાર્થોના પરિણમનમાં તે નિમિત્તરૂપ છે.

## (૧૬૭) જ્ઞાન અને કાળનું ભેદજ્ઞાન કોને થાય?

આવા કાળદ્રવ્યને દુરાગ્રહથી જેઓ સ્વીકારતા જ નથી તેઓ તો અજ્ઞાની છે જ. જેઓ કાળદ્રવ્યને દુરાગ્રહથી સ્વતંત્ર નથી માનતા, ને ઉપચરિત માને છે તેઓ પણ ગૃહીત મિથ્યાદષ્ટિ જ છે, તેને તો જ્ઞાન અને કાળનું ભેદવિજ્ઞાન હોતું નથી; ખરેખર તેમણે સ્વકાળનો પુરુષાર્થ જ સ્વીકાર્યો નથી. પોતાના આત્માની નિર્મળ પરિણતિ તે સ્વકાળ છે, તે સ્વકાળમાં નિમિત્તરૂપ એક પર કાળ (-કાળદ્રવ્ય) છે. જેણે આત્મામાં સ્વકાળનો પુરુષાર્થ જોયો હોય તે જીવને નિમિત્તરૂપ સ્વતંત્ર કાળદ્રવ્યનો સ્વીકાર પણ હોય જ. પરંતુ કોઈ જીવ માત્ર કાળદ્રવ્ય તરફના જ વલણમાં રોકાઈ રહે અને પોતાનો સંપૂર્ણ જ્ઞાનસ્વભાવ છે તે તરફ વળીને સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન કરે નહિ તો તે અજ્ઞાની છે, તેનું કાળદ્રવ્યનું જ્ઞાન ખરેખર આત્મા નથી પણ અચેતન છે; તેને જ્ઞાન અને કાળનું ભેદવિજ્ઞાન નથી.

## (૧૬૮) સ્વભાવના આશ્રયે સમ્યગ્જ્ઞાન; કાળના આશ્રયે મિથ્યાજ્ઞાન

'કાળ પાકે ત્યારે મુક્તિ થાય' એમ જે માને તેના જ્ઞાનનું વલણ પોતાના સ્વભાવ તરફ નથી પણ કાળદ્રવ્ય તરફ તેના જ્ઞાનનું વલણ છે, તેથી તેનું જ્ઞાન મિથ્યા છે; તેણે જ્ઞાન સ્વભાવનો આશ્રય નથી કર્યા પણ કાળદ્રવ્યનો આશ્રય કર્યો છે, એટલે કે કાળ અને 'જ્ઞાનનું ભેદજ્ઞાન નથી કર્યું પણ કાળદ્રવ્ય સાથે એકતાબુદ્ધિ કરી છે, તે મિથ્યાત્વ છે.

'કાળ પાકે' એટલે શું? કાળદ્રવ્યમાં તો ત્રણે કાળે એક સરખી અવસ્થા થયા કરે છે. જીવ પોતે કાળ તરફનું લક્ષ છોડીને સ્વભાવમાં ઢળ્યો એટલે શુદ્ધ દશા પ્રગટી, તે જ સ્વ-કાળ પડ્યો છે. કાળદ્રવ્ય તરફનો જ વિચાર કરવામાં જે જ્ઞાન રોકાય તે આત્મા નથી. પર ઉપરના લક્ષે જે મતિશ્રુતજ્ઞાન થાય તે મિથ્યાજ્ઞાન છે. વર્તમાન જ્ઞાન કોના આધારે થાય છે? કાંઈ કાળદ્રવ્યના આધારે થતું નથી પણ ત્રિકાળી જ્ઞાનસ્વભાવના આધારે થાય છે, જે વર્તમાન જ્ઞાન ત્રિકાળી સ્વભાવનો ભરોસો થાય છે, જે વર્તમાન જ્ઞાન ત્રિકાળી સ્વભાવનો ભરોસો ન કરે તે જ્ઞાન અચેતન છે -જડ છે. અકેક સમયે આત્માનો સ્વભાવ પરિપૂર્ણ છે તેની શ્રદ્ધા-જ્ઞાન કરીને, તેના આશ્રયે જે જ્ઞાન થાય તે સમ્યગ્જ્ઞાન છે.

આ જગતમાં કાળદ્રવ્ય છે અને તેને વ્યવહારથી જ્ઞાન જાણે છે. પણ કાળદ્રવ્યના જ્ઞાનને ખરેખર વ્યવહાર ક્યારે કહેવાય? ત્રિકાળી જ્ઞાનસ્વભાવમાં ઢળીને સમ્યક્મતિ શ્રુત-જ્ઞાન પ્રગટ કરે તો કાળદ્રવ્યના જ્ઞાનને વ્યવહાર કહેવાય છે. આવો ત્રિકાળી જ્ઞાનસ્વભાવ સમજ્યા સિવાય વ્રત કે મહાવ્રત હોતાં નથી, આત્માનો જ્ઞાનસ્વભાવ કેવો છે?

નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ શું છે? સમ્યગ્જ્ઞાન કેમ પ્રગટે છે? -એ સમજ્યા વગર ધર્મ થાય નહિ. જીવ, પુદ્‌ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ એ છ દ્રવ્યો છે, તેને કહેનાર દેવ-શાસ્ત્ર-ગુરુ છે, તેને કબુલે ત્યાં સુધી પણ મિથ્યાજ્ઞાન છે.

## (૧૬૯) જ્ઞાનીને સ્વાશ્રયે મુક્તિનો વિશ્વાસ

'પુરુષાર્થ વગર કાળલબ્ધિથી મુક્તિ થાય, અથવા કર્મની સ્થિતિ ઘટે ત્યારે સમ્યકત્વ થાય અથવા અર્ધપુદ્‌ગલ પરાવર્તનની અંદરનો સંસાર રહે ત્યારે સમ્યકત્વ થાય' એમ પરાશ્રયે માનનાર જીવ પોતાના સ્વભાવમાં ઢળ્યો નથી, તેનું જ્ઞાન મિથ્યા છે. તેને તો વ્યવહાર પણ ખરેખર નથી. સમ્યગ્દષ્ટિ જીવ પોતાના સ્વભાવ તરફ ઢળતાં એમ જાણે છે કે મારે હવે અલ્પ સંસાર છે, એક-બે ભવમાં હવે સંસાર ખલાસ થવાનો છે ને મુક્તિ થવાની છે, અને ભગવાને પણ સમ્યગ્દષ્ટિને અર્ધપુદ્‌ગલની અંદર સંસાર કહ્યો છે. એમ પોતાના આત્મા તરફ વળીને, સ્વભાવની પ્રતીતિપૂર્વક શાસ્ત્રોના કથનોને સમજે છે. 'ભગવાને શાસ્ત્રમાં કહ્યું છે માટે મને સંસાર નથી' એમ પરાશ્રયથી ન લેતાં, 'હું મારા સ્વભાવમાં ઢળ્યો છું માટે હવે મને સંસાર નથી' એમ સ્વાશ્રયે જ્ઞાનીને નિઃશંક વિશ્વાસ હોય છે.

## (૧૭૦) ગૃહસ્થનો નાનામાં નાનો અપૂર્વ ધર્મ

સમ્યકત્વ પામ્યા પછી કોઈ જીવ ઉત્કૃષ્ટપણે અર્ધપુદ્‌ગલપરાવર્તન સુધી સંસારમાં રખડે છે -એમ શાસ્ત્રમાં કહ્યું છે, તેથી કોઈ એમ માને કે 'મારે પણ સમ્યકત્વ પામ્યા પછી અર્ધપુદ્‌ગલ પરાવર્તન સંસારમાં રખડવાનું રહ્યું હશે?' તો એમ માનનાર જીવ મિથ્યાદષ્ટિ છે, તેને પોતાના આત્માની શ્રદ્ધા જ નથી. અર્ધપુદ્‌ગલ પરાવર્તનમાં તો અનંત ભવ થઈ જાય; જે પોતાના

સ્વભાવમાં ઢળ્યો હોય તેને અનંત ભવ હોવાની શંકા ન હોય, ને તેને અનંત ભવ હોય જ નહિ. શાસ્ત્રમાં તો સમ્યક્ત્વ પામ્યા પછી કોઈ જીવ પાછો પડી જાય તો તેને અર્ધપુદ્દગલ પરાવર્તનથી તો વધારે કાળ સંસાર હોય જ નહિ, એમ બતાવીને સમ્યક્ત્વનું માહાત્મ્ય કર્યું છે. શાસ્ત્રના શબ્દો ને વાણી તો પુદ્દગલ છે, કાળદ્રવ્ય જડ છે, તેના લક્ષે આત્મજ્ઞાન થતું નથી. ચૈતન્યસ્વભાવમાં ઢળતાં કાળ અને કર્મ એ બધાનું લક્ષ છૂટી ગયું અને સ્વભાવમાં એકતા કરતું સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું. રાગથી છૂટીને જ્ઞાન પોતાના સ્વભાવમાં લીન થયું. રાગરહિત, પરિપૂર્ણ જ્ઞાન સ્વભાવની શ્રદ્ધા તથા જ્ઞાન થયું; -આ જ સમ્યગ્દષ્ટિ ગૃહસ્થનો પહેલામાં પહેલો, નાનામાં નાનો,- શરૂઆતનો અપૂર્વ ધર્મ છે.

(૭)

ૐ

...श्री श्रुतदेवता जयवंत हो...

भगवानश्रीकुंदकुंदाचार्यदेवने नमस्कार हो.

## 卐 શ્રી ગુજરાતી પ્રવચનસાર પરમાગમ-પ્રકાશન દિન 卐

## 卐 સં. ૨૪૭૪ : ભાદરવા સુદ ૨: રવીવાર 卐

### (૧૭૧) પ્રવચનસારનો ગુજરાતી અનુવાદ અને તેના અનુવાદક

આજે આ પ્રવચનસાર બે હજાર વર્ષે ગુજરાતી ભાષામાં બહાર પડે છે. આજથી લગભગ બે હજાર વર્ષ પહેલાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે સમયસાર-પ્રવચનસાર-નિયમસાર વગેરે મહાન શાસ્ત્રો રચીને આ ભરતક્ષેત્રમાં શ્રુતની અપૂર્વ પ્રતિષ્ઠા કરી. ત્યારબાદ લગભગ એક હજાર વર્ષે શ્રી અમૃતચંદ્ર આચાર્યદેવ થયા; તેઓશ્રીએ સમયસાર, પ્રવચનસારાદિ શાસ્ત્રોની સંસ્કૃત ટીકા રચીને તેના ગંભીર ભાવો ખોલ્યાં. ત્યારબાદ, આજથી લગભગ ૧૫૦ વર્ષ પહેલાં જૈપુરનિવાસી પં. જયચંદ્રજીએ સમયસારનું હિંદી ભાષાંતર કર્યું હતું. અને આઠેક

વર્ષ પહેલાં સમયસારનો ગુજરાતી અનુવાદ બહાર પડ્યો છે. તે અનુવાદ લઈ શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ (B.Sc.) એ કર્યો છે. શ્રી પ્રવચનસાર પરમાગમના કેટલાક સાધારણ ભાવો લઈને શ્રી પાંડે હેમરાજજીએ હિંદીમાં બાલાવબોધ ભાષાટીકા કરી હતી, પરંતુ તેમાં મૂળ ટીકાના પૂરા ભાવો ન હતા. અત્યારે આ પ્રવચનસાર અક્ષરશઃ ગુજરાતી ભાષામાં અનુવાદ સહિત આ હિંદમાં બે હજાર વર્ષે બહાર પડે છે, તે મહા પ્રભાવનાનું કારણ છે. આ અક્ષરશઃ અનુવાદ હિંમતભાઈએ કર્યો છે, તેથી તેમનો આ સંસ્થા ઉપર અને જિજ્ઞાસુ જીવો ઉપર ઉપકાર છે...તેમણે પ્રવચનોના શ્રવણમનનથી તેમ જ પોતાના શ્રદ્ધાવૈરાગ્ય-ઉત્સાહ અને હોંશથી આ પ્રવચનસારના અક્ષરશઃ અનુવાદનું જે કામ કર્યું છે તેની કોઈ કિંમત ન થઈ શકે; તેમણે તો પોતાના આત્મા ખાતર આ કાર્ય કર્યું છે.

## (૧૭૨) સમજનાર જીવોનાં મહાભાગ્ય

આજે બીજ અને રવિવાર છે. બીજ એટલે ચંદ્ર, ને રવિ એટલે સૂર્ય. આ સંસ્થા સાથે સંબંધ ધરાવતા ઘણા પ્રસંગોમાં રવિવાર અને બીજ આવે છે. આજે આ મહામાંગલિક પ્રસંગનો દિવસ છે. ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવનું આ પ્રવચનસાર આજે હિંદુસ્તાનમાં મહા અપૂર્વ શ્રુતપ્રભાવના માટે બહાર પડે છે; અને તે, સમજનાર જીવોના મહાભાગ્ય અને પાત્રતા સૂચવે છે. આવા પ્રવચનસારનો યોગ મળ્યો તે મહાભાગ્ય છે, તે પૂર્વનાં પુણ્ય છે. અને તેના ભાવો અંતરમાં સમજવા તે મહા પાત્રતા છે, તેમાં પોતાનો વર્તમાન પુરુષાર્થ છે. એ રીતે પુણ્ય અને પુરુષાર્થની સંધિ છે.

## (૧૭૩) પ્રવચનસાર એટલે દિવ્યધ્વનિનો સાર

શ્રી સર્વજ્ઞદેવના દિવ્યધ્વનિને પ્રવચન કહેવાય છે, તેનો સાર આ પરમાગમમાં ભરેલો છે તેથી આનું નામ પ્રવચનસાર છે. સર્વજ્ઞ ભગવાનના દિવ્યધ્વનિમાંથી આ શાસ્ત્ર આવેલું છે. મહાવિદેહક્ષેત્રમાં બિરાજમાન તીર્થંકરદેવ શ્રીસીમંધરભગવાનના સમવસરણમાં કુંદકુંદપ્રભુ ગયા હતા અને ત્યાં એક અઠવાડિયું રહીને ભગવાનનો દિવ્યધ્વનિ સાંભળ્યો હતો. તેના સારરૂપે, તેમ જ શ્રી મહાવીર ભગવાનની પરંપરાથી મળેલા જ્ઞાનવડે કુંદકુંદચાર્યદેવે આ શાસ્ત્ર રચ્યું છે. આ શાસ્ત્રના કથનો અક્ષરે અક્ષર સત્ય છે, પરમ સત્ય છે; જો સર્વજ્ઞ ભગવાનનું જ્ઞાન ફરે તો આ શાસ્ત્રના અક્ષર ફરે. અને કુંદકુંદ આચાર્યભગવાન સીમંધર ભગવાન પાસે ગયા હતા એ વાત નિઃસંદેહ એમ જ છે.

## (૧૭૪) શ્રુતની મહાપ્રતિષ્ઠા કરનાર વિભુ કુંદકુંદ

મહાવિદેહમાંથી આઠ દિવસ સુધી દિવ્યધ્વનિનું શ્રવણ કરીને કુંદકુંદચાર્યદેવ પોતાના આત્મામાં અપૂર્વ જ્ઞાન લઈ આવ્યા. પહેલાં પોતે મુનિદશામાં તો હતા જ અને મહાવીર ભગવાનની પરંપરાથી મળેલું જ્ઞાન તો તેમને હતું, પણ સીમંધર ભગવાન પાસે જવાથી તેમના જ્ઞાનની નિર્મળતા ઘણી વધી ગઈ. અને શ્રીસમયસાર, પ્રવચનસાર, નિયમસાર વગેરે શાસ્ત્રોની રચના કરીને તેઓશ્રીએ આ ભરતક્ષેત્રમાં શ્રુતજ્ઞાનની મહાપ્રતિષ્ઠા કરી. તે શ્રુત અત્યારે ઘણું બહાર આવતું જાય છે, તે વર્તમાનમાં જીવોને પણ તેવા ભાગ્યનો યોગ છે. ચંદ્રગિરિ પર્વત ઉપરના એક શિલાલેખમાં લખ્યું છે કે.... 'જે પવિત્ર આત્માએ ભરતક્ષેત્રમાં શ્રુતની પ્રતિષ્ઠા કરી છે, તે વિભુ કુંદકુંદ આ પૃથ્વી પર કોનાથી વંદ્ય નથી?'

## (૧૭૫) મોક્ષનાં ભાજન

સાક્ષાત્ તીર્થંકરભગવાન પોતાના દિવ્યધ્વનિથી જે કહેતા હોય તેમાં અને આ પ્રવચનસારમાં શ્રી કુંદકુંદાચાર્યદેવ જે કહે છે તેમાં જરાય ફેર નથી, તેમાં ફેર માને તે મિથ્યાદૃષ્ટિ છે. જેના આત્મામાં પાત્રતા નહિ હોય તેને આ વાત નહિ બેસે, અને જે પાત્ર આત્માઓ હશે તેને જરૂર રુચશે. જેને રુચશે તે અલ્પકાળમાં મોક્ષનાં ભાજન છે, અને તે જીવો અલ્પકાળમાં પોતાની પરમાત્મદશાને વરશે, એમાં કાંઈ સંદેહ નથી. અત્યારે આ જે સમયસાર-પ્રવચનસારાદિનો મહાન યોગ બન્યો છે તે અમુક આત્માઓના અપૂર્વ સંસ્કાર અને અપૂર્વ પાત્રતા બતાવે છે.

## (૧૭૬) પ્રવચનસારના અનુવાદની અપૂર્વતા

ભગવાનશ્રીકુંદકુદાચાર્યદેવના સમયસાર-પ્રવચનસારાદિ પરમાગમની પ્રભાવના અત્યારે ખૂબ થઈ રહી છે. વિ.સં.૧૯૯૭માં સમયસાર ગુજરાતીભાષામાં પ્રસિદ્ધ થયું અને તેની બે હજાર નકલ થોડા વખતમાં જ ખપી ગઈ. તેનું ગુજરાતી પણ હિંમતભાઈએ કર્યું હતું; તેમાં તો કાંઈક આધાર હતો. પણ આ પ્રવચનસારનું ગુજરાતી ભાષાંતર તો મૂળ ગાથા-ટીકા ઉપરથી તદ્દન નવું જ કરવાનું હતું, તેથી તેમાં ઘણી મહેનત પડી છે. તેમણે ઘણી બુદ્ધિ અને મહેનતથી આ કામ પાર પાડ્યું છે. મૂળ ગાથા અને ટીકાના પૂરેપૂરા ભાવો સાચવીને અક્ષરશઃ અનુવાદ કર્યો છે, જ્યાં જરૂર પડી ત્યાં ભાવાર્થ ભરીને અને ફૂટનોટ નાંખીને ઘણું સ્પષ્ટ કર્યું છે. તે ઉપરાંત મૂળ ગાથાનું ગુજરાતી હરિગીત પણ ઘણું સરસ કર્યું છે. આ પ્રવચનસાર અપૂર્વ વસ્તુ છે; અત્યાર સુધી દેશ ભાષામાં અક્ષરશઃ ભાષાંતર કરનાર કોઈ નીકળ્યું નહિ, અને આ કાળે અહીંથી તૈયાર થયું છે, તે અત્યારના કોઈ અપૂર્વ પ્રભાવશાળી યોગે આ બન્યું છે.

## (૧૭૭) પ્રવચનસારના રચયિતા અને તેનો મહિમા

પ્રવચનસાર એટલે વીતરાગદેવની દિવ્યવાણીનો સાર; આ પ્રવચનસારમાં ચારિત્રની મુખ્યતાથી વર્ણન છે. જેમ શરીરની શોભામાં ચાંદલો છે તેમ આત્માની મુક્તિના રસ્તે ચાલનારા સાધક જીવોને આ પ્રવચનસાર મુખ્ય ચાંદલા સમાન છે.

પ્રવચનસારની શરૂઆતમાં જ શ્રી કુંદકુંદાચાર્યભગવાન કહે છે કે- હું, જેનાથી મુક્તિ પ્રાપ્ત થાય એવા સામ્યભાવરૂપ ચારિત્રને અંગીકાર કરું છું. આત્માના પરમ ઉપશમરસને ધારણ કરું છું. અહો, આચાર્યદેવનું એ કથન તો અક્ષરે અક્ષર સત્ય છે. પોતાને તેવી ચારિત્રદશા વર્તી રહી હતી ત્યારે આ શાસ્ત્ર લખાઈ ગયું છે. આ શાસ્ત્રમાં મુખ્યપણે દર્શન-જ્ઞાનપૂર્વકના ચારિત્રનું વર્ણન છે. કથનમાં જ્ઞાન પ્રધાનતા છે. એકદમ આત્મસ્વરૂપના અનુભવની લીનતા થતાં ત્રણ કષાયના નાશથી ચારિત્રદશા પ્રગટે તેની આમાં વાત છે. અને એવી ચારિત્રદશામાં ઝુલતા મહામુનિનું આ કથન છે. આ પરમાગમના ભાવોની રુચિથી હા પાડવામાં અનંતા તીર્થંકરો-સર્વજ્ઞો સંતો અને જ્ઞાનીઓની હા આવી જાય છે અને આના એક અક્ષરની પણ ના પાડવી તે અનંતા તીર્થંકરો-સર્વજ્ઞો-સંતો અને જ્ઞાનીઓની ના પાડવા જેવું છે. આની હા પાડનાર કોણ છે? -જેને પોતાના ભાવમાં ગોઠ્યું છે તે જ હા પાડે છે. આ કથનની હા પાડવી એમ કહેવું તે વ્યવહારમાં વિનયથી છે ખરેખર તો આની હા પાડનારે આના વાચ્યભૂત પોતાના જ્ઞાન અને સુખથી ભરેલા સ્વભાવની જ હા પાડીને તેનો આદર કર્યો છે. તે જીવ અલ્પકાળે પૂર્ણ જ્ઞાન અને સુખમય દશાને પ્રાપ્ત કરે છે.

## (૧૭૮) અર્હંત ભગવાનને વિહારાદિ ક્રિયાઓ તે ક્ષાયિકિ ક્રિયા છે

આ શાસ્ત્રની ૪૫ મી ગાથામાં 'કેવળીભગવાન કેવા હોય' તે વાત આચાર્યદેવ કહે છે. કેવળીભગવાનને આહાર વગેરે તો હોતું. નથી, પણ યોગના કંપનના નિમિત્તે વિહાર, આસન, સ્થાન અને દિવ્યધ્વનિ ઈચ્છા વગર હોય છે. અહીં એમ સિદ્ધ કરવું છે કે અરિહંતોને તે યોગનું કંપન કે વિહારાદિ બંધનું કારણ નથી પણ મુક્તિનું કારણ છે. યોગનું પરિણમન સમયે સમયે ક્ષાયકભાવમાં ભળતું જાય છે, યોગના કંપનના નિમિત્તે કર્મબંધન તો થતું નથી પણ ઊલટો ક્ષાયકભાવ વધતો જાય છે. યોગનું કંપન હોવા છતાં મોહના અભાવને લીધે પારિણામિકભાવમાં અને ક્ષાયિકભાવમાં જ વધારો થતો જાય છે, માટે યોગનું કંપન અને વિહારાદિ ક્રિયાઓ તે ઔદયિકિ ક્રિયા નથી પણ ક્ષાયિકી ક્રિયા છે. અહો, આમાં અંતર્દષ્ટિની અપૂર્વ વાત છે, કેવળજ્ઞાનીની વાણીનું રહસ્ય છે. યોગનું કંપન કેવળીભગવાનને નિર્મળતા જ વધારતું જાય છે, આ વાત પર્યાયબુદ્ધિવાળો જીવ સમજી શકે નહિ, અધ્યાત્મદષ્ટિવાળા-અંતર્દષ્ટિવાળા કોઈ સમજે, બીજાને તેમાં પત્તો ખાય નહિ. અને આ વાત સમજે તેને ક્ષાયિકભાવ પ્રગટ્યા વગર રહે નહિ.

"અરહિંતભગવાનને યોગનું કંપન અને વિહાર, દિવ્યધ્વનિ વગેરે હોય છે, તે બંધનું કારણ નથી પણ મુક્તિનું કારણ છે તેથી તે ક્ષાયિકિ-ક્રિયા છે" આ પ્રમાણે અરિહંતભગવાનની વાત ૪૫ મી ગાથામાં ચાલતી હતી અને ભાવાર્થ બાકી હતો, ત્યાં જ વચ્ચે બરાબર આ પ્રવચનસારની પ્રભાવનાનો પ્રસંગ બન્યો છે. તીર્થંકરોના ઉપદેશની અને વિહારની વાત ચાલતી હતી ત્યાં આ પ્રવચનસારની પ્રભાવનાનો ઉદય થયો છે-એ વાત પણ કંઈક મેળ સૂચવે છે.

## (૧૭૯) પ્રવચનસારના અભ્યાસનું ફળ

જે જીવ, શ્રી કુંદકુંદાચાર્ય ભગવાનના આ સમયસાર-પ્રવચનસાર વગેરે પરમાગમ શાસ્ત્રોનો સદ્‌ગુરુગમે, મહિમા લાવીને, સ્વછંદ છોડીને, આત્મહિતની બુદ્ધિથી અને 'આમાં અપૂર્વ સ્વભાવની વાત છે' એમ સ્વભાવના લક્ષે નિરંતર અભ્યાસ કરશે તે જીવ અલ્પકાળે પરમ પદને પામશે અને પોતે જ અતીંદ્રિય જ્ઞાન અને આનંદરૂપ થઈ જશે.

★★★ ★★★ ★★★

(અહીં સુધી શ્રીપ્રવચનસારજી સંબંધી વ્યાખ્યાન થયું. હવે ચાલુ અધિકાર-સમયસાર ગા.૩૯૦ થી ૪૦૪ ઉપરનું વ્યાખ્યાન થાય છે.)

★★★ ★★★ ★★★

## 卐 આકાશ અને જ્ઞાનનું જુદાપણું 卐

**આકાશ તે જ્ઞાન નથી કેમ કે અચેતન છે માટે જ્ઞાન અને આકાશને જુદાપણું છે.** બધા દ્રવ્યોથી જ્ઞાનને જુદું બતાવતાં બતાવતાં હવે છેલ્લા આકાશદ્રવ્યની વાત આવી છે. પ્રદેશ અપેક્ષાએ આકાશ સૌથી મોટું દ્રવ્ય છે. આકાશ અનંત પ્રદેશી અરૂપી છે, તે ઈંદ્રિયજ્ઞાનદ્વારા જણાતું નથી પણ શ્રુતજ્ઞાનનો વિષય છે.

## (૧૮૦) જે જ્ઞાન, સ્વભાવને ન કબુલે તે અધર્મ, સ્વભાવને કબુલે તે ધર્મ

આકાશ અને જ્ઞાન જુદાં છે એમ સમજતા પોતાનું જ્ઞાન આકાશ તરફ ન વળતાં પોતાના સ્વભાવ તરફ વળે છે. આત્માનો

જ્ઞાનસ્વભાવ છે, તેનો વર્તમાન પર્યાય દરેક સમયે હોય છે, તે જ્ઞાન પર્યાય ક્યાંક બહારમાં પોતાપણું માનીને અટકતો હોય તેને સ્વભાવ તરફ પાછો વાળવો તે ધર્મ છે. જે જ્ઞાન બહારની (આકાશ વગેરે પદાર્થોની) વાતને કબુલ કરતું હોય પણ સ્વભાવને ન કબુલતું હોય તે અજ્ઞાન છે- અધર્મ છે, અને જે જ્ઞાન અંતરસ્વભાવને કબુલ કરીને તેમાં એકાગ્ર થાય તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ છે, તે ધર્મ છે.

## (૧૮૧) સાધકજીવને સમ્યક મતિ-શ્રુતજ્ઞાન મોક્ષનું કારણ છે.

દરેક આત્મા શરીરથી જુદો, ત્રિકાળ ટકનાર જ્ઞાનસ્વભાવી છે, તેના જ્ઞાનની અવસ્થામાં પાંચ પ્રકાર હોય છે -મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન, તેમાંથી ક્યા જ્ઞાનથી ધર્મ થાય? અથવા ક્યા જ્ઞાન મોક્ષનું કારણ થાય? કેવળજ્ઞાન તો સાધક જીવને હોતું નથી, અવધિ ને મનઃપર્યયજ્ઞાન તે પરને જ જાણે છે તેથી તે ખરેખર મોક્ષનું કારણ નથી. હવે મતિ અને શ્રુતજ્ઞાન દરેક છદ્મસ્થ જીવને હોય છે; તે મતિ-શ્રુતજ્ઞાન આત્માને ચૂકીને પરને જાણવામાં રોકાય તો અધર્મ છે. પરને જાણવામાં રોકાય તે મતિ-શ્રુતજ્ઞાનને આત્માનું સ્વરૂપ માને તો અજ્ઞાન છે-કુમતિ કુશ્રુત છે. અને તે જ્ઞાન પરનું લક્ષ છોડીને પોતાના ત્રિકાળ આત્મસ્વભાવ તરફ વળીને તેના અવગ્રહ-ઈહા-અવાય-ધારણા કરે તો તે સમ્યગ્જ્ઞાન થાય છે, એ સમ્યકમતિ-શ્રુતજ્ઞાન તે ધર્મ છે અને તે મોક્ષનું કારણ છે.

## (૧૮૨) ધર્મની અપૂર્વ શરૂઆત

જે જ્ઞાન શબ્દ વગેરેને જાણે તેટલો હું નથી, અંતરમાં પરિપૂર્ણ સ્વભાવ હું છું -એમ અંતરસન્મુખ થઈને અવગ્રહ કરે એટલે કે જ્ઞાનમાં

સ્વભાવની પક્કડ કરે, જ્ઞાનને સ્વભાવસન્મુખ કરે, -તે આત્મા તરફ વળેલા મતિજ્ઞાનની નાનામાં નાની પહેલી અવસ્થા છે, અને તે જ ધર્મની અપૂર્વ શરૂઆત છે.

## (૧૮૩) અપૂર્વ ચીજ-આત્માની સમજ

જુઓ ભાઈ, આત્મસ્વભાવની સમજણ કરવી તે જ અપૂર્વ ચીજ છે; અનંતકાળમાં બધુંય કર્યું છે પણ પોતાનો આત્મસ્વભાવ શું છે તે સમજ્યો નથી. આ જીવનમાં એ જ કરવા જેવું છે, એના વગર જીવનમાં જે કાંઈ કરે તે બધું થોથાં છે,- આત્માને સંસારનું કારણ છે. અનંતકાળથી આત્માની સમજણ કરી નથી તેથી તેને માટે અનંતી દરકાર અને રુચિ જોઈએ. રુચિ વગર પુરુષાર્થ ઉપડે નહિ.

## (૧૮૪) રુચિપૂર્વક પ્રયત્ન કરે તો અલ્પકાળમાં આત્મા સમજાય

આત્મા સૂક્ષ્મ-અરૂપી વસ્તુ છે, તેનું દ્રવ્ય સૂક્ષ્મ, તેના ગુણો સૂક્ષ્મ, અને તેના પર્યાયો પણ સૂક્ષ્મ છે, અને સૂક્ષ્મની સમજણ પણ સૂક્ષ્મ જ હોય તેમાં કાંઈ નવાઈ નથી. માટે રુચિપૂર્વક પોતાના જ્ઞાનને સૂક્ષ્મ અને સ્થિર કરીને અભ્યાસ કરવો જોઈએ. આત્મા સૂક્ષ્મ છે માટે તેની સમજણ કરવામાં ઘણો પુરુષાર્થ માંગે છે- એમ પુરુષાર્થની ઉગ્રતા કરાવવા માટે સૂક્ષ્મ કહ્યો છે. પરંતુ 'આત્મા તો સૂક્ષ્મ છે માટે આપણને નહિ સમજાય' એમ સમજવાનું નથી. જેને આત્માની રુચિ હોય તે દરેક જીવને આત્મા સમજાય તેવો જ છે. 'આ ઝીણું છે' એમ કહીને તેની સમજણનો ઉપાય જ છોડી દેવો તે તો આત્માની અરુચિ અને અનંત સંસારમાં પરિભ્રમણનું કારણ છે. જ્યાં પોતાની રુચિ હોય ત્યાં

વારંવાર પ્રયત્ન કરતાં કંટાળો આવે નહિ. ઝીણો મારો સ્વભાવ, ને ઝીણું તેનું જ્ઞાન-એમ સ્વભાવનો મહિમા લાવીને, રુચિથી વારંવાર પ્રયત્ન કરે તો અલ્પકાળમાં સ્વભાવ સમજાય, અને જન્મ-મરણના દુઃખોથી છૂટકારો થાય. પોતાનો સ્વભાવ સમજ્યા સિવાય બીજો કોઈ પણ દુઃખથી છૂટવાનો ઉપાય નથી.

## (૧૮૫) ધર્મ કરનાર જીવને અંતરમાં થતી જ્ઞાનક્રિયા

દેહાદિની ક્રિયાઓ કે પૂજા-વ્રત-દાનાદિ ભાવો તે જ્ઞાનનું સ્વરૂપ નથી, અને તે વિકાર ઉપરના લક્ષ જેટલો જ્ઞાનસ્વભાવ માને તો પણ મિથ્યાત્વ છે- અજ્ઞાન છે- અવ્રત છે, જ્ઞાનસ્વરૂપની હિંસાનું પાપ છે. જડની ક્રિયા, વિકારી ભાવો કે તે તરફનું ક્ષણિક જ્ઞાન તે બધાથી ભિન્ન અંતરમાં પોતાનો પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવ છે તે તરફ જ્ઞાન વળે ત્યારે સમ્યક્ મતિજ્ઞાનની શરૂઆતનો અવગ્રહ થયો, અહીંથી ધર્મની શરૂઆત છે. પર તરફ જતા મતિજ્ઞાનને રોકીને સ્વભાવમાં વાળે ત્યાં પહેલાં તો સ્વભાવની પકકડરૂપ અવગ્રહ થાય છે. પછી સ્વભાવની વિચારણારૂપ ઈહા થાય છે, પછી તે જ જ્ઞાનઉપયોગ સ્વભાવ તરફ વિષેષ લંબાતાં સ્વભાવનો એવો નિશ્ચય થાય છે કે તે ફરે નહિ-આનું નામ અવાય છે અને પછી, કાળ વિતતાં ન ભૂલાય એવી સ્વભાવની ધારણા થાય છે. બહારમાં કોઈ પુણ્યમાં, પૈસામાં કે શરીરની ક્રિયાઓમાં -ક્યાંય ધર્મ નથી. પહેલાં તો સત્સમાગમથી આત્માની રુચિપૂર્વક આત્મસ્વભાવ જેવો છે તેવો ખ્યાલમાં લેવો જોઈએ અને પછી પોતાના મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનને પર તરફ ન વાળતાં જ્ઞાનસ્વભાવમાં વાળવું અને ત્યાંજ જ્ઞાનને એકાગ્ર કરવું - તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરિત્રનો માર્ગ છે.

## (૧૮૬) બહિરાત્મા, અંતરાત્મા ને પરમાત્મા

બહિરાત્મા જીવ પોતાના જ્ઞાનમાં સંયોગોને-નિમિત્તોને અને વિકલ્પોને સ્વીકારે છે પણ પોતાના ત્રિકાળી જ્ઞાનને સ્વીકારતો નથી. અંતરાત્મા જીવ વર્તમાન જ્ઞાન અવસ્થાને અંતરમાં વાળીને ત્રિકાળી જ્ઞાનસ્વભાવનો સ્વીકાર કરે છે, અને સંયોગો કે રાગાદિનું અવલંબન માનતા નથી; રાગાદિ થાય છે ખરા પણ તેનો આશ્રય માનતા નથી. અને પરમાત્મા જીવ પોતાના ત્રિકાળી સ્વભાવના આશ્રયે પરિપૂર્ણ થઈ ગયા છે, તેમને રાગાદિની ઉત્પત્તિ જ થતી નથી. આ ત્રણ દશામાંથી અંતરાત્મા તે પરમાત્મા થવાનો ઉપાય છે. બહિરાત્માપણું ટાળીને અંતરાત્માપણું અને પરમાત્માપણું કેમ પ્રગટે એટલે કે અધર્મીપણું ટાળીને ધર્મીપણું કેમ થાય, તેની વાત અહીં ચાલે છે.

## (૧૮૭) નિર્વિકલ્પ સમાધિનો આનંદ ક્યારે આવે?

મતિજ્ઞાનને પોતાના સ્વભાવ તરફ વાળીને સ્વભાવમાં ઠરે તો પછી શ્રુતજ્ઞાન વડે આત્માના આનંદનો અનુભવ થાય. મતિ અને શ્રુતજ્ઞાન પરમાં એકતા કરે તો આકુળતાનું વેદન થાય છે; પહેલાં સત્ય ઉપદેશના શ્રવણથી સ્વ-પરનું જુદાપણું જાણે અને મતિજ્ઞાનને અંતર્સ્વભાવમાં વાળીને શ્રુતજ્ઞાન પણ આત્મામાં ઠરે ત્યારે આત્માને નિર્વિકલ્પ સમાધિનો અતીંદ્રિય આનંદ થાય છે; તેનું નામ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન છે, તે આત્મસમાધિ છે, તે જ સુખ છે ને તે જ ધર્મ છે.

આકાશ તે પરદ્રવ્ય છે, જ્ઞાનથી જુદું છે; તે શ્રુતજ્ઞાનનો વિષય છે. પણ જો તેનો આશ્રય કરીને શ્રુતજ્ઞાન જાણે તો શ્રુતજ્ઞાનમાં વિકલ્પ અને આકુળતા જ થાય છે. અને સ્વભાવનો આશ્રય કરીને તે જ્ઞાન

એકાગ્ર થાય ત્યારે શ્રુતજ્ઞાનમાં નિર્વિકલ્પ સમાધિનો આનંદ થાય છે. આવા જ્ઞાનસ્વભાવની રુચિ અને પ્રતીતિ જે કરે તે મોક્ષમાર્ગ પ્રગટ કરીને અનુક્રમે પૂર્ણ દશા પ્રગટ કરે છે.

## (૧૮૮) સ્વાનુભવ પ્રત્યક્ષ આત્મસ્વભાવની સમજણની અને શ્રવણની અપૂર્વતા

આત્મા પોતે સૂક્ષ્મસ્વભાવવાળો છે, તે કોઈ પરના અવલંબન દ્વારા જણાય તેવો નથી પણ સ્વભાવનું અવલંબન કરવાથી તેને જાણી શકાય છે, એટલે કે આત્મા સ્વાનુભવ પ્રત્યક્ષ છે. અનંતકાળમાં પોતાના આત્માને જાણવાની જીવે કદી દરકાર કરી નથી, અનંતકાળથી જે કાંઈ જાણ્યું તે માત્ર પરને જાણ્યું છે પણ પોતાને જાણવાની દરકાર કરી નથી. પોતાનું સ્વરૂપ જાણ્યા વગર પરનું પણ સાચું જ્ઞાન થાય નહિ. શ્રીસમયસારની ચોથી ગાથામાં આચાર્યદેવે કહ્યું છે કે- પોતાના આત્મસ્વભાવથી વિરુદ્ધ એવી કામ, ભોગ અને બંધનની કથા તો સર્વે જીવોને સુલભ છે, તે તો જીવે અનંતકાળથી સાંભળી છે, તેનો પરિચય કર્યો છે ને અનુભવ પણ કર્યો છે. પરંતુ પરથી ભિન્ન પોતાના એકત્વસ્વભાવની વાત પણ રુચિથી કદી સાંભળી નથી. પોતાનો આત્મા સદા અંતરમાં પ્રકાશમાન છે અને નિર્મળ ભેદજ્ઞાનના પ્રકાશથી તે સ્પષ્ટ ભિન્ન દેખી શકાય છે, પણ પર સાથેની એકત્વબુદ્ધિને લીધે પોતે પોતાના ભિન્ન સ્વભાવને કદી જાણ્યો નથી. તેમજ બીજા આત્મજ્ઞાની પુરુષોની સંગતી-સેવા કરી નથી ને તેમની વાત રુચિપૂર્વક સાંભળી નથી; જ્યારે સત્પુરુષની વાણી સાંભળવા મળી ત્યારે પણ સ્વાશ્રયની રુચિ કરી નહિ ને વાણી સાંભળવા મળી ત્યારે પણ સ્વાશ્રયની રુચિ કરી નહિ તે વાણી વગેરેના લક્ષે કે પરાશ્રિત વ્યવહારના

લક્ષે અટકી ગયો, તેથી અનંતકાળમાં જીવ આત્મસ્વભાવને સમજ્યો નથી. જેમ મગશેળીયા પત્થર ઉપર લાખો મણ પાણી પડે તોય તે પલળે નહિ, અને કોરડુ મગને ગમે તેટલા પાણીમાં બાફો તોપણ તે બફાય નહિ, તેમ જે પોતાના ભાવશ્રુતજ્ઞાનને અંતરમાં વાળીને ચૈતન્યમૂર્તિ આત્મસ્વભાવનો આશ્રય કરતો નથી અને દ્રવ્યશ્રુતના અવલંબને જ જ્ઞાન માનીને અટકે છે એવા જીવ ઉપર સત્પુરુષની અમૃતવાણીનો વર્ષાદ્ ગમે તેટલો વરસે પણ તે પલળતો નથી -તેને ધર્મ થતો નથી. વાણીના લક્ષે ધર્મ થાય નહિ પણ સ્વભાવના આશ્રયે જ ધર્મ થાય છે. સત્પુરુષોની વાણી પણ સ્વભાવનો જ આશ્રય કરવાનું કહે છે. પરંતુ જીવ પોતે ભાવશ્રુત પ્રગટ કરીને સ્વભાવનો આશ્રય ન કરે તો દ્રવ્યશ્રુતરૂપ વાણી તેને શું કરે? વાણી તો અચેતન છે તેના આધારે જ્ઞાન નથી. આત્મા તરફ ન વળતાં પર તરફ વળીને જે જ્ઞાન થાય તે ખરેખર અચેતન છે, આત્માના ચેતનસ્વભાવ સાથે તેની એકતા નથી.

## (૧૮૯) આકાશ મોટું કે જ્ઞાન?

આજે પ્રવચનસારની પ્રસિદ્ધિનો મહાન દિવસ છે અને વાત પણ મહાન્ સર્વવ્યાપક આકાશદ્રવ્યની આવી છે. તે આકાશદ્રવ્યથી પણ જ્ઞાન જુદું છે. જ્ઞાનને આકાશનો આશ્રય નથી પણ પોતાના સ્વભાવનોજ આશ્રય છે. આ જગતમાં અનંત જીવો છે, જીવ કરતાં પુદ્‌ગલો અનંતગુણા છે, પુદ્‌ગલો કરતાં ત્રણકાળના સમયો અનંતગુણા છે અને કાળના સમયો કરતા પણ આકાશના પ્રદેશોની સંખ્યા અનંતગુણી છે, અને એ બધાય કરતાં આત્મા તરફ વળતા જ્ઞાનના એક સમયનું અનંતગણું સામર્થ્ય છે. જો જ્ઞાન આત્મા તરફ

વળે તો તે આકાશ વગેરેથી પણ અનંતગણું જાણે તેવી તેની એક અવસ્થાની તાકાત છે. ને એવી અનંત અવસ્થાનો પિંડ આત્મસ્વભાવ છે. એવા આખા જ્ઞાન સામર્થ્યનો વિશ્વાસ ને મહિમા ન કરે અને આકાશ વગેરે જ્ઞેય પદાર્થને જાણવામાં જ અટકી જાય તો જીવને ધર્મ થાય નહિ. માટે અહીં આચાર્યદેવ સમજાવે છે કે આત્માનું જ્ઞાન આકાશ વગેરે પદાર્થોથી જુદું છે.

## (૧૯૦) ધર્મ ક્યાં થાય અને કેમ થાય?

જ્ઞાનથી આત્માનો ધર્મ કઈ રીતે થાય છે તેની આ વાત છે. ધર્મ ક્યાંય બહારમાં તો થતો નથી, ને આત્માના દ્રવ્યમાં કે ગુણમાં પણ થતો નથી, ધર્મ આત્માની વર્તમાન અવસ્થામાં થાય છે. હવે જ્ઞાનની વર્તમાન અવસ્થા જો આકાશદ્રવ્ય તરફ લક્ષ કરે તો તે અવસ્થામાં ધર્મ થતો નથી. 'બધાં દ્રવ્યો કરતાં આકાશદ્રવ્ય અનંતગણું વિશાળ છે' -એમ શ્રુતજ્ઞાનના વિકલ્પથી -રાગમાં એકતા કરીને - જે જ્ઞાન ખ્યાલમાં લ્યે તે જ્ઞાનને પણ અચેતન પદાર્થો સાથે અભેદ ગણીને અચેતન કહ્યું છે. અને જે જ્ઞાન-અવસ્થા આકાશ વગેરે પરદ્રવ્ય તરફના વિકલ્પથી છૂટી પડીને આત્માના સ્વભાવ તરફ વળે તે જ્ઞાન રાગરહિત છે, ચેતન સાથે અભેદ છે, અને તે જ્ઞાન જ ધર્મ છે.

## (૧૯૧) પરાશ્રિત જ્ઞાન અચેતન છે, સ્વાશ્રિત જ્ઞાન કેવળનું કારણ છે

અનંત એવા આકાશને લક્ષમાં લેવા છતાં, જે જ્ઞાન પરાશ્રિત છે તે અચેતન છે; તેમ જ આત્માનું જે વર્તમાન જ્ઞાન દયા વગેરેના વિચારમાં અટકે તે પણ અચેતન છે. એક સમયના ભાવશ્રુતજ્ઞાનને

સ્વભાવ તરફ વાળીને ત્રિકાળી આત્મસ્વભાવની રુચિ કરતું જે જ્ઞાન પ્રગટે તે જ્ઞાન ત્રિકાળી ચેતન સાથે એક થયું, તેને અહીં ચેતન કહ્યું છે. સ્વભાવનો આશ્રય કરીને આત્માને જાણે છે તે તો નિશ્ચય છે અને સ્વભાવના આશ્રય પૂર્વક આકાશની અનંતતા વગેરેને જાણે તે વ્યવહાર છે. એ રીતે બેહદ ચૈતન્ય સ્વભાવને લક્ષમાં લઈને તેનો આશ્રય કરે તેને જ અહીં યથાર્થ જ્ઞાન કહ્યું છે, અજ્ઞાનીના પરાશ્રિત જ્ઞાનને અહીં અચેતનમાં ગણ્યું છે. રાગ ઘટાડીને શાસ્ત્રના આશ્રયે અગીયાર અંગને જાણે તોપણ તે જ્ઞાન માત્ર રાગનું ચક્ર બદલીને થયું છે, તે જ્ઞાનમાં સ્વભાવનો આશ્રય નથી પણ રાગનો આશ્રય છે, તેથી તે અગીયાર અંગનું જ્ઞાન પણ અનાદિની જાતનું જ છે. આત્મસ્વરૂપની રુચિ કરીને તેમાં સમાધિ એકાગ્રતા વડે જે જ્ઞાન પ્રગટે તે અપૂર્વ છે, મોક્ષનું કારણ છે. ભલે શાસ્ત્ર વગેરે પરનું બહુ જાણપણું ન હોય તો પણ સ્વભાવના આશ્રયે થયેલું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે ને તે કેવળજ્ઞાનનું કારણ છે.

હવે વિચારો કે, કેટલા બહારના કારણે આત્માનું જ્ઞાન પ્રગટે? બાહ્ય પદાર્થોના જ્ઞાનથી કે તે તરફના શુભરાગથી ચૈતન્યસ્વરૂપ આત્માનું જ્ઞાન થાય નહિ. આત્મા તરફ વળે તો જ આત્માનું જ્ઞાન થાય. જીવ કરતાં પુદ્‌ગલ, પુદ્‌ગલ કરતાં કાળના સમયો અને તેના કરતાં આકાશના પ્રદેશો અનંતગુણા છે તેનો ખ્યાલ પરલક્ષે કરે, પણ તે બધાયને ખ્યાલમાં લેનાર પોતાનો ચૈતન્યસ્વભાવ કેવો છે તેને ખ્યાલમાં ન લ્યે તો એકલા પર લક્ષે થયેલો જ્ઞાનનો ઉઘાડ કાયમ નહિ ટકે. આત્માનો સ્વભાવ સ્વ-પર પ્રકાશક છે, પોતાના ચૈતન્યસ્વભાવના યથાર્થ જ્ઞાન વગર પરનું જ્ઞાન યથાર્થ થશે નહિ, અને એવા જ્ઞાનથી આત્માને સુખ કે ધર્મ થાય નહિ.

## (૧૯૨) ચૈતન્યને લક્ષમાં લેનાર જ્ઞાનનું અનંત સામર્થ્ય અને તે જ્ઞાનનો મહિમા

બધા દ્રવ્યોમાં આકાશની પ્રદેશસંખ્યા અનંત છે, પણ આત્મસ્વભાવનું જ્ઞાનસામર્થ્ય તેનાથીયે અનંતું છે; કેમ કે અનંત આકાશને જાણે એવું જ્ઞાનના એક પર્યાયનું સામર્થ્ય છે, એવા અનંત પર્યાયોનો પિંડ એક જ્ઞાનગુણ છે અને એવા જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય વગેરે અનંત ગુણો આત્મામાં છે. એવા ચૈતન્યસ્વભાવની અનંતતા લક્ષમાં લેતાં જ્ઞાનની સ્વતરફની અનંતગણી દશા ખીલી. આકાશની અનંતતા કરતાં ચૈતન્યની અનંતતા અનંતગણી છે તેથી આકાશને લક્ષમાં લેનાર જ્ઞાન કરતાં, ચૈતન્યને લક્ષમાં લેનાર જ્ઞાનમાં અનંતગુણું સામર્થ્ય છે. અને એવા અનંત ચૈતન્યસામર્થ્યનું જ્ઞાન કરતાં સમ્યક પુરુષાર્થ ખીલ્યો છે. આકાશની અનંતતા લક્ષમાં લેનારું જ્ઞાન પર પ્રકાશક છે, તેનો મહિમા નથી અને તે ખરેખર મોક્ષમાર્ગમાં સહાયકારી નથી. જે જ્ઞાન, સ્વભાવને પકડીને એકાગ્ર થાય તે જ્ઞાનનો મહિમા છે, ને તે મોક્ષમાર્ગરૂપ છે. અહીં પર તરફના જ્ઞાનનો નિષેધ કરીને તેનો આશ્રય છોડાવ્યો છે. આ જ રીતે ધર્મ થાય છે. આમાં પાપભાવની તો વાત નથી અને રાગ ઘટાડીને પુણ્ય કરતાં કરતાં ધર્મ થઈ જશે એમ કોઈ માને તો તેને ધર્મ હરામ છે- એટલે કે જરાપણ ધર્મ નથી, પણ મિથ્યાત્વના પાપની પુષ્ટિ કરતાં કરતાં તેના પર્યાયમાં નિગોદદશા થાય છે.

દ્રવ્યોની સંખ્યામાં પુદ્‌ગલદ્રવ્યો સૌથી અનંતા છે, ક્ષેત્રથી આકાશદ્રવ્ય બધા કરતાં અનંતગુણું છે, અને ભાવથી ભગવાન આત્માના જ્ઞાનની અનંતતા છે. બધા પદાર્થોની અનંતતાને જાણનારું

આત્માનું જ્ઞાન જ છે, તે જ્ઞાનનો જ મહિમા છે. જ્ઞાનસ્વભાવની અનંતતાનો મહિમા જાણીને તેમાં જે જ્ઞાન વળ્યું તે જ્ઞાન આત્માના કલ્યાણનું કારણ છે. છ દ્રવ્યોના સ્વભાવનું યથાર્થ વર્ણન સંપૂર્ણ સર્વજ્ઞદેવના માર્ગ સિવાય બીજે ક્યાંય નથી; અને તે છ દ્રવ્યોનો તથા તેને જાણનાર પોતાના જ્ઞાનસ્વભાવનો યથાર્થ સ્વીકાર કરનાર સર્વજ્ઞદેવના અનુયાયી-સમ્યગ્દષ્ટિ સિવાય બીજું કોઈ નથી.

## (૧૯૩) જિનવાણીનો સાર

આજે 'પ્રવચનસાર'ની પ્રભાવનાનો દિવસ છે. પ્રવચન એટલે જિનવાણી. ઉપર કહ્યો તેવા જ્ઞાનસ્વભાવી આત્માને ઓળખવો તે જ સર્વે જિનવાણીનો એટલે કે પ્રવચનનો સાર છે.

## (૧૯૪) ચેતનને ભૂલે તે જ્ઞાન અચેતન છે

આકાશની અનંતતા વગેરે છ એ દ્રવ્યોને રાગ સહિત ખ્યાલમાં લ્યે તેટલો ઉઘાડ તો અજ્ઞાનમાં પણ હોય છે. બધા દ્રવ્યોમાં આકાશ અનંતગુણા પ્રદેશવાળું છે- એવું તો મિથ્યાશ્રુતજ્ઞાન પણ ખ્યાલમાં લે છે. પરંતુ પરપદાર્થોનું ગમે તેટલું જાણપણું કરે તે આત્માને જાણવામાં કાર્યકારી થાય નહિ. પોતાના સ્વભાવતા સ્વીકાર વિનાનું જેટલુ પરનું જ્ઞાન હોય તે બધું અચેતન છે. ચેતન તો તેને કહેવાય કે જે ત્રિકાળી જ્ઞાનસ્વભાવને સ્વીકારીને તેમાં અભેદ થાય. ચૈતન્યથી ભેદ પાડીને પરમાં અભેદપણું માને તો તે જ્ઞાન ચેતનનું વિરોધી છે.

આકાશ તે જડ દ્રવ્ય છે ને તેનામાં જ્ઞાન નથી-એવું તો સામાન્યપણે ઘણા જીવો માને; પણ અહીં માત્ર આકાશનું જ અચેતનપણું સાબિત નથી કરવું પણ આચાર્યદેવે અહીં ગૂઢ ભાવો

ભર્યાં છે; એકલા આકાશ તરફનું જ્ઞાન પણ અચેતન છે એમ કહીને ત્રિકાળી આત્મસ્વભાવ સાથે જ્ઞાનની એકતા જણાવે છે; એટલે વર્તમાનજ્ઞાનમાંથી પરનો અને પર્યાયનો પણ આશ્રય છોડીને ત્રિકાળીદ્રવ્યનો આશ્રય કરવાનું જણાવ્યું છે.

## (૧૯૫) પાત્ર જીવને સ્વમાં વાળવાનો ઉપદેશ

જે જીવે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર-કુતીર્થની માન્યતા છોડી દીધી છે અને જૈનના નામે પણ જે કલ્પિતમિથ્યામાર્ગ ચાલે છે તેની શ્રદ્ધા છોડીને સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા-ઓળખાણ કરી છે અને તેમણે કહેલા આકાશ વગેરે દ્રવ્યોના વિચારમાંજ અટકી રહ્યો છે પણ પોતાના સ્વભાવ તરફ વળતો નથી એવા પાત્ર જીવને માટે અહીં ઉપદેશ છે કે- હે જીવ ! પરદ્રવ્યો તરફ વળીને રાગસહિત જે જ્ઞાન જાણે તે તારું સ્વરૂપ નથી, પણ ચૈતન્ય સ્વભાવમાં વળીને જ્ઞાનની જે અવસ્થા ચૈતન્યસ્વભાવમાં અભેદ થઈને સ્વ-પરને જાણે તે તારું સ્વરૂપ છે. ચૈતન્યસ્વભાવમાં વળીને તેમાં લીન થયેલો પર્યાય તે જ ચૈતન્યનું સર્વસ્વ છે.

## (૧૯૬) સત્‌ની દુર્લભતા અને શ્રોતાની પાત્રતા

આ વાત આત્મસ્વભાવની છે, કોઈ અન્ય સંપ્રદાયો સાથે કે લૌકિક વાતો સાથે તેને જરાય મેળ મળે તેમ નથી, અને આ વાત અન્યત્ર જ્યાં-ત્યાંથી મળે તેમ નથી. તથા જેને આત્મકલ્યાણની દરકાર છે, ભવભ્રમણનો ડર છે એવા આત્માર્થિ સિવાય બીજા જીવોને આ વાત બેસે તેમ નથી. આવા મનુષ્યઅવતારમાં આવ્યો અને પરમદુર્લભએવી સત્યવાણી સાંભળવાનો જોગ મળ્યો, જો અત્યારે સ્વભાવની રુચિથી આ વાત નહિ સાંભળે અને નહિ સમજે તો પછી

ક્યારે સાંભળશે? અનંતકાળે પણ આવી વાત સાંભળવા મળવી મુશ્કેલ છે.

## (૧૯૭) સાધકજીવની જાગૃતિ

અહો, અનંત આકાશને ખ્યાલમાં લેનાર એવા જ્ઞાનને પણ જે જીવ 'અચેતન' સ્વિકારશે તે જીવ રાગ-દ્વેષને પોતાનાં કેમ માનશે? ને તેનાથી ધર્મ કેમ માનશે? પરમાં ક્યાંય સુખ કેમ માનશે? ને પરનો કર્તા પોતાને કેમ માનશે? - એ જીવ તો પોતાના જ્ઞાનપર્યાયનો આશ્રય પણ છોડીને પોતાના પરિપૂર્ણ સ્વભાવ તરફ વળીને તેમાં લીન થશે. અહો, આવા ભગવાન્ ચૈતન્યસ્વભાવના સ્વીકારમાં કેટલો પુરુષાર્થ છે ! પોતાના મતિ-શ્રુતજ્ઞાનને સ્વભાવમાં એક કરીને સ્વભાવના આશ્રયે હું જ્ઞાતાદૃષ્ટા છું એમ જેણે સ્વીકાર્યું તેની જ્ઞાનચેતના જાગૃત થઈ, તે આત્મા પોતે જાગૃત થયો, સાધક થયો અને હવે અલ્પકાળમાં કેવળજ્ઞાન લેવાનો છે.

## (૧૯૮) આત્મકલ્યાણની અપૂર્વ વાત

આ આત્મ કલ્યાણની અપૂર્વ વાત છે. ઝટ ન સમજાય તો અરુચિ કે કંટાળો લાવવો નહિ પણ વિશેષ અભ્યાસ કરવો, 'આ મારા આત્માની અપૂર્વ વાત છે, આ સમજવાથી જ કલ્યાણ છે' -એમ અંતરમાં તેનો મહિમા લાવીને રુચિથી શ્રવણ-મનન કરવું. બધા આત્મામાં આ સમજવાની તાકાત છે. હું પુરુષ છું, હું સ્ત્રી છું, હું વૃદ્ધ છું. હું બાળક છું, -એવી શરીરબુદ્ધિ છોડીને અંતરમાં એમ લક્ષ કરવું કે હું આત્મા છું, શરીરથી જુદો જ્ઞાનસ્વરૂપ છું. દરેક આત્મા

ભગવાન છે- જ્ઞાનસ્વરૂપી છે, તેનામાં પૂરેપુરું સમજવાની તાકાત ભરી છે, માટે 'મને ન સમજાય' એવું શલ્ય કાઢી નાખીને, 'મને બધું સમજાય એવી મારી તાકાત છે' એમ વિશ્વાસ કરીને સમજવાનો પ્રયત્ન કરવો. રુચિપૂર્વક પ્રયત્ન કરે તેને ન સમજાય એમ બને નહિ. આમાં બુદ્ધિના ઉઘાડની બહુ જરૂર નથી. પણ રુચિની જરૂર છે.

## (૧૯૯) સ્વાશ્રયી દેડકાંને ધર્મ ને પરાશ્રયી દ્રવ્યલીંગીને અધમ

જ્ઞાન તો આત્માનો સ્વભાવ છે, અને તેનો પર્યાય જો પર તરફ.વળીનેજ જાણે તો ભગવાન તેને 'અચેતન' કહે છે; કેમ કે તે જ્ઞાન સ્વભાવની રુચિથી પ્રગટ્યું નથી, પણ પરની રુચિથી રાગની મંદતા થઈને પ્રગટ્યું છે. એક દેડકાનો આત્મા પણ ચૈતન્યના પર્યાયને સ્વમાં વાળીને એકાગ્ર કરે તો તેના જ્ઞાનને ચેતન કહ્યું છે, તે ધર્મી છે, તેના આત્મામાં ક્ષણે ક્ષણે ધર્મ થાય છે. અને કોઈ દિગંબર જૈનદ્રવ્યલિંગી સાધુ થઈને ૨૮ મૂળગુણ ને પંચમહાવૃત ચોકખા પાળે, નવતત્ત્વની વ્યવહારની શ્રદ્ધા કરે ને અગીયાર અંગ સુધી ભણી જાય, જૈનદર્શનમાં કહેલી બધી વ્યવહારની રીત કરે પણ પોતાના સ્વાવલંબી, ચૈતન્યસ્વભાવમાં લક્ષ ન કરે તો તેનું બધુંય જ્ઞાન ને ચરિત્ર મિથ્યા છે, ભગવાન્ તેના જ્ઞાનને કહે છે; તે ગમે તેટલું કરે પણ તેને ધર્મ થતો નથી, ક્ષણેક્ષણે અધર્મ થાય છે. માટે-બહારમાં નાના-મોટા શરીર સાથે કે અંતરમાં જ્ઞાનના ઉઘાડ સાથે ધર્મનો સંબંધ નથી, પણ પોતાના જ્ઞાનમાં સ્વાશ્રય કરે કે પરાશ્રય કરે તેની સાથે ધર્મ કે અધર્મનો સંબંધ છે. જો સ્વાશ્રય કરે તો દેડકાનો આત્માય ધર્મ પામે છે, ને સ્વાશ્રય ન કરે તો દ્રવ્યલિંગી મિથ્યાદષ્ટિ સાધુય ધર્મ પામતો નથી.

## (૨૦૦) મૂળ તાત્પર્ય

આ બધા કથનનું મૂળ તાત્પર્ય ટુંકામાં સમજવું હોય તો એમ છે કે આત્માના જ્ઞાનને પર્યાયબુદ્ધિથી પાછું વાળીને દ્રવ્યબુદ્ધિમાં લાવવું. -એ જ આત્માના કલ્યાણનો-હિતનો-શ્રેયનો-મોક્ષનો કે ધર્મનો માર્ગ છે, તેમાં જ સમ્યગ્દર્શનજ્ઞાન-ચારિત્ર-તપ વગેરે સમાઈ જાય છે. પહેલાં તો પોતાને અંતરમાં પોતાના આત્મસ્વભાવનો ઉત્સાહ આવવો જોઈએ. પોતાનો સ્વભાવ સમજવા માટે તેના શ્રવણ-મનનની હોંશ જોઈએ.

## (૨૦૧) અહો, ભગવાન કુંદકુંદ !! અને જગતનાં મહાભાગ્ય !

અહો, કુંદકુંદચાર્યદેવની શું વાત કરીએ? કુંદકુંદાચાર્યદેવ તો ભગવાન કહેવાય. એમનું વચન એટલે કેવળીનું વચન અંતરમાં અધ્યાત્મના પ્યાલા ફાટી ગયેલા હતા, -એકદમ કેવળજ્ઞાનની તૈયારી હતી. વીતરાગભાવે અંતરમાં ઠરતાં ઠરતાં વળી છદ્મસ્થદશામાં રહી ગયા, ને વિકલ્પ ઊઠતાં આ મહાન શાસ્ત્રો રચાઈ ગયાં. એમાં વળી જગતનાં મહાભાગ્ય ! કે તેઓશ્રી દ્વારા આ સમયસાર-પ્રવચનસાર જેવાં મહાન પરમાગમોની રચના થઈ ગઈ. અત્યારે તો તેવી શક્તિ અહીં નથી. કાઠિયાવાડના વળી વિશેષ મહાભાગ્ય છે કે અત્યારે ગુજરાતી ભાષામાં તે શાસ્ત્રો બહાર આવ્યાં છે.

## (૨૦૨) આત્મસ્વભાવની ભાવના

વ્યાખ્યાનમાં એકને એક વાત વારંવાર કહેવામાં આવે તો કાંઈ પુનરુક્તિ દોષ થતો નથી, કેમ કે તો આત્મસ્વભાવની ભાવના છે, તે ભાવના વારંવાર કરવામાં દોષ નથી પણ સ્વભાવની દઢતા થાય છે, એ ભાવના તો વારંવાર કરવા જેવી છે; વારંવાર આત્મસ્વભાવની

વાત સાંભળતાં તેમાં જરાય કંટાળો ન આવવો જોઈએ. આત્મસ્વભાવની વાત વારંવાર સાંભળતાં જો કંટાળો આવે તો તેને આત્માની અરુચિ છે.

## (૨૦૩) ભેદવિજ્ઞાનનો સાર કેમ પ્રગટે?

વર્તમાન પર્યાય પરને તથા પોતાના અંશને જ સ્વીકારે, પણ પરથી ભિન્ન ત્રિકાળી પૂરા આત્માને ન સ્વીકારે તો તે અજ્ઞાન છે. રાગસહિત જ્ઞાનથી અનંત આકાશનો ખ્યાલ આવ્યો, તેને ચૂકીને-અર્થાત્ આકાશદ્રવ્ય તથા તે તરફ વળીને તેને જાણતો જ્ઞાનનો અંશ-તેનો આશ્રય છોડીને-પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવ તરફ જીવ વળ્યો, ત્યાં તેનું જ્ઞાન રાગરહિત થયું, અપૂર્વ ભેદવિજ્ઞાન પ્રગટ્યું; અનંતા કષાયનો નાશ થયો, અને જ્ઞાનના સ્વરૂપાચરણરૂપ અનંત ચારિત્ર પ્રગટ્યું, રાગરહિત જ્ઞાનસ્વભાવની યથાર્થ પ્રતીતિ અને અનુભવથી સમ્યગ્દર્શન થયું. પહેલાં જે જ્ઞાનપર્યાય પરમાં રોકાતો તે પર્યાયમાં મિથ્યાશ્રદ્ધા-મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્ર હતું. અને જ્યારે જ્ઞાનપર્યાય સ્વમાં વળ્યો ત્યારે તે પર્યાયમાં સમ્યક્શ્રદ્ધા-સમ્યગ્જ્ઞાન અને અનંતું સ્વરૂપાચરણચારિત્ર પ્રગટ્યાં. મતિ-શ્રુતજ્ઞાનને સ્વભાવમાં વાળવા તે ભેદવિજ્ઞાનનો સાર છે, તેની વાત છે. મતિ-શ્રુતજ્ઞાનને સ્વભાવમાં વાળ્યા પછી સ્વભાવસામર્થ્યની પ્રતીતિપૂર્વક જ્ઞાનમાં પર પદાર્થો પણ જણાય છે, તે તો જ્ઞાનનું જ સ્વ-પરપ્રકાશક સામર્થ્ય છે; ત્યાં પર પદાર્થો જણાય તેથી કાંઈ જ્ઞાનમાં દોષ થતો નથી.

## (૨૦૪) દેશનાલબ્ધિ અને ભેદવિજ્ઞાનનો સાર

આત્મજ્ઞાની પુરુષના ઉપદેશરૂપ દેશનાલબ્ધિ મળતાં આત્મસ્વભાવની જેને રુચિ થઈ તેને મુક્તિ માટે ભાવિ નૈગમનય લાગુ

પડી ગયો અર્થાત્ તે જીવ ભવિષ્યમાં મુક્તિ પામશે, -એમ જ્ઞાનીઓ જાણે છે. ધર્મ પામનાર જીવને દેશનાલબ્ધિ હોય જ એ નિયમ છે. સત્સમાગમે પરમાર્થ આત્મસ્વભાવનું શ્રવણ કરીને તે સ્વભાવની રુચિપૂર્વક વારંવાર અભ્યાસ કરીને જ્યારે જ્ઞાન સ્વસન્મુખ થઈને આત્માને જાણે છે ત્યારે પહેલાં તો મતિજ્ઞાનથી આત્માનો અવગ્રહ થાય છે, પછી તે જ જ્ઞાન ઉપયોગ વિશેષ દઢ થતાં શ્રુતજ્ઞાનનો ઉપયોગ સ્વભાવમાં કરે છે. જે શ્રુતજ્ઞાન સ્વભાવમાં અભેદપણે ઠર્યું તેને નિશ્ચયનય કહેવાય છે, તે જ ધર્મ છે, તે ભેદવિજ્ઞાનનો સાર છે. સ્વભાવ તરફ ઢળતા જ્ઞાનને જ અહીં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરિત્ર વગેરે કહ્યું છે.

## (૨૦૫) આકાશાદિનું જ્ઞાન અજ્ઞાનીને મિથ્યા જ્ઞાનીને સમ્યક્

અજ્ઞાનીને તો આકાશાદિનું જે જ્ઞાન છે તે બધું મિથ્યાજ્ઞાન છે, કેમ કે તે સ્વભાવનો આશ્રય છોડીને પરમાં એકતાબુદ્ધિથી જાણે છે. જ્ઞાનીને આત્માની ઓળખાણ સહિત જે આકાશાદિનું જ્ઞાન છે તે બધું સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાનમાં સ્વપરપ્રકાશક સામર્થ્ય હોવાથી પર પદાર્થેનું જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાનમાં ભળી ગયું; પરને જાણતાં એકતાબુદ્ધિપૂર્વક નથી જાણતું પણ સ્વભાવનોજ આશ્રય રાખીને જાણે છે માટે તે જ્ઞાન મિથ્યા નથી. છતાં પણ જ્ઞાનીનો સ્વભાવ તરફ વળતો જ્ઞાનઉપયોગ અને પર તરફ વળતો જ્ઞાનઉપયોગ એ બંને જુદાં છે. સ્વ-પરના ભેદવિજ્ઞાનના જોરે જ્ઞાનીને ક્ષણે ક્ષણે સ્વભાવ તરફ જ્ઞાનનું વલણ વધતું જાય છે ને જ્ઞાનનું પર તરફનું વલણ તૂટતું જાય છે.

## (૨૦૬) ભેદવિજ્ઞાનમાં જ સામાયીક વગેરે આવી જાય છે.

જે જીવ આત્માને અને જ્ઞાનને અભેદ કરે તેને જ સાચો સમભાવ એટલે કે સામાયિક હોય; તે જીવે પોતાના સ્વભાવમાં જ સંતોષ માન્યો અને સર્વે પરદ્રવ્યોમાં પોતાપણાની બુદ્ધિ છોડી દીધી તેનું નામ પ્રતિક્રમણ. તે જીવે શરીર અને શરીરની આહારાદિ ક્રિયાઓથી પોતાના સ્વભાવનો ભિન્ન જાણીને શરીરનું સ્વામીત્વ છોડી દીધું, તેમાં ચૌવિધ આહારનો ત્યાગ આવી ગયો. આત્માના પર્યાયને સ્વભાવમાં જ લીન કરતાં, 'ત્રણે કાળના બધા આહાર તે હું નહિ, તે તરફનો રાગ હું નહિ અને તેના લક્ષે તેનું જ્ઞાન થાય તે પણ હું નહિ' -એમ તે બધાથી ભેદજ્ઞાન થયું સમ્યગ્દષ્ટિ-ભેદજ્ઞાની-ધર્માત્માને શ્રદ્ધામાંથી ત્રણેકાળના આહારનો ત્યાગ થઈ ગયો. આમાં કેટલા ઉપવાસ આવી ગયા ! પહેલાં એ રીતે શ્રદ્ધા અપેક્ષાએ ત્રણકાળના આહારનો ત્યાગ કર્યા પછી, આત્મસ્વરૂપમાં વિશેષ એકાગ્ર થતાં સ્વરૂપસમાધિનો આનંદ વધતો જાય છે ને આહારાદિની ઈચ્છાઓ તૂટતી જાય છે તેનું નામ તપ છે, તે ચારિત્ર છે. આત્માની ઓળખાણ વગર આહાર વગેરેનો રાગ ઘટાડે તેને કાંઈ ઉપવાસ કહેવાય નહિ. પરની-શરીરની ને રાગાદિની રુચિ છોડીને સ્વભાવમાં જે મતિ-શ્રુતજ્ઞાન વળ્યા તે મોક્ષનું કારણ છે. મન-વાણી-દેહથી ભિન્ન ચૈતન્યને જાણીને તેમાં જ્ઞાન એકાગ્ર થયું ત્યાં શરીર વગેરે ઉપરનું લક્ષ જ છૂટી ગયું- કાયાથી ઉપેક્ષા ભાવ જાઈ ગયો-તેને કાયોત્સર્ગ કહેવાય છે. આ રીતે, સ્વ-પરનું ભેદજ્ઞાન કરીને જ્ઞાનને સ્વભાવમાં વાળતાં તેમાં બધા ધર્મ આવી જાય છે. એટલે જ્ઞાનને સ્વભાવમાં લીન કરવું તે ભેદવિજ્ઞાનનો સાર છે.

અહીં પરને જાણનારા જ્ઞાનનું વજન નથી. બાર અંગનું જ્ઞાન કે જાતિસ્મરણ વગેરે જ્ઞાન ઉપર વજન નથી, પણ સ્વભાવને લક્ષે જે મતિ-શ્રુતજ્ઞાન સ્વમાં એકાગ્ર થાય તેનો મહિમા છે, તે જ્ઞાન મોક્ષનું કારણ છે.

☆☆☆ ☆☆☆ ☆☆☆

## અધ્યવસાન (રાગદ્વેષ) અને જ્ઞાનનું જુદાપણું

પાંચે જડદ્રવ્યોથી જ્ઞાનની ભિન્નતાનું વર્ણન પૂરું થયું હવે આત્માની અવસ્થામાં થતા વિકારી ભાવોથી જ્ઞાનની ભિન્નતા બતાવે છે. **અધ્યવસાન તે જ્ઞાન નથી, કારણ કે અધ્યવસાન અચેતન છે; તેથી જ્ઞાન અને અધ્યવસાન જુદા છે.** સ્વભાવનો આશ્રય છૂટીને કર્મના ઉદય નિમિત્તે જે રાગદ્વેષાદિ વિકારીભાવો થાય તેને અધ્યવસાન કહે છે, તે જ્ઞાનનું સ્વરૂપ નથી.

## (૨૦૭) આત્માના જ્ઞાનનું પર જીવોથી જુદાપણું

**પ્રશ્નઃ-** અહીં ટીકામાં પાંચ જડદ્રવ્યોથી તેમ જ વિકારી ભાવોથી તો જ્ઞાનની ભિન્નતા બતાવી, પરંતુ બીજા જીવોથી આ આત્માનું જ્ઞાન જુદું છે-એમ કેમ ન કહ્યું?

**ઉત્તરઃ-** અધ્યવસાન તે જ્ઞાન નથી-એમાં તે વાત સમાઈ જાય છે. કેમ કે એક જીવ પોતાના જ્ઞાનમાં જ્યારે બીજા જીવને લક્ષમાં લઈને તેનો વિચાર કરે ત્યારે અધ્યવસાનની જ ઉત્પત્તિ થાય છે. અને અધ્યવસાનથી જ્ઞાનને જુદું કહ્યું છે, તેથી-પર જીવના લક્ષે થતું જ્ઞાન તે પણ ખરેખર જ્ઞાન નથી એમ તેમાં આવી જ ગયું.

સાચા દેવ અને સાચા ગુરુ તે પણ બીજા જીવ છે, આ આત્માથી તેમનો આત્મા જુદો છે. પોતાના આત્મા તરફ જ્ઞાનને

વાળ્યા વગર, બીજા આત્માનો વિચાર કરવામાં જે જ્ઞાન અટકે તે અધ્યવસાન છે અને તે અચેતન છે. પોતાનું સ્વરૂપ જાણ્યા વગર જ્ઞાન પરને જાણવા જાય તો તે પરમાં જ એકતા માની લે છે, તે અધ્યવસાન છે. તેનાથી આત્માનું જ્ઞાન થતું નથી.

## (૨૦૮) શ્રીદેવ-ગુરુનું માહાત્મ્ય અને તેમનો પરમાર્થ વિનય

શાસ્ત્રોમાં સાચા દેવનું અને સાચા ગુરુનું ઘણું ઘણું માહાત્મ્ય વર્ણવ્યું હોય છે, પરંતુ તેમના લક્ષે જ્ઞાનને રોકી રાખવા માટે તે વર્ણન નથી. સ્ત્રી આદિ વિષય કષાયના નિમિત્તોનું માહાત્મ્ય છોડાવવા તથા કુદેવ-કુગુરુનું માહાત્મ્ય છોડાવવા અને જીવને પોતાનો સ્વછંદ છોડાવવા માટે સાચા દેવ-ગુરુનું માહાત્મ્ય છે. હવે શ્રીદેવ-ગુરુ તો આત્માના ચૈતન્યસ્વભાવનું જ માહાત્મ્ય બતાવે છે. પોતાના ચૈતન્યસ્વભાવના મહિમાને ભૂલીને જે જીવ માત્ર દેવ-ગુરુ વગેરે નિમિત્તોનો મહિમા કરવામાં જ રોકાઈ જાય તેને સમ્યગ્જ્ઞાન થાય નહિ. ખરેખર તો પોતાના આત્મસ્વભાવનો આશ્રય કરવામાં જ શ્રીદેવ-ગુરુનો પરમાર્થ વિનય આવે છે. કેમ કે શ્રીદેવ-ગુરુએ જેમ કહ્યું હતું તેમ પોતે પોતાના આત્મામાં કર્યું એટલે તેમાં જ શ્રીદેવ-ગુરુની આજ્ઞા અને પરમાર્થ વિનય આવ્યો. પછી જ્યાં સુધી શુભરાગ હોય ત્યાં સુધી સાચા દેવ-ગુરુ પ્રત્યે ભક્તિ-બહુમાન-વિનય અને સર્વસ્વ અર્પણતાના ભાવ આવે. પરંતુ આત્માના જુદાપણાના ભાન વગર નિમિત્તના લક્ષમાં અટકી જાય તો આત્મજ્ઞાન પામે નહિ.

શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ તો એમ બતાવે છે કે વસ્તુનો અનેકાંત સ્વભાવ છે; આત્મામાં કર્યું એટલે તેમાં જ શ્રીદેવ-ગુરુની આજ્ઞા અને પરમાર્થ વિનય આવ્યો. પછી જ્યાં સુધી શુભરાગ હોય ત્યાં સુધી સાચા

દેવ-ગુરુ પ્રત્યે ભક્તિ-બહુમાન-વિનય અને સર્વસ્વ અર્પણતાના ભાવ આવે. પરંતુ આત્માના જુદાપણાના ભાન વગર નિમિત્તના લક્ષમાં અટકી જાય તો આત્મજ્ઞાન પામે નહિ.

શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ તો એમ બતાવે છે કે વસ્તુનો અનેકાંત સ્વભાવ છે; આત્મા આત્માપણે છે ને અન્ય દેવ-ગુરુ શાસ્ત્રપણે કે રાગપણે નથી. એક આત્મા બીજા આત્માપણે નથી. જો રાગમાં એકાગ્ર થઈને દેવ-શાસ્ત્ર-ગુરુના વિચાર કરે તો તે અધ્યવસાન છે, અધ્યવસાન અચેતન છે.

## (૨૦૯) ચૈતન્યના લક્ષ વગરનું બધુંય ખોટું

અત્યારે લોકોમાં જૈનધર્મના નામે જે વાત ચાલી રહી છે તેમાં મૂળથી જ ફેર છે. મૂળ આત્મસ્વભાવની દૃષ્ટિ વગર શાસ્ત્ર વગેરેથી હજારો વાતો જાણે પણ તેમાં એકેય વાત સાચી હોય નહિ. પૂર્વની માનેલી બધી વાતના મીંડા વાળીને સાંભળે તો આ વાત અંતરમાં બેસે તેમ છે. જેમ કુંભાર એક સાથે માટી લાવીને તેમાંથી હજારો ઠામ બનાવે, પણ જો તે માટીમાં ચૂનાનો ભાગ હોય તો, જ્યારે તે ઠામને નિંભાડામાં નાંખે (-અગ્નિમાં પકાવે) ત્યારે એકેય ઠામ સાજું ન રહે. આખોય નિંભાડો કાઢીને તદ્દન નવેસરથી બીજી માટી લાવીને કરવું પડે તેમ ચૈતન્યતત્ત્વના લક્ષ વગર જે કાંઈ કર્યું તે બધું સત્યથી વિપરીત હોય; સમ્યગ્જ્ઞાનની કસોટી ઉપર ચડાવતાં તેની એકેય વાત સાચી ન નીકળે. માટે જેને આત્મામાં અપૂર્વ ધર્મ કરવો હોય તેણે પોતાની માનેલી પૂર્વની બધીયે વાતો અક્ષરે અક્ષર ખોટી હતી એમ સમજીને જ્ઞાનનું આખુંય વલણ બદલાવી નાંખવું પડે. પણ જો પોતાની પૂર્વની વાતને ઊભી રાખે અને પૂર્વની માનેલી વાતો સાથે આ વાતને મેળવવા જાય-તો અનાદિના જે ગોટા ચાલ્યા આવ્યા છે તે નીકળશે નહિ અને આ નવું અપૂર્વ સત્ય તેને સમજાશે નહિ.

## (૨૧૦) સ્વભાવનું સાચું જ્ઞાન તે જ દેવ-ગુરુ-શાસ્ત્રની પરમાર્થશક્તિ છે

અનાદિથી અજ્ઞાની જીવોને મિથ્યામતિશ્રુતજ્ઞાન હોય છે અને સાધક જ્ઞાનીને સમ્યકમતિશ્રુતજ્ઞાન હોય છે, તેની જ અહીં વાત છે. મિથ્યાજ્ઞાન ટળીને સમ્યગ્જ્ઞાન કેમ થાય તેનો આ ઉપાય કહેવાય છે. પોતાના સ્વભાવનો આશ્રય છોડીને બીજા જીવનો વિચાર કરે તો તે રાગનું કાર્ય છે, તે શ્રુતનો અધ્યવસાય છે પણ સમ્યકશ્રુતજ્ઞાન નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, મહિમા, પૂજા, પ્રભાવના વગેરેના શુભરાગથી સમ્યગ્જ્ઞાનની ખીલવટ માને તે જીવને શુભરાગ અને જ્ઞાનની એકતાનો અભિપ્રાય છે, તે મિથ્યાઅધ્યવસાન છે. શ્રીદેવ-ગુરુ-શાસ્ત્રોએ તો જ્ઞાન અને રાગને જુદા બતાવીને જ્ઞાનસ્વભાવનો આશ્રય કરવાનું કહ્યું છે; જે જીવે તેમ ન કર્યું તેણે દેવ-ગુરુ-શાસ્ત્રની પરમાર્થભક્તિ કરી નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપરના રાગનો આશ્રય છોડીને પોતાના આત્મસ્વભાવનું સાચું જ્ઞાન કરે તે સાચા જ્ઞાનમાં જ દેવ-ગુરુ-શાસ્ત્રની પરમાર્થભક્તિ અને તેમનો વિનય સમાઈ જાય છે.

## (૨૧૧) જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન તે અનેકાંતધર્મ

આત્માનું જ્ઞાન રાગપણે નથી. જે જ્ઞાન રાગમાં અટકીને જાણે તે જ્ઞાનને જે આત્માનું સાધન માને તે જીવને રાગ અને જ્ઞાનમાં એકપણાની બુદ્ધિ છે. જ્ઞાનમાં રાગ નથી ને રાગમાં જ્ઞાન નથી- એમ સમજવું તે અનેકાંતધર્મ છે. પણ જે રાગને જ્ઞાનનું કારણ માને તેણે રાગ અને જ્ઞાનને જુદા ન જાણ્યા પણ એક માન્યા, તે એકાંતવાદ છે, અધર્મ છે, મિથ્યાઅધ્યવસાય છે. જ્ઞાનને સ્વભાવમાં વાળીને એકાગ્ર થવું તે ધર્મ છે.

## (૨૧૨) રાગ અને જ્ઞાનનું ભેદજ્ઞાન કરે તો જ રાગ ટળે

ચૈતન્યસ્વભાવના આશ્રયે પ્રગટેલો પર્યાય તે ચૈતન્યનો સ્વભાવ છે, અને ચૈતન્યસ્વભાવની બહાર વલણ થઈને જિનેન્દ્ર ભગવાન-ગુરુ-કે શાસ્ત્રના લક્ષે જે જ્ઞાન થાય તે ચેતનનો સ્વભાવ નથી, અને તેનાથી સંવર-નિર્જરા થતા નથી. પર્યાયમાં ચેતનપણું-ચેતન સાથે એકપણું-થયા વગર સંવર-નિર્જરા ક્યાં થાય? અને રાગનો અભાવ કોના જોરે થાય? યથાર્થ ચૈતન્યસ્વભાવની સમજણ વગર ખરેખર રાગાદિ ટળે નહિ, અને રાગ ઘટ્યો પણ ન કહેવાય. રાગરહિત સ્વભાવના સ્વીકાર પૂર્વક, રાગથી આત્માની ભિન્નતા જાણીને જે રાગ ઘટે તો રાગ ઘટ્યો કહેવાય. રાગને જ જે પોતાનું સ્વરૂપ માને તેને રાગ ઘટ્યો કેમ કહેવાય?

## (૨૧૩) આત્મજ્ઞાન માટે પ્રયત્ન કરનાર જીવને રાગ અવશ્ય ઘટે છે

**પ્રશ્ન:-** પ્રભો ! આપે જ કહ્યું કે 'આત્માના જ્ઞાન વગર યથાર્થ પણે રાગાદિ ઘટે નહિ;' માટે આત્મજ્ઞાન ન થાય ત્યાં સુધી અમારે રાગાદિ ઘટાડવા નહિ !

**ઉત્તર:-** જુઓ ભાઈ, એ વાત તો બરાબર છે કે- આત્માના જ્ઞાન વગર ખરેખર રાગાદિ ઘટે નહિ. પણ તેથી તેનો અર્થ તો એમ થયો કે આત્માની સમજણનો પ્રયત્ન કરવો. હવે, જે જીવ આત્મસ્વભાવની સમજણનો પ્રયત્ન કરે તેને રાગાદિ ઘટ્યા વગર રહે જ નહિ. પરંતુ રાગ ઘટ્યો તેની મુખ્યતા નથી પણ આત્મજ્ઞાનની મુખ્યતા છે- એ ભૂલવું ન જોઈએ, એટલે કે મંદ રાગને ધર્મ માનવો ન જોઈએ. આનો અર્થ એમ નથી કે- આત્મા ન સમજાય ત્યાં સુધી તો સ્વછંદપણે વર્તવું ને એવાં ને એવાં તીવ્ર પાપ કરવા ! અને

વિષયકષાય જરાય છોડવા જ નહિ. પુણ્ય પણ આત્માનું સ્વરૂપ નથી એવી વાત જેને રુચે-એટલે કે પુણ્ય રહિત આત્મસ્વભાવ જેને રુચે તે જીવો પાપને તો કેમ આદરે? તેવા જીવોને વિષય-કષાયની રુચિ ન હોય, સત્ સ્વભાવ પ્રત્યે અને સત્ નિમિત્તો પ્રત્યે બહુમાન આવતાં સંસાર તરફનો અશુભરાગ ઘણો જ મંદ થઈ જાય છે. એ સિવાય તો ધર્મી થવાની પાત્રતા પણ હોતી નથી. જેને આત્માનું જ્ઞાન થયું ન હોય તેણે તો ઘણો જ પ્રયત્ન કરીને અશુભ રાગાદિ ઘટાડીને આત્માની સમજણનો અભ્યાસ કરવો જોઈએ. જો એમ ન કરે અને એમને એમ અશુભમાં જ પ્રવર્ત્યા કરે તો આત્માની સમજણ ક્યાંથી થાય?

## (૨૧૪) દેશનાલબ્ધિ વગર ધર્મ થાય નહિ

જે જ્ઞાન, સ્વભાવથી થતી પ્રવૃત્તિ ન કરે અને કર્મના આશ્રયે પ્રવૃત્તિ કરે તે ચેતન નથી. ચેતનસ્વભાવના આશ્રયે જે ઉત્પન્ન થાય તે ચેતન છે અને ચેતનસ્વભાવના આશ્રયે જે ભાવ ઉત્પન્ન ન થાય તે અચેતન છે. આવી આત્મસ્વભાવની વાત જગતના જીવોએ સાંભળી નથી, તો અંતરમાં વિચારીને મેળવે ક્યાંથી? અને ક્યારે તેની રુચિ કરીને આત્મામાં પરિણમાવે?

પર તરફ વળતા અને સ્વ તરફ વળતા મતિ-શ્રુતજ્ઞાનને જુદાઈ છે; એમ સમજીને-સ્વ અને પરનું ભેદજ્ઞાન કરીને અંતર્સ્વભાવમાં વળતું જ્ઞાન તે અપૂર્વ આત્મધર્મ છે.

## (૮)

卐 સં. ૨૪૭૪ઃ ભાદરવા સુદ ૩ સોમવાર 卐

### (૨૧૫) લોકોધર્મ-ધર્મ કરે છે, પણ ધર્મ કેમ થાય?

આત્માને ધર્મ કેમ થાય? એટલે કે આત્માને શાંતિ કેમ થાય? તેની આ વાત ચાલે છે. કોઈ ભક્તિમાં, કોઈ દયામાં, કોઈ પૂજામાં કે દાન વગેરેમાં ધર્મ માની રહ્યા છે, રસ્તામાં ભંગી લોક પણ કહે છે બાપુ ! એક બીડી હોય તો આપજો, તમને ધરમ થશે, ભીખારી પણ કહે કે ખાવાનું આપો, તમને ધર્મ થશે. એ રીતે જગતના જીવો ધર્મ-ધર્મ કરી રહ્યા છે, પરંતુ ધર્મનું સાચું સ્વરૂપ શું છે? તે તેઓ જાણતા નથી; તેથી સંસારમાં રખડે છે. જો એક સેકંડ માત્ર પણ ધર્મનું સાચું સ્વરૂપ સમજે તો તે જીવ સંસારમા રખડે નહિ. પોતાને પોતાના આત્મામાં અધર્મ ટાળીને ધર્મ કરવો છે, તેથી પોતાનું આત્મસ્વરૂપ જાણ્યા વગર કોઈને ધર્મ થાય નહિ.

આત્મા એક સ્વતંત્ર પદાર્થ છે. જેમ લાકડું-પુસ્તક વગેરે પદાર્થો દેખાય છે. તેમ આત્મા પણ એક પદાર્થ છે. લાકડું વગેરેને જાણનાર તત્ત્વ તે આત્મા છે. લાકડું અચેતન છે ને ક્ષણિક સંયોગી છે, પણ આત્મા અસંયોગી, અનાદિ અનંત, જ્ઞાનદર્શનસ્વભાવવાળો છે. તેની અવસ્થામાં ધર્મ કેમ થાય? પરના સંગે કે પરના આધારે આત્માને ધર્મ ન થાય, પણ પોતાનો પૂરો સ્વભાવ છે તેની પ્રતીત અને તેનો આશ્રય કરવાથી ધર્મ થાય. માટે પોતે એટલે કોણ?

અને પર એટલે કોણ? તે જાણવું જોઈએ શરીર, મન, વાણી, લક્ષ્મી, દેવ-શાસ્ત્ર-ગુરૂ એ બધા પદાર્થો આ આત્માથી પર છે- જુદા છે, તેમનાથી તો આ આત્માને ધર્મ કે પુણ્ય-પાપ પણ થતાં નથી. આત્માની અવસ્થામાં જે પુણ્ય-પાપ થાય તે પણ આત્માના ચેતન સ્વભાવથી પર છે -અચેતન છે -વિકાર છે, તેના આધારે પણ ધર્મ થતો નથી. એ બધાથી રહિત પોતાનો જ્ઞાન સ્વભાવ છે તે સ્વભાવની સાથે પર્યાયની એકતા કરવાથી જ ધર્મ થાય છે. -એ વાત અહીં આચાર્ય દેવ સમજાવે છે.

## (૨૧૬) વિકારથી અને પર જીવોથી જ્ઞાનનું જુદાપણું

સ્વભાવમાં જ્ઞાનની એકતા કરાવવા માટે અહીં આચાર્યદેવ જ્ઞાનનું પરથી જુદાપણું બતાવે છે. અધ્યવસાન જ્ઞાન નથી કારણ કે અધ્યવસાન અચેતન છે; માટે જ્ઞાનને અને અધ્યવસાનને જુદાઈ છે. કર્મના ઉદયની પ્રવૃત્તિમાં જોડાવાથી આત્માની વર્તમાન હાલતમાં જે પુણ્ય-પાપ થાય તે વિકારભાવ છે, તેને અધ્યવસાન કહે છે. તે ધર્મનું કારણ નથી કેમ કે તે અધ્યવસાન જ્ઞાનથી ભિન્ન છે. પહેલાં પાંચ અજીવદ્રવ્યોથી જ્ઞાનસ્વભાવ જુદો બતાવ્યો, હવે અંતરમાં જે વિકારી ભાવો થાય છે તેનાથી જુદાપણું બતાવે છે. અહીં કોઈને પ્રશ્ન થાય કે- 'પર જીવોથી આ આત્માનું જ્ઞાન જુદું છે એ વાત કેમ ન કહીં? તેનો ઉત્તર-અધાવસાનથી જુદો કહ્યો તેમાં જ પર જીવોથીપણ આ આત્માનો જ્ઞાનસ્વભાવ જુદો છે એ વાત પણ આવી જાય છે. કેમ કે પર જીવોના લક્ષે અધ્યવસાનની જ ઉત્પત્તિ થાય છે, તેથી અધ્યવસાનથી જુદાપણું કહેતાં અન્ય જીવોથી પણ જુદાપણું સમજી લેવું.

## (૨૧૭) શુભ કે અશુભરાગ તે આત્માની જાત નથી ને ધર્મનું કારણ નથી

આત્માના જ્ઞાનસ્વભાવથી બહાર લક્ષ જઈને જે ભાવ થાય તે આત્માના સ્વભાવથી વિરુદ્ધભાવ છે, તે ભાવો આત્માની અવસ્થામાં થાય છે પણ તે વિકાર છે, જ્ઞાનસ્વભાવથી તે જુદા છે, તેથી તે ધર્મનું કારણ નથી. અંતરમાં પૈસા કમાવાનો ભાવ કે ખાવા-પીવા વગેરેનો ભાવ તે પાપભાવ છે ને દયા-દાન-ભક્તિ વગેરે ભાવ તે પુણ્યભાવ છે, તે બંને ભાવો અધ્યવસાન છે. આચાર્યદેવ કહે છે કે તે અધ્યવસાન અચેતન છે, તેનામાં જ્ઞાન નથી, દર્શન નથી, ચારિત્ર નથી, ધર્મ નથી, સુખ નથી. આત્મસ્વભાવ તે અધ્યવસાનથી જુદો છે, અજ્ઞાનીઓ તે અધ્યવસાનને આત્મા માને છે તે તેનાથી ધર્મ માને છે તે તેમનું મિથ્યાત્વ છે. પુણ્ય-પાપના ભાવો તો ચૈતન્યની જાગૃતિને રોકે છે તેથી તે અચેતન છે. જેના જ્ઞાનમાં આત્માનો ચૈતન્યસ્વભાવ નથી આવતો તે જીવ અચેતન પુણ્ય-પાપપરિણામને આત્મા માને છે, અહીં જ્ઞાનસ્વભાવને તે પુણ્ય-પાપથી જુદો સમજાવીને ભેદવિજ્ઞાન કરાવે છે.

જેમ, જે પેટીમાં સોનું-રાખ્યું હોય તે પેટીથી તો સોનું જુદું જ છે અને સોના સાથે જે તાંબાનો ભાગ છે તે સોના સાથે એક જેવો લાગે છતાં સોનું તો તેનાથી પણ જુદું છે. તેમ આ શુદ્ધચૈતન્યસ્વરૂપી ભગવાન્ આત્મા શરીર-મન-વાણી-પૈસા-તિજોરી વગેરે જડથી તો જુદો જ છે, અને પર્યાયમાં જે રાગ-દ્વેષાદિ વિકારભાવો છે તેનાથી પણ ખરેખર જુદો છે. અજ્ઞાનીને રાગ અને જ્ઞાન એકમેક લાગે છે, પણ જ્ઞાન તો રાગથી જુદું જ છે. જ્ઞાન તો

બધાને જાણે છે તેથી તે આત્મા છે, ને રાગ-દ્વેષ વગેરે ભાવો કાંઈ જાણતા નથી તેથી તે અચેતન છે, તે આત્માથી જુદા છે, આત્માના ધર્મમાં તે બિલકુલ સહાય કરતા નથી. શુભ કે અશુભ રાગ-દ્વેષ આત્માની જાત નથી પણ આત્માના સ્વભાવથી વિરુદ્ધ જાત છે, તે આત્માને ધર્મનું કારણ નથી કેમ કે પોતે અધર્મ છે. આમ જ્ઞાનસ્વભાવને અને રાગાદિભાવોને જુદા જાણીને પોતાના જ્ઞાનસ્વભાવમાં વળવું તે ધર્મ છે.

## (૨૧૮) જ્ઞાની પુણ્ય-પાપ રહિત આત્માની સમજાણ કરવાનું કહે છે

હિંસા-ચોરી-વિષયભોગ વગેરે પાપભાવ કરતાં તો દયા-બ્રહ્મચર્ય વગેરે ભાવ ઠીક છે, પાપની અપેક્ષાએ તેને પુણ્ય કહેવાય છે. પરંતુ તે પુણ્યને ધર્મનું કારણ માને તો મિથ્યાત્વરૂપ મહાપાપ થાય છે. કોઈ જીવ પાપ છોડીને પુણ્ય કરે અને તેને ધર્મ માને તો તે જીવને મિથ્યાત્વના મહા પાપમાં કાંઈ ફેર પડ્યો નથી. પરંતુ આથી પુણ્ય છોડીને પાપમાં જવાનું જ્ઞાન કહેતા નથી; પણ પુણ્ય-પાપ રહિત સ્વભાવની અપૂર્વ સમજાણ કરવાનું કહે છે. પાપ છોડીને પુણ્ય અનંતવાર કર્યાં, તે અપૂર્વ નથી, પણ પુણ્ય-પાપ રહિત જ્ઞાનસ્વભાવ અનાદિકાળથી કદી સમજ્યો નથી, તેની સમજાણ કરવી તે અપૂર્વ ધર્મ છે.

## (૨૧૯) અજ્ઞાન અને સમ્યગ્જ્ઞાન

પૈસા, શરીર વગેરેને પોતાની માને અને તેનું હું કરી શકું એમ માને તે જીવ તો ઘણો સ્થૂળ અજ્ઞાની છે, રાગાદિ ભાવોને આત્મા માને તે પણ અજ્ઞાની છે, અને તે રાગ તરફ ઢળતા જ્ઞાન જેટલો

આત્મા માને તો તે પણ અજ્ઞાની છે, રાગમાં અટકનારું જ્ઞાન તે આત્મા નથી, પણ સ્વભાવમાં ઠરનારું જ્ઞાન તે આત્મા છે. અહીં દ્રવ્ય-પર્યાયની અભેદતાથી નિર્મળપર્યાયને આત્મા કહ્યો છે કેમ કે નિર્મળપર્યાય ને આત્મા અભેદ છે. શરીરના હલનચલનની કે લક્ષ્મી આવવા-જવાની ક્રિયાઓ તો આત્મા કરતો નથી, આત્મા લક્ષ્મી વગેરેમાં મમતાભાવ કરે તે પાપ છે, તૃષ્ણા ઘટાડે તે પુણ્ય છે, તે પુણ્ય-પાપના ભાવો કર્મ કરાવતું નથી પણ આત્મા પોતાની અવસ્થામાં કરે છે, પણ તે પુણ્ય-પાપના ભાવો આત્માના જ્ઞાનસ્વભાવથી જુદા છે, તેથી તે અચેતન છે, અને તેથી તે પુણ્ય-પાપના લક્ષે થતું જ્ઞાન, તે પણ આત્મસ્વભાવ નથી, એ બધાનું લક્ષ છોડીને પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવ તરફ વળીને, પૂર્ણસ્વભાવના વિશ્વાસે જે જ્ઞાન પ્રગટે તે સમ્યગ્જ્ઞાન છે; તે આત્મા સાથે એકતા ધરાવે છે, તે મોક્ષનું કારણ છે.

## (૨૨૦) પાપ અને પુણ્ય બંનેની એક જાત

પાપ કરતાં પુણ્યમાં મંદ કષાય છે, પરંતુ તે પણ કષાયનો જ પ્રકાર છે. પુણ્યભાવમાંય ધર્મ નથી. જેમ પાપ અધર્મ છે તેમ પુણ્ય પણ અધર્મ છે.

## (૨૨૧) જેને ચૈતન્યનો પુરુષાર્થ નથી તે નપુંસક છે

જે ચીજ આત્માથી જુદી હોય તેનાથી આત્માને લાભ થાય નહિ; અને તે પર ચીજોના લક્ષે પણ આત્માને લાભ થાય નહિ. આત્માના સ્વભાવના લક્ષે જ આત્માને લાભ થાય. લાભ કહો, શાંતિ કહો, હિત કહો, સુખ કહો કે ધર્મ કહો, તે એકાર્થ છે. બહારમાં અનુકૂળ સંયોગો આવે તેને અજ્ઞાની જીવ લાભ માને છે. અને તે

પદાર્થોમાં સુખ માને છે, પણ પોતાના સ્વભાવમાં સુખ છે, તેને નથી માનતો, મારામાં સુખ નહિ ને પૈસામાં સુખ-એમ માનનાર જીવ પોતાને નિર્માલ્ય-પુરુષાર્થરહિત માને છે. પોતાના સ્વભાવ સામર્થ્યને જાણવાનો પુરુષાર્થ નહિ કરનાર અને પરમાં સુખ માનનાર જીવને આચાર્યદેવ નપુંસક કહે છે. પુરુષતો તેને કહેવાય કે જે સ્વભાવનો પુરુષાર્થ પ્રગટ કરે. જેઓ શુદ્ધ આત્મસ્વભાવને નથી જાણતા તેને નામર્દ કહ્યા છે. (સમયસાર પૃ.૨૦૦) આત્માના અસાધારણ લક્ષણને નથી જાણતા તેને નપુંસક કહ્યા છે. (સમયસાર પૃ.૭૩) આત્મામાં જ આનંદ સામર્થ્ય છે, પણ તે આનંદ ભોગવવાની જેનામાં તાકાત નથી તે જીવ પરમાં આનંદ માને છે ને પરવિષયોને દેખીને રાજી થાય છે, તે નામર્દાઈનું ચિહન છે. સ્વભાવની શ્રદ્ધા નથી કરતા ને પરથી સુખ માને છે તેમને ચૈતન્યનો પુરુષાર્થ નથી.

આત્મા પોતે પુરુષ છે, અનંતગુણોમાં રહીને આનંદનો સ્વતંત્રપણે ભોગવટો કરનાર પુરુષ છે, ચૈતન્યસ્વભાવી ભગવાન્ છે, અનુભવતો નથી અને પર્યાયમાં પુણ્ય-પાપ થાય તેને જ ધર્મ માને છે તે જીવ ચૈતન્યના પુરુષાર્થરહિત નપુંસક છે.

### (૨૨૨) ભવભ્રમણ ટાળવાનો ઉપાય

આત્માનો ચૈતન્યસ્વભાવ પરથી જુદો છે ને પુણ્ય-પાપરૂપ અધ્યવસાનથી પણ જુદો, સાક્ષી સ્વરૂપ જ્ઞાતા છે; એવા પોતાના આત્માની જેને શ્રદ્ધા નથી-વિશ્વાસ નથી-ખબર નથી તે જીવ 'હું પરનું કરૂં' એમ માને છે અને પુણ્ય-પાપ વગેરે અધ્યવસાનનેજ આત્મા માને છે. આત્મા પોતે ભગવાન્, ચૈતન્ય પ્રકાશની મૂર્તિ છે, ચૈતન્યપણાથી તેનો મહિમા છે, જે ક્ષણિક વિકાર થાય છે તે ચૈતન્યની જાત નથી. તે વિકારથી જે પોતાને લાભ માને અથવા વિકારને આત્મા

માને, તે જીવનું જ્ઞાન વિકારને જાણવામાં જ અટકી જાય છે, પરંતુ વિકારથી છૂટીને સ્વભાવ તરફ તે પોતાનું જ્ઞાન વાળતો નથી, માટે આચાર્ય ભગવાન કહે છે કે પોતાના આત્મસ્વભાવને સમસ્ત અન્યદ્રવ્યોથી અને તેના નિમિત્તે થતા અન્યભાવોથી ખરેખર જુદો દેખવો અનુભવવવો. -એ જ ભવભ્રમણ ટાળવાનો ઉપાય છે.

## (૨૨૩) અજ્ઞાનીનો હડકવા

જ્ઞાનમૂર્તિ આત્મા સમસ્ત પરદ્રવ્યોથી જુદો છે. પરદ્રવ્યોથી જુદો કહેતાં રાગાદિભાવોથી પણ જુદો સમજવો. અહીં રાગાદિને પણ પરદ્રવ્યમાં ગણ્યા છે. આત્માના સ્વભાવથી રાગાદિ થતા નથી પણ પરદ્રવ્યના નિમિત્તથી થાય છે.

તેથી તે પણ પરદ્રવ્ય છે. અજ્ઞાની જીવ તેને પોતાનું સ્વરૂપ માને છે. જેમ કોઈને હડકાયું કૂતરું કરડ્યું હોય અને હડકવા લાગુ પડ્યો હોય, તેને મરવાની તૈયારી થતાં ગાંડપણ થાય છે. તેમ અજ્ઞાનીને મિથ્યાત્વરૂપી હડકવા સ્વરૂપ શું તેનું ભાન ભૂલ્યો છે, તેને પોતાના ચૈતન્યની ખબર નથી ને બહારમાં સુખ માટે ભમે છે. તેને અહીં સમજાવે છે કે ભાઈ, આત્માને પરદ્રવ્યોથી ને પુણ્ય-પાપથી ભિન્નતા છે. પરને અને પુણ્ય-પાપને જાણતાં ત્યાં જ અટકી જાય એવું તારા જ્ઞાનનું સ્વરૂપ નથી. તારા પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવમાં એકતા કરીને જાણવું એવું તારા જ્ઞાનનું સ્વરૂપ છે; તે સ્વરૂપને તું જો.

## (૨૨૪) વિકાર આત્માનું સ્વરૂપ નથી

જે આત્મસ્વરૂપ હોય તે આત્માથી કદી જુદું ન પડે. શુભ કે અશુભ વિકારભાવો આત્માનું સ્વરૂપ નથી તેથી તે આત્માથી જુદા પડી જાય છે અર્થાત્ તેનો નાશ થઈ જાય છે. જ્ઞાન આત્માનું સ્વરૂપ છે તેનો કદી નાશ ન થાય. વિકારીભાવો આત્મવસ્તુના આશ્રયે થતા

નથી પણ પરવસ્તુના આશ્રયે થાય છે, તે ભાવો આત્માનું સ્વરૂપ નથી. વિકારીભાવોનો સંપૂર્ણ અભાવ થઈને જ્ઞાન પૂરું રહી જાય છે, પણ જ્ઞાનનો કદી સર્વથા અભાવ થતો નથી. કેમ કે જ્ઞાન તે જ આત્માનો સ્વભાવ છે, વિકાર આત્માનો સ્વભાવ નથી.

☆☆☆ ☆☆☆ ☆☆☆

## ✳ ભેદ વિજ્ઞાન માટેની પ્રેરણા ✳

## (૨૨૫) આત્માને સર્વ પરદ્રવ્યથી ભિન્ન અનુભવવો

**-એ રીતે આત્માના જ્ઞાનસ્વભાવને સમસ્ત પરથી ભિન્ન દેખવો.** કઈ રીતે દેખવો? -પૂરો જ્ઞાનસ્વભાવ તે હું છું, એ સિવાય અન્ય કોઈ ભાવો હું નથી -એમ બરાબર જાણીને, પર તરફ વળતા પોતાના જ્ઞાનને સ્વભાવતરફ વાળીને શુદ્ધ આત્માનો અનુભવ કરવો. હું ચિદાનંદ સ્વરૂપ છું, રાગાદિ કોઈ મારા ભાવો નથી, પરદ્રવ્યો કે પરભાવોના આશ્રયે મારું જ્ઞાન નથી-એમ પરથી ભિન્નતા જાણીને-ત્યાંથી જ્ઞાનને ખસેડીને આત્મસ્વભાવના આશ્રયે જ્ઞાનને એકાગ્ર કરીને અનુભવ કરવો, તે અનંતકાળમાં નહિ કરેલો એવો અપૂર્વ આત્મધર્મ છે. ચોથા ગુણસ્થાને મતિ-શ્રુત-જ્ઞાનથી એવો અનુભવ થાય છે.

## (૨૨૬) આત્માને શેના વગર ન ચાલે?

દરેક વસ્તુ સ્વાધીનપણે જ પોતાનું કાર્ય કરી રહી છે. કદી કોઈ વસ્તુ બીજા સાથે મળીને કાર્ય કરતી નથી. આ આત્મા કદી કોઈ પણ પર વસ્તુને લીધે નભતો નથી, પરદ્રવ્યોનો તો આત્મામાં અભાવ જ છે. અજ્ઞાની જીવને સ્વપરમાં એકત્વબુદ્ધિ હોવાથી. પરવસ્તુ વગર મારે ન ચાલે એમ તે માને છે. પરંતુ એમ માનનાર અજ્ઞાની જીવ પણ ક્ષણે ને પળે પર પદાર્થ વગર જ ચલાવી રહ્યો છે. પૈસા, શરીર

વગેરે પદાર્થ ન હોય તે વખતે શું આત્માનું પરિણમન અટકી જાય છે? -કે આત્માનો નાશ થઈ જાય છે? એમ તો થતું નથી. આત્માનું જ્ઞાન સદાય પોતાના સ્વભાવથી જ પરિણમે છે, ને આત્મા સદાય જ્ઞાનથી જ જીવે છે. જો જ્ઞાન ન હોય તો આત્મા જ ન હોય, એટલે જ્ઞાન વગર આત્માને એક પળ પણ ચાલે નહિ. પરદ્રવ્ય અને રાગ વગર પણ આત્માને ચાલે છે. સિદ્ધભગવાનને કાંઈ પરદ્રવ્યનો સંયોગ કે રાગ નથી, એકલા જ્ઞાનથી જ તેમનો આત્મા ટકેલો છે. દરેક આત્મા સદાય પોતાના જ્ઞાનસ્વભાવથી અને પરના અભાવથી જ ટકે છે. આ રીતે, ધર્માર્થી જીવોએ પોતાના આત્માને સર્વ પરથી જુદો જ્ઞાનસ્વભાવરૂપ નક્કી કરવો. મારા જ્ઞાનસ્વભાવ તરફ વળીને સમ્યક્શ્રદ્ધા -જ્ઞાન પ્રગટ કરું તે મારું સ્વરૂપ છે, પરથી છૂટો ને વિકારથી પણ છૂટો એવો મારો પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવ છે, તે સ્વભાવના આશ્રયે જાણવાનું મારું સ્વરૂપ છે. -આમ પોતાના આત્માનો અનુભવ કરવો તે જ અનંતકાળના જન્મ-મરણોથી છૂટવાનો એક જ ઉપાય છે.

## (૨૨૭) અધર્મ શું અને તે કેમ ટળે?

પોતાનો જ્ઞાનસ્વભાવ રાગરહિત છે; જેને પોતાના જ્ઞાનસ્વભાવનો અનુભવ નથી તે જીવ રાગને પોતાનું સ્વરૂપ માનીને રાગનો કર્તા થાય છે; અને જે રાગનો કર્તા થાય છે તે જીવ એમ માને છે કે મારા રાગને લીધે પરદ્રવ્યમાં કાર્ય થાય છે એટલે કે હું પરનો કર્તા છું. આવી ઊંધી માન્યતામાં જ્ઞાન, રાગ અને પરદ્રવ્યમાં એકતાબુદ્ધિ છે તે જ મહા અધર્મ છે. તે અધર્મ કેમ ટળે? તેનો ઉપાય અહીં આચાર્યદેવ બતાવે છે; રાગથી અને પરથી જુદો જ્ઞાનસ્વભાવ છે તેને ઓળખે તો રાગ અને પરદ્રવ્યમાં એકતાબુદ્ધિ ટળે ને જ્ઞાન પોતાના સ્વભાવરૂપે થાય, તેનું જ નામ ધર્મ છે.

## (૨૨૮) જીવનું કર્તવ્ય

જીવના રાગનું કાર્ય પરમાં થતું નથી. સ્ત્રી, પુત્ર વગેરે જ્યારે મરણ-પથારીએ પડ્યા હોય ત્યારે, તે બચે તો સારું એમ પોતે ઘણો રાગ કરે, છતાં તે મરી જાય છે, પોતાના રાગને કારણે તેમાં કાંઈ થતું નથી. પોતે તો પરથી જુદો છે. પોતે પોતામાં રાગ કરી શકે પણ પરમાં કાંઈ ન કરી શકે. જો આમ યથાર્થપણે સમજે તો પર તરફથી પાછો ફરીને પોતાના જ્ઞાનસ્વભાવ તરફ વળે, ને રાગનો પણ કર્તા થાય નહિ. હે ભાઈ, તને પ્રત્યક્ષ દેખાય છે કે તારો રાગ પરમાં કાંઈ જ કરી શકતો નથી. જેમ પરને માટે તારો રાગ વ્યર્થ છે, તેમ તે રાગ આત્માને પોતાને પણ કાંઈ લાભ કરતો નથી. જો સ્ત્રી-પુત્ર-શરીર વગેરે પદાર્થો તારાં હોય તો તેના ઉપર તારો અધિકાર કેમ ન ચાલે? અને તારી ઈચ્છા પ્રમાણે જ તે પદાર્થો કેમ ન પરિણમે? માટે તું તારા જ્ઞાનમાં એમ નિર્ણય કર, કે મારું જ્ઞાનસ્વરૂપ બધાય પર પદાર્થોથી જુદં છે, પર પદાર્થો તરફના વલણથી રાગની ઉત્પત્તિ થાય તેનાથી પણ જુદું છે, ને પર તરફ વળીને રાગમાં જે જ્ઞાન અટકી જાય તેનાથી પણ મારું જ્ઞાનસ્વરૂપ જુદું છે; -એમ જાણીને તારા જ્ઞાનસ્વરૂપ આત્મા તરફ વળ, તેનો જ અભ્યાસ કર, તેની રુચિ કર, તેનું મંથન કર, તેની શ્રદ્ધા કર, તેનો જ અનુભવ કર. નિરંતર તે જ એક કરવા જેવું છે.

આ રીતે આત્માને સર્વ પરથી જુદો બતાવીને તેનો અનુભવ કરવાની આચાર્યદેવે પ્રેરણા કરી.

☆☆☆ ☆☆☆ ☆☆☆

## ✻ જ્ઞાનની જીવ સાથે એકતા ✻

પરદ્રવ્યોથી આત્મા જુદો છે એમ બતાવ્યું, તો આત્મા પોતાના સ્વરૂપથી કેવો છે? તે હવે બતાવે છે. આત્માનું જ્ઞાન સ્પર્શાદિથી જુદું, ધર્મ-અધર્મ-આકાશ-કાળથી જુદું ને પુણ્ય-પાપથી પણ તદ્દન જુદું એમ બતાવ્યું, હવે જ્ઞાન પોતાના આત્માથી જરાય જુદું નથી પણ એકમેક-અભેદ છે એમ બતાવે છે. પહેલાં નાસ્તિ અપેક્ષાથી (-પર સાથે વ્યતિરેક પણાથી) જ્ઞાનનું સ્વરૂપ બતાવ્યું, હવે અસ્તિ અપેક્ષાથી (પોતા સાથે અન્વયપણાથી) જ્ઞાનનું સ્વરૂપ બતાવીને, આત્માની ઓળખાણ કરાવે છે; **'હવે જીવ જ એક જ્ઞાન છે, કારણ કે જીવ ચેતન છે; માટે જ્ઞાનને અને જીવને અવ્યતિરેક (અભિન્નતા) છે.'**

### (૨૨૯) ક્યા જ્ઞાનને જીવની સાથે એકતા છે?

જીવ જ ચેતન છે; જે જ્ઞાન જીવસ્વભાવ તરફ ઢળીને જીવ સાથે અભેદ થાય તે જ્ઞાન જ ચેતન છે અને તે પોતે જીવ છે. શરીર વગેરે વસ્તુઓ તો જડ છે, તેમાં જ્ઞાન નથી, પુણ્ય-પાપભાવ પણ ચેતન નથી અને પર લક્ષે અટકીને થનારો જ્ઞાનનો ક્ષણિક વિકાસ તે પણ ચેતન નથી. જે જ્ઞાનથી આત્માને લાભ થતો નથી અને જે જ્ઞાન આત્માના લક્ષે એકાગ્ર થતું નથી તે જ્ઞાન આત્માનું સ્વરૂપ નથી, તેથી પરમાર્થે તે જ્ઞાન આત્માથી જુદું છે. પરના લક્ષે રાગની મંદતા થઈને જે જ્ઞાન ખીલ્યું તેમાં ચૈતન્યસ્વભાવનું પરિણમન નથી પણ કષાયચક્રનું પરિણમન છે, તે જ્ઞાન કષાયથી જુદું પડ્યું નથી. પરનું કાંઈ કરવાની બુદ્ધિપૂર્વક જે બહારની કળા ખીલે છે તે કળાથી આત્માને કાંઈ લાભ નથી, તે કળા આત્માની નથી. આત્માની

ચૈતન્યકળા તેને કહેવાય કે જે જ્ઞાન આત્માની સાથે એકતા કરીને આત્માને કેવળજ્ઞાન પમાડે. પણ જે જ્ઞાન રાગ સાથે એકતા કરે તે તો મિથ્યાજ્ઞાન છે, ને તે સંસારનું કારણ છે. જ્ઞાની-ધર્મી કોઈ જડ પદાર્થને, વિકારને કે અધૂરા જ્ઞાનને પોતાનું સ્વરૂપ માનતા નથી, ને તેના આશ્રયમાં રોકાતા નથી. જ્ઞાની પોતાના સ્વભાવનો જ આશ્રય કરે છે. સ્વભાવનો આશ્રય કરીને જે જ્ઞાન ખીલ્યું તે જ્ઞાન આત્મા સાથે જ અભેદ થાય છે, તે જ્ઞાનને અને જીવને એકતા છે.

## (૨૩૦) ધર્મી-અધર્મીનું માપ કરવાની રીત

**પ્રશ્નઃ-** 'આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આત્મા પરનું કાંઈ કરી શકતો નથી'- આવું સાંભળનારા અને સમજનારા પણ વેપાર-ધંધો કે ઘર-બાર છોડીને ત્યાગી તો થતા નથી ! જેવો વેપાર-ધંધો અમે કરીએ છીએ તેવો આ સાંભળનારા પણ કરે તો છે, તો પછી અમારામાં ને તેમનામાં ફેર શું પડ્યો?

**ઉત્તરઃ-** બહારની દ્રષ્ટિથી જોનારા ઘણા જીવોને ઉપરનો પ્રશ્ન ઊઠે છે, તેનો ઉત્તર ખાસ સમજવાની જરૂર છે. જે જીવોને પોતાને સત્યની સમજણ કરવી નથી અને બીજા કોઈ જીવો સત્યની સમજણ કરતા હોય તેઓ પોતાના કરતાં કંઈક સારૂં કરે છે-એમ માનવું નથી -એવા જીવો પોતાનો સ્વચ્છંદ પોષવા એમ બચાવ કરે છે કે સત્ય સમજનારા પણ અમારા જેવા જ છે! પોતે અંતરના ભાવને તો સમજતો નથી તેથી તે જીવ બહારના સંયોગ દેખીને તેના ઉપરથી ધર્મનું માપ ટાંકે છે. એવા જીવને શાસ્ત્રોમાં બહિરાત્મા કહેવાય છે. એવા બહિરાત્મા જીવને ઉપરનો પ્રશ્ન ઊઠે છે. તેનું અહીં સમાધાન કરે છે. 'જેવો વેપાર-ધંધો અમે કરીએ છીએ તેવો સત્ય સાંભળનારા

પણ કરે છે' એમ તે પ્રશ્નમાં કહ્યું.' પરંતુ હે ભાઈ ! સૌથી પહેલી મૂળ વાત તો એ છે કે બહારમાં વેપાર-ધંધા વગેરે કે જડની ક્રિયા તો કરતો જ નથી, માત્ર અંદરના ભાવ કરે છે. અને તે અંદરના ભાવ ઉપરથી જ ધર્મ-અધર્મનું માપ થઈ શકે છે. બહારના સંયોગ ઉપરથી ધર્મ-અધર્મનું માપ થઈ શકતું નથી. કોઈક જીવ વેપાર-ધંધો, ઘર-બાર બધું છોડીને નગ્ન થઈને જંગલમાં રહે છતાંય મોટો અધર્મી હોય, ને અનંત સંસારમાં રખડે. અને કોઈ જીવને બહારમાં વેપાર ધંધો કે રાજ-પાટનો સંયોગ હોય છતાં અંતરમાં આત્મસ્વભાવનું ભાન છે, ઓળખ છે, તો તેવા જીવ મહાધર્માત્માને એકાવતારી કે તે જ ભવે મુક્ત જનાર પણ હોય ! માટે અંદરના ભાવ જોતાં શીખવું જોઈએ, બહારથી ધર્મનું માપ ન હોય.

## બાહ્યસંયોગ સરખા છતાં એકને ક્ષણે ક્ષણે ધર્મ બીજાને ક્ષણે ક્ષણે પાપ

સત્ય સાંભળનાર તથા સમજનારા જીવોને અને સત્ય નહિ સમજનારા જીવોને બહારમાં વેપારાદિ સરખાં હોય, છતાં સત્ય સમજનાર જીવને તે વખતે આત્મસ્વભાવનું ભાન છે, પોતાના આત્માને રાગથી પણ ભિન્ન શ્રદ્ધે છે, ને બહારનાં કાર્યને હું કરી શકું -એમ માનતા નથી, તેથી તેમને રાગ-દ્વેષ ઘણા જ અલ્પ હોય છે. અને તે વખતેય, રાગથી ભિન્ન આત્માની શ્રદ્ધા હોવાથી તેમને ધર્મ થાય છે, રાગ-દ્વેષનું પાપ ઘણું અલ્પ છે. અને જેને સત્યની દરકાર નથી એવો જીવ તે વેપારાદિ જડની ક્રિયાને પોતાની માને છે ને તેના કર્તાપણાનું અભિમાન કરે છે તેથી તેને અજ્ઞાનનું ઘણું મોટું પાપ ક્ષણે ક્ષણે બંધાય છે. આ રીતે બહારના સંયોગ સરખા હોવા છતાં અંતરમાં

આકાશ-પાતાળ જેટલો મહાન તફાવત છે, સંયોગદષ્ટિથી જોનાર જીવ તે તફાવતને કઈ રીતે સમજશે?

## ધર્મી જીવને શેનો ત્યાગ હોય છે?

લોકો ઝટ બહારનો ત્યાગ માંગે છે, પણ પરપદાર્થો તો આત્માથી ત્રણે કાળે જુદા જ છે. પર પદાર્થો કાંઈ આત્મામાં પ્રવેશી ગયા નથી કે આત્મા તેનો ત્યાગ કરે? પહેલાં અજ્ઞાન ભાવે પરદ્રવ્યોને પોતાના માનતો ને તેનો અહંકાર કરતો, પણ સાચી સમજણ થતાં એમ જાણ્યું કે આત્મા સર્વે પરથી જુદો છે, એટલે ત્રણે લોકના સર્વે પદાર્થોમાંથી પોતાપણાની ઉંધી માન્યતા છોડી દીધી, તે જ મિથ્યાત્વરૂપ અધર્મનો ત્યાગ છે; એ ત્યાગ અજ્ઞાનીને દેખાતો નથી. બહારનું ત્યાગ કે ગ્રહણ આત્મા કરતો નથી, અંતરમાં સત્ય ભાવોનું ગ્રહણ ને ઊંધા ભાવોનો ત્યાગ કરે તે ધર્મ છે.

## સત્યની હા પાડનાર અને ના પાડનાર જીવોમાં મહાન અંતર

વળી, સત્ય સમજવાની જિજ્ઞાસાવાળા જીવો સત્યની હા પાડીને તેનો આદર કરે છે, તેની રુચિથી તે સમજવા માટે પ્રયત્ન કરે છે, અને તે માટે નિવૃત્તિ લઈને સત્સમાગમ કરે છે. જ્યારે બીજા જીવોને સત્ય સમજવાની દરકાર નથી, સત્યની રુચિ નથી, ને ઊલટા સત્યનો અનાદર કરે છે; જુઓ ! બંનેના અંતરના પરિણામમાં કેટલો ફેર છે? બહારના સંયોગ એવા ને એવા હોવા છતાં એકને સત્યની જિજ્ઞાસા છે ને બીજાને તેની બેદરકારી છે, તે શું તેમનામાં ફેર નથી પડ્યો? એક જીવ સત્યનું શ્રવણ-મનન-ભાવના કરવામાં દિવસનો અમુક વખત નિવૃત્તિ લે છે ને બીજો જીવ જરાય નિવૃત્તિ નથી લેતો,

તો શું પહેલા જીવે તેટલો રાગ નથી છોડ્યો? શ્રીપદ્મનંદી આચાર્યદેવ કહે છે કે ચૈતન્યસ્વરૂપ આત્માની વાત સાંભળીને હોંશથી તેની હા પાડનાર જીવ ભવિષ્યમાં મુક્તિ પામવાનો છે. એક જીવ સત્યની હોંશથી હા પાડે છે ને બીજો ના પાડે છે તો તેમાં કેટલો ફેર છે? સત્યની હા પાડનાર જીવ પોતાની માન્યતામાં ત્રણેકાળના સત્યનું ગ્રહણ અને અસત્યનો ત્યાગ કરે છે, અને સત્યની ના પાડનાર જીવ પોતાની માન્યતામાં ત્રણકાળના અસત્યનું ગ્રહણ ને સત્યનો ત્યાગ કરે છે; આ અંતરના ગ્રહણ-ત્યાગ અજ્ઞાનીને દેખાતા નથી, ને બહારના પદાર્થોને ગ્રહવા-મૂકવાનું અભિમાન કરે છે.

## બાહ્યસંયોગમાં રહેલા ધર્મી શું કરે છે?

શ્રીમદ્‌રાજચંદ્રજી જ્ઞાની પુરુષ હતા, આત્મસ્વભાવનું ભાન હતું, છતાં ગૃહસ્થાશ્રમી હતા, બહારમાં લાખોના ઝવેરાતનો ધંધો હતો; પરંતુ તે વખતે તેમના આત્મામાં પરનું સ્વામીપણું જરાય ન હતું. અંતરમાંથી શરીરાદિનું ધણીપણું ઊડી ગયું હતું. અલ્પ રાગ હતો તેના પણ સ્વામી થતા નહિ; રાગરહિત સ્વભાવના આશ્રયે તે બધાનું જ્ઞાન જ કરતા હતા. બહારમાં ધંધાની ક્રિયા બહારના કારણે થતી, પોતાને અલ્પરાગ પર્યાયની નબળાઈથી થતો, પરંતુ તે વખતેય એકેય સમય ચૈતન્યનું સ્વામીપણું ચૂકતા નહિ, ને રાગનું કે પરનું કર્તાપણું સ્વીકારતા નહિ. અજ્ઞાની જીવને તો તે બહારની ક્રિયા અને રાગ કરતા દેખાય, પણ જ્ઞાનીના અંતરસ્વભાવની તેને ખબર પડે નહિ. જ્ઞાની તો પોતાના પરિપૂર્ણ ચૈતન્યસ્વભાવના સ્વામી છે, ને તે સ્વભાવના આશ્રયે ક્ષણે ક્ષણે-પર્યાયે પર્યાયે તેમને જ્ઞાનની વિશુદ્ધતા થતી જાય છે. જ્ઞાની જ્ઞાનસ્વભાવની એકતા સિવાય બીજું કાંઈ કરતા નથી.

## પરનું ગ્રહણ ત્યાગ કોઈને નથી.

આ જગતમાં ક્યો જીવ પૈસા વગેરે પરવસ્તુને મેળવી શકે છે? ને ક્યો જીવ તેને છોડી શકે છે? 'મેં પૈસા મેળવ્યા ને મેં પૈસા છોડ્યા' એમ મૂઢ જીવ માત્ર અહંકાર કરે છે. અજ્ઞાની જીવ પણ પરદ્રવ્યોમાં કાંઈ કરતો નથી; હા, તે જીવ પોતામાં મમતાને વધારે અથવા મમતાને ઘટાડે. પરમાર્થે તો મમતાભાવનું ગ્રહણ કે ત્યાગ આત્મસ્વભાવમાં નથી.

## અજ્ઞાની બાહ્યત્યાગી છતાં અધર્મી; જ્ઞાની ગૃહસ્થ છતાં ધર્મી.

જે જીવ પરદ્રવ્યનો સ્વામી થાય છે તે અચેતનનો સ્વામી થાય છે. અજ્ઞાની જીવ બહારમાં બધું છોડીને જંગલમાં જઈને રહે, માટે તેને અંતરમાં પરવસ્તુનું સ્વામીપણું છૂટી ગયું છે- એમ ન સમજવું. અને જ્ઞાનીને બહારમાં લક્ષ્મી આદિનો સંયોગ હોય, તેથી તેને પરદ્રવ્યનું સ્વામીપણું છે-એમ ન સમજવું. જ્ઞાની જીવ ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં તે ચૈતન્યના જ સ્વામી છે, તેથી તે ધર્મી છે. અને બાહ્યત્યાગી અજ્ઞાની જીવ પરને છોડવાપણાનો અહંકાર કરે છે-પરદ્રવ્યને મેં છોડ્યું એવું અભિમાન કરે છે તે જીવની માન્યતામાં અનંત પરદ્રવ્યનું સ્વામીપણું રહેલું છે, તેથી તે અધર્મી છે.

## જિજ્ઞાસુ જીવની પાત્રતા અને અંતરની અપૂર્વ ધર્મક્રિયા.

'આત્મા પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે, પુણ્ય-પાપના આશ્રયે આત્માને લાભ નથી, પર વસ્તુઓ આત્માથી તદ્દન જુદી છે, તેનું આત્મા કાંઈ કરી શકતો નથી' એમ જ્ઞાની પાસેથી સત્ય સમજવા

માટેની જે જિજ્ઞાસા કરે છે તે જીવને રાગની ઘણી મંદતા થઈ ગઈ છે. વારંવાર વીતરાગ સ્વભાવનું શ્રવણ કરતાં તેની ના નથી પાડતો, ને રુચિપૂર્વક સ્વભાવ સમજવા માટે કાળ ગાળે છે તે જીવને ક્ષણે ક્ષણે મોહ મંદ થતો જાય છે. બીજા જીવને સત્ સ્વભાવની વાત સાંભળવી રુચતી નથી ને ઉલટો અણગમો કરે છે તેને મોહ દઢ થતો જાય છે. નિવૃતસ્વરૂપ રાગરહિત આત્મસ્વભાવની વાતનો વારંવાર પરિચય કરવો ગોઠે છે તો તે જીવને અંતરમાં વીતરાગતા અને નિવૃત્તિ ગોઠી છે કે નહિ? અને તેટલે અંશે રાગથી ને સંસારથી તેની રુચિ છૂટી ગઈ છે કે નહિ? બસ, આમાં સ્વભાવના લક્ષે તીવ્ર કષાય છૂટીને મંદ કષાય થઈ ગયો તે શુભક્રિયા છે, અને તે શુભથી પણ આત્મસ્વભાવ જુદો છે- એમ વારંવાર રાગરહિત સ્વભાવની ભાવના કરતાં સ્વભાવ તરફ જ્ઞાનની અંશે અંશે એકાગ્રતા થતી જાય છે તેટલી જ્ઞાનક્રિયા છે, તે રાગરહિત છે, અને તે ધર્મનું કારણ થાય છે. અને એ રીતે સ્વભાવની રુચિ ઘૂંટતા ઘૂંટતા જેવો પરિપૂર્ણ ચૈતન્યસ્વભાવ છે તેવો યથાર્થ સમજી જાય ને સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન પ્રગટ કરે, તે તો અપૂર્વ ધર્મક્રિયા છે. તે ક્રિયા અનંત જન્મમરણનો નાશ કરનારી છે. અનાદિકાળમાં કદી પણ એવી ક્રિયા એક સેકંડ માત્ર પણ જીવે કરી નથી, જે એક સેકંડ પણ એવી સમજણરૂપી ક્રિયા કરે તો જીવની મુક્તિ થયા વગર રહે નહિ.

## સત્‌ની રુચિ જ ધર્મનું કારણ છે

પૈસા કેમ પેદા થાય એવી વાત જ્ઞાનીઓ કરતા નથી પણ એકલા સત્‌સ્વભાવની વીતરાગી વાત કહે છે, તે સાંભળવામાં કેટલાકને હોંશ આવે છે ને ઘણા જીવો તે સાંભળવા જ માગતા નથી,

તો તે બેમાં કેટલો ફેર છે? જેને સત્‌સ્વભાવની વાત ગમતી નથી તે જીવ તો સત્ સાંભળવા પણ રોકાતો નથી, ને તેને સત્ સમજવાની પાત્રતા નથી. જે જીવ સત્‌ને રુચવીને વારંવાર શ્રવણ-મનન કરે છે તે જીવ, ભલે બહારમાં વેપાર-ધંધો કે ઘર-બારનો રાગ ન છોડી શકે તોપણ, તેનો ભાવ પહેલા જીવ કરતાં સારો છે ને તેનામાં સત્ સમજવાની પાત્રતા છે. બંને જીવોને બહારમાં વેપારાદિ હોવા છતાં એકને રાગરહિત સ્વભાવ રુચે છે, ને બીજા જીવને વેપારાદિની અને રાગની જ રુચિ છે. આ રુચિનો ફેર છે. રુચિ જ ધર્મ-અધર્મનું કારણ છે. સ્વભાવની રુચિ ધર્મનું કારણ છે, સંયોગની રુચિ અધર્મનું કારણ છે.

જે જીવોને સત્ય આત્મસ્વભાવ સમજવાની જિજ્ઞાસા થઈ છે, ને તે માટે વારંવાર સત્સમાગમમાં રોકાય છે એવા જીવને અપૂર્વ આત્મધર્મ કેમ પ્રગટ થાય, તે વાત અહીં આચાર્યભગવાન સમજાવે છે. પરથી ભિન્ન ચૈતન્યસ્વભાવનો નિર્ણય કરતાં પોતામાં સ્વભાવની પરિપૂર્ણતા મનાય તે જ અર્પૂણતા અને વિકારનો નાશ કરવાનો ઉપાય છે. અપૂર્ણદશા જેટલો કે વિકાર જેટલો પોતાના આત્માને ન માનતાં, પરિપૂર્ણ સ્વરૂપે પોતાના આત્માને સ્વીકારવો તે જ પહેલો અપૂર્વ ધર્મ છે.

## (૨૩૧) હે જીવ, શરીરથી જુદા ચૈતન્યનું શરણ કર !

હે ભાઈ, જે શરીરને તું તારું માની રહ્યો છે તે શરીરમાં પણ તારો અધિકાર ચાલતો નથી, તો પછી જે પદાર્થો પ્રત્યક્ષપણે દૂર છે તેમાં તારું ક્યાંથી ચાલે? તું પરનું કાંઈ કરી શક્તો નથી; પર પદાર્થો તારાથી જુદા છે માટે તે પદાર્થોના આશ્રયે જે મોહાદિ ભાવો થાય છે તે પણ તારા સ્વરૂપથી જુદી છે. એ બધાથી જુદા તારા

ચૈતન્યતત્ત્વને તું ઓળખ, તો તેના આશ્રયે તને ધર્મ અને શાંતિ પ્રગટે. શરીરની આંગળી વાંકી થઈ જાય, કંપવા લાગે, અંગ ખોટું પડી જાય, રોગ થાય તે વખતે તેને સરખું રાખવાની તારી ઈચ્છા હોવા છતાં, તારી ઈચ્છા પ્રમાણે શરીરમાં કાર્ય થતું નથી. માટે હે ભાઈ, તું સમજ રે સમજ ! અંતરમાં જો, કે તારો સ્વભાવ તે શરીરથી ને તેના તરફની ઈચ્છાથી જુદો છે. માટે તેમનો આશ્રય છોડ અને તારા કાયમી ચૈતન્યસ્વભાવનો આશ્રય કર, તેનું શરણ લે. વર્તમાન અધૂરી દશામાં રાગ થતો હોવા છતાં, હે ભાઈ ! તું તારા જ્ઞાનમાં એવો નિર્ણય અને શ્રદ્ધા તો કર કે તે રાગ અને અધૂરાશ હું નથી, હું તો તે રાગ અને અધૂરાશ રહિત પૂરા જ્ઞાનસ્વભાવરૂપે છું. જો તું એવો નિર્ણય કરીશ તો તને અંતરમાં મોકળાશ રહેશે, -રાગ અને શરીરથી જુદાપણાનું ભાન જાગૃત રહેશે. જીવનમાં જ શરીરથી છૂટા ચૈતન્યનું ભાન કર્યું હશે તો, શરીર છૂટવાના પ્રસંગે (-મૃત્યુ વખતે) શરીરમાં મૂર્છાઈશ નહિ, ને શરીરથી છૂટા ચૈતન્યની જાગૃતિ રહેશે, ને આત્માના આનંદપૂર્વક સમાધિ થશે. અહો ! હું ચૈતન્ય ભગવાન છું, શરીરથી જુદો છુ એમ જેણે ભાન કર્યું છે તેને શરીરથી મૂકાવાનો (જન્મ-મરણરહિત થવાનો) મોકો-અવસર આવશે. શરીરમાં જ જે એકતા માની બેઠો તે તો શરીરમાં જ મૂર્છાઈ જશે ને ફરી ફરી નવા શરીર ધારણ કરીને અનંત જન્મ મરણમાં રખડશે. મારા ચૈતન્યતત્વને શરીરનો સંબંધ જ નથી-એવી શ્રદ્ધા કરનાર જીવ અલ્પકાળે અશરીરી સિદ્ધ થશે.

ચૈતન્ય જાતને શરીરથી અને વિકારથી ભિન્ન જાણીને, ત્રણ કાળના સર્વે પદાર્થોથી હું જુદો છું એમ જાણીને, પોતાના જ્ઞાનને સ્વભાવમાં એકાગ્ર કરીને જે આત્માની શ્રદ્ધા-જ્ઞાન-અનુભવ કરે છે

તેને અપૂર્વ ધર્મ પ્રગટ થાય છે. તે જીવના જ્ઞાનમાં સ્વભાવની એકતાનું ગ્રહણ થયું અને સર્વ પરપદાર્થના અભિમાનનો ત્યાગ થયો.

## (૨૩૨) શરીરમાં રોગ થાય ત્યારે આત્માએ શું કરવું?

**પ્રશ્નઃ-** આત્મા ચૈતન્યસ્વરૂપ છે ને શરીરથી જુદો છે એ વાત તો અમે માનીએ છીએ, પરંતુ શરીરમાં જ્યારે રોગ થાય ત્યારે અમારે તેની દવા તો કરવી જોઈએ કે નહિ?

**ઉત્તરઃ-** આત્મા શરીરથી જુદો છે, ને શરીરાદિ પરદ્રવ્યનું કાંઈ જ કરી શકતો નથી- એવું વસ્તુસ્વરૂપ સમજાયું હોય તો ઉપરનો પ્રશ્ન ઉઠવાનો અવકાશ રહેતો નથી. 'આત્મા શરીરથી જુદો નથી પણ શરીરનો કર્તા છે' -એવી જેની અજ્ઞાનબુદ્ધિ છે તેને જ ઉપરનો પ્રશ્ન ઉઠે છે. 'દવા કરવી કે ન કરવી' એવો પ્રશ્ન તો ક્યારે ઉઠે? જો દવાની ક્રિયા આત્માને આધીન હોય તો તે પ્રશ્ન ઉઠે. જે કામ કરવા પોતે સમર્થ નથી તેના સંબંધમાં 'મારે આ કરવું કે ન કરવું' એવો પ્રશ્ન હોય નહિ. શરીરની કે દવા લાવવાની ક્રિયા આત્મા કરી શકતો જ નથી. આત્મા તો સ્વપરનું જ્ઞાન કરે અને બહુ તો રાગ-દ્વેષ-મોહ ભાવ પોતામાં કરે. જેને શરીર ઉપરનો રાગ હોય એવા જીવને દવા કરવાનો વિકલ્પ થાય, પણ દવા તો આવવાની હોય તો તેના કારણે સ્વયં આવે છે, આત્મા પરમાં એક રંચમાત્ર ફેરફાર કરી શકતો નથી. અહીં તો આચાર્યદેવ એ વાત સમજાવે છે કે જે રાગભાવ થાય તે કરવાનું ય આત્માનું કાર્ય નથી, અને પોતાને ભૂલીને પરને જાણવામાં રોકાય એવું જ્ઞાન પણ આત્માનું સ્વરૂપ નથી. આત્માના સ્વભાવ તરફ વળીને જાણે તે જ્ઞાન આત્માનું સ્વરૂપ છે. જડ શરીરની ને દવા કરવાની વાત તો જુદી રહી. જડની અવસ્થાઓ ક્ષણે ક્ષણે જેને થવાની હોય તેમ જડતા સ્વભાવથી થયા જ કરે છે; અજ્ઞાની જીવ પોતાના

જાણનાર સ્વભાવને ભૂલીને તેનું અભિજ્ઞાન કરે છે, જ્ઞાની જીવ તેનાથી ભિન્નતા જાણીને પોતાના જ્ઞાનસ્વભાવ તરફ વળે છે, ને રાગના તથા પરના જાણનાર રહે છે.

દવાને, શરીરને, રાગને અને આત્માને-બધાયને એકમેક માને તે જીવ ને એવો પ્રશ્ન થાય છે કે 'શરીરમાં તાવ આવે ત્યારે મારે દવા કરવી કે નહિ?' પણ ભાઈ ! તું વિચાર તો કર કે 'તું એટલે કોણ? અને દવા કરવી એટલે શું?' તું એટલે જ્ઞાન. અને દવા એટલે અનંતા જડ રજકણો. શું તારું જ્ઞાન તે જડ રજકણોની ક્રિયા કરે? 'મારે સસલાનાં શીંગડા કાપવા કે ન કાપવા?' -એવો પ્રશ્ન જ ક્યારે હોઈ શકે? જો સસલાનાં શીંગડાં હોય તો એ પ્રશ્ન ઉઠે. પણ સસલાના શીંગડાં જ નથી તો પછી તેને કાપવા કે ન કાપવાનો સવાલ જ ઉઠતો નથી. તેમ આત્મા પરવસ્તુનું કાંઈ કરી શકતો હોય તો 'મારે કરવું કે ન કરવું' એવો પ્રશ્ન ઉઠે તે વ્યાજબી છે. પણ આત્મા પરનું કાંઈ કરી શકતો જ નથી, તો પછી 'હું પરનું કરૂં' કે 'હું પરનું ન કરૂં' એ બંને માન્યતા મિથ્યાત્વ છે.

## (૨૩૩) સત્યની સમજાણ તે વીતરાગતાનું કારણ છે

'આત્મા જ્ઞાનસ્વરૂપ છે, પરનું કાંઈ કરી શકતો નથી, જડની ક્રિયાઓ એની મેળે થવાની હોય તેમ થયા કરે છે' આમ સમજીને પોતાના જ્ઞાનસ્વભાવ તરફ વળવું અને પરથી ઉદાસીન થયું તે પ્રયોજન છે. પરંતુ સ્વછંદ સેવીને વિષયકષાય પોષકની આ વાત નથી. આ તો એવી અપૂર્વ વાત છે કે યથાર્થ સમજે તો વીતરાગતા થઈ જાય, પહેલાં શ્રદ્ધામાં વીતરાગતા થાય અને પછી ચારિત્રમાં વીતરાગતા થાય. કોઈ જીવો સ્વછંદી થઈને વિષયકષાયને પોષે તો તે સત્યની સમજણનું ફળ નથી, પણ તે જીવ સત્યને સમજ્યો નથી તેથી તેની

અણસમજનું જ તે ફળ છે. તેથી સત્યને જરાય દોષ નથી. સત્ સ્વભાવ સમજે અને વિષયકષાય વધે એમ કદી ન બને કેમ કે સત્ સ્વભાવની સમજણ તો વીતરાગતાનું જ કારણ છે.

**(૨૩૪) ચૈતન્યને ચૂકીને જડમાં સુખ માને છે તે વેઠીયા છે.**

અહો, જગતના જીવો પોતાના ચૈતન્યસુખને ભૂલીને વિષયકષાયમાં સુખ માની રહ્યા છે. વિષયકષાયની રુચિવાળા જીવો, જેની પાસે લક્ષ્મી વગેરેનો સંયોગ વધારે હોય તેને સુખી માને છે અને તેને 'શેઠીયા' વગેરે કહીને અંતરથી તેનું બહુમાન કરે છે. પરંતુ પોતાની જે ચૈતન્ય જાત છે-જ્ઞાનસ્વભાવની મૂડી છે -તેની સંભાળ કરવાનો જેને અવકાશ નથી અને ચૈતન્યલક્ષ્મીને ચૂકીને બહારમાં જડલક્ષ્મીમાં સુખ માની રહ્યા છે તેવા જીવોને જ્ઞાની પુરુષો 'શેઠીયા' (શ્રેષ્ઠ) નથી કહેતા, પણ લક્ષ્મીના 'વેઠીયા' કહે છે. જેને પોતાની શ્રેષ્ઠ ચૈતન્યલક્ષ્મીનું ભાન છે તે જ શેઠ (-શ્રેષ્ઠ) છે. પણ જે પોતાની શ્રેષ્ઠતાને ભૂલીને, પોતાને સુખ માટે લક્ષ્મીની ઓશિયાળ કરે છે તેઓ ખરેખર વેઠ જ કરે છે, એનું જીવન નકામું ચાલ્યું જશે, તેને ચૈતન્યના કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી પ્રાપ્ત નહિ થાય. શરીર-પૈસા વગેરેથી તથા પુણ્ય-પાપથી જુદો અને તે તરફ વળતાં ક્ષણિક જ્ઞાન જેટલો પણ નહિ-એવા પોતાના આખા ચૈતન્યસ્વભાવની શ્રદ્ધા કરીને તેના અનુભવમાં જેમ જેમ જ્ઞાન ઠરતું જાય છે તેમ તેમ જ્ઞાનની શુદ્ધતા ને વિતરાગતા વધતી જાય છે અને છેવટે પરિપૂર્ણ જ્ઞાન પ્રગટીને આત્મા ભગવાન થાય છે, મુક્ત થાય છે માટે ચૈતન્યસ્વભાવી આત્માની ઓળખાણ કરવી.

## (૯)

## 卐 ઉત્તમ ક્ષમાધર્મનો દિવસ 卐

### સં. ૨૪૭૪: ભાદરવા સુદ ૫ મંગળવાર, ચોથનો ક્ષય

### (૨૩૫) પર્યુષણ ધર્મ.

સનાતન જૈનદર્શનના નિયમ પ્રમાણે આજથી પર્યુષણ પર્વની શરૂઆત થાય છે. ખરા પર્યુષણ એટલે કે દસ લક્ષણ ધર્મનો આજે પહેલો દિવસ છે. અનાદિથી તીર્થંકરોના માર્ગનો જે પ્રવાહ ચાલી રહ્યો છે તેમાં આજથી શરૂ કરીને દસ દિવસ સુધી પર્યુષણપર્વ છે. આજે ઉત્તમક્ષમાધર્મનો દિવસ છે. એ રીતે આજનો દિવસ માંગળિક છે. આત્માનું મંગળ કેમ થાય, આત્માને ધર્મ કેમ થાય તેની વાત ચાલે છે.

### (૨૩૬) ધર્મનો સંબંધ કોની સાથે છે?

ધર્મ પોતે જ માંગળિક છે. ધર્મ આત્માનો નિર્દોષ પર્યાય છે, તેનો સંબંધ આત્માના સ્વભાવ સાથે છે. આત્માનું ખરૂં સ્વરૂપ શું છે તે જાણ્યા વગર ધર્મ થઈ શકે નહિ. શરીર-મન-વાણી તો જડ છે, તે તો આત્માથી જુદા જ છે. અને દયા વગેરે ભાવો સાથે પણ આત્માના ધર્મનો સંબંધ નથી. દયા કે હિંસાના ભાવો પોતે દોષરૂપ છે, તેથી આત્માના સ્વભાવથી તે જુદા છે. તે વિકારીભાવોથી આત્માનું જ્ઞાન જુદું છે. જ્ઞાનને પરથી જુદું બતાવીને હવે આત્મા

સાથે એકરૂપ બતાવે છે. આ જાણવાથી જ્ઞાનનું વલણ પરમાંથી પાછું ખસીને પોતાના આત્મા તરફ ઢળે છે, તે જ ધર્મ છે.

## (૨૩૭) જ્ઞાનની પરથી ભિન્નતા ને જીવ સાથે એકતા

પરદ્રવ્યોથી તો જ્ઞાનને તદ્દન જુદું બતાવ્યું; અને કર્મના લક્ષે પ્રવૃત્તિ થતાં જે પુણ્ય-પાપના ભાવો થાય છે તે અધ્યવસાન છે, તે અચેતન છે, તે અધ્યવસાન અને જ્ઞાન જુદાં છે, -એમ કહીને અંતરના પુણ્ય-પાપના ભાવોને પણ જ્ઞાનમાંથી કાઢી નાંખ્યા. તો હવે જ્ઞાનનું સ્વરૂપ શું છે? તે કહે છે.

"હવે જીવ જ એક જ્ઞાન છે, કારણ કે જીવ ચેતન છે; માટે જ્ઞાનને અને જીવને અવ્યતિરેક છે એટલે કે જ્ઞાનને અને જીવને એકતા છે." જ્ઞાન તે જીવ જ છે, પણ જ્ઞાન તે રાગાદિ નથી; એટલે જીવનો આશ્રય કરીને જે જ્ઞાન થાય તે જ ખરેખર જ્ઞાન છે, પણ રાગનો આશ્રય કરીને જે જ્ઞાન થાય તે અચેતન છે- અજ્ઞાન છે. જીવનો જ્ઞાનસ્વભાવ છે, જીવ ચેતન સ્વરૂપ હોવાથી જીવ પોતે જ જ્ઞાન છે. પરને જીવાડવાની કે મારવાની ક્રિયા તો આત્મા કદી કરી શકતો નથી, પર જીવો તેના આયુષ્ય પ્રમાણે જ જીવે કે મરે છે. અને જે પુણ્ય-પાપરૂપ ભાવો થાય તે પોતે આત્મા નથી, તેમાં આત્માનું જ્ઞાન નથી, ને તેમાં આત્માનું કલ્યાણ નથી.

## (૨૩૮) જાગૃત ચૈતન્ય સત્તા

જીવ પોતે ચૈતન્ય છે, જાગૃતસત્તાથી સ્વ-પરને જાણનાર છે. ચૈતન્યમાં બધાયને જાણવાની સત્તા છે, પણ બોલવા-ચાલવાની કે પરનું ભલું -ખરું કરવાની સત્તા નથી. અહીં કોઈને પ્રશ્ન થાય કે જીવ દેખાતો તો નથી ! તેનું સમાધાનઃ આ બહારમાં શરીર વગેરે જે કાંઈ

જણાય છે તે ક્યાં જણાય છે? ચૈતન્યની સત્તામાં જણાય છે કે ચૈતન્યની બહાર જણાય છે? જે કાંઈ જણાય છે તે ખરેખર આત્માનું તે પ્રકારનું જ્ઞાન જ જણાય છે. આ જગતમાં જો આત્માનું જ્ઞાન ન હોય તો શરીર વગેરે દશ્ય પદાર્થોને કોણ જાણે? મને પરવસ્તુ જણાય છે એમ નક્કી કરતાં જ 'હું જાણનાર સ્વરૂપી આત્મા છું' એમ તેમાં આવી જ જાય છે. પણ પોતે પોતાના સ્વભાવને ન સ્વીકારતાં એકલા પરનો જ સ્વીકાર કરે છે તેથી પોતાને પોતાનો જ સ્વભાવ જણાતો નથી. આનું નામ અજ્ઞાન છે- અધર્મ છે- દુઃખ છે. પરને જાણનાર મારું જ્ઞાન મારા આત્માને આધારે થાય છે, હું જ્ઞાનસ્વરૂપ છું- એમ જ્ઞાન અને આત્માની એકતા માનીને, આત્મસ્વભાવનો આદર કરે તો જ્ઞાન પુણ્ય-પાપની રુચિથી ખસીને સ્વભાવમાં એકતા કરે એટલે અજ્ઞાન ટળીને સમ્યગ્જ્ઞાન થાય-ધર્મ થાય-સુખ થાય. એવા સમ્યગ્જ્ઞાનને અને જીવને જરાય જુદાપણું નથી.

## (૨૩૯) આત્માના જ્ઞાનસ્વભાવનું સામર્થ્ય

આત્માનું જ્ઞાન શબ્દ વગેરેથી જુદું અરૂપી છે. આખા લોકાલોકને એક સાથે જાણે તોપણ તેમાં ભાર લાગતો નથી. અને તે અરૂપી એટલે સૂક્ષ્મ છે તેથી ઈંદ્રિયોથી કે રાગથી જણાય તેવું નથી. વળી જ્ઞાન પોતાના સ્વરૂપમાં રહીને બધાને જાણે છે. દૂરના પદાર્થને જાણવા માટે જ્ઞાનને દૂર જવું પડતું નથી. પચાસ વર્ષ પહેલાંની કોઈ વાતને જાણવા માટે જ્ઞાનને પચાસ વર્ષ લંબાવવું પડતું નથી, પણ વર્તમાનરૂપે રહીને પોતે ત્રણકાળને જાણી લે છે. બધાને એક સાથે જાણે તેવો સ્વભાવ છે પણ જાણતાં 'આ સારૂં ને આ ખરાબ' એમ રાગ-દ્વેષપૂર્વક જાણે તે ખરેખર ચૈતન્યસ્વભાવ નથી. રાગ-દ્વેષને

જાણતાં પણ રાગ-દ્વેષ સાથે એકતા કર્યા વગર તેનાથી છૂટું રહીને જાણે એવો સમ્યગ્જ્ઞાનનો સ્વભાવ છે. પૂર્વના વિકારીભાવોને યાદ કરતાં જ્ઞાનમાં તે વિકાર આવી જતો નથી, જ્ઞાનને સ્વભાવ વિકારરહિત છે; તે વિકારને જાણનાર છે પણ પોતે વિકાર વગરનું છે. જ્ઞાન પોતે વિકાર વગરનું હોવાથી વિકાર દ્વારા જ્ઞાનસ્વરૂપ જણાતું નથી, પણ ઈંદ્રિયના અવલંબનરહિત અને વિકારથી પણ ભિન્ન એવા જ્ઞાન દ્વારા જ આત્મસ્વરૂપ જણાય છે. જેટલે અંશે જ્ઞાન આત્મામાં ઠર્યું છે તેટલે અંશે તે વિકારરહિત અને અતીંદ્રિય થયું છે.

પુણ્ય-પાપ થાય તેને જ્ઞાન વ્યવહારથી જાણનાર છે; કેમ કે પરસન્મુખ-પુણ્ય પાપસન્મુખ-થઈને જ્ઞાન જાણતું નથી પણ પોતાના સ્વભાવસન્મુખ થઈને જ્ઞાનસ્વભાવને જાણતાં તેમાં પરવસ્તુઓ જણાઈ જાય છે. માટે પરમાર્થે તો જ્ઞાન પોતાના સ્વભાવને જ જાણે છે, પરને જાણે છે તે વ્યવહાર છે.

## (૨૪૦) જ્ઞાન અને આત્માની એકતાના વિશ્વાસમાં આવતા ઉત્તમક્ષમાદિ ધર્મ

જીવ ચેતન છે, જીવને અને જ્ઞાનને જરાય જુદાઈ નથી. આમ પોતાનો જાણનાર સ્વભાવ નક્કી કરીને સ્વભાવમાં વળતું જ્ઞાન આત્મા સાથે અભેદ છે. એ રીતે જ્ઞાનને આત્મા તરફ વાળીને નિર્ણય કરનારે આખા આત્મસ્વભાવને શ્રદ્ધામાં લીધો, અને પોતાના આત્માને મિથ્યાત્વભાવરૂપ અધર્મથી બચાવી લીધો એટલે સમ્યકત્વરૂપી ધર્મ થયો. પહેલાં આત્માને વિકારી માનીને આખા સ્વભાવની હિંસા કરતો હતો, હવે શુદ્ધ જ્ઞાનસ્વભાવ તે હું ને વિકારનો અંશ પણ હું નહિ-એવી પ્રતીતથી પોતાના શુદ્ધ સ્વભાવને વિકારથી બચાવી લીધો,

આનું નામ પરમાર્થ અહિંસા છે. વિકારની રુચિ હતી ત્યારે આત્મા ઉપર અરુચિ હતી, હવે જ્ઞાન અને આત્માની એકતાની રુચિ થતાં વિકારની રુચિ ટળી એટલે સ્વભાવની અરુચિરૂપ અનંતાનુબંધી ક્રોધ ટળીને ઉત્તમક્ષમાધર્મ પ્રગટ થયો. પહેલાં તો પુણ્ય-પાપથી જુદા આત્માની ખબર ન હતી. પુણ્ય-પાપથી જુદા આત્મસ્વભાવનું ભાન થતાં જ તુરત બધા પુણ્ય-પાપ ટળી ન જાય, પરંતુ પુણ્ય-પાપ થવા છતાં તે હું નહિ, હું તો જ્ઞાનસ્વરૂપ છું -એમ પુણ્ય-પાપથી જુદાપણાની અને જ્ઞાન સાથે એકપણાની પ્રતીત ટકાવી રાખે છે, તે પ્રતીતના જોરે સમયે સમયે શુદ્ધતા વધતી જાય છે. આત્માને પુણ્ય-પાપવાળો માનવારૂપ મિથ્યા માન્યતામાં આત્માની હિંસા હતી, તે મિથ્યા માન્યતાથી આત્માને છોડાવ્યો તેનું નામ આત્મદયા છે. આત્મા પરને તો બચાવી કે મારી શકતો નથી. આ શરીરનું પણ પોતે કાંઈ કરી શકતો નથી. જીવવાની ઈચ્છા હોય છતાં શરીરને રાખી શકતો નથી, તો પરને તો ક્યાંથી બચાવી શકે? આત્માને પરથી તો પૂરેપુરું જુદાપણું છે, ને પોતાના જ્ઞાન સાથે પૂરેપૂરી એકતા છે, જરાય જુદાઈ નથી. આ બાબતમાં જરાય શંકા કરવી નહિ -એમ આચાર્યદેવ કહે છે.

## ✳ જ્ઞાન સ્વભાવમાં નિઃશંક થવાનો ઉપદેશ ✳

**"વળી જ્ઞાનનો જીવની સાથે વ્યતિરેક જરા પણ શંકનીય નથી અર્થાત્ જ્ઞાનની જીવથી ભિન્નતા હશે એમ જરાય શંકા કરવાયોગ્ય નથી, કારણ કે જીવ પોતે જ જ્ઞાન છે."** સમ્યગ્દષ્ટિને નિઃશંકતા હોય છે, અહીં સમ્યગ્દર્શનના નિઃશંકિતઅંગની વાત મૂકી છે.

## (૨૪૧) સ્વભાવની નિઃશંકતામાં આવતા અહિંસા અને સત્ય ધર્મ

જ્ઞાન તે આત્મા જ છે એમ નિઃશંક માનવાયોગ્ય છે, તેમાં જરાય શંકા કરવા યોગ્ય નથી. જ્ઞાનની વર્તમાનદશા આત્મામાં અભેદ થઈને આખું દ્રવ્ય જણાય તે આત્મા છે. એવા આત્માને નિઃશંક માનવો તે અહિંસા છે; અને પરમાં કે પુણ્ય-પાપમાં આત્માને માનવો તે હિંસા છે. જ્ઞાન તે આત્મા છે એમ કહેતાં તેમાં ભેદની જરાય શંકા ન કરવી. જાણનાર જ્ઞાન આત્માથી જરાય જુદું હશે એવી શંકા ન કરવી. કોઈ પરને લીધે જ્ઞાન થતું હશે-એમ ન માનવું. રાગાદિ ભાવોમાં જ્ઞાન હશે-એવી શંકા જરાય ન કરવી. જ્ઞાન અને આત્મા એક જ છે એવી નિઃશંક શ્રદ્ધા કરવી. આવી શ્રદ્ધા તે ધર્મ છે. એવી શ્રદ્ધા કરનારે જેવું છે તેવું સ્વરૂપ માન્યું છે. તેથી તે સત્યવાદી થયો છે.

## (૨૪૨) સ્વભાવની નિઃશંકતામાં આવતો આચાર્ય ધર્મ

'શું આત્મા જાણવાનું જ કામ કરે? કે પરનું કાંઈ કરતો હશે ! કે રાગ પણ કરતો હશે !' એવી જરાય શંકા ન કરવી. આત્મા ચૈતન્યસ્વભાવ જ છે એમ નિઃશંક માનીને આત્માને સ્વભાવમાં થોભાવવો, ને પરદ્રવ્યનો પોતામાં સ્વીકાર ન કરવો તે અચૌર્યધર્મ છે. પરદ્રવ્ય પોતાનું નથી છતાં તેને પોતાનું માનવું તે ચોરી છે; જ્ઞાન પરથી તદ્દન જુદું છે ને આત્માથી ચોરીના ભાવોથી બચાવ્યો છે. આવા આત્મસ્વરૂપની શ્રદ્ધામાં ધર્મ છે, ક્યાંય બહારમાં મંદિર-પુસ્તક વગેરેમાં ધર્મ નથી. જડ વસ્તુને કે વિકારી ભાવોને પોતાનું સ્વરૂપ માનવું તે મિથ્યા માન્યતા છે, તેમાં ત્રણકાળના પદાર્થોની ચોરી છે.

પારકી વસ્તુને ગ્રહણ કરે તેનું નામ ચોર છે. પરવસ્તુ પોતાની નથી છતાં તેને પોતાની માને તે જીવ ચોર છે. જેમ નદીમાં પાણીનો પ્રવાહ ચાલ્યો જતો હોય, ત્યાં કોઈ એમ માને કે 'આ મારું પાણી છે'. તો તે અસત્યરૂપ છે. તેમ આ જગતમાં બધી વસ્તુઓ પોતાના પરિણમનપ્રવાહમાં પરિણમ્યા કરે છે અને પુણ્ય-પાપ ભાવો પણ થઈ થઈને બીજી ક્ષણે ચાલ્યા જાય છે. તે પરવસ્તુઓને કે ક્ષણ પૂરતા ભાવને જે આત્મા પોતાનું સ્વરૂપ માને તે આત્માનો હિંસક, અસત્યનો સેવક અને ચોર છે; પૈસાને પોતાને મનાવે કે પૈસા ખર્ચવાના ભાવને ધર્મ મનાવે તે પણ ચોર છે, આત્માનો હિંસક છે.

પરનું કરવાનો કે વિકાર કરવાનો જ્ઞાનનો સ્વભાવ નથી. જ્ઞાન તે જીવતત્ત્વ છે, ને ક્ષણિક વિકાર તે આસ્રવતત્ત્વ છે. તે બંનેને એકમેક માનનાર જીવ પોતાના સ્વભાવની તેમ જ દેવ-શાસ્ત્ર-ગુરુની પણ પરમાર્થે આસાતના કરનાર છે, તેને મિથ્યાત્વનું મોટું પાપ છે.

## (૨૪૩) સ્વભાવની નિઃશંકતામાં આવતો બ્રહ્મચર્ય ધર્મ

રાગાદિકથી ભિન્નપણું જાણીને, આત્મા અને જ્ઞાનની એકતા માનનાર સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ હોય તોપણ તે જીવ શ્રદ્ધા અપેક્ષાએ બ્રહ્મચારી છે. પહેલાં પર સંયોગ અને વિકાર સાથે આત્માની એકતા માનીને તેમાં જોડાય તે મૈથુનસેવન હતું. હવે જ્ઞાન અને આત્મામાં એકપણાની શ્રદ્ધા કરીને વિકાર અને સંયોગોથી જુદાપણું જાણ્યું એટલે તેણે આત્મા સાથે એકતા કરીને પર સાથેની એકતારૂપ જોડાણ તોડ્યું, તે પરમાર્થે બ્રહ્મચારી છે.

## (૨૪૪) સ્વભાવની નિઃશંકતામાં આવતો અપરિગ્રહ ધર્મ

હું જ્ઞાનમાત્ર છું, એ સિવાય પરનો એક અંશ પણ મારો નથી- એમ માનનાર જીવ ખરેખર અપરિગ્રહી છે. તેને બહારમાં ચક્રવર્તી-

રાજનો સંયોગ હોવા છતાં અંતરના અભિપ્રાયમાં એક અંશને પણ પોતાનું માનતા નથી, જ્ઞાન સ્વભાવ સિવાય બીજે ક્યાંય અંશમાત્ર એકતા માનતા નથી, તેથી જ્ઞાનીઓ તેને નિષ્પરિગ્રહી કહે છે. અને જેને આત્મસ્વભાવમાં એકતા પ્રગટ કરી નથી ને બહારના પદાર્થોમાં અંશમાત્ર એકતા છે તે જીવ બાહ્યમાં ત્યાગી હોય તોપણ અનંતપરિગ્રહી છે.

## (૨૪૫) ઉત્તમ ક્ષમા ધર્મ

ઉત્તમક્ષમા વગેરે દસધર્મો અનાદિના છે. તેમાં આજે ઉત્તમક્ષમાધર્મનો દિવસ છે. હું ત્રિકાળ અશરીરી નિર્વિકારી તત્ત્વ છું, જ્ઞાન સાથે અભેદ છું- એવી રુચિ અને પ્રતીત કરવી તે મહાન ક્ષમા છે. કોઈ આવીને ગાળ દે કે મારે ત્યારે ક્રોધ ન કરવો-તે તો શુભરાગ છે, એવી ક્ષમાની અહીં વાત નથી, આત્માને વિકારવાળો ને શરીરવાળો માને તેણે આત્માના સ્વભાવ ઉપર અનંત ક્રોધ કર્યો છે; અને જ્ઞાનસ્વભાવથી પરિપૂર્ણ આત્માને માને તેણે પોતાના આત્મા ઉપર ઉત્તમક્ષમા કરી છે.

## (૨૪૬) નિઃશંકતાનું ફળ કેવળજ્ઞાન, અને શંકાનું ફળ અનંત સંસાર

જેણે આત્મા અને જ્ઞાનમાં જરાય જુદાપણું માન્યું છે તે જીવ જ્ઞાનથી જુદો ને જુદો રહેશે એટલે વિકારમાં એકતા કરી કરીને તે અનંત સંસારમાં રખડશે; તે પોતાના જ્ઞાનને આત્મામાં અભેદ કરશે નહિ. અને જેણે આત્મા અને જ્ઞાનની સંપૂર્ણ એકતા માની છે તે જીવ પર્યાયે પર્યાયે આત્મામાં જ્ઞાનની એકતા કરે છે ને વિકારથી જુદો જ રહે છે. તે જીવ અલ્પકાળે જ્ઞાન અને આત્માની સંપૂર્ણ એકતા પ્રગટ કરી કેવળજ્ઞાન પામીને મુક્ત થશે.

આત્મા અને જ્ઞાનને જરાય ભેદ નથી એવી જેને નિઃશંક દૃષ્ટિ થઈ છે તે જીવ કોઈ પ્રસંગે આત્માંને જ્ઞાનથી જુદો માનતો નથી એટલે આત્મસ્વભાવનો આશ્રય કદી છોડતો નથી, ને વિકાર સાથે જ્ઞાનની એકતા કદી માનતો નથી, તે કોઈ સમયે આત્માને વિકારવાળો માનતો નથી. તેથી તે જીવનું જ્ઞાન ક્ષણે ક્ષણે આત્મસ્વભાવ સાથે જોડાતું જાય છે ને વિકારથી છૂટતું જાય છે એટલે તેને સમયે સમયે જ્ઞાન અને વીતરાગતાની વૃદ્ધિ થતી જાય છે. આનું નામ સાધકદશા છે. અજ્ઞાની એમ માને છે કે વાણીના કારણે જ્ઞાન થાય છે. એટલે તેણે આત્મા સાથે જ્ઞાનની એકતા ન માની, જ્ઞાનને આત્મા સાથે ન જોડ્યું પણ પરદ્રવ્ય સાથે એકતા માનીને વિકાર સાથે જ્ઞાનને જોડ્યું, તે જીવ આત્માના જ્ઞાનસ્વભાવનો ખૂનીઆત્મઘાતકી છે. તેણે જ્ઞાનને આત્માથી જુદું માન્યું હોવાથી તેના આત્માને જ્ઞાનથી અત્યંત જુદાઈ (એટલે કે એકેન્દ્રિય દશા) થઈ જશે. જ્ઞાનને અને આત્માને જ એકતા છે એટલે જ્ઞાન આત્માના આશ્રયે જ સ્વ-પરને જાણનાર છે, રાગાદિનું કર્તા નથી,-એમાં જે જીવ જરાય શંકા કરતો નથી તે જીવના જ્ઞાનને આત્માથી જરાય જુદાઈ રહેશે નહિ ને વિકારનો જરાય સંબંધ રહેશે નહિ એટલે કે તેનું જ્ઞાન આત્માના આશ્રયે જ પરિપૂર્ણપણે પરિણમીને કેવળજ્ઞાન પ્રગટ થશે ને વિકારનો સર્વથા અભાવ થશે.

આચાર્ય ભગવાન કહે છે કે આત્માને અને જ્ઞાનને જુદાઈ હશે એવી જરા પણ શંકા કરવી નહિ. આવી આત્મસ્વભાવની નિઃશંકતા તે મોક્ષનો માર્ગ છે. બસ, જાણવું તે જ આત્મા છે એટલે અંતર સ્વભાવમાં વળીને સ્વમાં અભેદ થયું તે જ્ઞાન જ આત્મા છે - આમ નિઃશંકશ્રદ્ધા થઈ ત્યાં જ વિકારથી છૂટું પડીને જ્ઞાન સ્વ તરફ વળ્યું-

ભેદજ્ઞાન થયું, એટલે હવે પર્યાયે પર્યાયે જ્ઞાન અને આત્માની અભેદતા વધતાં વધતાં અને રાગ ટળતાં ટળતાં વીતરાગતા ને કેવળજ્ઞાન થશે.

આત્મા પરનું કાંઈ કાર્ય કરે અથવા પરવસ્તુ આત્માનું કાંઈ કાર્ય કરે-એમ માનવું તે અજ્ઞાન છે, અધર્મ છે. તેમ જ જેવા સંયોગો આવે તેવું જ્ઞાન થાય એટલે કે જ્ઞાન તો સંયોગોના આધારે થાય છે-એમ જે માને છે તેણે ખરેખર આત્માને અને જ્ઞાનને એક માન્યા નથી, પણ જુદા માન્યા છે, અને પરસંયોગોમાં જ્ઞાનની એકતા માની છે; તે જીવનું જ્ઞાન ચેતનસ્વભાવ સાથેની એકતારહિત હોવાથી, ને સંયોગો સાથે એકતાના અભિપ્રાયવાળું હોવાથી, ખરેખર અચેતન છે.

જ્ઞાનની જે અવસ્થાએ સંયોગમાં-રાગમાં એકતા કરી છે તે આત્મા નથી. કેમ કે તે અવસ્થાએ આત્માથી જુદાપણું કલ્પ્યું છે તેથી તે અવસ્થા આત્મસ્વભાવમાં એકતા કરીને કરશે નહિ ને આત્મઅનુભવના આનંદને ભોગવી શકશે નહિ; પણ તે અવસ્થાએ પોતાનું જ્ઞાન આત્માની બહાર રખડતું મૂક્યું છે તેથી બહારના લક્ષે એકલી આકુળતાને જ ભોગવશે.

## (૨૪૭) સ્વભાવની નિઃશંકતા એ જ કર્તવ્ય

**પ્રશ્નઃ-** આમાં શું કરવાનું કહેવાય છે તે ટુંકામાં સમજાવો ને?

**ઉત્તરઃ-** આત્મા જ્ઞાનસ્વરૂપી છે ને પુણ્ય-પાપ આત્માનું સ્વરૂપ નથી, એમ નિઃશંક શ્રદ્ધા કરીને જ્ઞાનસ્વભાવ સાથે વર્તમાન પર્યાયની એકતા કરવી ને પુણ્ય-પાપથી ભેદજ્ઞાન કરવું. -એ જ કરવાનું છે. જેણે જ્ઞાન અને આત્માના જુદાપણાની જરા પણ શંકા ન કરી એટલે કે જ્ઞાનને પર સાથે કે વિકાર સાથે જરાય સંબંધ ન માન્યો-તે જીવ પોતાના જ્ઞાનસ્વભાવમાં નિઃશંક થયો-નિડર થયો-ધર્મી થયો.

આવો પોતાનો આત્મા છે તેની નિઃશંક શ્રદ્ધા કરવી તે જ ધર્મનું મૂળ છે. પહેલાં તે જીવ પોતાને સંયોગાધીન માનતો, હવે સ્વભાવઆધીને થયો. હવે ગમે તેવા પ્રતિકૂળ કે અનુકૂળ સંયોગો આવે તેનાથી ભિન્નતા જાણીને, સ્વભાવમાં નિઃશંક અને નિર્ભય રહીને ક્ષણે ક્ષણે આત્મશાંતિની વૃદ્ધિપૂર્વક સમાધિમરણ કરીને એકાવતારી થઈ જાય, -તેના ઉપાયનું આ કથન છે.

## (૨૪૮) નિઃશંકતા ને મુક્તિનો ઉપાય

ત્રિલોકપૂજ્ય શ્રી તીર્થંકરદેવો અને આત્મઅનુભવમાં ઝુલતા સંત-મુનિવરો પોકાર કરે છે કે- હે ભવ્ય ! તારા જ્ઞાનને તારા સ્વભાવથી જરાય જુદાપણું નથી, ને તારા જ્ઞાનને અમારા સાથે જરાય એકતા નથી. તું અમારાથી જુદો છે, અમારો આશ્રય તને જરા પણ નથી. તારા જ્ઞાનસ્વભાવ સાથે જ તારે એકતા છે, તારા આત્મસ્વભાવથી તું જ્ઞાનને જરાય જુદું માનીશ તે નહિ પાલવે. જ્ઞાન અને આત્માની સર્વ પ્રકારે એકતા માનીને, રાગથી છૂટો પડીને, સ્વભાવમાં જ જ્ઞાનનું જોડાણ કર, એમાં જરા પણ શંકા ન કર. -એજ મુક્તિનો ઉપાય છે. એમાં જરા પણ શંકા કરે તેની મુક્તિ થતી નથી.

જીવસ્વભાવમાં જ્ઞાનની ખાણ ભરી છે. જીવ પોતે પૂર્ણ જ્ઞાનમય છે. તે ક્યાંય પરલક્ષમાં અટક્યા વગર ને રાગ-દ્વેષનો વિકલ્પ પણ કર્યા વગર બધાને જાણે તેવા સામર્થ્યવાળો છે. માટે હે જીવ ! તું સંયોગને, સંયોગના લક્ષે થતા જ્ઞાનને કે વિકારને તારું સ્વરૂપ ન માન. પણ વિકાર વખતેય તે બધાનું લક્ષ છોડીને અંતરમાં વળી તારા પૂર્ણ જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા કર. પૂર્ણજ્ઞાનસ્વભાવની શ્રદ્ધા તે

જ સમ્યકત્વ છે. એવી શ્રદ્ધા પ્રગટ કરીને જેણે પોતાના જ્ઞાનને આત્મસ્વભાવમાં એકતારૂપ પરિણમાવ્યું છે તેને સદાય ધર્મ થયા કરે છે- સમયે સમયે શુદ્ધતા વધતી જાય છે ને બંધનથી મુક્તિ થતી જાય છે.

## (૨૪૯) 'આહાર છોડવો તે ધર્મ' એ માન્યતા અજ્ઞાન છે

મોટા ભાગના લોકો, આહાર છોડવો તેને ધર્મ માની બેઠા છે. પણ તે માત્ર અજ્ઞાન જ છે. આહાર શરીરમાં ન આવ્યો તે જડની સ્વતંત્ર ક્રિયા છે, તેની સાથે આત્માના ધર્મનો સંબંધ નથી. આહાર ઉપરનો રાગ ઘટાડે તો તે પુણ્ય છે, પણ જો તેને ધર્મ માને અથવા તો મેં આહારને છોડ્યો એમ માને તો મિથ્યાત્વનું અનંતપાપ તે જ વખતે બંધાય છે. તે મિથ્યાત્વરૂપી પાપ કેમ ટળે ને જીવને ધર્મ કેમ થાય તેની અહીં વાત છે. હું આહારનો કર્તા નથી, ઈચ્છા થાય તેની સાથે જ્ઞાનની એકતા નથી, ઈચ્છાથી તેમજ આહારથી જુદો અને જ્ઞાન-આનંદથી અભેદરૂપ આત્મસ્વભાવ હું છું -એવી શુદ્ધાત્માની શ્રદ્ધા કરવાથી સમ્યગ્દર્શન પ્રગટે છે ને મિથ્યાત્વનું અનંતુ પાપ ટળી જાય છે. આ જ અનંતકાળમાં એક સેકંડ માત્ર પણ નહિ કરેલો એવો અપૂર્વ ધર્મ છે. આ સિવાય આહાર વગેરેનો રાગ છોડીને પુણ્ય તો જીવે અનંતવાર બાંધ્યા, તેના ફળમાં અનંતવાર મોટો રાજા થયો, અને પાપ કરીને તેના ફળમાં અનંતવાર મોટો ભિખારી પણ થયો. અનંતવાર સ્વર્ગના ભવ કર્યા ને અનંતવાર નરકના ભવ કર્યા; પણ તે પુણ્ય-પાપ અને તેના ફળથી જુદો પોતાનો આત્મસ્વભાવ છે તેને કદી સમજ્યો નહિ, તેથી જ સંસારનું ભ્રમણ ન ટળ્યું. હવે ને સંસાર-ભ્રમણ કેમ ટળે ને મુક્તદશા કેમ પ્રગટે તેનો ઉપાય બહુ જ સહેલી રીતે અહીં સમજાવીને સંતોએ મહાન્ ઉપકાર કર્યો છે.

## (૨૫૦) ધર્મી જીવની નિઃશંકતા

જેણે જ્ઞાન અને આત્માની એકતા માની છે તે જીવને રાગ થાય તે વખતે પણ 'હું જ્ઞાનથી જુદો પડી જઉં છું અથવા તો મારું જ્ઞાન આત્માથી છૂટું પડીને રાગરૂપે થઈ જાય છે' એવી શંકા જરાય થતી નથી. બસ, આવી સમ્યક્શ્રદ્ધાના જોરથી ત્રિકાળી ચૈતન્યસ્વભાવને દૃષ્ટિમાં લઈને તેનાં એકતા કરી અને રાગ સાથેની એકતાને તોડી, એવા જીવને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સહિત ઉત્તમક્ષમાદિ દસે ધર્મો અંશે આવી જાય છે.

## (૨૫૧) ધર્મી જીવ ક્યાં આરૂઢ થાય?

જેમ ડુંગર ઉપર ચડનારનું લક્ષ નીચે તળેટી ઉપર હોતું નથી પણ ઊંચે શિખર હોય છે, તેમ જેણે આત્માની મુક્તદશા પ્રગટ કરવી હોય તે જીવ નીચે ન જુએ એટલે કે રાગાદિને કે ક્ષણિક અવસ્થાને જ પોતાનું સ્વરૂપ ન સમજે પણ ઊંચે જુએ એટલે કે સદાય પરિપૂર્ણ નિત્ય ચૈતન્યસ્વભાવને સમજીને તેની શ્રદ્ધા કરે; અને તે ક્ષણિક પર્યાયમાં કે રાગમાં એકતા માનીને તેમાં આરૂઢ ન થાય, પણ ત્રિકાળી ચૈતન્યસ્વભાવમાં આરૂઢ થાય, તો તેની પરિણતિ ઊંચે ઊંચે ચડતી જાય અર્થાત્ શુદ્ધ થતી જાય, ને તે મુક્તિ પામે. ધર્મ કરવો હોય તેણે પોતાના આત્માને ત્રિકાળી ચૈતન્યભગવાનસ્વરૂપે સ્વીકારીને-તેની શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં જ આરૂઢ થવું જોઈએ. જે જીવ પુણ્ય-પાપને જ્ઞાનની સાથે એકમેક માને, પુણ્યથી ધર્મ માને અથવા પુણ્ય તે સારૂં કર્તવ્ય છે એમ માને તે જીવ વિકારમાં જ આરૂઢ થયો છે, સ્વભાવમાં આરૂઢ થતો નથી, એટલે તે નીચે નીચે ઉતરતો જાય છે.

## (૨૫૨) ચૈતન્ય ભગવાનમાં દર્શન

જેણે જ્ઞાનને વિકારનું કર્તા માન્યું છે તે જીવે આત્મા અને જ્ઞાન વચ્ચે ભેદરૂપ પડદો રાખ્યો છે. જેમ જિનપ્રતિમા આડો પડદો નાંખીને જુએ તો તેનું રૂપ સ્પષ્ટ દેખાય નહિ, તેમ આ આત્માનો સ્વભાવ ચૈતન્યમય જિનપ્રતિમા છે; પણ 'વિકાર મારુ સ્વરૂપ' એવી મિથ્યામાન્યતારૂપી પડદો આડો રાખીને જોનારને પોતે ચૈતન્યભગવાન છે તે દેખાતું નથી પણ વિકારી જ ભાસે છે. તે જીવ જ્ઞાન અને આત્મા વચ્ચે મિથ્યાત્વરૂપી પડદો રાખે છે, તેથી તેને ચૈતન્ય ભગવાનનાં દર્શન થતાં નથી. તે પડદો દૂર કરીને સાચી માન્યતાથી જુએ તો પોતાનો જ આત્મા ભગવાન છે, તે જણાય છે.

## (૨૫૩) જીવનનું કર્તવ્ય

અહો, ધર્માત્મા જીવને જીવનમાં કરવાનું જો કાંઈ હોય તો આત્મા અને જ્ઞાનની સંપૂર્ણ એકતા જ કરવી, તે જ કરવાનું છે. પહેલાં રાગથી ભિન્નતા ને જ્ઞાન સાથે આત્માની એકતાની શ્રદ્ધા કરવી ને પછી જ્ઞાનને સ્વરૂપમાં સ્થિર કરીને વીતરાગભાવ પ્રગટ કરીને સંપૂર્ણ એકતા કરવી, એ સિવાય બીજું કાંઈ કરવા જેવું નથી. આમાં જ મોક્ષમાર્ગ અથવા ધર્મ જે કહો તે આવી જાય છે. કોઈ પણ પરને લીધે જ્ઞાન ખીલે એમ જેણે માન્યું છે. કોઈ પણ પરને લીધે જ્ઞાન ખીલે એમ જેણે માન્યું છે તેણે રાગ સાથે જ જ્ઞાનની એકતા કરી છે, એવો અજ્ઞાની જીવ દરેક સંયોગ વખતે જ્ઞાન અને આત્માની એકતાને તોડે છે, તે અધર્મ છે; જ્ઞાન અને આત્માની એકતાની અને રાગાદિથી ભિન્નતાની શ્રદ્ધાથી જ્ઞાની જીવને ગમે તેવા પ્રસંગ વખતે પણ સમયે સમયે સ્વભાવમાં જ્ઞાનની એકતા વધતી જાય છે ને રાગ તૂટતો જાય છે, તે ધર્મ છે.

## (૨૫૪) ગૃહસ્થપણામાં ધર્મીને સ્વભાવની નિઃશંકતા

ભરત ચક્રવર્તી, પાંચ પાંડવો, રામચંદ્રજી, શ્રેણીકરાજા, સીતાજી વગેરેને ગૃહસ્થપણામાંય આવા જ્ઞાનસ્વભાવનું બરાબર ભાન હતું અને તેથી તેમણે સમયે સમયે આત્મસ્વભાવમાં જ્ઞાનની અભેદતા વધતી જતી હતી ને વિકારમાં અટકવાનું નાશ પામતું જતું હતું; ગૃહસ્થપણામાં રાગ થતો હોવા છતાં તેમને 'આત્માને રાગ સાથે એકતા થઈ જતી હશે !' એવી જરાય શંકા પડતી ન હતી, અને જ્ઞાન સાથે આત્માની એકતા હોવામાં જરાય શંકા પડતી ન હતી. શ્રેણીકરાજા અત્યારે નરકના સંયોગમાં હોવા છતાં તેમને આવી જ દશા છે. બધાય સમ્યગ્દષ્ટિઓને આવી જ શ્રદ્ધા હોય છે, તેમાં તેમને જરાય શંકા હોતી નથી. જેને જ્ઞાન અને આત્માની એકતામાં શંકા છે તે મિથ્યાદષ્ટિ છે, કેમ કે તેને રાગ અને સંયોગો સાથે એકતાની માન્યતા ઉભી છે.

## (૨૫૫) પરમાં એકતા તે અધર્મ; સ્વમાં એકતા તે ધર્મ

બહારમાં શરીરાદિ જડની ક્રિયાથી કે અંતરના પુણ્ય પરિણામથી જે ધર્મ માને તે જીવ પોતાના જ્ઞાનને જડ સાથે અને વિકાર સાથે એકતા માનીને અધર્મને જ સેવી રહ્યો છે. અને જેણે આત્મસ્વભાવમાં જ્ઞાનની એકતા કરી તેણે વિકારથી અને જડથી પોતાના જ્ઞાનને જુદું કર્યું, તે જીવ દરેક ક્ષણે, અનંત અનંતકાળમાં કદી નહિ કરેલ એવો અપૂર્વ ધર્મ કરી રહ્યો છે; સ્વભાવમાં એકતા કરીને રાગરહિત થયેલું તેનું જ્ઞાન પોતે જ ધર્મ છે, તે જ સમ્યકત્વ, જ્ઞાન ને સંયમ છે. આનું નામ સર્વવિશુદ્ધજ્ઞાન છે.

## (૨૫૬) આત્મા સાથેનું વેરીપણું કેમ ટળે?

આચાર્યભગવાન કહે છે કે, હે જીવ ! તું પરમાં ન જો, પરથી ગુણ પ્રગટશે એમ માનીને તારા આત્માનો અનાદર ન કર. તારો આત્મા જ અનંત ગુણનો ભંડાર છે, તેમાં તારા જ્ઞાનની એકતા કરીને, આત્મા સાથેના અનંતકાળના વેરીપણાને છોડ રે છોડ. તે જ સાચી ક્ષમા છે. જેણે આત્માને અને જ્ઞાનને જુદાઈ માનીને વિકાર સાથે જરાય એકતા માની અથવા સંયોગોથી જ્ઞાન થશે એમ માન્યું તેણે સંયોગ અને વિકાર સાથે ભાઈબંધી (એકત્વબુદ્ધિ) કરી અને પોતાના આત્માની સાથે વેર બાંધ્યું, વિકારનો આદર કર્યો ને સ્વભાવનો અનાદર કરીને તેના ઉપર અનંતો ક્રોધ કર્યો, પોતાના આત્માનો મોટો અપરાધ કર્યો. અનંતકાળનો એ મોટો અપરાધ ને ક્રોધ ટળીને ક્ષમા કેમ પ્રગટે તેનો ઉપાય અહીં કહ્યો છે.

## (૨૫૭) મોક્ષ અને નિગોદ

અજ્ઞાની જીવો પૈસા ખરચવાથી પુણ્ય અને ધર્મ મનાવે છે, અને તેના ફળમાં સ્વર્ગ-મોક્ષ મળશે એમ કહે છે; પણ જ્ઞાનીઓ તો કહે છે કે- પૈસા ખરચવાના કારણે તો પુણ્ય-પાપ કે ધર્મ કાંઈ થાય નહિ, કેમકે તે તો જડ છે, આત્મા તેનો કર્તા નથી. પરંતુ-હું પરનો કર્તા ને મેં પૈસા ખરચ્યા -એમ માનીને, તેમ જ પુણ્યથી ધર્મ માનીને મિથ્યાત્વની પુષ્ટિ કરીને તે મહા પાપી જીવ નિગોદમાં જશે. જુઓ, અજ્ઞાનીઓ પૈસા ખરચવાથી મોક્ષ મનાવી રહ્યા છે ! જ્ઞાનીઓ કહે છે કે, પૈસાની ક્રિયાનો હું કર્તા એમ માનનારો જીવ મિથ્યાત્વને લીધે નિગોદ જશે. જ્ઞાની અને અજ્ઞાનીની માન્યતામાં આવો વિરોધ છે. આ માન્યતા સાથે ધર્મ-અધર્મનો સંબંધ છે.

પુણ્યથી કે જડની ક્રિયાથી આત્માનો ધર્મ માનશે તે જીવ મિથ્યાત્વને લીધે નિગોદમાં જશે-એમ કહ્યું તે વાત કાંઈ બીવરાવવા માટે કરી નથી પણ યથાર્થ સ્વરૂપ સમજાવ્યું છે; જેણે આત્માના જ્ઞાનને સ્વભાવથી છોડાવીને સંયોગો સાથે જોડ્યું છે તેના જ્ઞાનનું પરિણમન અનંતુ હીણું થઈ જશે, તેનું જ નામ નિગોદદશા છે; તેની જ્ઞાનશક્તિ અત્યંત હણાઈ ગઈ હોવાથી બાહ્યનિમિત્તરૂપે પણ માત્ર એક સ્પર્શેન્દ્રિય સિવાય બીજી કોઈ ઈંદ્રિયો હોતી નથી.

## (૨૫૮) જ્ઞાનસ્વભાવની આરાધના અને વિરાધનાનું ફળ

"હું જ્ઞાતા સાક્ષીસ્વરૂપ નથી પણ પરનો અને વિકારનો કરનાર છું" એમ જેણે પરનું કર્તાપણું માન્યું અને જાણવાનો સ્વભાવ ન માન્યો તે જીવની મિથ્યામાન્યતામાં એમ આવી જાય છે કે મારો જાણવાનો સ્વભાવ ઢંકાઈ જાઓ અને મારામાં વિકારનો તેમ જ પરનું કરવાના ભાવનો વિકાસ થાઓ. એ મિથ્યામાન્યતાને લીધે તે જીવનું જ્ઞાન છેલ્લામાં છેલ્લી હદે ઢંકાઈ જશે ને તે એકેન્દ્રિય થશે; પોતાના જ્ઞાનસ્વભાવની વિરાધનાનું ફળ એ જ છે. અને જેણે પોતાના જ્ઞાતા સાક્ષીસ્વરૂપને સ્વીકારીને, વિકારની અને પરના કર્તૃત્વની બુદ્ધિને ઉડાડી દીધી છે તે જીવ સમયે સમયે પોતાના જ્ઞાતાપણાને વધારતો વધારતો અને રાગાદિ ભાવોને દૂર કરતો થકો અલ્પકાળે કેવળજ્ઞાન પામે છે ને સાક્ષાત્પણે સંપૂર્ણ જ્ઞાતા થઈ જાય છે. -પોતાના જ્ઞાનસ્વભાવની આરાધનાનું આ ફળ છે.

## (૨૫૯) જ્ઞાનનું કાર્ય

જ્યાં આગ લાગે ત્યાં આંખ જાણે, પણ કરે શું? શું પદાર્થોમાં તે ફેરફાર કરે? જેમ આંખ પદાર્થોને જાણે છે પણ તેમાં ફેરફાર કરી શકતી નથી. તેમ આત્માનો જ્ઞાનસ્વભાવ છે, આત્મા બધાને જાણે

પણ પરમાં શું કરે? પરને જાણતાં રાગ-દ્વેષ કરવો તે પણ જ્ઞાનનું કાર્ય નથી. આવા જ્ઞાનસ્વરૂપની જેને શ્રદ્ધા છે તે ધર્માત્મા સંયોગ અને રાગાદિના જ્ઞાતા જ છે. પાંચ પાંડવો, વગેરે ધર્માત્મા હતા, જ્યારે કુરુક્ષેત્રનું યુદ્ધ થયું ત્યારે અજ્ઞાનીને તો બાહ્યદષ્ટિથી એમ જ દેખાય કે આ પાંડવો લડાઈના અને દ્વેષના કર્તા છે. પણ ખરેખર તો તે વખતે ય તે ધર્માત્માઓ સ્વભાવની એકતાથી છૂટીને ક્યાંય બહારમાં ગયા ન હતા, સંયોગની ક્રિયામાં કે રાગમાં તેમનો આત્મા ન હતો. પણ તેમનો આત્મા તો જ્ઞાનસ્વભાવમાં એકતાની શ્રદ્ધા કરીને સમયે સમયે જ્ઞાનસ્વભાવમાં એકતાની વૃદ્ધિ જ કરતો હતો. -આનું નામ ધર્મ છે.

## (૨૬૦) 'જ્ઞાન અને આત્માની એકતા' એટલે શું?

અહીં, જ્ઞાન અને આત્માની એકતા કરવી -એમ વારંવાર કહેવાય છે; જ્ઞાન અને આત્માની એકતા કરવી એટલે શું? 'જ્ઞાન એક જુદી વસ્તુ છે ને આત્મા એક જુદી વસ્તુ છે, અને તે બંનેને ભેગા કરવાનું છે' -એમ ન સમજવું. જ્ઞાન અને આત્મા કાંઈ બે જુદી જુદી વસ્તુઓ નથી. આત્મા પોતે જ અનાદિથી સ્વયંસિદ્ધ જ્ઞાનસ્વરૂપ છે. પણ તે સ્વરૂપની જેને ખબર નથી તે જીવ રાગને પોતાનું સ્વરૂપ માનીને રાગરૂપે જ પોતે પરિણમે છે, એટલે તેનો આત્મા જ્ઞાનસ્વરૂપે ન પરિણમ્યો, તેનું નામ જ્ઞાન અને આત્માની ભિન્નતા છે. અને પોતાના આત્મસ્વભાવની શ્રદ્ધા કરતાં, આત્મા રાગાદિમાં એકતારૂપે ન પરિણમ્યો પણ સ્વાશ્રયે જ્ઞાનસ્વભાવે પરિણમ્યો, તેનું નામ જ્ઞાન અને આત્માની એકતા છે, -એમ સમજવું.

## (૨૬૧) આત્માની કેવળજ્ઞાનકળા કેમ ખીલે?

દરેક આત્મા ચૈતન્યસ્વભાવી છે, તેનામાં કેવળજ્ઞાન ખીલે તેવી

તાકાત છે. જેમ-બાળકોને રમવાનો કાગળનો એક એવો પંખો આવે છે કે તેના બે પાંખીયા જુદા પાડીને તેને ઉઘાડતાં તેમાં મોરની કળા જેવો દેખાવ થાય છે. બીડાયેલ પંખામાં જ તેવી તાકાત હતી, તેથી તેમાંથી કળા ખીલે છે, બીજા સામાન્ય કાગળમાંથી તેમ થાય નહિ. તેમ-આત્મા ચૈતન્યની કેવળજ્ઞાનકળાનો ભંડાર છે; તેની શ્રદ્ધા કરીને રાગ અને જ્ઞાનને જુદા પાડતાં કેવળજ્ઞાનરૂપી પૂર્ણકળા ખીલી જાય છે. પરંતુ હું પરનું કરું એમ માને અને પર્યાયમાં ક્રોધાદિ થાય તેને જ જ્ઞાનનું સ્વરૂપ માને તો જીવ જ્ઞાન અને રાગને જુદા જાણતો નથી તેથી તેને જ્ઞાનકળા ખીલતી નથી પણ બીડાયેલી રહે છે.

## (૨૬૨) આત્મામાં ભગવાન થવાનું સામર્થ્ય છે

વળી જેવી રીતે મોરના નાનકડા ઈંડામાં સાડાત્રણ હાથનો રંગબેરંગી મોર થવાની તાકાત છે, તે ઈંડાની શ્રદ્ધા કરીને તેને સેવતાં અલ્પકાળે તેમાંથી સાક્ષાત્ મોર પ્રગટે છે. પણ 'આ નાના ઈંડામાં મોટો મોર ક્યાંથી હોય !' એમ શંકા કરીને, જો ઈંડાને ખખડાવે તો મોર થતો નથી. તેવી રીતે આ આત્મા ચૈતન્યસ્વરૂપ, શરીર-મન-વાણી-પુણ્ય-પાપરહિત છે, તેના પરિપૂર્ણ સામર્થ્યની શ્રદ્ધા કરીને તેનું સેવન કરવાથી તે પોતે કેવળજ્ઞાનરૂપે થઈ જાય છે. જે સિદ્ધભગવાન થયા તે પોતાના સ્વભાવસામર્થ્યથી જ થયા છે, ને હું પણ એવા જ સ્વભાવસામર્થ્યથી ભરેલો છું -એમ જેણે નિઃશંક શ્રદ્ધા કરી, જરાય શંકા ન કરી, તે જીવને વર્તમાન જ્ઞાનદશા ઓછી હોવા છતાં તે અવસ્થા ત્રિકાળી સ્વભાવમાં વળે છે ને ત્રિકાળી સ્વભાવના સેવનવડે અલ્પકાળમાં તેને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. પરંતુ- 'હું તો એક અલ્પજ્ઞ પ્રાણી, પૈસા વગેરે વગર મારે ચાલે નહિ, ને મારામાં ભગવાન થવાનું સામર્થ્ય અત્યારે કઈ રીતે હોય !' -એમ જે જીવ

સ્વભાવસામર્થ્યમાં શંકા કરે છે, તે મિથ્યાદષ્ટિ છે, તેને જ્ઞાનકળા ખીલતી નથી. માટે શ્રી આચાર્યદેવ કહે છે કે- હે જીવો ! આત્મા પરિપૂર્ણ ચૈતન્યસામર્થ્યવાળો છે, તેની શ્રદ્ધા કરો, તેમાં નિઃશંક થાઓ, તેમાં જરાય શંકા ન કરો !

## (૨૬૩) દ્રવ્યદષ્ટિનું ફળ કેવળજ્ઞાન, પર્યાય દષ્ટિનું ફળ નિગોદ

-એવી નિઃશંક શ્રદ્ધા ક્યારે થાય? વર્તમાન અવસ્થા તો અધૂરી ને પુણ્ય-પાપવાળી છે; તેથી અવસ્થા ઉપર દૃષ્ટિ રાખીને જો નિઃશંકતા કરવા જશે તો રાગરહિત ત્રિકાળી ચૈતન્યની નિઃશંકતા નહિ થાય પણ સંયોગની શ્રદ્ધા થશે; વિકારમાં એકતા થશે, વીતરાગતા ને કેવળજ્ઞાન નહિ ખીલે, સમ્યગ્જ્ઞાન નહિ થાય, પણ મિથ્યાત્વથી જ્ઞાનની અત્યંત હીનતા કરીને તે નિગોદ થશે. પર્યાયદષ્ટિનું ફળ નિગોદ દશા છે ને દ્રવ્યદષ્ટિનું ફળ કેવળજ્ઞાન છે. જેણે આત્માના જ્ઞાનને વર્તમાન પૂરતું જ ક્ષણિક અને વિકારી માન્યું તેણે ત્રિકાળી ચૈતન્ય સાથે જ્ઞાનની એકતા ન કરી એટલે કે જ્ઞાન સ્વભાવની નિઃશંકતા ન કરી તેથી તેના જ્ઞાનનું પરિણમન હણાઈ જશે ને તે એકેન્દ્રિય નિગોદ થશે. ઊંધી દષ્ટિને લીધે સંયોગમાં અને વિકારમાં જ પોતાનું અસ્તિત્વ માને છે તે જીવે પોતે જીવસ્વરૂપે પોતાના અસ્તિત્વનો સ્વીકાર નથી કર્યો તેથી તેનું પરિણમન એવું થઈ જાય છે કે બીજા સાધારણ જીવો પણ જીવસ્વરૂપે તેના અસ્તિત્વને ન સ્વીકારે.

હું ત્રિકાળ પરમપારિણામિક ચૈતન્યસ્વભાવ છું- એમ આત્મસ્વભાવ નક્કી કરીને તેમાં ઢળતું જ્ઞાન તે જીવ છે. એ રીતે પોતાના જ્ઞાનને ત્રિકાળીસ્વભાવ તરફ લંબાવતાં ક્ષણિક રાગાદિ પર્યાયની શ્રદ્ધા-રુચિ ટળીને આત્મસ્વભાવની નિઃશંક શ્રદ્ધા થાય છે.

જ્ઞાનસ્વભાવની એવી નિઃશંક શ્રદ્ધા પ્રગટ કરીને સ્વભાવમાં ઢળતાં ઢળતાં કેવળજ્ઞાન થાય છે, ને ઈંદ્રો તેના મહોત્સવ કરવા આવે છે.

"શું એકલા જ્ઞાનથી જ ધર્મ થતો હશે ! કે ભક્તિપૂજા વગેરેથી પણ ધર્મ થતો હશે" -એમ જેણે શંકા કરી અને જ્ઞાનસ્વભાવમાં નિઃશંક ન થયો તે જીવ સ્વભાવનો અનાદર કરીને રાગને જ સ્વીકારે છે, ચૈતન્યના કેવળજ્ઞાન-સામર્થ્યને તે હણી નાંખે છે. ત્રિકાળ જ્ઞાનમય જીવની શ્રદ્ધા કરીને જે નિઃશંક થયો છે તે જીવ -ગુણગુણીને વિકારથી બચાવીને અભેદ કરે છે, પર્યાયને દ્રવ્યમાં લીન કરીને તે કેવળજ્ઞાન પામે છે.

## (૨૬૪) જરા પણ શંકા કરવી નહિ

"હું પરનું કાંઈ કરું, અથવા શ્રુત-શાસ્ત્ર વગેરેથી મને જ્ઞાન થાય" એમ માનીને જેણે પોતાના જ્ઞાનને પરસન્મુખ જ અટકાવી દીધું છે તેણે આત્મા અને જ્ઞાનમાં ભિન્નતા માની છે, આત્મા તરફ વળતાં જ્ઞાન ખીલે છે તેમાં તેણે શંકા કરી છે, તેથી તેનું જ્ઞાન આત્માથી જુદું જ રહેશે અર્થાત્ તેનું જ્ઞાન આત્માને જાણવા તરફ નહિ વળે પણ પરમાં જ એકતાબુદ્ધિ કરી કરીને ભવભ્રમણમાં રખડ્યા કરશે. જેણે જીવ અને જ્ઞાનની એકતામાં નિઃશંકતા કરીને આત્માને જાણવામાં ને અનુભવવામાં પોતાના જ્ઞાનને વાળ્યું છે તેને આત્મસ્વભાવના આધારે જ્ઞાનની સંપૂર્ણ કળા ખીલીને કેવળજ્ઞાન થવાનું છે. માટે અહીં નિઃશંકતા ઉપર ભાર દઈને આચાર્યદેવે કહ્યું છે કે જીવ પોતે જ જ્ઞાન છે માટે જ્ઞાનને જીવથી જુદાઈ હોવાની જરા પણ શંકા કરવી નહિ.

## (૧૦)

### 卐 સં. ૨૪૭૪ : ભાદરવા સુદ ૭ ગુરુવાર 卐

ધર્મ કરવા માટે આત્માના સ્વરૂપને જાણવું જોઈએ. આત્માનું કેવું સ્વરૂપ છે તેનું આ વર્ણન ચાલે છે. આત્મા જ્ઞાનસ્વરૂપી છે; તેનું જ્ઞાન પરથી જુદું છે ને આત્મા સાથે એકમેક છે. શ્રુત, શબ્દ, રૂપ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, કર્મ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, કાળ અને આકાશ-એ બધાયથી તેમ જ અધ્યવસાનથી જ્ઞાન જુદું છે અને જીવ સાથે જ્ઞાન એકમેક છે અર્થાત્ જીવ જ પોતે જ્ઞાન છે-એમ વર્ણન કર્યું.

## * જીવના પર્યાયો સાથે પણ જ્ઞાનની એકતા *

જીવદ્રવ્ય સાથે જ્ઞાન એકમેક હોવાથી જીવના પર્યાયો સાથે પણ તે એકમેક છે એમ હવે કહે છે. **"આ પ્રમાણે જ્ઞાન જીવથી અભિન્ન હોવાથી જ્ઞાન જ સમ્યગ્દષ્ટિ છે, જ્ઞાન જ સંયમ છે, જ્ઞાન જ અંગપૂર્વરૂપ સૂત્ર છે, જ્ઞાન જ ધર્મ-અધર્મ (અર્થાત્ પુણ્ય-પાપ) છે, જ્ઞાન જ પ્રવજ્યા (-દીક્ષા, નિશ્ચયચારિત્ર) છે-એમ જ્ઞાનનો જીવપર્યાયોની સાથે પણ અવ્યતિરેક નિશ્ચયસાધિત દેખવો અર્થાત્ નિશ્ચય વડે સિદ્ધ થયેલો સમજવો-અનુભવવો."** (સમયસાર પૃ.૪૭૧)

## (૨૬૫) આત્મા તરફ વળેલું જ્ઞાન જ સમ્યકત્વ છે

આત્માથી અભિન્ન હોવાથી જ્ઞાન જ સમ્યગ્દર્શન છે. અનાદિ કાળથી આત્મસ્વભાવને ભૂલીને પરમાં એકતા માનતો તેથી જ્ઞાન સ્વાશ્રય છોડીને પરાશ્રયમાં જ રોકાતું, તે જ્ઞાન મિથ્યાત્વ છે. અને પરથી ભિન્ન આત્મસ્વભાવે જાણીને તે સ્વભાવમાં વળતું જ્ઞાન જ સમ્યકત્વ છે. અહીં જ્ઞાનગુણની વાત નથી પણ સ્વભાવ તરફ વળેલા જ્ઞાન-પર્યાયની વાત છે. જ્ઞાનની જે અવસ્થા પરનું અને પુણ્ય-પાપનું લક્ષ છોડીને સ્વભાવ તરફ વળી તે જ્ઞાન જ આત્મા છે; તેને આત્મા સાથે જરાય ભેદ નથી. અને જ્ઞાનની અવસ્થા જ્યાં આત્મસ્વભાવમાં વળી ત્યાં, પર વસ્તુઓ અને પુણ્ય-પાપ સાથે એકપણાની માન્યતા ટળી ને જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય થયો, તેથી તે જ્ઞાન જ સમ્યકત્વ છે. શરીરની ક્રિયામાં કે પુણ્ય-પાપનાં ભાવમાં જ્ઞાન નથી તેથી તેમાં સમ્યગ્દર્શન પણ નથી, ને તેનાથી સમ્યગ્દર્શન થતું નથી.

## (૨૬૬) મિથ્યાજ્ઞાન તે અધર્મ; સમ્યગ્જ્ઞાન તે ધર્મ

નવ તત્ત્વોમાંથી સમ્યગ્દર્શન કયું તત્ત્વ છે? પુણ્ય કે પાપતત્ત્વમાં સમ્યગ્દર્શન આવતું નથી, સમ્યગ્દર્શન તો સંવરતત્ત્વ છે. સ્વભાવની પ્રતીતિ કરનારું જ્ઞાન જ સંવરતત્ત્વ છે અને તે જ સમ્યગ્દર્શન છે. પૈસા ખરચવાથી, શરીરની ક્રિયાથી કે પુણ્યથી સંવર થતો નથી પણ સ્વભાવનો આશ્રય કરીને જે જ્ઞાન આત્મા સાથે અભેદ થાય તે જ્ઞાન જ સંવરતત્ત્વ છે, અને તે જ ધર્મ છે. મિથ્યા મતિ-શ્રુતજ્ઞાન પરનિમિત્તોથી જ્ઞાન માનીને પરવિષયોમાં જ રોકાય છે ને ત્યાં એકત્વબુદ્ધિ કરે છે, -જાણે કે પરમાં જ જ્ઞાનની હ્યાતી હોય ! એમ તે માને છે, તે જ્ઞાન આત્મા નથી પણ અનાત્મા છે, તે મિથ્યાજ્ઞાન

જ અધર્મ છે, તે જ અસંયમ છે. અને જે જ્ઞાન ત્રિકાળી ચૈતન્યસ્વભાવ તરફ વળીને તેમાં એકાકાર થાય છે તે સમ્યગ્જ્ઞાન છે, તે જ્ઞાન જ સમ્યક્ત્વ છે, તે જ સંયમ છે. આવી સમજણ કરવી તે જૈનધર્મનો અથવા આત્મસ્વભાવનો એકડો છે; આ સમજ્યા વગર ધર્મની શરૂઆત થતી નથી.

## (૨૬૭) કઈ ક્રિયામાં આત્મા છે?

વર્તમાન દશામાં અધૂરું જ્ઞાન અને પુણ્ય-પાપ હોવા છતાં જે જીવે પોતાના જ્ઞાનમાં અંતરંગ પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવની રુચિ કરી તે જીવ કુદેવ-કુગુરુ-કુધર્મના સેવનથી તો પાછો ખસી ગયો, સુદેવ-ગુરુના આશ્રયની રુચિ પણ તેને ટળી ગઈ, પોતાની અધૂરી દશાનો આશ્રય પણ છૂટી ગયો, ને જ્ઞાનમાં પોતાના પૂરા સ્વભાવની રુચિ થઈ; એવું જ્ઞાન જ સમ્યક્ત્વ છે, એવું જ્ઞાન કરવું તે જ ધર્મની ક્રિયા છે. પુણ્યની ક્રિયાથી કે જડની ક્રિયાથી ધર્મ થતો નથી, કેમ કે તે ક્રિયામાં આત્મા નથી, જ્ઞાનની ક્રિયામાં જ આત્મા છે. જ્ઞાનની ક્રિયાથી જ ધર્મ થાય છે.

## (૨૬૮) અજ્ઞાની બંધાય છે, જ્ઞાની છૂટે છે

સ્વને જાણવા સહિત પરને જાણે એવું સમ્યગ્જ્ઞાન છે. અને સ્વને ચૂકીને એકલા પરને જાણે તે મિથ્યાજ્ઞાન છે. જેને પોતાના સ્વરૂપનું જ્ઞાન નથી તે પાપ કરે તોય બંધાય છે ને પુણ્ય કરે તોય બંધાય છે; કેમ કે તેણે પુણ્યપાપમાં જ પોતાના આત્માની એકતા માની છે પણ જ્ઞાનસ્વભાવ સાથે એકતા માની નથી; તેથી તે જીવ

વિકારથી છૂટતો નથી પણ વિકારમાં એકત્વપણું માનીને બંધાતો જ જાય છે, તેનો સંસાર નાશ થતો નથી. જેણે પોતાના જ્ઞાનને આત્મામાં વાળ્યું નથી અને પુણ્ય-પાપથી જુદું જાણ્યું નથી તે જીવ પુણ્યથી પણ બંધાતો જ જાય છે, પણ છૂટો પડતો નથી. અને જે જીવે પોતાના જ્ઞાનને પુણ્ય-પાપથી જુદું જાણીને સ્વભાવમાં વાળ્યું છે તે જીવ ખરેખર પુણ્ય-પાપથી બંધાતો નથી પણ સ્વભાવના આશ્રયે બંધનથી છૂટતો જ જાય છે. ત્રિકાળી જ્ઞાનસ્વભાવ જેવો છે તેવો જાણીને તેની રુચિ-પ્રતીતિ કરી તે જીવ સમ્યગ્દષ્ટિ થયો.

## (૨૬૯) સમ્યગ્દર્શન

અહીં આચાર્યદેવે આત્મસ્વભાવ તરફ ઢળતા જ્ઞાનને જ સમ્યકત્વ કહ્યું પણ દેવ-શાસ્ત્ર-ગુરૂની શ્રદ્ધાને સમ્યકત્વ ન કહ્યું, કેમ કે તે પર છે, પર તરફ વળતા જ્ઞાનને તો અહીં અચેતન કહ્યું છે. સ્વભાવ તરફ વળીને પોતાના આશ્રયે જ્ઞાનથી સ્વભાવની પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે. નવ તત્વના લક્ષે નવ તત્વની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન નથી. આત્માના કારણે અજીવ શરીરાદિ હાલે છે એમ માને તેણે તો ખરી રીતે નવતત્વને પણ માન્યા નથી, જીવ અને અજીવને એકજ તત્વ માન્યું છે. તેમજ પુણ્યથી ધર્મ થાય, શરીરની ક્રિયાથી ધર્મ થાય એમ માનનારે પણ પુણ્યતત્વને તથા સંવર નિર્જરાતત્વને જુદા માન્યા નથી, તે તો મિથ્યાદષ્ટિ છે જ પણ કોઈ જીવ નવ તત્વને માને પણ નવતત્વોનું લક્ષ છોડીને પોતાના જ્ઞાનસ્વભાવ તરફ વળે નહિ તો તે પણ મિથ્યાદષ્ટિ છે, 'હું' જીવતત્વ છું, અજીવતત્વ મારાથી જુદું છે' -ઈત્યાદિ વિકલ્પો કરીને જ્ઞાન અટકે તો તે રાગદ્વેષરૂપ અધ્યવસાન છે, તેમાં જ્ઞાન નથી.

## (૨૭૦) સ્વ-પરનું ભેદજ્ઞાન

શ્રુતથી માંડીને અધ્યવસાન સુધી બધાય પરને અચેતન કહીને પરવસ્તુના દ્રવ્ય-ગુણ-પર્યાયથી તો જ્ઞાનનું તદ્દન જુદાપણું બતાવ્યું અને જીવ પોતે જ જ્ઞાન છે ને તેના ગુણપર્યાયો પણ જ્ઞાન જ છે એમ કહીને જીવના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેને અભેદરૂપે એક 'જ્ઞાન'માં જ સમાવી દીધા છે. એ રીતે પોતાના જ્ઞાન સ્વભાવને સર્વે પરથી જુદો જાણીને જે જ્ઞાન પોતાના દ્રવ્યસ્વભાવમાં વળીને લીન થયું તે જ્ઞાન પોતે જ દ્રવ્ય-ગુણ-પર્યાયથી અભેદરૂપ આત્મા છે. આમ આચાર્યદેવે જ્ઞાનને જ આત્મા કહ્યો ને જ્ઞાન સિવાય બધા પરને અચેતન કહીને તેમનાથી જ્ઞાનને સ્પષ્ટપણે ભિન્ન જણાવ્યું છે. એ રીતે સ્વ-પરનું ભેદવિજ્ઞાન કરાવ્યું છે.

## (૨૭૧) અનેકાન્ત અને સમ્યક એકાંત

'જ્ઞાન જ સમ્યકત્વ છે' એમ કહેતાં એકાંત થતો નથી પણ તેમાં જ અનેકાંત આવી જાય છે. જ્ઞાન જ સમ્યકત્વ છે એમ કહેતાં જ્ઞાન સિવાયના બીજા ગુણોનો અભાવ ન થયો પણ જ્ઞાનમાં તે અભેદરૂપે આવી ગયા; તે જ અનેકાન્ત છે. અને અભેદ જ્ઞાનસ્વભાવમાં જ્ઞાન ઢળ્યું, તે સમ્યક એકાંત છે, સમ્યક એકાંત તે અનેકાંતનું પ્રયોજન છે, તે ધર્મ છે.

## (૨૭૨) જ્ઞાન જ સંયમ છે

સ્વભાવમાં ઠરેલું જ્ઞાન જ સંયમ છે, તે જ્ઞાનથી ભિન્ન કોઈ સંયમ નથી. છ કાય જીવની હિંસાથી નિવૃતિનો શુભરાગ કે પંચમહાવ્રતના વિકલ્પ તે સંયમ નથી. પરનો તેમ જ રાગનો આશ્રય

છોડીને ત્રિકાળી આત્મસ્વભાવના આશ્રયે જે જ્ઞાન સ્થિર થયું તે જ્ઞાન જ સંયમ છે. શરીરની ક્રિયામાં સંયમ નથી, પરજીવ ન મર્યો તે સંયમ નથી. જ્ઞાનસ્વભાવને પ્રતીતમાં લઈને જ્ઞાન તેમાં ઠર્યું તે જ સંયમભાવ છે.

જ્ઞાન પોતે જ જીવે છે, જ્ઞાન પોતે સમ્યકત્વ છે, જ્ઞાન પોતે ચારિત્ર છે. પહેલાં જ્ઞાન પરમાં જોડાતું તે અસંયમ હતો અને જ્ઞાન તે જીવ છે એમ માનીને બધી ઈન્દ્રિયોથી પાછું વળીને જ્ઞાન પોતાના આત્મામાં જોડાણું, તે જ સંયમ છે પરને કારણે જેને જ્ઞાન માન્યું તેનું જ્ઞાન પર વિષયોમાં જ જોડાય છે, જે જ્ઞાન પરવિષયોમાં જોડાઈને ત્યાં એકતા માને છે તે જ્ઞાન લંપટી છે, સ્વભાવમાં લીન થાય છે તે જ્ઞાન સંયમી છે. એ રીતે જ્ઞાન જ સંયમ છે.

## (૨૭૩) જ્ઞાન જ અંગપૂર્વરૂપ સૂત્ર છે

જ્ઞાન જ અંગપૂર્વરૂપ સૂત્ર છે. અજ્ઞાની જીવો શાસ્ત્રની હ્યાતીથી જ્ઞાનની હ્યાતી માને છે. પણ શાસ્ત્રના આધારે જ્ઞાન નથી. શાસ્ત્રોમાંથી જ્ઞાન નીકળતું નથી, પણ જ્ઞાનમાંથી શાસ્ત્રો નીકળ્યાં છે- અર્થાત્ જ્ઞાનદ્વારા જાણીને જે વાણી નીકળી તે શાસ્ત્ર છે. અત્યારે ભરતક્ષેત્રામાં સુત્રો કેટલાં? એ બાબતમાં ઘણા જીવો વાદવિવાદ કરે છે. કોઈ કહે -અમુક આગમ વિદ્યમાન છે ને બીજા વિછેદ છે, કોઈ કહે -અમુક આગમ છે. પણ અહીં આચાર્ય દેવ કહે છે કે આગમમાં જ્ઞાન છે નહિ. જ્ઞાન તો આત્માના આધારે છે. વર્તમાનમાં સમ્યગ્દષ્ટિ જીવને. આત્મા સાથે જ્ઞાનની એકતા થઈને જેટલું જ્ઞાન પ્રગટ્યું તેટલા અંગપૂર્વરુપસૂત્રની હ્યાતી છે. એ જ્ઞાન જ સૂત્ર છે, પાનાં કે શાસ્ત્રમાં અંગપૂર્વનું જ્ઞાન નથી. પાનાં અને અક્ષર તેમજ વાણી તો પુદ્ગલ

છે. જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થતાં જે જ્ઞાન જાગ્યું તે જ્ઞાનને જ અંગપૂર્વરૂપ સૂત્ર કહેવાય છે. અજ્ઞાની જીવ ૧૧ અંગ સુધી ભણી જાય તોય તેનું જાણપણુ તે ખરેખર જ્ઞાન નથી, તેના જ્ઞાનને તો અહીં અચેતનમાં ગણ્યું છે. જ્ઞાની જીવનું આત્મા તરફ ઢળેલું જ્ઞાન જ અંગપૂર્વરૂપ સૂત્ર છે. સૂત્ર એટલે જડ સૂત્ર નહિ પણ સૂત્ર એટલે જ્ઞાન. ધર્મી જીવનું સૌથી ઉત્કૃષ્ટ જેટલું જ્ઞાન અત્યારે હોય તેટલું જ્ઞાન અત્યારે વિદ્યમાન છે, તે જ્ઞાન પુણ્ય-પાપ વગરનું છે. સૂત્રો અથવા જ્ઞાન કહેતાં લોકો જડ પાનાને જુએ છે ને તેનાથી જ્ઞાન માને છે, પણ તે તો અચેતન છે, તેમાં જ્ઞાન નથી. શાસ્ત્રમાં લખેલા અક્ષરને કાંઈ શાસ્ત્ર નથી જાણતું, તેમાં શું લખ્યું છે તેના અભિપ્રાયને તો જ્ઞાન જાણે છે, માટે જ્ઞાન જ સૂત્ર છે. આ સમયસારમાં ૪૧૫ સૂત્રો છે, પણ તે પોતે કાંઈ સૂત્રના આશયને જાણતું નથી; જે જ્ઞાન આત્મસ્વભાવ તરફ વળે છે તે જ્ઞાન જ સૂત્રના આશયને જાણનારૂં છે. આત્માની જ્ઞાનદશા કાંઈ જડમાં ન હોય. માટે જે જ્ઞાન પ્રગટીને આત્મામાં અભેદ થયું તે જ્ઞાન જ બાર અંગ ને ચૌદ પૂર્વ છે.

સૂત્રના શબ્દોથી ને સૂત્ર તરફના રાગથી જ્ઞાન જુદું છે. એમ સમજીને તેનો આશ્રય છોડીને જે પોતાના આત્મા તરફ વળે તે જ્ઞાન જ સૂત્રમાં શું કહેવાનો આશય છે' તે સમજી શકે છે. સૂત્રનો કે રાગનો આશ્રય માનીને અટકે તો તે જ્ઞાન સૂત્રના આશયને સમજી શકે નહિ. કદાચ સૂત્રો લખેલાં વિદ્યમાન હોય પણ તેના આશયને સમજનારૂં જ્ઞાન ન હોય તો? -તો તે સૂત્ર વિચ્છેદરૂપ જ કહેવાય. માટે સમ્યગ્જ્ઞાન તે જ સૂત્ર છે. આ જગતમાં પર વસ્તુ છે- સૂત્ર છે, તે તરફ વલણ અજ્ઞાનદશામાં હતું અને તે વલણ બદલીને સ્વભાવ તરફ જ્ઞાનનું વલણ

થયું ત્યારે તે જ્ઞાન અંગપૂર્વના આશયને સમજે છે. આમાં નિશ્ચય અને વ્યવહાર બને આવી ગયાં પણ જ્યારે નિશ્ચય તરફ ઢળે છે ત્યારે વ્યવહારનું જ્ઞાન સાચું થાય છે -એમ પણ આવ્યું

તીર્થંકર ભગવાનની દિવ્યવાણીમાં અંગપૂર્વનું જ્ઞાન નથી કેમ કે તે વાણી પોતે અચેતન છે. ધર્મી જીવને આત્મસ્વભાવમાં વળતાં જે જ્ઞાન ખીલ્યું તે જ્ઞાન જ અંગ-પૂર્વરૂપ સૂત્ર છે.

## (૨૭૪) જ્ઞાન જ ધર્મ અધર્મ છે

વળી, જ્ઞાન જ ધર્મ-અધર્મ છે. અહીં ધર્મ એટલે પુણ્ય અને અધર્મ એટલે પાપ-એમ સમજવું; જ્ઞાન જ પુણ્ય-પાપ છે.

જુઓ, પહેલાં ટીકામાં 'અધ્યવસાન તે જ્ઞાન નથી' એમ કહીને આચાર્યદેવે જ્ઞાનને અને પુણ્ય-પાપને જુદા બતાવ્યા હતા, અને અહીં કહે છે કે જ્ઞાન જ પુણ્ય-પાપ છે. પહેલાં તો પરથી જુદો જ્ઞાનસ્વભાવ બતાવીને ભેદજ્ઞાન કરાવવું હતું તેથી ત્યાં પુણ્ય-પાપને જ્ઞાનથી જુદા કહ્યા હતા. અને અહીં હવે સાધકપર્યાયનું જ્ઞાન કરાવે છે; સાધકપર્યાયમાં પુણ્ય-પાપ થાય છે-એટલું માત્ર જણાવવા માટે અહીં કથન છે. પણ પહેલાં તો જ્ઞાન પુણ્ય-પાપથી જુદું છે એમ જાણ્યા પછીની સાધકદશાની આ વાત છે. પુણ્ય-પાપ થાય છે તે જ્ઞાનની અવસ્થામાં થાય છે. પરમાં થતાં નથી તે પરને કારણે થતાં નથી. ધર્મી જીવનું જ્ઞાન તે રાગદ્વેષને પણ જાણે છે. સાધકદશામાં જ્ઞાનનું પરિણમન હીણું છે. જ્ઞાન જ વિભાવમાં અટકે છે, માટે જ્ઞાન જ પુણ્ય-પાપ છે એમ અહીં કહ્યું. પહેલાં તો જુદા જાણ્યા પછીની જ આ વાત છે; સ્વભાવદષ્ટિ પૂર્વક અધૂરા પર્યાયનું જ્ઞાન કરાવ્યું છે.

સાધકદશામાં જે પુણ્ય-પાપ થાય છે તે કર્મને લીધે થતા નથી પણ જ્ઞાન જ્ઞાનસ્વભાવમાં પૂરું ન ઠર્યું તેથી પુણ્ય-પાપ થાય છે. આ પુણ્ય-પાપ એકત્વ બુદ્ધિથી નથી. જ્ઞાન તે પુણ્ય-પાપ નથી એમ પહેલાં કહ્યું હતું ત્યાં તો એકત્વબુદ્ધિના પુણ્ય-પાપ હતા. જ્યાં પુણ્ય-પાપમાં એકત્વબુદ્ધિ હતી ત્યાં સાચું જ્ઞાન જ ન હતું; એકત્વબુદ્ધિના પુણ્ય-પાપ અને સાચું જ્ઞાન-બંને એક સાથે ન હોય. માટે જ્ઞાન અને પુણ્ય-પાપ જુદા કહ્યાં; ત્યાં પુણ્ય-પાપ તે જ્ઞાનથી એમ કહીને પુણ્ય-પાપમાં એકત્વબુદ્ધિ છોડાવી હતી. પુણ્ય-પાપમાં એકત્વબુદ્ધિ છુટીને સમ્યગ્જ્ઞાન થયું ત્યાં સમ્યગ્જ્ઞાન હોવા છતાં પુણ્ય-પાપ થાય છે. એમ-સાધકદશામાં સમ્યગ્જ્ઞાન અને પુણ્ય-પાપ બંને સાથે છે તેથી અહીં 'જ્ઞાન જ પુણ્ય-પાપ છે' એમ કહ્યું છે. સમ્યગ્જ્ઞાન થતાં તે જ્ઞાન અવસ્થાને પણ જાણે છે કે આત્માની અધૂરીદશા છે ને પુણ્ય-પાપ થાય છે. આત્માની અવસ્થામાં પુણ્ય-પાપ થાય છે, તે ત્રિકાળમાં નથી. જ્ઞાની જીવ ત્રિકાળ સ્વભાવના આશ્રયે અવસ્થાનું જ્ઞાન કરે છે, અજ્ઞાની જીવ પુણ્ય-પાપને જાણતાં તેમાં એકતાબુદ્ધિ કરે છે માટે તે તો પુણ્ય-પાપમાં જ્ઞાનનો અભાવ છે. જ્ઞાનીને આત્મસ્વભાવ તરફ ઢળીને સમ્યગ્જ્ઞાન થયું. અને પુણ્ય-પાપમાં એકત્વબુદ્ધિ છૂટી ગઈ; છતાં હજી સાધક પર્યાયમાં પુણ્ય-પાપ થાય છે તેને તે જ્ઞાની હવે બરાબર જાણે છે. એ રીતે દ્રવ્ય-પર્યાયમાં જ્ઞાનની સંધિ છે. જે પુણ્ય-પાપથી લાભ માને છે તેતો પુણ્ય-પાપથી જુદા જ્ઞાન સ્વભાવને ભૂલી જાય છે, તેને સમ્યગ્જ્ઞાન થતું નથી; અને બીજા કોઈ જીવો, 'આત્મા પુણ્ય-પાપરહિત શુદ્ધ જ છે' એમ માની બેસે છે તે જીવ પર્યાયને ભૂલી જાય છે, તેને પણ સમ્યગ્જ્ઞાન થતું નથી.

અહીં તો જ્ઞાન જ પુણ્ય-પાપ છે એમ કહીને પારિણામિકભાવના પર્યાયનું વર્ણન કર્યું છે. પુણ્ય-પાપ પણ પારિણામિકભાવે થાય છે, કર્મના ઉદયથી પુણ્ય-પાપ થયા નથી. હજી પારિણામિકભાવ પૂરો સ્વભાવરૂપે પરિણમ્યો નથી તેથી પુણ્ય-પાપ થાય છે.

## (૨૭૫) જીવદ્રવ્ય અને જીવના પર્યાયો સાથે જ્ઞાનની એકતા.

પહેલાં દ્રવ્ય સાથે જ્ઞાનનું અભેદપણું બતાવ્યું કે જીવ જ જ્ઞાન છે, જીવને અને જ્ઞાનને જુદાપણાની શંકા જરાય ન કરવી. એ રીતે પહેલાં અભેદ સ્વભાવની શ્રદ્ધા કરાવીને પછી પર્યાયનું પણ જ્ઞાન કરાવ્યું કે જ્ઞાન જ સમ્યગ્દષ્ટિ છે, જ્ઞાન જ સંયમ છે, જ્ઞાન જ અંગપૂર્વરૂપ સૂત્ર છે, જ્ઞાન જ પુણ્ય-પાપ છે અને જ્ઞાન જ દીક્ષા-નિશ્ચયચારિત્ર છે. એ પ્રમાણે જીવદ્રવ્ય સાથે તેમજ જીવના પર્યાયો સાથે જ્ઞાનની એકતા અને પરદ્રવ્ય તથા તેના પર્યાયોથી જ્ઞાનની ભિન્નતા નિશ્ચય વડે સિદ્ધ થયેલી સમજવી-અનુભવવી; એનું નામ ભેદવિજ્ઞાન છે, તે અપૂર્વ ધર્મ છે.

## (૨૭૬) જ્યાં રુચિ ત્યાં નિઃશંકતા; અજ્ઞાની પરમાં સુખ માનીને નિઃશંક થાય છે જ્ઞાની સ્વભાવમાં નિઃશંક થાય છે.

ખોરાક-સ્ત્રી, લક્ષ્મી વગેરે વિષયોમાં સુખ કદી જોયું નથી, અને ત્યાં સુખ છે પણ નહિ. છતાં, આત્મામાં સુખ છે તેને ભૂલીને

પર વિષયમાં સુખ માની રાખ્યું છે. પૈસા, મકાન, ખોરાક -શરીર વગેરે તો પરમાણુંના બનેલા છે-અચેતન છે, શું તે અચેતન પરમાણુંમાં સુખ છે? -તેમાં ક્યાંય સુખ નથી, ને તે સુખનાં કારણ પણ નથી. છતાં ઊંધી રુચિને લીધે ત્યાં નિઃશંકપણે સુખ કલ્પી રાખ્યું છે. જ્યાં સુખ નથી ત્યાં માન્યું છે માટે તે માન્યતા મિથ્યા છે. જો ઊંધી રુચિ ફેરવીને આત્માની રુચિ કરે તો આત્માના સ્વભાવમાં સુખ છે તેનો પ્રત્યક્ષ અનુભવ થાય. જો લાડવામાં સુખ હોય તો તેનો અર્થ એમ થયો કે જ્યારે લાડવા ખાય ત્યારે આત્મામાં સુખ આવે, અને પછી જ્યારે તેની વિષ્ટા થઈને બહાર નીકળી જાય ત્યારે આત્મામાંથી સુખ નીકળી જાય. લાડવામાં સુખ નથી, લાડવામાં સુખ ભાસે છે તે તો માત્ર અજ્ઞાનીની મિથ્યા કલ્પના છે. તે કલ્પના તો પોતામાં પોતે ઊભી કરી છે. સુખની કલ્પના ક્યાં થાય છે તે પણ કદિ વિચાર્યું નથી. આત્મા સિવાય બીજા કોઈ પણ પદાર્થોમાં સુખ કદી જોયું નથી અને છે જ નહિ, છતાં ત્યાં સુખની કલ્પના ઊભી કરીને નિઃશંકપણે સુખ માની લીધું છે; અસત્ કલ્પના ઊભી કરી છે. પરમાં સુખ ન હોવા છતાં અને જોયું ન હોવા છતાં ફક્ત રુચિના વિશ્વાસથી માની લીધું છે. માટે 'જુએ તો જ માને છે' -એમ નથી પણ જ્યાં રુચે છે ત્યાં નિઃશંક થઈ જાય છે. ઊંધી રુચિનું જોર છે તેથી, 'પરમાં સુખ નથી' એમ લાખો જ્ઞાનીઓ કહે તોય તે પોતાની માન્યતા ફેરવતો નથી. તો, પોતાના આત્મ સ્વભાવમાં તો સુખ પરિપૂર્ણ છે, તેને જાણીને માનવું તે તો સત્ પદાર્થની રુચિ છે. જો સ્વભાવની પ્રતીતિ અને રુચિ કરે તો સ્વભાવનું સુખ તો જણાય અને અનુભવમાં આવે તેવું છે. પરમાં સુખ માન્યું તે તો અસત્ પ્રતીતિ હતી, તેથી દુઃખ

હતું. પરમાં સુખ છે જ નહિ તો તેની પ્રતીતિ કરવાથી સુખ ક્યાંથી પ્રગટે? પોતાના સ્વભાવમાં સુખ છે તેને માનવું તે સત્ પ્રતીતિ છે, અને એવી પ્રતીતિ કરે તો સ્વભાવમાંથી સુખ પ્રગટે છે. જ્ઞાનમાં જે જણાય તેને જ માને એવો જીવની શ્રદ્ધાનો સ્વભાવ નથી પણ પોતાને જે રુચે છે તેને તે માને છે, ને ત્યાં તે નિઃશંક થાય છે. જો સ્વભાવની રુચિ કરે તો સ્વભાવનું સુખ તો જ્ઞાનમાં અનુભવાય તેવું છે. આત્માનું સુખ પરમાં છે- એવી ઊંધી શ્રદ્ધા તે જ મહા પાપ છે.

આત્માનો શ્રદ્ધાગુણ એવો છે કે જ્યાં રુચિ થાય ત્યાં તે નિઃશંક થઈ જાય છે. પોતાના સ્વભાવમાં નિઃશંક થાય તો ધર્મ થાય છે અને પરમાં સુખ માનીને ત્યાં નિઃશંક થાય તો અધર્મ થાય છે. પરને જાણતાં આત્માનું જ્ઞાન પરમાં રોકાઈને ત્યાં સુખ માની લીધું છે, પણ તે માન્યતામાં, તે જ્ઞાનમાં કે પર વસ્તુમાં સુખ પોતે કદી જોયું નથી; અને તે કોઈમાં સુખ નથી એમ અનંત તીર્થંકરોએ કહ્યું છતાં, પોતે તે માન્યતા મૂકતો નથી. જુઓ, અનંત તીર્થંકરો કહે તોય પોતાને જ વાત રુચિ તે છોડે નહી-એવી દૃઢતાવાળો છે. તેમ-સ્વભાવની રુચિથી સ્વભાવમાં સુખની જેને શ્રદ્ધા થઈ તે જીવ એવો દઢ હોય છે કે ઈંદ્રો તેને શ્રદ્ધાથી ડગાવવા આવે તોય ન ડગે, આખુ જગત ન માને અને પ્રતિકુળ થઈ જાય તો ય તેને સ્વભાવની શ્રદ્ધા ન ફરે; આખો આત્મા કેવળજ્ઞાનમાં જેવો પ્રત્યક્ષ જણાય તેવો તે જીવને ભલે પ્રત્યક્ષ ન જણાય, પરંતુ કેવળીએ જેવો જોયોં તેવો જ પરિપૂર્ણ આત્મસ્વભાવની દઢ પ્રતીતિ તેને હોય છે. જેવો આત્મા કેવળીની શ્રદ્ધામાં છે તેવો જ આત્મા તે સાધક ધર્માત્માની શ્રદ્ધામાં છે; તે શ્રદ્ધામાં તે નિઃશંક

છે, કોઈની દરકાર કરતો નથી. આવી પ્રતીતિ કરવી તે જ ધર્મનો ઉપાય છે.

અફીણ ખાવામાં કે અગ્નિમાં બળવામાં વગેરેમાં સુખ કલ્પે છે. શું અફીણમાં કે અગ્નિમાં સુખ છે? ત્યાં સુખ નથી, માત્ર અજ્ઞાનથી કલ્પ્યું છે. અજ્ઞાનથી પરમાં સુખ કલ્પવામાં પણ પરનો આશ્રય કરતો નથી, અધ્ધરથી કલ્પના ઉભી કરીને ન હોય ત્યાં પણ માની લે છે. તો પોતાના સ્વભાવમાં સુખ છે, તેને કોઈ પરનો આશ્રય નથી, અને તે સ્વભાવની શ્રદ્ધા પણ પરના આશ્રય વગરની છે.

(૧૧)

卐 સં. ૨૪૭૪ ભાદરવા સુદ ૮ શુક્રવાર 卐

આત્મા પરથી અને વિકારથી જુદો છે, અને જ્ઞાન સાથે એકમેક છે-એમ ઓળખે તો જ્ઞાન પરથી ખસીને પોતાના સ્વભાવમાં વળે તે ધર્મ છે.

## (૨૭૭) જ્ઞાન જ દીક્ષા છે

જે જ્ઞાન આત્મસ્વભાવ તરફ પ્રતીતિ કરે છે તે જ્ઞાન રૂપે પરિણમેલો આત્મા જ સમ્યગ્દર્શન છે, તે જ સુત્ર છે, તે જ સંયમ છે, તે જ દીક્ષા છે. તથા તે જ સુખ અને ધર્મ છે. લૂગડાં ફરે કે શરીરની દશા લૂગડાં રહિત થઈ જાય તેનું નામ કાંઈ દીક્ષા- પ્રવજ્યા નથી, કેમ કે તે તો અચેતન છે. શરીર અને રાગ વગરના આત્માની શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં જે જ્ઞાન એકાગ્ર થયું તે જ્ઞાન જ દીક્ષા છે. અને તે જ્ઞાન આત્માથી જુદું નથી તેથી આત્મા જ દીક્ષા છે.

## (૨૭૮) સ્વ-પરનું ભેદજ્ઞાન તે મોક્ષમાર્ગ

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી આત્મા એકમેક છે, આત્માથી બહાર ક્યાંય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી. આમ, જીવદ્રવ્ય અને જીવના દર્શન-ચારિત્ર વગેરે જેટલા પર્યાયો છે તેની સાથે જ્ઞાનને અભિન્ન પણે દેખવું, એટલે કે પર્યાયે પર્યાયે અંતરમાં જ્ઞાનસ્વભાવને નિશ્ચય સાધિત અનુભવવો. જ્ઞાનને સ્વભાવથી એકમેક અને પરથી

તદ્દન જુદું અનુભવવું-જાણવું-માનવું. તે ભેદજ્ઞાન છે અને તે જ મોક્ષમાર્ગ છે.

હે જીવ ! તારા જ્ઞાનને અને બધા ગુણોને જ્ઞાન સાથે એકમેક બતાવ્યા અને પરથી જુદા બતાવ્યા, માટે તું તારા ગુણોને-તારા ધર્મને-પરમાં ન શોધ, પણ તારા સ્વભાવમાં જ શોધ તારા સ્વભાવને ઓળખ. તારા ગુણો પરમાં નથી માટે પર સામે જોવાથી તારા ગુણો નહિ પ્રગટે. તારા ગુણો સ્વભાવમાં એકમેક છે માટે સ્વભાવની સન્મુખ જોવાથી તે પ્રગટશે. માટે સ્વ-પરનું ભેદજ્ઞાન કરીને સ્વ સન્મુખ થા.

## * જ્ઞાન સ્વભાવના અનુભવનો ઉપદેશ *

હવે આચાર્યદેવ સર્વ કથનના સાર રૂપે કહે છે કે અહીં બતાવ્યું એ રીતે સર્વ પર દ્રવ્યોથી જુદું અને પોતાના સ્વભાવથી અભેદ એવા શુદ્ધજ્ઞાનને દેખવું, એવા શુદ્ધજ્ઞાનને અનુભવવું. એમાં જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ આવી જાય છે. **"હવે એ પ્રમાણે સર્વ પર દ્રવ્યો સાથે વ્યતિરેક વડે અને સર્વ દર્શનાદિ જીવ સ્વભાવો સાથે અવ્યતિરેક વડે.... .... .... ....પરમાર્થરૂપ શુદ્ધજ્ઞાન એક અવસ્થિત દેખવું અર્થાત્ પ્રત્યક્ષ સ્વસંવેદનથી અનુભવવું"** (ટીકાઃ પૃષ્ઠ ૪૭૨)

## (૨૭૯) ભેદજ્ઞાન વગર મુક્તિ થાય નહી

આત્મા તરફ ઢળતા નિર્મળપર્યાયને અહીં જીવસ્વભાવ કહ્યો છે કેમ કે તે પર્યાય સ્વભાવ સાથે અભેદ છે. આત્મસ્વભાવમાં વળતાં જે સમ્યગ્દર્શન વગેરે નિર્મળ દશાઓ પ્રગટી તેનાથી જ્ઞાન જુદું નથી. એટલે કે જ્ઞાનસ્વરૂપી આત્મા અને નિર્મળપર્યાયો અભેદ છે, જે જીવ

પોતાના જ્ઞાનને આત્મા સાથે એકતા અને પરથી ભિન્નતા માને તો જીવ પોતાના જ્ઞાનને પર લક્ષથી છોડાવી આત્મામાં એકાગ્ર કરે એટલે તેનું જ્ઞાન શુધ્ધ સ્વભાવરૂપે પરિણમે ને વિકારથી છૂટી જાય. જેમ ઘરમાં જે પુત્રની સાથે અણબનાવ હોય તેનાથી જુદો પડે પણ જે પુત્રની સાથે પ્રેમ હોય તેનાથી જુદો પડે નહિ. તેમ આત્માને જે પદાર્થો ઉપર વહાલપ (-એકતાબુદ્ધિ) હોય તેનાથી તે પોતાને જુદો માને નહિ, ને તેનું લક્ષ છોડીને જ્ઞાનને સ્વભાવમાં વાળીને એકાગ્રતા કરે. જે જીવ કોઈ પણ પર વસ્તુથી પોતાને સુખ કે ધર્મ થવાનું માને તે જીવ તે વસ્તુથી પોતાને જુદો ન માને અને જેનાથી જુદો પોતાને ન માને તેના ઉપરથી જ્ઞાનનું લક્ષ હઠાવે નહિ, પર ઉપરથી જ્ઞાનનું લક્ષ હઠાવે નહિ એટલે પરથી જુદો પડીને સ્વભાવમાં આવે નહિ ને તેની મુક્તિ થાય નહિ. પરથી જુદાપણાનું જ્ઞાન (-ભેદજ્ઞાન) તે જ મુક્તિનો ઉપાય છે. શરીરાદિમાં જે સુખ માને છે તેને તે શરીરાદિ ઉપર વહાલપ છે, તેથી તેનાથી તે પોતાને જુદો માનતો નથી. ત્યાં તો તેનાથી જુદો છે છતાં નથી માનતો તે માન્યતા તો અજ્ઞાન છે. જેને સ્વભાવની રુચિ છે- સ્વભાવની વહાલપ છે તે નિર્મળ જીવ સ્વભાવના આધારે પ્રગટેલા નિર્મળ પર્યાયોથી પોતાને જુદો માનતો નથી; વિકારને પોતાથી જુદો માને છે પણ શ્રધ્ધા-જ્ઞાન-ચારિત્રથી જુદો માનતો નથી કેમકે શ્રધ્ધા જ્ઞાન-ચારિત્ર તો આત્મા સાથે જ એકમેક છે.

## (૨૮૦) અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ દોષનું નિરાકરણ

અહીં જ્ઞાનસ્વભાવથી આત્માને ઓળખાવ્યો છે. જ્ઞાન આત્મામાં છે અને પરમાં નથી-એમ સમજે તો અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ દોષ દૂર થાય છે. આત્માનું જ્ઞાન પર વસ્તુથી થાય એમ

જે માને છે તેને અતિવ્યાપ્તિ દોષ આવે છે. આત્માનું જ્ઞાન આત્મામાં પણ રહે અને આત્મા સિવાય બીજા પદાર્થોમાં પણ રહે -એમ માનવું તે અતિવ્યાપ્તિદોષ છે. અને આત્મા પોતાના શ્રદ્ધા-જ્ઞાનાદિથી જુદો છે-એમ માનવું તે અવ્યાપ્તિ છે. આત્માનું જ્ઞાન પરનું કાંઈ પણ કરે એમ માનવું તે અતિવ્યાપ્તિદોષ છે. આત્માનું જ્ઞાન પરનું કાંઈ કરી શકતું નથી અને પર પદાર્થોથી કિંચિત્ જ્ઞાન થતું નથી જ્ઞાન પોતાના આત્માથી તથા શ્રદ્ધા વગેરે પર્યાયોથી જરાય જુદું નથી-આમ સમજવું તે સમ્યગ્જ્ઞાન છે, તેમાં અતિવ્યાપ્તિ કે અવ્યાપ્તિ દોષ નથી. એવા જ્ઞાનસ્વભાવને અનુભવવો, એમ અહીં ઉપદેશ છે. તે જ્ઞાનસ્વભાવનું આ વર્ણન છે.

## (૨૮૧) સંસારનું મૂળ મિથ્યાત્વ, મોક્ષનું મૂળ સમ્યકત્વ

પોતાના જ્ઞાનને પરાધિન માન્યું છે, પર સાથે એકમેક માન્યું છે, તે અનાદિનો વિભ્રમ છે, તે અનાદિવિભ્રમ પુણ્ય-પાપનું મૂળ છે અને તે જ સંસારનું મૂળ છે, પોતાના સ્વાધિન જ્ઞાનની પ્રતિત કરે તો તે અનાદિવિભ્રમ ટળીને સમ્યકત્વ થાય છે, તે સમ્યકત્વ જ મોક્ષનું મૂળ છે. દર્શનપ્રાભૃતમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવનું સૂત્ર છે કે दंसण मूलो धम्मो એટલે કે ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. સંસારનું મૂળમિથ્યાત્વ છે ને મોક્ષનું મૂળ સમ્યકત્વ છે.

## (૨૮૨) જ્ઞાનીને સ્વભાવમાં એકતા છે, અજ્ઞાનીને પુણ્ય-પાપમાં એકતા છે.

વિકાર અને આત્માની એકત્વબુદ્ધિ તે અનાદિવિભ્રમ છે, તે વિભ્રમ જ પુણ્ય-પાપનું મૂળ છે, અને પુણ્ય-પાપ પર સમય છે.

અહીં અજ્ઞાનીના જ પુણ્ય-પાપની વાત છે કેમ કે તેને જ પુણ્ય-પાપમાં એકતાબુદ્ધિ છે. જ્ઞાનીને પુણ્ય-પાપમાં એકતાબુદ્ધિ નથી તેથી અહીં તેના પુણ્ય-પાપની ગણતરી નથી. આત્માના સ્વભાવની શ્રદ્ધા કરીને તેમાં એકતા-અભેદતા થાય તે સ્વસમય છે, અને તે પુણ્ય-પાપનો નાશ કરીને મોક્ષ પ્રગટ કરવાનું મૂળ છે. એકરૂપ સ્વભાવમાંથી ભેદ પડીને જે પુણ્ય-પાપ થાય છે તે અધર્મ છે. ધ્રુવચૈતન્ય સ્વભાવમાં એકતાનું મૂળ સમ્યકત્વ છે. અને પર સાથે એકતા માનીને પુણ્ય અને પાપરૂપ બે-પણું થવાનું મૂળ મિથ્યાત્વ છે. જ્ઞાનીને પુણ્ય-પાપમાં એકતા થતી જ નથી. અજ્ઞાની જીવ જ્ઞાનસ્વભાવમાં એકતા ન કરતાં પુણ્ય-પાપમાં એકતા કરે છે તે ભ્રમ છે- મિથ્યાત્વ છે, તે ભ્રમ જ સ્વભાવની એકતા છોડીને બેપણું ઊભું કરે છે. જે પુણ્ય-પાપ સાથે આત્માની એકતા માને છે તે અજ્ઞાનીને પુણ્ય-પાપની ઉત્પત્તિ જ થાય છે પણ જ્ઞાનસ્વભાવની એકતા થતી નથી, માટે તે ભ્રમને જ પુણ્ય-પાપનું મૂળ કારણ કહ્યું છે. તે ભ્રમ ટળીને સમ્યગ્દર્શન થયા પછી જ્ઞાનીને પુણ્ય-પાપની ઉત્પત્તિ નથી ગણી. કેમ કે તેને તો આત્મસ્વભાવની અભેદતાથી શુદ્ધતાનો જ ઉત્પાદ છે. પુણ્ય-પાપ વખતે ય જેને સ્વભાવની એકતાની ઉત્પત્તિ ભાસે છે તે સમ્યગ્દષ્ટિ છે, અને પુણ્ય-પાપ વખતે જેને પુણ્ય-પાપની જ ઉત્પત્તિ ભાસે છે પણ સ્વભાવની એકતા ભાસતી નથી તે મિથ્યાદષ્ટિ છે.

શ્રદ્ધા-જ્ઞાન આત્માથી બહાર જતા નથી અને શ્રદ્ધા-જ્ઞાનથી આત્મા જુદો રહેતો નથી. શ્રદ્ધા-જ્ઞાનાદિ આત્માથી એકમેક છે અને પરથી જુદા છે. આમ પરથી જુદાપણું સમજે તેને પર સામે જોવાનું ન રહ્યું પણ પોતાના સ્વભાવમાં જ જોવાનું રહ્યું; તેને સ્વભાવના લક્ષે તે ક્ષણે જ્ઞાનની શુદ્ધતાની જ ઉત્પત્તિ થાય છે.

## (૨૮૩) મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ.

શરીર-મન-વાણીનું અસ્તિત્વ મારાથી છે-એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે, મારૂં હોવાપણું શરીર-મન-વાણીને લીધે છે એમ માને તે પણ મિથ્યાદૃષ્ટિ છે. પુણ્ય-પાપનું જે ક્ષણિક હોવાપણું છે તે પુણ્ય-પાપને આત્માના સ્વભાવમાં માને તે મિથ્યાદૃષ્ટિ છે, અને તે પુણ્ય-પાપને લીધે આત્મા ટકેલો છે એમ માને તે પણ મિથ્યાદૃષ્ટિ છે. જેને પુણ્ય-પાપના અસ્તિત્વની જ મુખ્યતા ભાસે છે તે મિથ્યાદૃષ્ટિ છે, ને જેને શુદ્ધ સ્વભાવની જ મુખ્યતા ભાસે છે તે સમ્યગ્દૃષ્ટિ છે. સમયે સમયે શુદ્ધતાનો પ્રતિભાસ થાય તેનું મૂળ સમ્યગ્દર્શન છે. એક સમય પણ જો સ્વભાવની મુખ્યતા છોડીને પુણ્ય-પાપની મુખ્યતા થાય તો તે જીવને ધર્મ ટકે નહિ.

પુણ્ય-પાપ તે પરસમય છે, અનાત્મા છે; તેનું જ હોવાપણું જેને ભાસે છે તે મિથ્યાદૃષ્ટિ છે. પુણ્ય-પાપ વખતે જ ચૈતન્યસ્વભાવમાં દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા જેને ભાસે છે તે સમ્યગ્દૃષ્ટિ છે. સમ્યગ્દર્શનના પ્રભાવે પર્યાયે પર્યાયે સ્વભાવમાં એકતા જ વધતી જાય છે. માટે આચાર્ય ભગવાન કહે છે કે હે ભાઈ ! એક વાર તું એમ તો માન કે જ્ઞાન-સ્વરૂપ જ હું છું, રાગાદિ મારામાં છે જ નહિ. પર્યાયમાં રાગાદિ ન થાય તે મારા સ્વરૂપમાં નથી, ને મારૂં જ્ઞાન તે રાગમાં એકમેક થઈ જતું નથી. આમ રાગ અને જ્ઞાનની ભિન્નતાને જાણીને એકવાર તો રાગથી જુદો પડીને આત્માના જ્ઞાનનો અનુભવ કર ! તારા જ્ઞાન સમુદ્રમાં એકવાર તો ડૂબકી માર.

## (૨૮૪) સ્વમાં એકતાનો અભિપ્રાય તે ધર્મ, પરમાં એકતાનો અભિપ્રાય તે અધર્મ

જ્ઞાનને સ્વમાં વાળીને એમ પ્રતીત કરી કે જ્ઞાન સ્વરૂપ તે જ હું છું, ને પુણ્ય-પાપ તથા પરવસ્તુઓ હું નથી, તે જ અનેકાંત છે.

જે પુણ્ય-પાપ છે તે જ હું છું, તેનાથી જુદું કાંઈ મારૂં સ્વરૂપ નથી એમ માનવું તે એકાંત છે, મિથ્યાત્વ છે, તે જ પુણ્ય-પાપની ઉત્પત્તિનું મૂળ છે. અને જ્ઞાન સ્વરૂપ હું છું, પુણ્ય-પાપ હું નથી-એવી પ્રતીતિ તે પુણ્ય-પાપનો નાશ કરીને કેવળજ્ઞાન પ્રગટ કરવાનું મૂળ છે. બસ, સ્વમાં એકતાનો અભિપ્રાય તે ધર્મ છે, ને પરમાં એકતાનો અભિપ્રાય તે અધર્મ છે; જેને સ્વમાં એકતાનો અભિપ્રાય છે તેને સ્વના આશ્રયે ધર્મની જ ઉત્પત્તિ છે, ને જેને પરમાં એકતાનો અભિપ્રાય છે તેને પરના આશ્રયે અધર્મની જ ઉત્પત્તિ થાય છે. જેને પુણ્ય-પાપનો જ ઉત્પાદ ભાસે છે તેને તે વખતે તેનો વ્યય ભાસતો નથી. પુણ્ય-પાપ વખતે તે પુણ્ય-પાપનો વ્યય કરનારો સ્વભાવ છે, તે તેને ભાસતો નથી. પુણ્ય-પાપથી જુદો પુણ્ય-પાપના વ્યય કરનારો સ્વભાવ જેને ભાસતો નથી તે પુણ્ય-પાપનો વ્યય કરી શકતો નથી, એટલે તેને શુદ્ધતા થતી નથી. જેને પુણ્ય-પાપ રહિત સ્વભાવનું ભાન છે તે જીવ પુણ્ય-પાપ વખતેય સ્વભાવની એકતારૂપે જ ઉપજે છે તેથી તે વખતે ય તેને જ્ઞાનની શુદ્ધતાની ઉત્પત્તિ જ વધે છે. પુણ્ય-પાપની ઉત્પત્તિ વધતી નથી. આ 'સર્વ વિશુદ્ધ જ્ઞાન અધિકાર' છે તેથી, સ્વભાવની શ્રદ્ધાથી પર્યાયમાં સમયે સમયે જ્ઞાનની વિશુદ્ધતા થતી જાય છે તેનું આ વર્ણન છે.

## (૨૮૫) જ્ઞાનીને જ્ઞાન વધે છે, અજ્ઞાનીને વિકાર વધે છે

હે ભાઈ ! જે ક્ષણે પુણ્ય-પાપ છે તે ક્ષણે આત્મસ્વભાવ છે કે નથી? જો 'છે' તો તે વખતે તને તારું જ્ઞાન આત્મસ્વભાવ તરફ વળેલું ભાસે છે, કે પુણ્ય-પાપ તરફ વળેલું જ ભાસે છે? જેનું જ્ઞાન આત્મસ્વભાવમાં વળેલું છે તેને તો, પુણ્ય-પાપ વખતે ય

આત્મસ્વભાવમાં એકતારૂપે જ જ્ઞાન કાર્ય કરે છે તેથી, જ્ઞાનની શુદ્ધિ વધતી જાય છે. અને જેનું જ્ઞાન આત્મસ્વભાવનો આશ્રય છોડીને પુણ્ય-પાપમાં જ વળ્યું છે તેને મિથ્યાજ્ઞાન છે, તેને જ્ઞાન હણાતું જાય છે ને પુણ્ય-પાપરૂપ વિકારભાવો વધતા જાય છે.

એક જ કાળમાં ત્રિકાળીસ્વભાવ અને ક્ષણિક પુણ્ય-પાપ-એ બંને છે. તેમાં ત્રિકાળી સ્વભાવની હયાતી સ્વીકારીને તેનો આશ્રય કરવો તે ધર્મનું મૂળ છે. અને ત્રિકાળી સ્વભાવની હયાતી ન કબુલતાં પરની અને ક્ષણિક પુણ્ય-પાપની જ હયાતીને કબુલવી તે મિથ્યાત્વ છે, તે પાપનું મૂળ છે. જ્ઞાનીને ત્રિકાળી સ્વભાવમાં વળેલા પરિણામથી સમયે સમયે નિર્મળ પરિણામોની ઉત્પત્તિ જ ભાસે છે, ને વિકારની ઉત્પત્તિ નથી ભાસતી પણ વ્યય ભાસે છે. અજ્ઞાનીને વિકારની ઉત્પત્તિ જ ભાસે છે, પણ શુદ્ધઆત્માની હયાતી ભાસતી નથી, એટલે તેને શુદ્ધતાની ઉત્પત્તિ થતી નથી. જ્ઞાનીને શુદ્ધાત્માની હયાતી ભાસે છે ને તેમાં પુણ્ય-પાપની હયાતી ભાસતી નથી તેથી તેને ખરેખર શુદ્ધાત્માની જ ઉત્પત્તિ થાય છે ને પુણ્ય-પાપની ઉત્પત્તિ થતી નથી.

## (૨૮૬) સ્વભાવમાં વળેલું જ્ઞાન તે સ્વસમય છે ને તે જ મોક્ષ માર્ગ છે

આ શાસ્ત્રની બીજી ગાથામાં સ્વસમય અને પરસમયનું સ્વરૂપ બતાવ્યું હતું. અહીં પરસમયને દૂર કરીને સ્વસમયને પ્રાપ્ત કરવાની વાત કરી છે. પોતાની જ્ઞાનરૂપી આંખને જે તરફ વાળે તેની હયાતી ભાસે છે, અને તે તરફ પરિણમન થાય છે. મિથ્યાત્વ તે જ પુણ્ય-પાપનું મૂળ છે-એમ કહીને મિથ્યાત્વનો નાશ કરવાનું કહ્યું. મિથ્યાત્વ

ટાળતાં પુણ્ય-પાપ પણ ટળી જ જાય છે. મિથ્યાત્વને પુણ્ય-પાપનું મૂળ કહ્યું તેમાં એ પણ આવી ગયું કે સમ્યક્ત્વ તે ચારિત્રનું મૂળ છે. સ્વભાવની શ્રદ્ધા કરીને જ્ઞાન તેમાં કર્યું તે જ ચારિત્ર છે. જ્ઞાન પોતાના આત્મસ્વભાવમાં ઠરે તેમાં જ દર્શન-જ્ઞાન ચારિત્ર રૂપ મોક્ષમાર્ગ આવી જાય છે, સ્વભાવમાં ઢળેલું જ્ઞાન પોતે મોક્ષમાર્ગમાં આવી ગયો. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમેલા આત્માને પ્રાપ્ત કરવો તે સ્વસમયની પ્રાપ્તિ છે. સ્વભાવમાં વળેલી નિર્મળદશાને અહીં સ્વસમયની પ્રાપ્તિ કીધી છે, તે મોક્ષમાર્ગ છે, તે જ ધર્મ છે. મોક્ષમાર્ગરૂપે આત્મા પોતે જ પરિણમી જાય છે. આત્માના સ્વભાવની ઓળખાણ કરીને, આત્મામાં જ પ્રવૃત્તિરૂપ સ્વસમયને પ્રાપ્ત કરીને શુદ્ધજ્ઞાનને દેખવું. તે શુદ્ધજ્ઞાન ત્યાગ ગ્રહણથી રહિત છે; તેણે સંપૂર્ણ વિજ્ઞાનઘન સ્વભાવને પ્રાપ્ત કર્યો છે, તે સાક્ષાત્ સમયસારભૂત છે, અને પરમાર્થરૂપ છે. -આવા શુદ્ધ-જ્ઞાનને સર્વે પરવસ્તુઓથી સ્પષ્ટ પણે ભિન્ન અનુભવવું.

(૧૨)

卐 સં. ૨૪૭૪ : ભાદરવા સુદ ૯ શનિવાર 卐

## (૨૮૭) જ્ઞાનમાં પરનું ગ્રહણ-ત્યાગ નથી

આત્માના જ્ઞાનસ્વભાવમાં કોઈ પરવસ્તુનું ગ્રહણ કે ત્યાગ નથી. જ્ઞાનસ્વભાવને પકડતાં-એટલે કે જ્ઞાન સ્વભાવમાં એકાગ્ર થતાં-વિકાર છૂટી જાય છે, તે જ સ્વભાવનું ગ્રહણ ને વિકારનો ત્યાગ છે. એ સિવાય પરનું કાંઈ પણ ગ્રહણ-ત્યાગ જ્ઞાનમાં નથી. તત્વાર્થ રાજવાર્તિકમાં કહ્યું છે કે આત્મા ને કાંઈ હાથ-પગ નથી કે તે પર વસ્તુઓને પકડે ને છોડે. પરમાર્થે તો આત્મા વિકારનોય ગ્રહનાર કે ત્યાગનાર નથી. 'હું વિકારી છું' એવી ઊંધી શ્રદ્ધાનો ત્યાગ થયો તે જ વિકારનો ત્યાગ છે અને 'વિકાર રહિત શુદ્ધ સ્વભાવ છે' એવી શ્રદ્ધા કરી તેજ સ્વરૂપનું ગ્રહણ છે. અજ્ઞાનદશામાં જીવ પરનું ગ્રહણ-ત્યાગ કરવાનું માને છે પણ પરનું ગ્રહણ કે ત્યાગ કરી તો શકતો નથી. નદીમાં પાણી વહ્યું જતું હોય, ત્યાં કોઈ કાંઠે ઉભેલો માણસ એમ માને કે 'આ પાણી મારૂં છે.' અને પછી તે કહે છે કે 'હવે હું આ પાણીને છોડીજાઉં છું.' ત્યાં તે મનુષ્યે ખરેખર પાણીને પકડ્યું પણ નથી ને છોડ્યું પણ નથી. પાણી તો તેના પ્રવાહમાં વહ્યું જ જાય છે. તે માણસે પાણીનું ગ્રહણ-ત્યાગ કરવાની માત્ર માન્યતા કરી હતી, પણ પાણીને તો ગ્રહણ કે ત્યાગ કર્યું નથી. માણસ તો પાણીના ગ્રહણ-ત્યાગ રહિત છે. આ દૃષ્ટાંતે જ્ઞાનને પણ ગ્રહણ-

ત્યાગ રહિત સમજવું. આ જગતના પદાર્થો સૌ પોત પોતાના સ્વભાવ ક્રમમાં પરિણમે છે. ત્યાં જ્ઞાન તો તેનાથી જુદું રહીને તેને જાણે છે, પણ તેનું ગ્રહણ કે ત્યાગ કરતું નથી. પરમાર્થથી તો જ્ઞાનમાં વિકારનું પણ ગ્રહણ-ત્યાગ નથી. 'વિકારને છોડ, વિકારના નિમિત્તોને છોડ, કુસંગને છોડ !' -એવો ઉપદેશ ચરણાનુયોગમાં આવે, તે કથન નિમિત્તનાં છે. ઉપદેશમાં તો એવાં વચનો આવે, પણ વસ્તુસ્વભાવ જ પરવસ્તુના ગ્રહણ અને ત્યાગ વગરનો છે, જ્ઞાનમાં પરવસ્તુનું ગ્રહણ-ત્યાગ નથી, એવો સ્વભાવ છે.

આજે ઘણા અજ્ઞાનીઓ કહે છે કે હવે સક્રિય કામ કરી બતાવો. પણ ભાઈ, તું શું કરીશ? શું જ્ઞાન પાસે તું પરનું કામ કરાવવા માગે છે? પરવસ્તુમાં કાંઈ ઊંચું-નીચું, આછું-પાછું કરવાની તાકાત જ્ઞાનમાં નથી. જ્ઞાનનો સ્વભાવ જ પરમાં કાંઈ કરવાનો નથી. જ્ઞાન તો આત્મામાં જાણવાની ને ઠરવાની ક્રિયા કરે, એ સિવાય પરમાં કાંઈ ગ્રહણ-ત્યાગ કરી શકે નહિ. જેમ દુકાનમાં અરિસો ટાંગ્યો હોય તેમાં અનેક પ્રકારના મોટર ગાડી, માણસો વગેરેનાં પ્રતિબિંબ પડે અને પાછા ચાલ્યા જાય; ત્યાં અરિસાએ તે વસ્તુઓને ગ્રહી કે છોડી નથી; તેમ જ્ઞાનમાં બધું જણાય છે પણ જ્ઞાન કોઈને ગ્રહતું કે છોડતું નથી. એવા ગ્રહણ-ત્યાગરહિત, સાક્ષાત્ સમયસારભૂત શુદ્ધજ્ઞાનને અનુભવવું. -એવો અહીં ઉપદેશ છે.

અહીં, ગાથા ૩૯૦ થી ૪૦૪ તથા
તેની ટીકા ઉપરના પ્રવચનો પૂર્ણ થયાં.